કુમાર

ડિસેમ્બર ૧૯૭૨
સળંગ અંક
૫૮૮

સંસ્થાપક · રવિશંકર રાવળ
તંત્રી · બચુભાઈ રાવત



ચિત્રલેખા (ચિત્રકાર જગન્નાથ અહિવાસીના સંપુટ 'ચિત્રમંજૂષા'માંથી)

કુમાર

ડિસેમ્બર ૧૯૭૨ · અંક ૫૮૮

તંત્રી : બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી : બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઇ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪ રાયપુર. અમદાવાદ.
વાર્ષિક લવાજમ: રૂ. ૧૮-૦૦; પરદેશ: રૂ. ૨૮; યા પા. ૧-૬૦. યા ડૉ.૪ છૂટક નકલ: રૂ.૧-૭૫

વાચકો લખે છે...

આ દૃષ્ટિની પાર ઊંચે ઊંચે જવું
ક્યારેક તો આભ જરીક ઝૂકશે,
રહસ્ય એનું ગરવું થશે છતું,
ને પૃથ્વીની નમ્ર કરાંજલિ વિષે
પ્રસન્નતાનું મૃદુ પદ્મ મૂકશે!
દેવાંગનાના મૃદુ ગૌર રૂપે
લજ્જાળ આંદોલિત પારિજાતની
અટારીએથી શરદે વિખેર્યું
જુઓ, સલૂણું અનુભૂત સોણલું!
અનાગતા પૂનમ આમ આવશે
સૂરીલી રેલી ક્ષિતિજે પ્રભા જશે
એ ઇંગિતે ઝૂલતી બીજ આજે!
અનસ્ત રહેજો ધૃતિ આપણી અને
ઝંખા ઝગી નિત રહો દ્યુતિકેરી લોચને.
(અમદાવાદ) —હેમન્ત દેસાઈ

मानसं कायिकं श्रेयः तन्वानः नव वत्सरः।
ऋद्धिसिद्धिं तथा भूतिं सर्वलोकाय कल्पताम्॥
दिव्यं सारस्वतं तेजः प्रीतिः पुण्या जनेजने।
औदार्यं चेतसः शान्तिः राष्ट्रे भूयात् प्रियंकरी॥
(પોરબંદર) —શંકરદેવ વિદ્યાલંકાર

વહો ભીનું ભીનું વરસ નવલું. ને ગગન હો
તારાભર્યું, ને નવલી ઉષા હો!
સાન્નિધ્યમાં સ્મરણ હો ગઈ કાલનાં, ને
આંખો મહીં યે આશ ભાવી કાલ કેરી છલબલે!
(ધંધૂકા) —નિરંજન યાજ્ઞિક

ક્ષણોનાં પુષ્પોમાં અભિનવ રહ્યો મ્હોરી સમય,
તમે શ્વાસે એનો નિત મૃદુલ સુણો પગરવ.
(રાજકોટ) —ભાનુપ્રસાદ પંડ્યા

અંધારનું મુકુર અંધલ કેમ હોયે?
એની ય શાંત સુભગા નિજ જ્યોત હોયે;
તો વિશ્વના મુકુર-ધ્વાંત શું ધ્યાન ધારી
આત્માતણી જીવનજ્યોત મહીં રચાવો!
(પોરબંદર) —'સુધાંશું'

આનંદ ચૈતન્ય વધે ઘટે કદી
યાત્રા ન થંભે પણ શાશ્વતી લસે
એવા પથે હે પરમેશ્વરી ધસું
આત્મા ધરે પ્રેમ અનંત વિશ્વનો
(પોરબંદર) —હિમાંશુ ભટ્ટ

કાને ના ધરીએ કદી ય પરની
નિંદા અમે હે પ્રભો!
ભૂરું ના કદી કોઈનું જીભ થકી
લેશે ય ઉચ્ચારીએ;
હૈયાના ઋજુ ભાવથી સકલનું
નિત્યે ભલું વાંછીએ—
એવી હે શુભ દૃષ્ટિ આપ અમને
પ્રીતે, પ્રભો પ્રાર્થીએ.
(ગાંધીનગર) —શંભુપ્રસાદ જોષી

રહે આદર્શ પર દૃષ્ટિ,
રહે સત પર કદમ કાયમ,
રહે દૃષ્ટિમાં માનવતા,
રહે દીન પર દયા હરદમ,
વધે સિદ્ધિ, વધે રિદ્ધિ,
મળે આનંદ ઉત્સવનો,
દુઆ 'નામાવટી'ની છે:
જીવન તમ ઝળહળે ચોગમ.
—હસનઅલી નામાવટી

નવેમ્બર અંકમાં સંધિ વિષેની વાત વાંચી. મારી માન્યતા પ્રમાણે 'શિર + છેદ' એ સંધિ સાચી છે. તેનો નિયમ નીચે મુજબ છે.

(અ) હ્રસ્વ સ્વર પછી છ્ આવે તો બેવડાય એટલેકે છ છ થાય; પછી ચ્છ થાય છે તે સાથે વ્યંજન-સંધિનો આ નિયમ સંકળાએલો છે.

(બ) સ્પર્શ વ્યંજનોમાંથી કોઈ પણ અઘોષ વ્યંજન પછી કોઈ અઘોષ વર્ણ આવ્યો હોય તો પહેલાની જગ્યાએ તેજ વર્ગનો વ્યંજન મુકાય છે.

'છ' એ 'ચ્' વર્ગનો વર્ણ છે અને તેનો પ્રથમ અક્ષર 'ચ્' છે. તેથી 'છ્ છ્'માંના પ્રથમ છ્ને સ્થાને 'ચ્' મુકાતાં ચ્છ થાય છે. એટલે સંધિ બને છે 'શિરચ્છેદ'.

બીજી વાત: ભાઈશ્રી દેસાઈએ દર્શાવ્યું છે તે પ્રમાણે હર્ષવર્ધન ગુપ્ત કુળનો ન હતો તે હકીકત સત્ય છે. પરંતુ હૂણ લોકોના હલ્લાઓ અવારનવાર અનેક થએલા છે તેથી અનેક રાજવીઓને તેની સામે જંગ ખેલવો પડ્યો છે. કવિ બાણ વિરચિત 'હર્ષચરિત'માં હર્ષવર્ધનના પિતા પ્રભાકરવર્ધનને 'હૂણહરિણ-કેસરી' કહ્યો છે તે આ સંદર્ભમાં અતિ સૂચક છે. અર્થાત્ કે હૂણના આક્રમણનો તેમણે માત્ર સામનો કર્યો એટલું જ નહિ પણ પરાજય પણ આપ્યો. વળી તેણે પોતાના યુવાન પુત્ર રાજ્યવર્ધનને હૂણ સામે વિજય માટે મોકલ્યો હતો અને રાજ્યવર્ધન તુષારગિરિ ઓળંગી ઉત્તર તરફ હૂણો પર વિજય મેળવવા ગયાનો ઉલ્લેખ પણ 'હર્ષચરિત'માં મળે છે. એવા પ્રતાપી રાજવીનો પુત્ર હૂણ સામે લડ્યો હોય તે સ્વાભાવિક છે. વળી ભાઈશ્રી દેસાઈએ 'હૂણોનાં આક્રમણોને ખાળનાર અને તેમને છેવટની હાર આપનાર ગુપ્ત રાજવી નરસિંહગુપ્ત અને માળવાનો રાજા યશોધર્મન હતા' એમ દર્શાવ્યું છે, તેના અનુસંધાનમાં જણાવવાનું કે યશોધર્મન હૂણ સામેના વિગ્રહ સમયે માળવાનો રાજા ન હતો. તે પૂર્વે હૂણો દ્વારા પરાજય પામેલા ને રાજ્ય ગુમાવનાર રાજવી બુધગુપ્તનો પુત્ર હતો. તેનું નામ ભાનુગુપ્ત હતું. નરસિંહગુપ્તે જ્યારે હૂણ સામે વિગ્રહ કર્યો ત્યારે તે આગેવાન હતો. હૂણનો છેલ્લો સરદાર મિહિરકોલ ડરીને પાછો ભાગ્યો હતો ને નરસિંહગુપ્તે તેને દશપુર પાસે પકડ્યો હતો. ત્યાં દારુણ યુદ્ધ ને અંતે મિહિરકોલ જીવ લઈ નાઠો હતો. આ મહાવિગ્રહમાં વલભીપુરનો ધ્રુવસેન અને કાન્યકુબ્જનો આદિત્યવર્મા પણ જોડાયા હતા. ભાનુગુપ્તે હૂણોની ખુવારીમાં સવિશેષ ભાગ ભજવ્યો હતો. પરિણામે તેને પોતાનું ગુમાવેલું જૂનું માલવા રાજ્ય પાછું પ્રાપ્ત થયું. અતિ નોંધપાત્ર ફતેહના આનંદમાં ફુલાઈ જઈને તેણે પોતે યશોધર્મા એવું અતિ અભિમાનસૂચક બિરુદ ધારણ કર્યું હતું.

વળી શ્રી દેસાઈએ એમ નોંધ્યું છે કે 'મિહિરકુલના મૃત્યુ પછી હૂણ સત્તા છિન્નભિન્ન થઈ. બાકીના હૂણો ભારતીય સમાજમાં ભળી ગયા હતા' એના સંદર્ભમાં એ હકીકત ન ભૂલવી જોઈએ કે હૂણો તો લાંબા સમયથી ભારતીય સમાજમાં ભળી ગયા હતા, પરંતુ સમય મળ્યે તેઓ એકઠા થઈ હલ્લો કરવાનું ચૂકતા નહિ. હિંદનાં કેટલાંક રાજ્યોમાં હૂણો સૈનિક તરીકે પણ રહેતા હતા તે વાત 'મુદ્રા રાક્ષસ'ના પાંચમા અંકમાંના શ્લોક ૧૧ પરથી ફલિત થાય છે.

હૂણ એક તોફાની પ્રજા હતી, જેણે અનેક વાર આક્રમણો કરેલાં છે. ક્યારેક વિજય તો ક્યારેક પરાજય પામતી આ પ્રજા સામે અનેક રાજવીઓને જંગ ખેલવો પડ્યો હતો એ એક નોંધપાત્ર હકીકત છે.
(વિરમગામ) —પ્રફુલ્લ રાવલ

શ્રી રવિભાઈ,

માર્ચ મહિનામાં તમારી આત્મકથાનો ૧૧૯-મો હપ્તો સમાપ્ત થયો ત્યાર પછી આશા હતી કે આગળનું આત્મકથાનક ચાલુ રહેશે.

૧૯૨૦ (લગભગ) સુધીનું આત્મકથાનક તમે આપી ચૂક્યા છો. હવે પછીના સમયનું વૃત્તાંત મારા ધારવા પ્રમાણે વધુ રસદાયી નીવડી શકે. મારા સિવાય બીજા અનેકોને પણ તેમાં રસ હશે. આશા રાખું છું કથાનકનો બીજો ભાગ ૧૯૭૩થી ફરી શરૂ થશે.
(ધંધૂકા) —આઈ. એન. તલાટ

*ઉત્તર: આપની જેમ મારી આત્મકથામાં રસ લેનારા ઘણા વાચકો છે. બદલાતા સમયને યથાર્થ રૂપમાં સમજવા ઇચ્છતા તેમજ જેમણે એ સમયનું જીવન નીરખ્યું હોય તેમને મારા કથાનકોમાં રસ પડ્યો હતો એ જ મારે મન સાર્થકતા માનું છું.

પરંતુ પછીના સમય માટે આગળ લખવાનું મારે માટે અશક્ય બન્યું છે. 'કુમાર'ના ઉદ્ભવ થવામાં ગુજરાતમાં કયાં કયાં વિચારવહેણો, પરિસ્થિતિ અને સમાગમો મને પ્રેરક અને સહાયભૂત થયાં તે જ જણાવવાનો મારો ઉદ્દેશ હતો. તે ઘણે અંશે સફળ થયો છે એ મારો સંતોષ છે; તેમજ તે પછી કલાનાં વિવિધ ક્ષેત્રોમાં ગુજરાતમાં સભાનતા જગાડવામાં 'કુમાર' અગ્રણી રહ્યું છે તેનો પણ 'કુમાર'માં સાદ્યંત ઇતિહાસ નોંધાયો છે.

મને મારી પોતાની જાત માટે, મારાં ચિત્રો કે કાર્યો અને તેની વ્યાપકતા માટે કહેવામાં કંઈક ક્ષોભ અને અવિનયનો ભણકાર ભાસે છે. તે કાર્ય ભવિષ્યના કાળમાં મારા વિદ્યાર્થીઓ અને મારાં અસ્તિત્વનું જે કૈં મહત્ત્વ હશે તે પ્રકટ કરશે. તો પણ 'કુમાર'નાં પૃષ્ઠો ઉપર મારા પ્રવાસો, મિત્રોના પરિચયો, નોંધો તેમજ કલાપ્રદેશના સમાચારો આપવા હું ચૂક્યો નથી.

મારા ઘણા વિદ્યાર્થીઓ તથા સંગીઓ દેશમાં ઉપયોગી થયા છે ને કેટલાક જ્વલંત કારકિર્દી પામ્યા છે. તેઓ ખરા અંતઃકરણથી વિચારશે તો જણાશે કે આજના જગતમાં તેમની શક્તિ અને સ્થાન પ્રકાશિત કરવામાં મારો પણ પાયાનો નમ્ર હિસ્સો હતો. પણ તેની કદર તેમના શબ્દોમાં થાય તે જ ઉચિત છે.—ર. મ. રા.

∞

કનુભાઈ જાનીનું ઝવેરચંદ મેઘાણીનું જીવનચરિત્ર 'કસુંબીનો રંગ' માહિતીભરપૂર ને રસપ્રદ છે. લેખકને અને 'કુમાર'ને અભિનંદન.

ઑક્ટોબર અંકના હપતામાં શામળદાસ કૉલેજના પ્રિન્સિપલ શ્રી ટી. કે. શાહાણીની રાષ્ટ્રીય ભાવના દર્શાવતો એક સરસ પ્રસંગ આપ્યો છે. લેખક કહે છે તેમ આ પ્રસંગ શાહાણી સાહેબની જ્વલંત પ્રતિભા રજૂ કરે છે. આ લેખમાળા વાંચનારાઓમાં મારા જેવા શ્રી શાહાણી સાહેબના વિદ્યાર્થીઓ હશે તેમની દૃષ્ટિ સમક્ષ શ્રી શાહાણીસાહેબની પ્રતિભાના અન્ય પ્રસંગો પણ ખડા થશે.

આ લખાણમાં એક નાનો માહિતી દોષ છે. શ્રી શાહાણીસાહેબ વિષે લેખક લખે છે કે 'નવી હોસ્ટેલની દેખરેખ એમને સોંપાઈ હતી. એ એકલા રહેતા. કુટુંબ હૈદરાબાદ (સિંધ)માં રહેતું. લગભગ આખી જિંદગી એમણે ભાવનગરમાં આવી રીતે ગાળી.'

પણ 'લગભગ આખી જિંદગી' એમણે ભાવનગરમાં આવી રીતે કુટુંબ વગર એકલા ગાળી નહોતી. શ્રી શાહાણીસાહેબ ૧૯૧૩માં ભાવનગર આવ્યા. શરૂઆતનાં આશરે સાતેક વર્ષ એકલા રહ્યા. ૧૯૨૦માં કુટુંબ ભાવનગર આવ્યું અને તેમના પુત્ર શ્રી આર. ટી. શાહાણી, જેઓ અત્યારે વેસ્ટર્ન રેલવેના ચીફ કમર્શિયલ સુપરિન્ટેન્ડેન્ટ છે તેમનો અભ્યાસ પણ ભાવનગરમાં જ થયો. આ વાતને સમર્થન પણ મેં શ્રી આર. ટી. શાહાણી પાસેથી મેળવ્યું છે.

આ લેખમાળામાં પાના ૩૯૪ પર સાહિત્યરસિક ત્રિપુટીનો ફોટો છપાયો છે. તેમાં પણ નાનો હકીકતદોષ છે. કલાપી, શ્રી બાવાવાળા અને શ્રી વાજસુરવાળા એ ત્રિપુટીમાં 'ભડિયાદના બાવાવાળાસાહેબ' લખાયું છે તે 'વડિયાના બાવાવાળાસાહેબ' જોઈએ.

(મુંબાઇ) —રતિલાલ શેઠ

∞

નવેમ્બર અંકમાં વિનોદ ભટ્ટની 'વૈતાળ પચ્ચીસી' તથા સુનીલ કોઠારીને ભાગે આવતી 'જુગલબંધી' અંગેનો શ્રી બાબુભાઈ છાડવાનો અભિપ્રાય ખૂબ જ અપ્રિય અને અ'કુમારીય' લાગ્યો. વર્ષોથી 'કુમાર' વાંચતા વાચકોમાંના દરેકને ખૂબ ગમી જાય અને તેમની કલાપિપાસાને છીપાવે એવા આ બંને વિભાગો અંગે આવો અવાસ્તવિક અભિપ્રાય વાંચી નવાઈ લાગી. ઘણા વાચક મિત્રોએ લખ્યું છે તેમ, તેમજ મારા અન્ય સ્નેહી મિત્રોનો અભિપ્રાય છે તે પરથી, 'વૈતાળ પચ્ચીસી' 'કુમાર'ના રસથાળમાં ખાટીમીઠી ચટણીનો સ્વાદ આપતી હતી જે બંધ થતાં કુમાર જાણે અધુરું લાગશે.

શ્રી સુનીલ કોઠારી ગુજરાતમાં નૃત્ય અંગેની સૂક્ષ્મ કલાસૂઝવાળી વિરલવ્યક્તિઓમાંના એવા એક લેખક છે જે નૃત્યને લખાણ દ્વારા અભિવ્યક્ત કરી શકે છે. અને 'કુમાર'પ્રેમીઓ આનો રસાસ્વાદ માણવાનો લ્હાવો જતો કરવા તૈયાર નહિ જ હોય. આથી મારી નમ્ર વિનતિ છે કે વિરુદ્ધ અભિપ્રાયોથી હતોત્સાહ ન થતાં શ્રી કોઠારી બંને લેખવિભાગ ચાલુ રાખશે.

(અમદાવાદ) –ગોપાલ પટેલ

∞

નવેમ્બર અંકમાં શ્રી છાડવાના પત્રનો ત્રીજો પૅરા વાંચી તેમની 'સ્ટાઈલ' વિષે માન થયું; પણ તેમની વાત ગમી નથી.

નૃત્યની બાબતમાં કક્કો ય હું જાણતો નથી છતાં એ લેખમાળા અત્યત રસપૂર્વક વાંચું છું. શાળામાં 'કુમાર' આવે અને તરત વાંચવા ન ન મળે એવું થવા માંડ્યું. એટલે તૃષા છિપાવવા અલગ લવાજમ બાંધ્યું છે. પહેલા પાનાથી છેલ્લા પાના સુધી જો આજ સુધી કશું વાંચવાની લગન લગાડી હોય તો માત્ર 'કુમારે'! અને વાચકો પણ કેવું વિગતવાર વાંચતા હશે. તેનો ખયાલ 'વાચકો લખે છે'માં આવતા પત્રોથી કળાય છે.

'આકાશ દર્શન'ને શૈક્ષણિક સાધન બનાવવા વિષેનું શ્રી ભૂપેન્દ્રભાઈનું સૂચન ગમ્યું. અમે એ હાથ ઉપર લીધું છે. મેઘાણીના જીવનચરિત્ર દ્વારા 'કસુંબલ રંગ' અમને લગાડવા બદલ શ્રી જાનીસાહેબને ખૂબ ધન્યવાદ.

(રાજકોટ) —ભાસ્કર સ્વાદિયા

∞

નવે. અંકમાં 'વૃક્ષવેલ-પરિચય'માં 'આમલી' વાંચી પ્રશ્ન થયો : આમલી કે આંબલી ? આમલી ફળનું નામ છે, વૃક્ષનું નામ આંબલી. જેમ આંબો=વૃક્ષ, આમ=ફળ. 'કુમારે' જેમાંથી ચિત્ર લીધું છે તે 'સામાન્ય વૃક્ષો' (ડૉ. સંતપાઉ)માં પણ 'આમલી' લખાયું છે. ત્યાં આપેલો આંબલીનો એક ફારસી શબ્દ તમર-ઈ-હિન્દ=હિન્દનું ખજૂર નોંધવા જેવો છે.

(પોરબંદર) -નરોત્તમ પલાણ

∞

કનુભાઈ જાની લિખિત કરુણાંત ગ્રીક નાટકો વાંચીને ઘણો આનંદ થયો. આવી વિશ્વમાં પ્રખ્યાત ગ્રીક ટ્રૅજેડીઓના અનુવાદ આપવા બદલ અમારાં અભિનંદન છે. તેવી જ રીતે મધુસૂદન પારેખનાં શેક્સપીઅરનાં નાટકોના અનુવાદ પણ ઘણા પસંદ પડ્યા છે.

(વડોદરા) —ડૉ. રતિલાલ પટેલ

∞

કાકાસાહેબ કાલેલકરનું મનોમંથન ખૂબ સુંદર છે. ફાધર વાલેસની લેખમાળા હવેથી કોઈ નવા સ્વરૂપની શરૂ કરો તો સારું. 'કુમાર'ના નામાક્ષરો ઘણા વખતના જૂના જ અપાયા કરે છે. હા, કોઈ વખત પ્રસંગોપાત્ત ફેરફાર થાય છે ખરો. અંક ૫૭૯થી શરૂ કરેલા આકાશદર્શનમાં આકાશદર્શન–૪ બે વાર લખાયું છે, જ્યારે ૯ નથી. શું સમજવું ? મારી માન્યતા વિભાગમાં લોકસેવકની મુલાકાત અપાઈ નથી. રજૂ થાય તો સારું.

(કાંકરાફળિયા) –હરિભાઈ દા. ટંડેલ

∞

'કુમાર'ના બહોળા, નિત્ય, લાંબા વાચન પછી લખવાનું મન થાય છે કે ખરેખર સાહિત્યનાં અમર—જૂનાં અને નવાં—રૂપો માનવમેદનીને પહોંચાડનાર 'કુમાર' અજોડ છે તેથી—

મહાન માનવી જોતાં મન સ્થિર બની હસે,
ને બતાવે વિવેકી સૌ; મહાન માનવી હદે.
કુણીકુણી કથા નાની, અવનવી રત્ન સમી,
માપદંડ થકી માપી કાવ્ય, કથા, કહે ઘણી.
રસ ને પાન દે છે એ હૈયાના ધબકાર થી,
પ્રિય વાચા ભરી હૈયે લોકોને હસાવનાર.
યશ ને માન પામીને કુમાર વિશ્વમાં વસે,
છે નાનું બનશે મોટું પ્રાર્થન વાચકો તણી.

(ચવેલી–તા. ચાણસ્મા)—મફતલાલ અ. પટેલ




આકાશદર્શન-૧૩ · ડિસેમ્બર-જાન્યુઆરી

આ મોસમના સ્વચ્છ આકાશમાં પશ્ચિમ ક્ષિતિજને લગભગ આંબી ગએલા ખગાશ્વ સાથે દેવયાની, શર્મિષ્ઠા અને વૃષપર્વા; તો મધ્યાકાશે ઝગુંબતા યયાતિ, ત્રિકોણ, ભરણી ને અશ્વિની; અને તેના નીચે દક્ષિણે મીન, તિમિ, ગૃધ્ર વગેરે તારામંડળો સાથે પૂર્વમાંથી પ્રવેશી ચૂકેલા કૃત્તિકા, રોહિણી, બ્રહ્મમંડળ, મૃગ, શ્વાન, શશક, કપોત અને છેક દક્ષિણે અગસ્ત્યનું દર્શન અત્યંત દર્શનીય લાગે છે. બ્રહ્મહૃદય, આર્દ્રા, બાણરજ, રોહિણી, વ્યાધ અને અગસ્ત્ય જેવા પ્રથમ વર્ગના એક સાથે દેખાતા તારાઓ આકાશને તેજથી ભરી દે છે. મૃગની ઉત્તરે અને રોહિણીની પૂર્વે, એક વર્ષ પહેલાં આપણે જોએલો શનિ આજે કેટલે દૂર ખસ્યો છે એ પણ જુઓ. અને તે પછી એની પાસે પહોંચેલો મંગળ કેટલો દૂર નાસી ગયો છે એ જાણો છો? પરોઢે પૂર્વમાં 'ચિત્રા'ની પાસે એ જોવા મળશે. બુધ અને શુક્ર પણ પૂર્વમાં વહેલી સવારે દેખાશે. ડિસેમ્બરની આખર પછી બુધ પૂર્વમાં જોવા નહિ મળે, તો જાન્યુઆરીના પાછલા ભાગથી ગુરુ પૂર્વમાં પ્રવેશશે. આ વર્ષમાં આપણે મુખ્ય તારામંડળો અને અગત્યના તારાઓનો પરિચય કર્યો. હવે પછી જરા વિગતે અને જુદી રીતે આગળ વધીશું.

આ અંકમાં આપેલા ચંદ્રશિલાના અભ્યાસ અંગેના લેખના અનુસંધાનમાં આ બે છબિ આપી છે. પહેલીમાં ચંદ્ર-સ્ફટિક ઉપર પડતી વીજભારયુક્ત કૉસ્મિક કિરણોની નાભિઓ પોતાની દિશા દર્શાવતી જે નિશાની (tracks) આંકી દે છે તે બતાવી છે. અમુક રાસાયણિક ક્રિયાઓ પછી એ સૂક્ષ્મદર્શક દ્વારા જોઈ શકાય છે. આ નિશાનીઓની લંબાઈ એક સેન્ટીમીટરના હજારમા ભાગ જેટલી સૂક્ષ્મ છે. આ લંબાઈ તથા એ નિશાનોની સંખ્યાના આધારે સૂર્યનાં કૉસ્મિક કિરણોની શક્તિનો ક્યાસ કાઢીને, તથા જે શિલા પરથી એ પ્રાપ્ત થઈ છે તેની વય નિશ્ચિત કરીને ભારતીય વિજ્ઞાનીઓએ તારણ કાઢ્યું છે કે છેલ્લાં દસેક કરોડ વર્ષમાં સૂર્યથી ઉદ્ભવતી શક્તિમાં ખાસ કોઈ ફેરફાર થયો નથી.

બીજી છબિ ઍપોલો-૧૪ દ્વારા આણેલી ચંદ્રશિલામાં જોવા મળતાં કેટલાંક ખંડનીય દ્રવ્યો (Fissile materials)ની છે. પૃથ્વી કરતાં ચંદ્ર ઉપર આવા નમૂના ઘણા વધુ પ્રમાણમાં લભ્ય છે. છબિમાં કાંટાળા થોર જેવા જે આકારો છે તે યુરેનિયમ અને પ્લુટોનિયમનું કુદરતી રીતે વિખંડન (Natural Fission) થયાની નિશાનીઓ છે. (બ્લૉકો SPANના સૌજન્યથી)






નીચે:
ફોટોગ્રાફી હરીફાઈમાં આવેલાં બે દૃશ્યચિત્રો
(જુઓ પૃ. ૪૯૪)



રુચિર જોષી (કલકત્તા) બીજું ઈનામ



ચંદ્રકાન્ત દોશી (મિલખા) ત્રીજું ઈનામ



'એક આવી હેલી વરસાદની
કા'ન, એણે રોકી પાડયાં વાટવાટમાં !'
ચિત્રકાર
સોમાલાલ શાહ
◁

નીચે:
ફોટોગ્રાફી હરીફાઈમાં
પ્રથમ ઈનામ મેળવતું દૃશ્યચિત્ર
ફોટો · ભાર્ગવ વી. મિસ્રી–અમદાવાદ
(જુઓ પૃ. ૪૯૪)



પછી છેલ્લી વેળા / ભાનુપ્રસાદ પંડ્યા

· શિખરિણી સૉનેટ ·

પછી છેલ્લી વેળા વછૂટી જઈ ખીલેથી. ઘરને
જુહારો ઝાઝા ફૂહે ઘણું ઊપડિયાં. આ સીમ નહીં
શકી રોકી એને તરણું દઈ, રે ના જળ અહીં
નદી પાસે ભીનાં નયન કરવા, પલ્લવ વિના
ખડાં ઊભી વાટે તરુ ય સહુ કંકાલ સરખાં
બિછાવે શી છાયા? જરીક કયહીં શેવાળ સૂંઘતી
સૂકો, પાણી વાળી ગરદન, ભરી ગામ દગમાં
ગઈ એ શિંગાળી ખલક – બસ, દુર્ભિક્ષ ચરતી!

હળે ના મારે પાદર રણકી ગોધૂલિ સમય;
ખરીઓ ખીલે નૈં ફળીની ધૂળમાં; ત્યાં ઘરખૂણે
અબોલા લૈ ઊભું હળી પડી જૂની થાંભલી કને
વલોણું; શીકાની ઉપર લટકીને મટુકીએ
ગળાફાંસો ખાધો?–ઝબકી ઊઠું ભાળી ભળકડું,
ગમાણે દોડું ને સજ્જડ ચૂપ ખીલો થઈ ઊભું!

મિલન-કોલ / ભગવતીકુમાર શર્મા

· વસંતતિલકા સૉનેટ ·

આવ્યો હતો મિલન-કોલ, છતાં ય હુંથી
ત્યારે ગૃહે નહિ ઉપસ્થિત ર્હૈ શકાયું;
હૈયે હતું: કંઈક વિસ્મરી તેં દીધા'તા
હાથેળીમાં કર ધરી દીધ વાયદાઓ;
આ વેળ યે વચન વ્યર્થ જશે પુનશ્ચ;
હું દોષપાત્ર નહિ સિદ્ધ થઇશ તુંથી.

દોડ્યા ગૃહે શ્રમિત, કિન્તુ હું કોલ ચૂક્યો.
ત્યાં ઉંબરે સુભગ સ્વસ્તિક, બારસાખે
ટીલેરું તોરણ, જલે શગ ગોખલામાં,
આ રિક્ત ખંડની હવા અવ મ્હેક મ્હેક,
દીવાલ જીર્ણ બની મંડપ મોગરાનો,
ને હીંચકે સુણું મયૂરની ગ્હેકગ્હેક,
ફર્શે દીઠી પગલી કંકુ ઝરેલ — જાણે
ફોરી રહ્યાં વચન જે વીસર્યાં અતીતે!

સાંજ / મોહન મઢીકર

· મનહર ·

ગોરજની બાંસડીમાં સીમને લપેટી લઈ
શમણાંનું ગાડું લઈ આવી રહી સાંજ.

ખેતરને ઠૂંડે ઠૂંડે ચકલાના ગેલ મહીં
દૂહા કેરા સૂર લઈ શમી રહી સાંજ.

અંક માંહી સૂરજને ઢબૂરીને, લાંબે હાથે
આભ આંખે અંધકાર આંજી રહી સાંજ.

ઘર ખૂણે હાંડલાંમાં તપી રહ્યું ગામ, હવે
થાકી-પાકી ઢોલિયામાં ઢાળો ખાય સાંજ.

નગર / ધીરુ પરીખ

· ગુલબંકી ·

હું નગર
નરી વિરૂપની કથા!
ઈંટ જે હતી કહીંક
રૂપહીન ચોસલાં,
રંગરંગની અને
વિભિન્ન ઘાટની ઘણી
મકાન માળમાં ઠરી
અજીબ વેલ ચારુતાતણી
ગઇ જ પાંગરી!
જે પણે અનાકૃત,
હાર સૌ મકાનની વચાળથી
ઝળુંબતું રહ્યું છ વ્યોમ
કૈંક આકૃતિ ધરી
નવી નવી નવી.
શ્યામ કેશમાં ઝગે જરી-ભરી
સ્નેહના સીમન્ત શી
નિયૉન-બલ્બની તગે
તમિસ્રમાં રચેલ
હારમાલિકા જરી.
દીપકો ઝગી રહ્યા ન દીપકો,
તારકો ખચેલ
કો અમાસનું જ આભ
હ્યાં લચી રહ્યું નગર બની.
આદિજાતની જ
શ્યામ સુંદરી તણાં
શું ચકચકંત ગાત્ર શા
ટાર રોડ આ રહ્યા જ
દોડતા (ન હાંફ!)
ચક્ર ને ચરણતણી ગતિ મહીં;
ન સ્થૈર્ય,
જે જીવન ગણ્યું સમગ્ર તે
વહી રહ્યું અહીં અહીં અહીં.
હો ભલે જ સૂર (કે બસૂર)
જાતજાતના
છતાં નિમગ્ન છે શ્રુતિ
જે જઈ ભળી જ રક્તમાં અધીર
દોડતી નસો મહીં
કશી ય મૌન ઝંકૃતિ
(થઈ ખરે જ ચેતના બધિર!)
જનો અહીં ફરી રહ્યા
જનાવરો ન બે પગાં,
માનવી જ માનવી જ
માનવી જ મૂળગા.
એક એક માનવી
જીવંત યુદ્ધ હર પળે,
શ્વાસશ્વાસમાં જ મૃત્યુને કળે;
છતાં ય આભ જેવડી જ
આશની કદી ન લાશ તો પડી.
અહીં ન કોઇને તમા જ મૃત્યુની
જિન્દગી ક્ષણેક્ષણે જ શાશ્વતી.,
ડસ્ટબિનમાં પડી
અતીતની ક્ષણો બધી રહી સડી.
ભાવિને જ આંબવા રણે ચડી
સ્વચ્છ ને સુસ્પષ્ટ
જે રહી બધે વધી
વર્તમાન વર્તમાન વર્તમાન
એ જ છે જયહીં મુહૂર્તની ઘડી.
હું નગર નરી વિરૂપની કથા!

છું / યૉસેફ મૅકવાન

· ગઝલ ·

સૂર કો મળતો નથી એ ગાન છું,
ગ્રંથમાંનું એક છૂટું પાન છું.

કૈંક માંગ્યુ ને મળ્યું છે, તે છતાં
હું જ મારા ઘર મહીં વેરાન છું.

જિંદગી શું છે? નથી એની ખબર,
આ હવામાં ક્યાંક છૂટ્યું બાણ છું.

દર્પણે પ્રતિબિંબ જે રીતે રહે,
દોસ્ત! એવો બે ઘડી મેહમાન છું.

મેં નથી રાખ્યા કહ્યાં તમને કદી,
હું જ કેવળ જાણું કે હું ફુહાન છું.

હાઇકુ

મીનાક્ષી દોશી

તળેટીમાંથી
ઘર દીસે; પર્વત
પરથી ગામ.

∽

અંધારું પીતાં
મૂળ; ફૂલ જળમાં
સૌરભ વેરે.

∽

પ્હાડ કોરી
ઝરણાં વહે આગે;
પહાડ અડગ.

∽

વાદળ બની
જળ વ્યોમ મહીં
તરતાં શીખે.

શકય છે / લાભશંકર પી. દવે

- ગઝલ -

એ પણ કદાચ શકય છે આવે ન ધ્યાનમાં;
લાલી છુપાઈ હોય છે મેંદીનાં પાનમાં.

હું સાંભળું છું તે છતાં સમજાય ના કશું,
પડઘાય છે અવાજ કોનો મારા કાનમાં?

પાછી ફરે છે એટલે દૃષ્ટિ ધરા ઉપર,
મળતી નથી જમીન એને આસમાનમાં.

લો આજ તો આ એમનું સાન્નિધ્ય સાંપડયું,
દર્પણ ખસી ગયું જે હતું દરમિયાનમાં.

આપ્યો નહિ સહારો મને કોઈ શબ્દ-એ,
વાચા જ બંધ થઈ ગઈ એના બયાનમાં.

સવાર / અજિત ઠાકોર

- લાવણીની લય -

ધુમ્મસઝાંખાં ઝાડ વીંધતું
સૂરજપંખી ઝાંખ થોરિયે ઘસે...
મકાઈની ભીની પત્તી પછવાડે
વાયું પડખું બદલે...
કેડી રડું...રડું થૈ
આમ સીમ ફંફોસે
શેઢા વિસ્મિત વિસ્મિત તાકે...
ઊગમણે પાદર
ટેકરીઓ શીળું શીળું કંપે...
થોરિયે ચાંચ સૂરજની ચમકે...
ધુમ્મસ ફરી ફરી ઘુમરાય...

મુંબાઇથી પાછા વળતાં

કિસન સોસા

- ગઝલ -

કયાંય પણ ના ચિહ્ન પગલાંનું હતું:
પ્યાસને જળનાં થયાં દર્શન નહીં,
આમ તો એ શહેર દરિયાનું હતું.

જિંદગી એ નામ વગડાનું હતું:
શુષ્ક પર્ણો ભાગ્યમાં ખખડી રહ્યાં,
ચોતરફ હર વૃક્ષ ટહુકાનું હતું.

મારી પાસે દ્રવ્ય સપનાંનું હતું:
અંગૂઠો મેં કયાંય ચોંટાડયો નહીં,
હર લલાટે નામ સિક્કાનું હતું.

હર કિરણ પર ઓજ સોનાનું હતું:
સૂર્યને પણ કોણ રે ત્યાં ઓળખે?
લોક ઘૂવડના :ઘરાણાનું હતું.

પાંપણોમાં પુષ્પ ઊજાગરાનું હતું:
હૃદય જે માંજી રહ્યું'તું રૂમમાં,
રૂપ એ મારી જ ઇચ્છાનું હતું.

સુડા ટોવા / ઇશ્વરભાઈ પટેલ

- શિખરિણી -

ભણું પોથી ચોથી:
સુડા ટોવા આઘે, ઘરહુકમ લૈને જવું પડે,
મહયા છાંયે;રસ્તા, હજીય પગલાંમાં શીતળતા,
વળી વેળા, સાંજે ઢળત, વગડા તેજ ઝમતા.

ઉઘાડી ઝીંકું હું સકલ નભ લૈ સંગ ચડું જે
તૃણે છાયા શેઢે; કીર ટહુકતા, કાબર કલે,
સુડા ટોળાં તીખા રવ કરત શું અંબર ચગે!
અને ટોવી મારે નજર ફરતી ખેતર કણે.

હવામાં ખોવાઉં: ગગન રમતાં વાદળ દડે,
અને રંગોળીમાં પવન તરતો જોઉં વગડે,
ઝમે સંધ્યા ટાણે રવ સકલ તે સ્તબ્ધ સમણું,
ઊડું આઘે આઘે વિચલિત પરના કોક સુલકે.

ફરી ફેરા થાકે ચરણ, નીરખું વાટ જતું કો
લઇ ભારો માથે કમર શિશુ ને હું ય ઘરમાં.

ભલે, છોડો...!

કનુ મહેતા 'વ્યોમ'

- ગાન -

ભલે, છોડો તરણાંના આવાસને!
ક્ષિતિજો છેદીને ખેડો અનંત આભ
આરંભો એવા પ્રવાસને!
ભલે, છોડો તરણાંના આવાસને!
સરહદ વાળીને સૌ બેઠાં છે ધરતી પર
ચેતીને ઊડજો અગાઉથી,
રેશમની કાયાને સંભાળી રાખજો!
સનસનતા ગોફણના ઘાવથી;
ઓળખજો ચાડિયા ઊભા છે ખેતરમાં
પહેરીને માનવ લેબાસને!
બળબળતે ઉનાળે ખૂટે ને સીમ
હોય નદિયું ને સરવર સૂકાયાં,
આપણી તો હોય છે નેવે કણસલાં ને
પાણીની ઠીબની માયા;
ધખધખતાં રણમાં કે સમદર પર ઊડતાં
વીસરજો ભૂખ અને પ્યાસને!
વાસંતી વાયરે મઘમઘતી વનરામાં
ગાજો ને લીલુંછમ લ્હેરજો,
હૂંફાળા નીડમાં કલરવતી સુંદરતા
આપણી આ રીતે ઉછેરજો;
આંખોમાં રાખજો આખું આકાશ
ધરી માથે ધરતીની લીલાશને!
ભલે, છોડો તરણાંના આવાસને!

ત્રૈલોક્યનાથ ચક્રવર્તી

બંગભંગ સમયની ક્રાંતિકારી સંસ્થા અનુશીલન સમિતિનો છેલ્લો દીપક



ભૂગર્ભવાસ અને ભાગંભાગીના દિવસોમાં એમણે પોતાનું નામ શશિકાન્ત રાખેલું. માયમનસિંગના રાજાનું પણ એ જ નામ હતું અને એટલે સાથીઓ એમને લાડમાં 'મહારાજ' કહેતા.

અઢારસો સત્તાવનના સ્વાતંત્ર્યયુદ્ધની જ્વાળાઓ ભલે શાંત થઈ ગઈ હતી, પણ એના ભારેલા અગ્નિની ચીનગારીઓ તો સદા ઝબકતી જ રહી હતી. એવો પહેલો ઝબકારો પંદર વર્ષ બાદ ઈ. ૧૮૭૨માં પંજાબમાં ગુરુ રામસિંહના નેતૃત્વ નીચે 'કૂકા વિદ્રોહ' રૂપે થયો. એ બુઝાવાયો ત્યાં દક્ષિણમાં—મહારાષ્ટ્રમાં એક ચીનગારીએ વાસુદેવ ફડકેની મશાલ પેટાવી દીધી, જે એની પછી, દામોદર અને બાળકૃષ્ણ ચાફેકર નામના બે ભાઈઓએ ઊંચકી લીધી ને 'હિંદુ ધર્મરક્ષિણી સભા'ના વ્યવસ્થિત સંગઠન દ્વારા ઈ. ૧૮૯૪થી ઠેરઠેર 'મિત્રમેળા' ભરીને વીસમી સદી બેસતાં સુધીમાં તો એમણે સમસ્ત મહારાષ્ટ્રને સળગાવી મૂક્યું, અને સર્વત્ર 'સ્વાતંત્ર્યલક્ષ્મીની જય'ની હાક ગાજતી કરી દીધી; અને તેના અનુસંધાનમાં ઈ. ૧૯૦૪માં વિનાયક દામોદર સાવરકરે 'અભિનવ ભારત'ની સ્થાપના કરીને એ ભૂમિભાગને ભભૂકાવી દીધો.

આ બધી ચીનગારીઓથી ચેતી જઈને અંગ્રેજ રાજકર્તાઓએ મુત્સદ્દીગીરીનો નવો દાવ અજમાવ્યો. હિંદીઓની લાગણીના આવા ભભૂકા બહેકીને કાબૂ બહાર ન જતાં માત્ર વિચારવરાળ રૂપે નીકળ્યા કરે એવો એક 'સેફ્ટી વાલ્વ' સરકારે ઊભો કર્યો : ઍલન ઑક્ટેવિયસ હ્યૂમ જેવા ભારતમિત્ર બની રહેલા એક નિવૃત્ત બ્રિટિશ અમલદાર દ્વારા 'ઇંડિયન નૅશનલ કૉંગ્રેસ'ની એણે સ્થાપના કરાવી, જેના મંચ ઉપરથી સર ફિરોઝશાહ મહેતા, ગોપાળ કૃષ્ણ ગોખલે આદિ વિનીત વિચારના નેતાઓ દ્વારા બ્રિટિશ હકૂમતની ક્ષતિઓ દૂર કરવાના અનુરોધ થયા કરતા હતા.

એ ગાળામાં ફરી પાછી પેલી એક ચીનગારી બંગાળમાં ઝબકી ઊઠી. ઈ. ૧૯૦૫ની ૧૫મી ઑક્ટોબરે, વહીવટી મુશ્કેલીઓના બહાના તળે, હિંદના વાઈસરૉય લૉર્ડ કર્ઝને બંગાળ પ્રાંતના બે ભાગ પાડયા. (જુઓ આ અંકમાં 'આ માસ ઇતિહાસમાં'નો વિભાગ.) ભારતની ભૂમિમાં માતાનું સ્વરૂપારોપણ થઈ, બંકિમચન્દ્ર ચટ્ટોપાધ્યાયની લોકવિશ્રુત નવલકથા 'આનંદમઠ'માંથી બહાર આવેલો શબ્દ 'વંદેમાતરમ્' ત્યાં એ માતાના જયનો નાદ તો ક્યારનો બની રહ્યો હતો. એમાં આ ભાગલાથી દેશની પ્રજા આગઆગ થઈ ઊઠી. અરવિંદ ઘોષના ભાઈ બારીન્દ્ર ઘોષ અને એના સાથીઓએ 'આત્મોન્નતિ સમિતિ' અને 'અનુશીલન સમિતિ' જેવાં સંગઠનો દ્વારા આખા બંગાળને ભભૂકાવી દીધું. હેમ કાનૂનગોએ ફ્રાંસથી શીખી આણેલી બૉંબ બનાવવાની રીત કેવળ બંગાળમાં જ નહિ પણ દેશભરમાં પસરી ગઈ. વતનને માટે સરફરોશી કરવા તેજસ્વી નવયુવાનો થનગની રહ્યા. હવે ગોપાલ કૃષ્ણ ગોખલે જેવા નેતાની વિનવણી એમને શાંત પાડી શકે એ સંભવિત નહોતું.

પશ્ચિમ બંગાળની બારીન્દ્રની સંસ્થા દ્વારા કલકત્તા અને ગ્રામવિસ્તારમાં વ્યાપક પ્રવૃત્તિઓ શરૂ થઈ ગઈ હતી. નવયુવાન વિદ્યાર્થીઓ તે પ્રતિ ખેંચાતા. અરવિંદ ઘોષનાં 'કર્મયોગિન્' અને 'વંદેમાતરમ્' પત્રોમાં આગઝરતી કલમે લખાતાં લખાણોથી ને એમના વ્યક્તિત્વના પ્રભાવથી સમગ્ર બંગાળના ઉદ્દામ વિચારવાદી યુવાનો પર એમનું વર્ચસ્ જામ્યું હતું. વિવિધ જૂથોમાં એ વર્ગ વહેંચાએલો હતો. પૂર્વ બંગાળમાં પણ 'અનુશીલન સમિતિ' નામે એક જૂથ કામ કરી રહ્યું હતું. એના પ્રમુખ હતા બૅરિસ્ટર પી. મિત્ર. અરવિંદ ઘોષ અને ચિત્તરંજનદાસ ઉપપ્રમુખો હતા ને સંચાલક હતા પુલિનબિહારી દાસ. સુરેન્દ્રનાથ ટાગોર તેના ખજાનચી હતા. આવી વ્યાપક સમિતિ એ કોઈ ગુપ્ત સંગઠન નહોતું. યુવાનોને રાષ્ટ્રાભિમુખ કરતી તાલીમ આપતી એ એક સાર્વજનિક સંસ્થા હતી. ઢાકા આજના બાંગલાદેશનું પાટનગર એના કાર્યક્ષેત્રનું કેન્દ્ર હતું.

સ્વદેશીની ભાવના તો એ કાળે ક્યારની ચોતરફ વ્યાપી ગઈ હતી. એવી ભાવનાઓના આશક, માયમનસિંગ જિલ્લાના કાપસતિયા ગામના મધ્યમ વર્ગના એક રાષ્ટ્રવાદી બ્રાહ્મણ દુર્ગાચરણ ચક્રવર્તીને ત્યાં ઈ. ૧૮૮૯ના મે માસમાં ત્રૈલોક્યનાથનો જન્મ થયો. દુર્ગાચરણના ભાઈ કામિનીમોહન પણ ક્રાંતિવાદી વિચારો ધરાવતા હોઈ માયમનસિંગ જિલ્લામાં આઝાદીના મતવાલાઓનો એક સારો એવો જમેલો જામ્યો હતો. એ વાતાવરણમાં ત્રૈલોક્યનો ઉછેર થયો. એમાંથી એને રાષ્ટ્રપ્રેમનો રંગ લાગ્યો અને તળભૂમિના બંકિમચંદ્ર ચૅટરજી તથા રમેશચન્દ્ર દત્ત જેવા દેશભક્ત લેખકો અને વિદેશના મૅઝિની ને ગૅરીબાલ્ડી જેવા ઈટાલીના આઝાદીવીરોનાં લખાણો તથા ચરિત્રોનાં વાચને એને જે ઓપ આપ્યો તેમાં પુલિનબિહારી દાસ, મખ્ખનલાલ સેન, રવીન્દ્રમોહન સેન વગેરે જેવાના પ્રભાવે વધુ ઓજસ્વિતા ઉમેરી, અને એથી પ્રેરાઈને ઈ. ૧૯૦૬માં ત્રૈલોક્યનાથ પણ 'અનુશીલન સમિતિ'માં જોડાઈ ગયા.

મિત્રમંડળો અને વ્યાયામ-અખાડા સ્થાપી એમણે પોતાના જિલ્લામાં 'અનુશીલન સમિતિ' માટે નવયુવાનો એકઠા કરવા માંડયા અને સમિતિનું કામ જોરશોરથી ચલાવવા લાગ્યા. ઈ. ૧૯૦૮માં એક હોડી ચોરવાના આરોપમાં એમની ધરપકડ થઈ. એ એમનો પહેલો જેલવાસ. બીજે વર્ષે એમાંથી છૂટી તેઓ ઢાકા ગયા ત્યારે 'ઢાકા કાવતરા કેસ' માટે એમના પરનો નવો આરોપ તૈયાર જ હતો. પણ યેનકેન એમાંથી છટકી તેઓ ત્રિપુરાના દેશી રાજ્યમાં અગરતલાની ઉદયપુર ટેકરીઓમાં ફરાર થઇ ગયા, અને ત્યાં પણ જુવાનોને એકઠા કરી મંડળની શાખા સ્થાપી પ્રવૃત્તિની પાંખો પ્રસારવા માંડી. ઈ. ૧૯૧૨માં એક ખૂનના બનાવમાં એમને પણ સંડોવીને ઢાકામાંથી એમની ધરપકડ કરવામાં આવી, પણ એમાં તો તેઓ નિર્દોષ સાબિત થઇ થોડા જ માસમાં છૂટી ગયા.

મુક્ત થઇને ફરી પાછું કામ આરંભી દીધું અને માલદા, રાજશાહી, કોમિલા તથા અન્ય વિસ્તારોમાં અનુશીલન સમિતિની શાખાઓ સ્થાપીને તેનું સંચાલન કરતા ફરવા લાગ્યા. પણ બહારથી શાંત દેખાતી આ પ્રવૃત્તિઓ પાછળ હિંસક ક્રાંતિની ભૂમિકા રચાતી જતી હોઇને એમની પ્રવૃત્તિઓ સરકારને આંખના કણાની માફક ખૂંચતી હતી; એટલે બરાબર છટકું ગોઠવી 'બારીસાલ કાવતરા કેસ' માટે ફરી ઈ. ૧૯૧૪માં એમને કલકત્તામાં પકડવામાં આવ્યા અને દસ વર્ષની સજા કરી આંદામાન મોકલી દીધા. આંદામાનમાં એમને ત્યાં સજા ભોગવતા મહારાષ્ટ્રના દેશભક્ત વીર સાવરકર સાથે પરિચય થયો.



જુવાન વયે 'મહારાજ'

આ તરફ હવે ગાંધીજીના આગમનથી રાષ્ટ્રીય ચળવળોમાં ખાદી, રાષ્ટ્રીય શિક્ષણ અને અસહકાર દ્વારા અહિંસક ક્રાન્તિનો એક નવો જ પલટો આવ્યો. પણ હિંસાવાદી યુવાનોને ગળે હજી એમની રસમ ઊતરી શકે તેમ નહોતું. એમણે તો પોતાની આગવી રીતે બૉંબધડાકા અને ધાડ-ખૂનની પ્રવૃત્તિઓ છૂટક ઊભરા રૂપે જારી રાખી હતી. એ ગાળામાં ઈ. ૧૯૨૪માં ત્રૈલોક્યનાથ જેલમાંથી છૂટયા, અને ગાંધીજીની ચળવળમાં જોડાએલા દેશબંધુ ચિતરંજન દાસની દક્ષિણ કલકત્તાની નૅશનલ સ્કૂલનું સંચાલન એમણે હાથ ધર્યું. ત્યાં તો ૧૯૨૭માં ફરી એમની ગિરફતારી થઈ અને દેશમાં એમની હાજરીને ભયરૂપ ગણીને ફરી દેશપાર કરી બ્રહ્મદેશમાં માંડલે મોકલી દેવામાં આવ્યા. ત્યાં તેઓ બર્મી ભાષા શીખી ગયા. ઈ. ૧૯૨૮માં એ યુક્તિપ્રયુક્તિથી હિંદ પાછા ફર્યા, પણ હાટિયા (નોઆખલી) સુધી પહોંચ્યા ત્યાં જ એમને અટકાવવામાં આવ્યા. એમાંથી છટકીને એ ઉત્તર ભારતમાં નવા સ્થપાએલા ક્રાંતિકારી નવ સંગઠન 'હિંદુસ્તાન રીપબ્લિકન એસોસીએશન'માં જોડાયા. ત્યાંથી એમના બર્માના પરિચય તથા ભાષાજ્ઞાનને લીધે એમને બ્રહ્મદેશમાં વસતા હિંદી ક્રાંતિકારીઓનો સંપર્ક સાધવા મોકલવામાં આવ્યા હતા.

ક્રાંતિવાદી વિચારધારાના આ છૂપા પ્રચાર-પ્રસારની સાથોસાથ બીજી બાજુ રાષ્ટ્રીય કૉંગ્રેસમાં પણ તે કામ કરતા રહેલા. ઈ. ૧૯૨૯માં જ્યાંથી સંપૂર્ણ સ્વાતંત્ર્યનો પહેલો બુલંદ નાદ બાપોકાર જાહેર થયો એ ઇતિહાસ-અંકિત લાહોરના કૉંગ્રેસ અધિવેશનમાં પણ એમણે ભાગ લીધો હતો. પણ એમની હાજરી અને પ્રવૃત્તિ પર સદા નજર રાખી રહેલી સરકાર એમને સુખે રહેવા દે તેમ હતું જ નહિ. ઈ. ૧૯૩૦માં રાજશાહીમાં એમને પકડીને દૂર દક્ષિણ ભારતની જેલમાં મોકલી દીધા. ત્યાં તેઓ મળયલમ અને તમિળ ભાષા પણ થોડીઘણી શીખ્યા.

ઈ. ૧૯૩૮માં એ સજા પૂરી થઈ એટલે છૂટીને તરત તેઓ ત્યારના દેશવીર સુભાષ બાબુને જઈ મળ્યા અને કૉંગ્રેસના રામગઢ અધિવેશનમાં ભાગ પણ લીધો. એવામાં બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળતાં એમણે હિંદી સૈનિકોને ઉશ્કેરીને હથિયાર-ધારી બળવાખોરોનું એક દળ ઊભું કરવાનો પ્રયાસ કર્યો. પણ એમાં ધારી સફળતા મળી નહિ અને ચટગાંવ (ચિત્તાગૉંગ)માં વળી એમની ધરપકડ થઈ ને જેલ મળી. એમાંથી છૂટયા એવું જ 'હિંદ છોડો'ની લડતમાં ઝુકાવ્યું અને ફરી જેલ મળી, તે છેક ૧૯૪૫માં એમને છોડવામાં આવ્યા.

પણ ત્રૈલોક્યના આત્માને જંપ નહોતો. ૧૯૪૬માં એમણે નોઆખલીમાં ગાંધીચીંધ્યું રચનાત્મક કામ આરંભ્યું; અને ૧૯૪૭માં, દેશની આઝાદી પછી બંગાળના ભાગલા થતાં, જ્યારે હિન્દુ નેતાઓ ભારતમાં ચાલ્યા આવ્યા ત્યારે પોતે પૂર્વ પાકિસ્તાનમાં ગએલી માતૃભૂમિમાં જ રહી, ત્યાંના વફાદાર નાગરિક બની, સમાજવાદનો ફેલાવો કરવા પ્રવૃત્તિશીલ રહેવાનો એક સાચા ક્રાંતિવીરને છાજે તેવો નિર્ણય લીધો. 'સાચો ક્રાંતિકારી પોતાના વતનનો કદી ત્યાગ કરતો નથી. સમગ્ર ભારતની આઝાદી માટે તમન્ના ધરાવવા છતાં હું પૂર્વ પાકિસ્તાનનો જ વતની છું. અત્યારે સક્રિય રાજકારણમાં ન હોવા છતાં હિન્દુ અને મુસલમાનોની શુભેચ્છા સાથે હું પૂર્વ બંગાળમાં જ જીવવા અને ત્યાં જ મરવા ઇચ્છું છું.'–આ એમના એ નિર્ણય અંગેના શબ્દો હતા. 'જેમાં પ્રજાને રાજકીય અને આર્થિક તથા નૈતિક મુક્તિ મળે' તેવો સમાજવાદ સ્થાપવાની અને એ માટે કામ કરવાની એમની તમન્ના હતી.

'સશસ્ત્ર લડતથી આઝાદી આવવાની નથી એવું અમારા સમયના ગાંધીવાદીઓ કહેતા હતા. અમને 'ગાફેલ રાષ્ટ્રવાદીઓ' તરીકે ઓળખાવવામાં વર્તમાનપત્રો પણ અમારી પદ્ધતિને ઉતારી પાડવામાં પાછાં પડતાં નહિ; છતાં અમે હિંસક ક્રાંતિના પથમાંથી પીછેહઠ કરી નથી. બ્રિટિશ દમનનો એ જ એક જવાબ હતો, અને હોઈ શકે'—એવી શ્રદ્ધા ધરાવતા છતાં એમણે જ સ્વતંત્ર ભારતમાં નક્સલવાદી પ્રવૃત્તિઓના સંદર્ભમાં કહેલું કે '...પણ રાજકીય આઝાદી પછી જે ધ્યેય સિદ્ધ કરવાનાં છે તેને માટે હિંસક માર્ગ યોગ્ય લેખી શકાય નહિ. પ્રજામાં વિશાળ પાયો નાખીને જ આગળ વધી શકાય અને તો જ વિરાટ સમાજ પ્રગતિ સાધી શકે. બૉમ્બ ફોડયે કે ખૂન કર્યે તો કદાચ લોકોમાં ત્રાસ ફેલાય પણ એથી સમાજવાદનો વિચાર કે આચાર કોઈ અપનાવે નહિ. દરેક પ્રવૃત્તિમાં સમાજનું પીઠબળ હોવું જ જોઈએ. એના વિના એ કાર્ય મુઠ્ઠીભર માનવીનું બની જાય અને સિદ્ધિ મેળવી શકાય નહિ.'

પૂર્વ બંગાળમાં એમણે પોતાની રીતે પોતાનું કામ જારી રાખ્યું. પાકિસ્તાની સમાજવાદી પક્ષની એમણે સ્થાપના કરી. ઈ. ૧૯૫૪માં પૂર્વ પાકિસ્તાનની પ્રાંતીય ઍસેમ્બ્લીમાં યુનાઇટેડ પ્રોગ્રેસિવ પાર્ટીના ઉમેદવાર તરીકે તેઓ ચૂંટાયા પણ ખરા. પરંતુ ઐયુબખાનની સરકારે એમના પક્ષને ગેરકાનૂની ઠેરવીને એમના ચૂંટણીમાં ઉમેદવારી કરવા સામે તથા કોઈ પણ રાજકીય કે સામાજિક કાર્ય કરવા સામે પણ પ્રતિબંધ મૂકયો. બ્રિટિશ રાજે એમના ઉપર જે વિતાડેલી તેના પર પાકિસ્તાને ચાંદ લગાડયો. ઈ. ૧૯૬૫માં ભારત–પાકિસ્તાન સંઘર્ષ વખતે, આ બંને દેશના ઐક્યના હિમાયતી એવા એમને જેલમાં પૂરી દીધા!

આમ, જિંદગીના ત્રણત્રણ દાયકા જેટલાં વર્ષો તો કેવળ જેલમાં ગાળનાર એ ક્રાંતિવીર ઉત્તરાવસ્થામાં તદ્દન એકાકી જેવા બની રહ્યા. 'અનુશીલન સમિતિ'ના સભ્યોએ જે ઉચ્ચ બલિદાન, હિંમત અને નૈતિક વ્યક્તિત્વનાં ઉમદા ઉદાહરણો પૂરાં પાડયાં છે તેમાં, આજીવન અપરિણિત ત્રૈલોક્યનાથનું જીવન વિપ્લવકાળના એક જીવંત ઇતિહાસ સમું બની રહ્યું હતું. ભારતમાંના પોતાના પૂર્વ પરિચિત સાથીઓને મળવા તેઓ ઝંખતા હતા. પોતાની તબિયતની સારવાર પણ ભારતમાં લેવા એમની ઇચ્છા હતી. ત્રણત્રણ વર્ષથી ભારત આવવા તેઓ, અને એમને અહીં લાવવા અહીંના લાગતાવળગતા લોકો, મથી રહ્યા હતા. અંતે ૧૯૭૦ના જૂન માસમાં એમને ત્યાંથી ત્રણ માસ માટે અહીં આવવાની પરવાનગી અપાઈ.

અહીં આવતાં જ એમણે મુદત પૂરી થયે પાછા ફરવાની પોતાની ઇચ્છા જાહેર કરી દીધી હતી. ભારતમાં એમનું પૂરા હૃદયથી સ્વાગત થયું હતું. છઠ્ઠી ઑગસ્ટે (૧૯૭૦) નવી દિલ્હીમાં સંસદના મધ્ય ખંડમાં એમનું ખાસ સન્માન કરવામાં આવ્યું. પછી દિલ્હીના બંગાળી સમાજના લોકો અને નાગરિકોએ પણ ૧૦મી ઑગસ્ટે એમને સન્માનવાના કાર્યક્રમો યોજ્યા. પણ એને આગલે જ દિવસે, જેના એ ચાહક હતા એવી એક વ્યાપક ક્રાંતિ દેશભરમાં પ્રકટયાની તારીખ ૯મી ઑગસ્ટે, પોતાના યજમાન અને રાજ્યસભાના કૉંગ્રેસ પક્ષના માજી નાયબ નેતા સુરેન્દ્રમોહન ઘોષને ત્યાં રાત્રે ઊંઘમાં જ એમનું અવસાન થયું.

ક્રાંતિ એમનું જીવન હતું, ક્રાંતિ જ એમનો સંદેશ હતો. એ માટે જ તેઓ જીવ્યા અને એના રટણમાં જ મર્યા.

'કારાવાસમાં ૩૦ વર્ષ અને ભારત–પાકિસ્તાન આઝાદી સંગ્રામ' નામના એમના પુસ્તકમાં એમના જીવનનાં અનેક પ્રેરક સંસ્મરણો એમણે ઉતાર્યાં છે. પણ પાકિસ્તાને તેના પર પ્રતિબંધ લાદ્યો હતો. અહીં આવ્યા ત્યારે અવસાન પહેલાં એ પુસ્તકનો અંગ્રેજી અનુવાદ કરવા અંગે એમણે સામ્યવાદી નેતા હીરેન મુખરજી સાથે વાટાઘાટ કરી નક્કી કરેલું. ઇચ્છીએ કે એ અનુવાદ આપણને જલ્દી લભ્ય બની એ દ્વારા દેશની આઝાદીની પાયાની ઈંટો મૂકનારા તેઓ અને તેમના સાથીઓ વિષે અનેક નવી હકીકતો મળી રહેશે.

બિ. ટાં.



ઝવેરચંદ મેઘાણીનું જીવનચિત્ર

કસુંબલ રંગ

૫] ગતાંકથી ચાલુ

લેખક: કનુભાઈ જાની

ઝવેરભાઈ કલકત્તા ઊપડયા. પણ ક્યારે? વાર,તારીખ,માસ,વર્ષ? જરા વિચારવું પડે એમ છે. વર્મા-પરમાર સંપાદિત 'ઝવેરચંદ મેઘાણી'ના (પૃ. ૨૭ પર) 'સળંગ જીવનદર્શન'માં ને 'મેઘાણી ગ્રન્થ-૧'ના 'જીવનયાત્રા'માં કહેવાયું છે તેમ ૧૯૧૭માં તો નહિ જ. ઈ. ૧૯૧૭ના મે માસમાં થીઑસૉફીના વર્ગો ભર્યા; બી.એ. થયા; જૂનમાં શામળદાસ કૉલેજમાં એમ.એ.ના વિદ્યાર્થી તરીકે અને સનાતન ધર્મ હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયા; દોઢ-બે માસ કપિલભાઈ સાથે, તે પછી ગોપાલભાઈ ઠક્કરના મકાનમાં ને ત્યાર બાદ ઔદીચ્ય વિદ્યાર્થીભવન-માં 'સાગર કુટીર'માં, એમ ત્રણ નિવાસસ્થાનો બદલ્યાં. વળી ૧૯૧૮માં ભાવનગરમાં ઊજવાએલા મહાસભા સપ્તાહમાં એમણે 'સ્વરાજ્ય' ઉપર વ્યાખ્યાન આપેલું એમ શ્રી બળવન્તરાય મહેતાએ લખ્યું છે. (વર્મા-પરમાર સંપાદિત 'ઝ. મે.' પૃ. ૧૦૪). ૧૯૧૮ના એપ્રિલની ૬ઠ્ઠીથી ૧૩મી સુધીના રાષ્ટ્રીય કેળવણી સપ્તાહની ઊજવણીમાં પણ તેઓ હતા એમ શ્રી કપિલભાઈએ ('ઊર્મિ-નવરચના', મે ૧૯૪૭,) લખ્યું છે. બધું જોતાં ૧૯૧૮ના મેના અરસામાં એ કલકત્તા ગયા હોય તે વધુ સંભવિત છે.

એક બીજી રીતે પણ એનો તાળો મેળવી શકાય. કલકત્તામાં તેઓ લગભગ સાડા ત્રણ વર્ષ રહ્યા. કલકત્તાથી પાછા ફર્યાનો સમય 'લિ૦ હું આવું છું' એ પત્ર (૧૮–૯–૧૯૨૧) પરથી અનુમાની શકાય. મેઘાણી-ભાઈએ પોતે પણ જીવણલાલભાઈનો ઉલ્લેખ કરતાં લખ્યું છે: 'એમના હૃદયને દુભાવીને ૧૯૨૧માં હું કાઠિયાવાડ પાછો આવ્યો'. (વર્મા-પરમાર સંપાદિત 'ઝ. મે.' પૃ. ૫૭)[1] 'બાલમિત્ર'માંનું એમનું લખાણ જોતાં પણ ૧૯૨૧ના ડિસેમ્બર પહેલાં એ ગુજરાતમાં આવી ગયા હશે એ સ્પષ્ટ થાય છે. કલકત્તા સાડા ત્રણ વર્ષ રહ્યા હોય એમ લાગે છે. ઈ. ૧૯૨૧ના સપ્ટેમ્બરના પેલા પત્રને પાછલી સમયાવધિદર્શક લેખીને ત્યાંથી સાડા ત્રણેક વર્ષ પાછે પગે ગણતાં ૧૯૧૮ના મેના અરસામાં કલકત્તા ગયા હોય. એ દૃષ્ટિએ સનાતન ધર્મ હાઈસ્કૂલમાં એમણે એક આખું વર્ષ સેવાઓ આપી. બે વર્ષની બંધણી હતી. એક વર્ષ બાકી હતું. કલકત્તા રહી જવાની ધારણાથી તો ગયા જ નહોતા. ઊલટું, પિતા-માતા અને ભાઈ બાબુને તો બગસરાથી ભાવનગર તેડાવી લીધાં હતાં.

પરંતુ સ્નેહનું ખેંચાણ દુર્નિવાર હોય છે. લાલચંદભાઈ અને ઝવેરચંદભાઈને પરસ્પર ઊંડો સ્નેહ હતો. એમની માંદગીનું જાણ્યા પછી ને તાર આવ્યા પછી રોકાવું મુશ્કેલ હતું. એટલે એકાદ માસ આવવાનું કહીને તેઓ કલકત્તા ગયા.

લાગણી એ જીવનનું એક મોટું ચાલકબળ છે. ક્યારેક અણધારી દિશામાં એ લઈ જાય છે. નવા પ્રસંગોનું મોટું અણધાર્યું પરિબળ એ બને છે. જો કે જાગ્રત જીવ બહારનાં પરિબળોને પોતાની અભીષ્ટ તાલીમની ભૂમિકામાં ફેરવી નાખે છે. મેઘાણી ઊર્મિપ્રધાન પ્રકૃતિના. રોમૅન્ટિક મૂડના. લાગણી એમને અનેકવિધ ક્ષેત્રોમાં, સંબંધોમાં, પ્રસંગોમાં, સ્થળોમાં ખેંચી ગઈ છે. છતાં પોતાની પ્રકૃતિને જોના વિના ચાલે જ નહિ એવી શબ્દોપાસનાની પ્રવૃત્તિ એમણે ગમે ત્યાંથી શોધી જ લીધી છે. વિદ્વાનને મળે કે અભણને, કૉલેજમાં હોય કે નેસડામાં, પ્રવાસમાં હોય કે ઑસ્પિટલમાં, રવિશંકર મહારાજ જેવાને મળતા હોય કે ચલચિત્ર જોતા હોય, જેલમાં હોય કે બહાર, જ્યાં હોય ત્યાંથી ને જે મળે તેની પાસેથી કાંઈક ને કાંઈક લખવાનું એ શોધી લીધા વિના ન રહે,—ને તે ય એવું કે લખ્યું સાર્થક લાગે. જીવનની દિશા બહુ વહેલી કળી ગયા. ભલે ઝાંખો, પણ દીવડો બળતો હતો; અતિથિ આવવાનો જ હતો; પ્રતીક્ષા-પુરુષાર્થ કરવાનો જ હતો;—એ શ્રદ્ધાથી પછી ચાલ્યા. એ તો પછીની વાત, પણ એ કલકત્તા આવ્યા તે જેમ લાગણીને કારણે, તેમ સૌની ઘેરી લાગણીએ એમને ત્યાં ઘેરી પણ લીધા.

લાલચંદભાઈ સાજા થઈ ગયા હતા. પહેલી જ વાર કલકત્તા આવેલા પોતાના ભાઈને લાલચંદભાઈ ને પ્રભાશંકરભાઈ એકદમ જવા શાના દે? ત્રણે ભાઈઓ ઘણે વખતે મળ્યા હતા. જોવાનાં સ્થળો પણ ઘણાં હતાં. શાન્તિનિકેતનનું આકર્ષણ પણ મોટું હતું. લાલચંદભાઈનો સહવાસ પણ ઓછો આકર્ષક નહોતો. કૅનિંગ સ્ટ્રીટથી અમરતલા સ્ટ્રીટમાં પ્રવેશતાં ડાબા હાથના પહેલા મકાનને ત્રીજે મજલે રહેવાનું ને નીચે ઝવેરચંદને પ્રિય એવો 'સ્વદેશી વસ્તુભંડાર'. એલ. કે. મેઘાણીને નામે સારો વેપાર ચાલતો હતો. છતાં લાલચંદભાઈ જાણીતા હતા એમની સામાજિક-સાંસ્કૃતિક પ્રવૃત્તિઓથી. એ કારણે એમનું સ્નેહી મંડળ બહોળું હતું. બ્રાહ્મોસમાજની પ્રવૃત્તિઓમાં પણ એમને રસ હતો. જેવા એ સાજા થયા કે એની સાપ્તાહિક પ્રાર્થનાસભામાં જવાનું એમણે શરૂ કર્યું. ઝવેરચંદને પણ સાથે લીધા.

ત્યારે જે ગુજરાતીઓ એ પ્રવૃત્તિમાં રસ લેતા એમાં હતા ચોરવાડના જીવણલાલ મોતીચંદ શાહ અને ધારીના રામજી હંસરાજ કામાણી. બન્નેને લાલચંદભાઈ સાથે ગાઢ સંબંધ. તેમાં ય રામજીભાઈ તો લાભુબહેનના જેઠ, એટલે એમને મળવા તો ઝવેરચંદ જવાના જ હતા. ત્યાં બ્રાહ્મોસમાજની એક પ્રાર્થનાસભામાં જ એ મળી ગયા. ઝવેરભાઈને તો ઓળખે જ ને? એ કાળે ગ્રૅજ્યુએટ એટલે તો શી વાત! ને તેમાં ય આ તો 'દેશ'નો, ને પાછો સ્વજન. ધંધામાં સ્વજનોનું જૂથ જમાવવાની નીતિ પણ ખરી. એટલે જીવણલાલ કંપનીના એ બન્ને ભાગીદારોએ ઝવેરભાઈને પોતાને ત્યાં જોડાવા આગ્રહ કર્યો. 'વેવિશાળ'માં મુંબાઈ ગએલા સુખલાલને સ્વજનોની લાગણી જેમ નવે કામે જોતરી દે છે: એવું જ થયું રામજીભાઈ, જીવણલાલભાઈને અને તેમના ભાઈ હરખચંદભાઇને મળતાં ઝવેરચંદને. લાલચંદભાઈ[2] પણ એમાં ભળ્યા. માસિક દોઢસો રૂપિયાથી શરૂઆત કરવાની દરખાસ્ત હતી. સૌ સ્નેહીઓનું ને રામજીભાઈનું ખાસ દબાણ હતું. અત્યાર સુધી જેમ બધું વિનાયત્ને—સહજ રીતે ગોઠવાતું આવતું હતું તેમ આ ગોઠવણ પણ થઈ હતી. ભાવનગરમાં કોઈ મોટું ખેંચાણ કે બંધન—જવાબદારી નહોતાં. હા, સનાતન ધર્મ હાઇસ્કૂલને બે વર્ષની બંધણી આપી હતી; પણ જે મિત્રે એ વ્યવસ્થા કરી આપી હતી તે આ સ્થિતિને સમજે એટલા નિકટવર્તી હતા. કપિલભાઈને તો પરિસ્થિતિ સમજાવી શકાય. ગેરસમજ થવાનો ભય ન હતો. પણ માતાપિતાને ને ભાઇને ભાવનગર બોલાવ્યાં હતાં એમનું શું? ભાઈ બાબુને તો કલકત્તા બોલાવી શકાય, શાન્તિનિકેતનના આશ્રમી વાતાવરણનો એને લાભ મળશે. પિતાને પેન્શન મળે છે. તેઓ બન્ને-માતાપિતા-બગસરા રહી શકે. આખરે આ વ્યવસ્થા ઝવેરચંદના લાભમાં જ હતી. સૌએ મળીને ઝવેરચંદને રાખી પાડયા.

૧. જો કે પરસ્પર વિરોધી સમયનિર્દેશો મેઘાણીભાઈથી પણ થઈ ગયા છે: 'પાણીકળો ૧૯૨૨માં ભેટયો'; '૧૯૨૧ની એ (વાજસુર વાળાની) પ્રેરણા'; '૧૯૨૨માં હું દિશાશૂન્ય હતો; કલકત્તાની નોકરી છોડીને કાઠિયાવાડમાં આવ્યો હતો'; '૧૯૨૨માં હું કલકત્તાની ઍલ્યુમીનિયમનાં વાસણોની ફૅક્ટરીનું ત્રણ વર્ષનું આશાસ્પદ સુખીપદ મૂકી દઈને...પાછો વળું છું.'...એ જ ફકરામાં કલકત્તાવાસ માટે 'સાડા ત્રણ વર્ષનો ગાળો' દર્શાવે છે. ('લોકસાહિત્યનું સમાલોચન', આવૃત્તિ પહેલી, પૃ. ૧૩૬).

૨. ૧૯મી જૂન ૧૯૩૮ને રોજ લાલચંદભાઈ અવસાન પામ્યા.

આ નવી વ્યવસ્થા સ્વીકારવી પડી એની ચોખવટ કરતા ત્રણ પત્રો ઝવેરચંદે લખ્યા; એક પિતાને, બીજો સનાતન ધર્મ હાઇસ્કૂલના સંચાલકશ્રીને, ત્રીજો કપિલભાઈને. શાળાસંચાલકના પત્રમાં બે વરસની બંધણીમાંથી પોતાને મુક્ત કરી, રાજીનામું સ્વીકારવાની વિનંતી હતી. જે પરિસ્થિતિમાં આ નિર્ણય લેવો પડચો તેનું વિગતવાર બયાન કપિલભાઈને આપ્યું હતું અને ઔદીચ્ય બોર્ડિંગના ઘરના સરસામાનની શી વ્યવસ્થા કરવી તથા કુટુમ્બને બગસરા કેમ મોકલવું વગેરે સૂચનાઓ હતી. પિતા પરના પત્રમાં પોતે નવું કામ સ્વીકાર્યાની વાત ને આ સંજોગોમાં ભાવનગરથી કુટુમ્બે બગસરા જવું પડશે તે બધું લખીને ઉમેર્યું હતું; 'ભાઈ બાબુને હું અહીંઆં નજદીકના એક આશ્રમમાં દાખલ કરવા માગું છું.'

કપિલભાઈ લખે છે: 'ત્રણે પત્રોની અસર ધાર્યા કરતાં ઊલટી થઈ. સ્કૂલના માલિકોએ મેઘાણી જેવો માણસ, આમ લાભ મળતાં બંધણીનો કોલ તોડી નાખે એ સામે અણગમો બતાવ્યો...મને આ ખબરથી ઊંડો ઘા લાગ્યો. હું તો મારા સ્વાર્થને રડતો હતો. તેમનો વિયોગ મારે મન આફત સમાન હતો. આખા ઘરને આ ખબર દુઃખદાયક થઈ પડચા. પિતાને તો સખ્ત આઘાત લાગ્યો. એ વાત માનવા તૈયાર નહોતા. કાગળ વાંચીને એમણે રડવા જ માંડચું. મારી પાસે ફરી ફરી એ પત્ર વંચાવ્યો. પોલીસખાતામાં જેણે જિંદગી વિતાવી હતી એવો એ આદમી આ જાણી શૂન્યવત્ બની ગયો: 'નક્કી મારો દીકરો બાવો થઈ ગયો. તારા કાગળમાં સાચી વાત હશે. તું કહેતો નથી. તું બધું જાણે છે.' સરસ્વતીચંદ્રના ચાલ્યા ગયા પછી લક્ષ્મીનંદને ચંદ્રકાન્ત પાસે જે કલ્પાન્ત કર્યું એની આ નાની આવૃત્તિ હતી.' એમને આખરે કપિલભાઈએ સમજાવ્યા.

થોડા દિવસોમાં કાળિદાસભાઈ, ધોળીમા ને બાબુ સરસામાન સાથે પાછાં બગસરા ગયાં. પુત્રવિયોગની આશંકાથી જાગેલ પિતૃશોક જાણે વિધિની વક્ર ને નાટચાત્મક આગાહી—આઇરની—હતી! બગસરા પહોંચ્યા પછી બેત્રણ માસે જ ભાઈ બાબુ ટૂંકી માંદગી ભોગવી અચાનક મૃત્યુ પામ્યો. કુટુમ્બ પર આ એક અતિ આકરો વિધિપ્રહાર હતો. દૂર કલકત્તા ગએલા, નાના ભાઇને સરસ વાતાવરણમાં ભણાવવાના હોંશીલા ઝવેરચંદ માટે તો આ એવો ઘા હતો જે ઊંડે ઊતરીને એનું ચકામું મન પર સદા માટે મૂકતો ગયો. શ્રી લાલચંદ વોરા ('૪૭ના મેના 'ઊર્મિ'માં પૃ. ૬૧ પર) લખે છે કે તેમના જીવન પર સાદાઈ અને વૈરાગ્યની અસર થવામાં હોમરૂલ લીગ અને પોતાના અગિયારવર્ષના નાનાભાઈનું અવસાન કારણભૂત હતાં; ત્યાર પછી તેઓ જાડી ખાદી પહેરતા અને રેંટિયો કાંતતા.

ઝવેરભાઈ જીવણલાલ કંપનીમાં જોડાયા ત્યારે કારખાનું નહિ. પહેલાં તો એ ઑફિસમાં જ કામ કરતા. પછી કારખાનું શરૂ થતાં એ તેના મૅનેજર બન્યા. કારખાનું ય પહેલાં તો નાના પાયા પર શરૂ થએલું. કંપની શરૂ કરી એ પહેલાં જીવણલાલભાઈ ગઝદર નામના એક પારસીની કમ્પનીમાં વાણોતરી કરતા. એ કમ્પનીની એક શાખા એલ્યુમીનિયમને લગતી હતી. રામજીભાઈએ અમરેલી મ્યુનિસિપાલિટીની ટૂંકા પગારની નોકરી છોડી કલકત્તામાં એલ્યુમીનિયમનાં વાસણોની ફેરી શરૂ કરેલી, તેથી એમને પણ ગઝદરની પેઢી સાથે સંબંધ હતો. આમ ગઝદરની કમ્પનીને કારણે એ બન્ને એકબીજાના સંબંધમાં આવેલા. તેમાં વળી રોજ રાત્રે જમવાનું એક જ બાસા (વીશી)માં થતાં વધારે નજીક આવ્યા. પરિણામે બન્નેએ ઍલ્યુમીનિયમનાં વાસણોની સ્વતંત્ર દુકાન ખોલવાનો નિશ્ચય કર્યો. ગઝદર શેઠને વાત કરી. એમણે મદદ પણ કરી. એ સાહસમાં જીવણલાલભાઈનો હિસ્સો વધારે, એટલે કમ્પનીનું નામ એમના નામ પરથી પાડચું. શરૂઆત બહુ નાની હતી. પણ એવામાં વિશ્વયુદ્ધ શરૂ થયું; લશ્કરને મોટા પ્રમાણમાં વાસણો પૂરાં પાડવાનો કૉન્ટ્રાકટ, સાહસ કરીને, આ પેઢીએ લીધો; ઉછીની રકમ લઈને, વાસણો બનાવવા માટે પોતાનું સ્વતંત્ર કારખાનું ખોલ્યું; કૅનિંગ સ્ટ્રીટમાં, અમરતલા સ્ટ્રીટની બરાબર સામે, મહેતા બિલ્ડિંગ નામે ઓળખાતા મકાનમાં 'જીવણલાલ ઍન્ડ કમ્પની'ની ગંજાવર દુકાન ખોલવામાં આવી. ઉપલા માળે એની ઑફિસ હતી. ત્યાં ઝવેરભાઈ આરંભમાં બેસતા.

વાસણોની ફેરી ને હાટડીથી આરંભ કરનાર આ આપકર્મીઓનાં સાહસ–સ્વભાવની ઊંડી છાપ ઝવેરભાઈ પર પડી છે. 'વેવિશાળ'માં ખુશાલનું શબ્દચિત્ર રામજીભાઈ–જીવણભાઈનાં જીવનનું જ એક પ્રકરણ છે: ('વેવિશાળ' આવૃત્તિ–૩ પૃ. ૭૭, ૧૦૬-૭–૮.)

એમ હાટડીમાંથી કારખાનું થયું, છતાં શેઠના સ્વભાવનું ઔદાર્ય ને સ્નેહસરળતા ઓછાં ન થયાં. કમ્પનીની કાર્યપદ્ધતિ સુધરેલી ઢબની હતી. ઑફિસનું કામકાજ અંગ્રેજી પેઢીઓને ધોરણે ચાલતું. મુંબાઈ, મદ્રાસ, રંગૂન જેવાં મોટાં મથકોમાં કમ્પનીની શાખાઓ હતી; પગાર અને બોનસ બન્નેમાં ઉદાર ધોરણ હતાં. શક્તિવાળા યુવાનોને પસંદ કરવા બન્ને શેઠ તત્પર રહેતા. ઝવેરભાઈ જોડાયા તે પહેલાં જ એમાં પુરુષોત્તમ પાઠક, અનુપમ નાનાલાલ કવિ, નૃસિંહપ્રસાદ પઢિયાર તથા હરિશંકર છગનલાલ જોષી જેવા યુવાનો જોડાએલા. ઝવેરભાઈને દોઢસોથી રોકચા. એ જમાનામાં એ પગાર ઘણો સારો ગણાતો.

કારખાનાનાં બધાં કામથી આ યુવાનો માહિતગાર હોય તો ભવિષ્યમાં કોઈને પણ એને યોગ્ય કામ સોંપી શકાય. કયું કામ વિશેષ ફાવે છે તેનો પણ ખયાલ આવે. વળી કોઈ કામ હલકું છે એવો ભાવ ન જાગે. આવાં કારણોથી દરેકને પરચૂરણ માલ વેચવા થડે બેસાડવાથી માંડીને કારખાનાના અન્ય વિભાગોની વ્યાવહારિક તાલીમ આપવા સુધી પલોટવામાં આવતો. શેઠ પોતે થડે બેસી માલ વેચવામાં હીણપત ન અનુભવતા; સૌ સાથે સલુકાઈથી વર્તતા; એટલે સૌને કંપની પોતાની લાગતી. ઝવેરભાઈએ રીતે પલોટાયા. કંપનીમાં ત્યારે એ એકલા જ ગ્રૅડચુએટ હતા. તેમાં વળી, કોઈ પણ કામમાં ઊણપ ન દેખાવા દેતા ને સૌ સાથે સ્નેહભાવે ભળતા, તેથી કંપનીમાં એ સૌના માનીતા અને સ્નેહપાત્ર થઈ રહ્યા.

પરિણામે થોડા જ સમયમાં કારખાનાની દેખરેખનું વધુ જવાબદારીવાળું કામ એમને સોંપાયું. છસ્સો–સાતસો મજૂરો ત્યાં કામ કરતા. 'પીડિતો'ના સીધા સંપર્કમાં એ મુકાયા. એ લોકો અભણ હતા. અંગ્રેજીહિન્દી જાણતા નહોતા. બંગાળી યે તળપદું. એમની સાથે એકરૂપ થવા એમણે એમની સાથે બંગાળીમાં જ બોલવાનું રાખ્યું. કલકત્તા પહોંચીને થોડા જ સમયમાં રસ્તા પરનાં પાટિયાં ઉકેલતાં ઉકેલતાં વાંચવાનું શીખી લીધેલું. બ્રાહ્મોસમાજની સભાઓમાં ઉચ્ચ સ્તરનું બંગાળી બોલાતું તે સમજી શકતા. અહીં મજૂરો બોલતા તે ય સમજતા થયા. શાન્તિનિકેતનમાં ને બ્રાહ્મોસમાજની બેઠકોમાં ગીતો–ભજનો સાંભળવા મળતાં. આમ, ભાવનગરમાં અભ્યાસ અધૂરો મૂકેલો તે સ્વરૂપાન્તરે ચાલુ થઈ ગયો. પોતે જ 'લોકસાહિત્યનું સમાલોચન'ના ત્રીજા વ્યાખ્યાનમાં કહ્યું છે: 'એમ. એ. નો અભ્યાસ રઝળતો મૂકીને જઈ ચડેલો કલકત્તા,...(ત્યાં પણ) સાહિત્યપ્રેમનો પ્રવાહ મારી સાથે ને સાથે ચાલેલો બંગાળી સાહિત્યના વાચનરૂપે, બ્રહ્મસમાજોનાં પ્રત્યેક રવિવારનાં પ્રવચનો ને ભજનોના શ્રવણરસરૂપે, બંગાળી રંગભૂમિ પરનાં નાટકો રૂપે અને એલ્યુમીનિયમને કારખાને લૂછ–લૂછ જમ્યા પછી આરામના અર્ધાક કલાકમાં ટાગોરની વાર્તાઓના શ્વાસભેર વાચનરૂપે.'

રવીન્દ્રનાથનાં કાવ્યો પણ વાંચી–સમજી–ગાઈ શકતા. એટલું તો કંપનીમાં જોડાયા એ સમયમાં જ શીખી લીધું હતું. એ અસર નીચે જ જેને એમણે 'મારું પહેલું ગીત' કહીને ઓળખાવ્યું છે તે 'દીવડો ઝાંખો બળે' લખેલું કંપનીમાં જોડાયા તે પહેલાં કલકત્તામાં. અદષ્ટની અદમ્ય લગનીનું એ ગીત. પ્રતીક્ષામાં રાત વીતી, તો ય 'સાંજ પડચે આવું છું, સજની' કહીને જનાર ના આવ્યો! યુગાન્તર જાણે વીતી ગયાં! ખેર, દીવો તો તો ય બળતો જ રહેવાનો આખી રાત. ને તારા

રથનો અવાજે ય સંભળાય છે મને :

'તારો રથ ગાજે છે ગગને
ધરતી ધ્રબક્યા કરે.'

એ માત્ર સ્વપ્ન હશે, તો ય દીવો તો બળતો જ રહેવાનો. એ મોટી વાત છે. બળતા દીવાને બોલવાની જરૂર નથી. શબ્દો બહાર ન પડે, સાહિત્ય ન સર્જાય તો ય એની આંતર્ પ્રક્રિયા તો ચાલુ થઈ ગઈ હતી. શ્રમિકોની સહાનુભૂતિથી સળગતાં, ક્યારેક દઝાડતાં, ક્યારેક લાગણીના અતિરેકવાળી પંક્તિઓ-ઉક્તિઓવાળાં ગીતો મેઘાણીએ પછી લખ્યાં તે કોઈ વાદની અસર નીચે નહિ જ. શ્રમિકોના સાન્નિધ્યનો એમને અહીં અવસર મળ્યો, એણે એક ભૂમિકા રચી આપી. એમનું સૌ-પહેલું પીડિતગીત 'કાળ જાગે' તો તે પછી દસ વર્ષે (૧૯૨૯માં) રચાયું. પણ એ જેમને માટે લખાયું એમના સીધા પરિચયનો પ્રસંગ એમને અહીં સાંપડ્યો ન હોત તો એમાંનો 'જોસ્સો' ઠાલો લાગત :

'પૃથ્વી પર રાજ કોનાં? સાચાં શ્રમજીવીઓનાં
ખેડુનાં, ખાણિયાનાં, ઉદ્યમવંતોનાં...'('કાળ જાગે')

અને

'અમે ખેતરથી, વાડીઓથી, જંગલ ને ઝાડીઓથી,
સાગરથી, ગિરિવરથી સુણી સાદ આવ્યાં;
અમે નૂતન શક્તિને ભાન, ગાતાં શ્રદ્ધાનું ગાન,
માનવને મુક્તિદાન દેવા સહુ આવ્યાં'. ('વિરાટ દર્શન')

એમાંના 'અમે'માં એ ભળી જઈ શક્યા છે. 'વયમ્' એમ સ્પષ્ટ રીતે પુકાર મોડો પાડચો, પણ એ ભાવ અનુભવવાની તક અહીં સાંપડી.

પોતાની હમદર્દીથી કારખાનાના કામદારોના એ પ્રિય થઈ પડયા. એમના ફેંટા પરથી કામદારો એમને'પઘડીબાબુ'ને હુલામણે નામે ઓળખતા. શ્રી રમણિકભાઈ મેઘાણી લખે છે : 'કામદારો કહેતા કે અમારી ભૂલોને એ પોતાની કરી લેતા. ઘણી વાર તો અમારો રોજ કપાતો તે એમનાથી ન સહેવાતું ને પગાર ચૂકવતી વેળા તેઓ એ ન કાપવા દેતા, ને કહેતા, 'ભાઈ, હવેથી જરા ખયાલ રાખજો...' પોતાની મુશ્કેલીની વાત હરકોઈ કામદાર બેધડકપણે એમની પાસે કરી શકતો. સહુને એમની પાસેથી આશ્વાસન જડી રહેતું.' ('ઊર્મિ', એપ્રિલ ૧૯૪૭, પૃ. ૯૫)

ઠપકો આપવાની એમની રીત પણ કલાત્મક હતી. મોઢેથી કહેવાને બદલે જેની ભૂલ થઈ હોય તે જુએ એમ એ જાતે મૂગે મોઢે એને સુધારી લેતા. એને કારણે જ, પોતે મૅનેજર હતા છતાં, પોતાના હાથ નીચેના સહુ કારકુનથી માંડીને કામદારો સુધી નાનામોટા સૌની સાથે એમનો સંબંધ બહુ મીઠો હતો. એમના હાથ નીચે કામ કરનાર હરિશંકરભાઈ કહે છે : 'મેઘાણીભાઈમાં સહૃદયતા ખૂબ. બહુ વિશ્વાસ મૂકે. જુસ્સાદાર છતાં બહુ પ્રેમાળ. બહુ ભાવવાળા.'

એક વાર લાલચંદભાઈ ઓરડીએ ગયા, તો ઝવેરચંદ લોટો-પ્યાલો ઊટકે! 'કેમ તમારે જાતે કરવું પડે છે? માણસ નથી આવ્યો કે શું?' એમણે પૂછ્યું. 'માણસ તો આવ્યો છે, અને એણે સાફ પણ કર્યા છે; પણ બરાબર નથી થયા એટલે હું સાફ કરી લઉં છું.' મૂગો બોધપાઠ શબ્દોથી વધુ અસરકારક નીવડતો. ('ઊર્મિ,' એપ્રિલ ૪૭; પૃ. ૯૧)

કામગરો સ્વભાવ. સવારથી સાંજ સુધી ખૂબ કામ કરે. હરિશંકરભાઈ કહે છે : 'નવરાશ જરા ય નહોતી મળતી. ફક્ત રવિવારે સાંજે ભેગા બ્રાહ્મોસમાજમાં જતા. ત્યાં થતાં પ્રવચનો મેઘાણીભાઈ પૂરેપૂરાં સમજી શકતા; કારણ કે એ બંગાળી લખી-વાંચી-બોલી-સમજી શકતા. બંગાળી ગીતો પણ ગાતા. ગાવાનો કાર્યક્રમ તો લગભગ દરરોજનો. અમારો ત્રીજો જોડીદાર નૃસિંહપ્રસાદ પઢિયાર ગાયનનો શોખી. એટલે અમારી ઓરડીએ ગાયન તો લગભગ રોજ થતાં. ઝવેરચંદ રાસડા, લોકગીતો ને બંગાળી ગીતો ગાતા. એક એમનું ગીત યાદ આવે છે તે એ બહુ ગાતા : 'સ્નેહીનાં સોણલાં આવે સાહેલડી, ઉરનાં એકાન્ત મારાં ભડકે બળે!' આ એ બહુ જ ગાયા કરતા. એક બંગાળી સાધુ એમની પાસે બહુ આવતા. નામ યાદ નથી; પણ એમને સાધુસંતોનો પરિચય વધારે. બેલુડમઠમાં અને દક્ષિણેશ્વરમાં તો એ ખાસ જતા.'

રવિવારે નાહવા-ધોવાનું કામ રહેતું. એ પતાવીને સાધારણ બ્રાહ્મોસમાજ મંદિરમાં પ્રવચન સાંભળવા જતા. કપિલભાઈ કહે છે : 'બંગાળામાં બ્રાહ્મોસમાજિસ્ટોનો સમૂહ મોટો નથી. એ સુધરેલો વર્ગ ગણાય. એમાં પણ 'દેવસમાજ', 'આદિ સમાજ' ને 'સાધારણ સમાજ' એવા ત્રણ વિભાગો. પણ 'સાધારણ બ્રાહ્મોસમાજ મંદિર'માં દરેક રવિવારે સવારે મેદની જામે. સુંદર ભપકાદાર પોશાક પરિધાન કરેલાં સ્ત્રી-પુરુષોનાં ટોળાં મળે. એમનું સંગીત એ પ્રાર્થનાની વિશિષ્ટતા ગણાય. સુંદર મધુર સાજ પર એક પછી એક બંગાળી ગીત ગવાય. પછી પ્રવચન. પ્રવચનકાર કોઈ આગેવાન બ્રાહ્મોસમાજિસ્ટ હોય. અતિ કરુણ સ્વરે આંખોમાંથી આંસુ ખરે એવી શૈલીથી, પ્રવચન આપવામાં આવે. આ કાર્યક્રમ એકાદ કલાકનો તો હોય જ.

ઝવેરચંદભાઈએ આ સભાઓમાં નિયમિત હાજરી આપવા માંડી. એમના ભક્તહૃદયને તો એ વાતાવરણ અનુકૂળ હતું. એમાંથી એમણે સંસ્કારી બંગાળી ભાષા ઝીલી, અને એથી ય વિશેષ પકડી લીધા બંગાળી રાગો. સાથે વાચન પણ ચાલુ કર્યું. બંગાળી વાંચવા-લખવામાં વેગ મળે એવા કેટલાક પરિચયો પણ થયા. એમાં ખાસ નોંધપાત્ર છે શ્રી લાલજી ભગવાનજી ત્રિવેદી અને એમનાં પત્ની શ્રી બાળાબહેનનો. શ્રી ત્રિવેદી તે ભાવનગરની પ્રજાપરિષદના પ્રથમ અધિવેશનના પ્રમુખ શ્રી ગિરિજાશંકરભાઈના નાના ભાઈ. શ્રી અનુપમ કવિના એ સગા થાય. એટલે એમની દ્વારા એમનો પરિચય થયો. ઘણી વાર શનિવારે સાંજે એ ત્યાં જઈ રાત રોકાતા. એ કુટુમ્બને બંગાળી સમાજ સાથે બહુ સારો નાતો હતો, એટલે એમની દ્વારા મેઘાણીને પણ એ સમાજ તથા તેના ભાષા-સંસ્કારનો સવિશેષ પરિચય થયો.

ત્યાંના વસવાટની ને રોજના કાર્યક્રમની વિગતો શ્રી હરિશંકરભાઈ આપે છે : 'કલકત્તામાં એક નાની રૂમમાં હું, ચોરવાડના નૃસિંહપ્રસાદ પઢિયાર અને ઝવેરચંદ, ત્રણ રહેતા. રૂમની સાથે બાથરૂમ-સંડાસ હતાં. એ રૂમ કંપનીની હતી, કૅનિંગ સ્ટ્રીટ નંબર ૫૪-૫૫માં, રોજનો અમારો કાર્યક્રમ આ પ્રમાણે : પરોઢિયે સાડાચાર-પાંચે સૌ ઊઠી જઈએ, કારણ કે સવારના સાત વાગ્યે તો કારખાનું શરૂ થાય. તે પહેલાં ત્યાં પહોંચી જવું પડે. સૌથી પહેલો હું ઊઠી, નાહું. પછી ઊઠે ઝવેરચંદ, ને છેલ્લો પઢિયાર. પઢિયાર હતો કારખાનાના કસ્ટમ વિભાગમાં. સ્નાનાદિથી પરવારી ઊપડીએ. ઝવેરચંદ ઘણુંખરું પહેરે કોટ-પાટલૂન ને માથે ટૂંકા ફટકાવાળી પાઘડી. કારખાનું હતું ઘૂસળીમાં-હૂગલીની પેલી પાર. હૂગલી પાર કરીને માઈલ-દોઢ માઈલ ચાલવાનું રહે. રૂમેથી સાથે નીકળીએ. ઝવેરચંદ બાઈસિકલ રાખતા. થોડુંક ચાલે, પછી બાઈસિકલ પર બેસી હૂગલીકાંઠે પહોંચે. હૂગલી સુધી એમ પહોંચીએ. પછી સામે કાંઠે જવા ફેરી(બોટ)નો આશરો લેવો પડે. મેઘાણી સાઈકલ ફેરીમાં નાખે. ફેરી સામે પાર ઉતારે ને પાછા સાઈકલસવાર થઈને કારખાને પહોંચે.

આ સાઈકલ ઠીક સાંભરી આવી. એ સાઈકલનો તો સ્મરણમાં રહી જાય એવો કિસ્સો બનેલો યાદ આવે છે. એક વાર શિયાળામાં અમે સવારના નીકળ્યા સાથે. જરા મોડું થએલું. બોટ ઊપડવાની તૈયારીમાં. અમે ઉતાવળ કરી. ઝવેરચંદે એકદમ બોટમાં સાઈકલ નાખી. બોટમાં એક પ્લૅટૂન-સાર્જન્ટ રહેતો, એને એ વાગી. એણે ઝવેરચંદને બે તમાચા ફટકાર્યા. મેં ખિજાઈને સાર્જન્ટને સામા બે તમાચા ચોડી દીધા. થઈ ગયો ઝગડો. મને પકડી લીધો. કારખાનામાં જવા ન દીધો. લઈ ગયા અલીપુર. લૉકઅપમાં પૂરી દીધો!

ઝવેરચંદ મૂંઝાયા. પાછા વળ્યા. કૅનિંગ સ્ટ્રીટમાં નરોત્તમભાઈ હતા. એમને બધી વાત કરી. પછી નરોત્તમભાઈ આવ્યા લૉકઅપમાં. પોલીસ સ્ટેશનના ઉપરી હતા એક બંગાળી. તે વખતે ને આજે ય એ તરફ ઘૂસણખોરીનું (લાંચનું) બહુ ચાલે છે. કાંઈક પત્રમ્-પુષ્પમ્ આપ્યું હોય, કે વકીલને લઈને આવેલા એ કારણે હોય, ગમે તેમ પણ બાર કલાક મને જેલમાં રાખીને છૂટો કર્યો.'

વળી સ્મૃતિને ખોતરવા પ્રયત્ન કરતા એ કાંઇક અચકાતાંઅચકાતાં બોલે છે: 'મને ચોક્કસ ખયાલ નથી, પણ આછુંઆછું એવું લાગે છે કે જીવણભાઈ હોય કે મેઘાણીભાઈ હોય-એમને પણ એક વાર એ અલીપુર જેલમાં લઈ ગએલા. રાઉલેટના કાળા કાયદા અને તેના સંધાનમાં બનેલા પ્રસંગોને લીધે કલકત્તાનું વાતાવરણ ત્યારે તેજ હતું. માર્શલ લૉ જાહેર થએલો. તેમાં આ મેઘાણીભાઈ કે જીવણભાઈ નીકળ્યા. મેઘાણીભાઈ પાઘડી પહેરતા, ને જીવણભાઈ ધોળી ટોપી. એમાં એમને કોઈ સાર્જન્ટ જોડે બાઝવું થઈ ગયું 'તું, તે એમને લઈ ગયા 'તા. બેમાંથી કોને એ ચોક્કસ યાદ નથી.'

કલક્તામાં આ પ્રમાણે દિવસો જતા હતા. ત્યારની સોંઘવારી અત્યારે સંભારવા જેવી નથી! હરિશંકરભાઈ કહે છે: 'જમતા કંપનીના બાસામાં, ને રહેતા કંપનીના મકાનમાં. એટલે અમારે બાર સાડાબાર રૂપિયા ખર્ચ કલક્તામાં આવતું.' બપોરે કારખાનામાં જ ટિફિન આવતું—બાસામાંથી. ત્યાં જમી લેતા. સાંજે પાછા ફરી, સ્નાન કરી, સૌ સાથે બાસામાં જમતા.'

ઝવેરચંદનું કામ વધારે જવાબદારી વાળું હતું. માલ ઉત્પન્ન કરતા કારખાના પર એમને દેખરેખ રાખવી પડતી. 'છસો-સાતસો કારીગરો ને મજૂરો કારખાનામાં કામ કરતા. સરકારી ઑર્ડરોને પહોંચી વળવા માટે પૂરતો જથ્થો તૈયાર રાખવો પડતો. માલ બનાવવા માટેનાં પતરાં પરદેશથી ઑર્ડર મુજબ આવતાં; અને એનો સારો જથ્થો ફાજલ રાખવો એ જરૂરી હતું. ડેગચી, કિટલી, સૉસપૅન, વૉટરબૉટલ એમ અનેક જાતની અને નાનામોટા કદની વસ્તુઓ રોજેરોજ તૈયાર કરાવી વખારે, દુકાને ને શાખાઓમાં મોકલવી પડતી.' મૅનેજરનું કામ પાર પાડવું આકરું હતું. જીવન પ્રવૃત્તિમય રહેતું. અનેક જાતના માણસો સાથે કામ પડતું. પરોક્ષ રીતે માનવસ્વભાવનો અભ્યાસ થતો. ભાષા લખતાં-વાંચતાં આવડતું હતું એટલે સૌ સાથે સહજ રીતે હળી ભળી શકાતું.

નાટકોનો શોખ પહેલેથી જ હતો. બંગાળી ભાષા સહજ બનતાં, તરત જ એમણે અહીં પણ નાટકો ને 'જાત્રા' જોવાનું શરૂ કરેલું. બંગાળી રંગભૂમિ સારી પેઠે વિકસિત છે. નાટયલેખન અને અભિનય બંનેમાં એણે ભાત પાડી છે. ત્યારે દ્વિજેન્દ્રલાલ રાયનાં નાટકોનો જમાનો હતો. એ નાટકો, ને ટાગોરનાં પણ, એમણે અભ્યાસદૃષ્ટિએ વાંચ્યાં-જોયાં. ગુજરાત સાથે મનોમન એની તુલના કરી, કેટલીક નોંધ લીધી. ભવિષ્યમાં એમને હાથે મળનારા દ્વિજેન્દ્ર ને રવીન્દ્રના નાટ્યાનુવાદોની ભૂમિકા મનમાં રચાઈ. દ્વિજેન્દ્ર ઉપર એમણે લખેલી લેખમાળા પણ જાણીતી છે. બંગાળી રંગભૂમિ, એનાં નાટકો, તેમાં ય દ્વિજેન્દ્રનાં નાટકો એ એમનો એક પ્રિય અભ્યાસ-વિષય હતો. 'રાણા પ્રતાપ' ને 'શાહજહાં'-તેમાં ય 'શાહજહાં' આપણાં ગણનાપાત્ર અભિનેય નાટકોમાંનું એક બન્યું છે તેનું કારણ પણ એ જ.

કપિલભાઈ લખે છે: 'બંગાલની રંગભૂમિ અને આપણી વચ્ચે શો તફાવત છે, અને બંગાલનો તખ્તો હિન્દભરમાં સર્વોત્તમ કેમ મનાય છે એ વિગતોની... રૂબરૂ ચર્ચા તેઓ બહુ ઉમંગથી કરતા.' શાહાણીસાહેબે કહ્યું છે: 'મેઘાણી મારા શિષ્ય હતા એમ એક રીતે મારા ગુરુ પણ હતા. એમનો "રાણા પ્રતાપ" એમણે મને બહુ રસથી સમજાવ્યો. ગુજરાતી ભાષાનું મારું જ્ઞાન એવું નથી કે એમાંથી હું સીધો સિંધી ભાષામાં તરજુમો કરી શકું. એટલે રામુભાઈ ઠક્કરને હું હમેશાં રાત્રે એકાદ કલાક મારી પાસે બેસાડતો. એ મને ગુજરાતીનું અંગ્રેજી કરી સમજાવતા. એ અંગ્રેજીનું મેં સિંધી કર્યું. આજે "રાણા પ્રતાપ" સિંધમાં ભજવાય છે અને શાળાઓમાં પાઠ્યપુસ્તક તરીકે ચાલે છે.' ('ઊર્મિ', મે '૪૭, પૃ. ૫૪) આમ, એમને કારણે ભારતના પૂર્વ છેડાનો એક નાટ્યકાર એને સામેને છેડે પશ્ચિમ સુધી પહોંચી શક્યો.

કલકત્તાના વસવાટ દરમિયાન એમણે ઘણાં નાટકો જોએલાં. એની ઊંડી છાપ ઝીલેલી. ભીમજીભાઈ 'સુશીલ' લખે છે: 'મેઘાણીભાઈ જ્યારે બંગાલમાં હતા ત્યારે "હેમુ" નામનું નાટક જોવા ગએલા; પણ તેઓ મોડા પડ્યા હોવાથી નાટક શરૂ થઈ ગએલું. છતાં એમણે જે જોયું તેનો એક પ્રસંગ એમણે થોડા અભિનય સાથે મને કહેલો. નાટકમાં એક ઝૂંપડી આગળ એક ડોસો બેઠો હતો. એવામાં બંગાળનો સૂબો ત્યાં આવીને પૂછવા લાગ્યો: "હેમુ અહીં રહે છે કે?" ડોસાએ સૂબાને ઓળખ્યા અને પોતાના પુત્ર હેમુને અંદરથી બોલાવી કહ્યું: "બેટા હેમુ, આ આપણા સૂબા, આપણા રાજા. એમને પ્રણામ કર." અને સાથોસાથ મોઢા ઉપર ક્રોધ અને તિરસ્કાર લાવી એ પિતાએ કહ્યું: "અને એ પિતૃઘાતક છે, માટે એની ઘૃણા કર, એનો તિરસ્કાર કર." આ બે વાક્યો-પરસ્પર વિરોધાભાસી-એક જ માણસ એક જ મિનિટે એક જ વાતના અનુસંધાનમાં જે રીતે રજૂ કરતો એ દૃશ્ય નહોતા એ ભૂલ્યા કે આજે પણ નથી હું ભૂલી શક્યો.' ('સ્ત્રી-જીવન', જૂન ૧૯૪૭, પૃ. ૪૬૭).

આ રીતે કાવ્યો, ગીતો, વાર્તાઓ વાંચતા ને નાટકો જોતા, બ્રાહ્મોસમાજનાં પ્રવચનો સાંભળતા ને કામદારો ને સાધુસંતોને એ મળતા-હળતા. કવિવર ટાગોરનું શાન્તિનિકેતન (બોલપુર) ત્યાંથી દોઢસો'ક માઈલ છેટે હતું. સમગ્ર ભારતનું એ પુણ્યતીર્થ કલકત્તાના ગુજરાતીઓને તો વિશેષ પ્રિય હતું. ઘણા ત્યાં આર્થિક મદદ પણ કરતા તથા વારંવાર ત્યાં જતા. ત્યાંની શાળામાં પચીસ-ત્રીસ ગુજરાતી વિદ્યાર્થીઓ તો કાયમ હોય જ. એક શિક્ષક પણ હતા. કલકત્તામાંનાં ઘણાં કુટુંબોમાંનું કોઈક ને કોઈક ત્યાં ભણતું. એટલે રજાએ કે વારતહેવારે ત્યાં જવું સામાન્ય થઈ પડ્યું હતું. મેઘાણીભાઈ પણ એ રીતે અનેક વાર ત્યાં જતા રહેતા.

જેમ બોલપુર દોઢસો'ક માઈલ તેમ જમશેદપુર (તાતાનગર) પણ લગભગ એટલું જ દૂર પડતું. ત્યાંની તાતા કંપનીએ દલિત સેવક અમૃતલાલ ઠક્કરની (પાછળથી 'ઠક્કરબાપા' તરીકે જાણીતા થયા તેમની) સેવાઓ બેત્રણ વરસ માટે 'હિન્દ-સેવક સમાજ' પાસેથી ઉછીની માગેલી. ઠક્કર (બાપા) પ્રત્યે જીવણલાલ શેઠના નાના ભાઈ હરખચંદભાઈને ખૂબ આદર. અમૃતલાલભાઇને મજૂરસેવાનું કામ સોંપાએલું. એ અંગે તેઓને અવારનવાર કલક્તા આવવાનું થતું. ત્યાં મેઘાણીભાઇને એમનો પરિચય થયો.

મેઘાણીભાઈએ જ ('શ્રી અમૃતલાલ ઠક્કરનો આછો જીવન-પરિચય' નામક પુસ્તિકામાં) લખ્યું છે: 'શેઠશ્રી જીવણલાલ અને હરખચંદ ઠક્કરબાપાના પ્રશંસકો. હરખચંદશેઠ બાપાને અવારનવાર પ્રવૃત્તિ અર્થે સારી જેવી રકમો છાનામાના મોકલ્યા કરતા.' ઓરિસ્સાના દુકાળ વખતે બાપાએ કામ ઉપાડ્યું ત્યારે કંપનીએ પૈસાની જ નહિ, માણસોની પણ સહાય કરી. એ અંગેનું એક સ્મરણચિત્ર મેઘાણીભાઈએ આંક્યું છે: 'સેવાનો એક પ્રસંગ આ લેખકે જ જગન્નાથજીમાં નિહાળ્યો છે. શ્રી અમૃતલાલ ઠક્કર જાતે ચાવલનું સદાવ્રત વહેંચી રહ્યા છે; સૌને પંક્તિબંધ લેવા બોલાવે છે; પણ ક્ષુધાર્તો વ્યવસ્થાને ને શિસ્તને ગણકારતા નથી; કાળાં સીસમરંગી હાડપિંજરો તીડનાં ટોળાં પેઠે પડે છે. આ લેખકને વ્યવસ્થામાં સહાયક બનવા ઊભો રાખેલ છે. અરાજકતા મચાવતાં એ પીડિતોને લાકડી વડે રૂંધવા જતા આ લેખકની કઠોરતા શ્રી અમૃતલાલભાઈથી સહેવાતી નથી. એ શિસ્તના કરડા પાલકનું હૈયું પણ હાથ ન રહે તેવું આ પીડિતદર્શન હતું. "એમ નહિ, ભાઈ! એમને (અનુ. પૃ. ૫૦૭મે)

બબૂચકની પાઘડી

—અશ્વિન દેસાઈ

અતુલ મોટે ભાગે લાયબ્રેરીમાં બેસીને વાંચતો, લાયબ્રેરિયન તરીકે એક પારસી બાવા હતા, તે એને ઓળખી ગયા પછી અતુલ પાસે આઇડેન્ટિટી કાર્ડ માગતા નહિ. અતુલ ચૂપચાપ આવીને લાયબ્રેરીમાં બેસી જતો ત્યારે બાવાજી ચશ્માંની ઉપરના ખાલી ભાગમાંથી સહેજ જોઈ લેતા અને પછી પોતાને કામે લાગી જતા. અતુલ શાંતિથી વાંચવા માંડતો.

કોઈ વાર થોડો ઘોંઘાટ થતો ત્યારે અતુલ ચોપડીમાંથી સહેજ ઊંચું જોતો. અતુલના જ ક્લાસની છોકરીઓ બાવાજી સાથે ટીખળ કરતી દેખાતી. બાવાજી ચીડાઈ જતા. છોકરીઓ મોં પર હાથ રાખીને જોરજોરથી હસતી. અતુલને સહેજ ખલેલ પડતી, પણ એ ફરીથી વાંચવા માંડતો.

કોઈ વાર, વળી, અતુલના ક્લાસની બે છોકરીઓ માધવી ને રીટા વાંચવાનો ડોળ કરીને અતુલની સામે બેસતી. અતુલ સહેજ ઊંચું જોઈને, એમની હાજરીની નોંધ લઈને, ફરીથી વાંચવા માંડતો, એટલે છોકરીઓ અંદરઅંદર કંઈક ગુસપુસ કરીને હસતી. થોડી વાર અવાજ સહન કરીને પછી અતુલ ટેબલ ઉપર પેન્સિલની ટક ટક કરતો. છોકરીઓ ગુસપુસ બંધ કરીને અતુલ તરફ જોતી એટલે અતુલ ફરીથી વાંચવા માંડતો. છોકરીઓ નીચું જોઈને, હોઠ દબાવીને હસતી.

કોઈ વાર તો એ છોકરીઓ અતુલને 'એક્સક્યૂઝ મી' કહીને ડિસ્ટર્બ કરતી. અતુલ પ્રશ્ન પૂછતો હોય તેમ ઊંચું જોતો.

'તમારી પાસે આ ફિલૉસૉફીની બુક છે?' છોકરીઓમાંથી એક સહેજ સંકોચ સાથે પૂછતી.

'ના. આ તો ફીઝિક્સ છે!' અતુલ ચોપડી ઊંચી કરીને બતાવતો.

'ઓ–હો! અમને એમ કે તમે ફિલૉસૉફી વાંચો છો!'

'ના, હું તો તમારા ક્લાસમાં જ છું—સાયન્સ!'

'એ......મ?' બન્ને છોકરીઓ ખૂબ આશ્ચર્ય પામીને એકબીજા સામે જોતી: 'તમે અમારા ક્લાસમાં જ છો?'

'હા. હું પણ એસ. વાઈ. બી. એસસી.માં છું!'

'કઈ બેન્ચ ઉપર બેસો છો?' 'એકદમ આગળની બેન્ચ ઉપર.'

'ઓ હો! તો તો ખૂબ વહેલા કૉલેજ આવી જતા હશો!'

'અરધોએક કલાક જલદી આવું છું.'

'આગળ બેસવાથી લેક્ચર સાંભળવામાં ઠીક પડતું હશે!'

'ના, એવું તો કંઈ નહિ; પણ મને પહેલેથી જ ટેવ છે, એટલે...'

'સ્કૂલમાંથી જ તમે આગળ બેસતા હશો!'

'હા, લગભગ સ્કૂલમાંથી જ.'

'પણ સ્કૂલમાં તો છોકરીઓને આગળ બેસાડે ને?'

'હા. પણ અમારા ક્લાસમાં તો ચાર જ છોકરીઓ હતી, એટલે બાકીની જગ્યા ઉપર અમે લોકો બેસતા.'

'છોકરીઓ સાથે?' 'છોકરીઓની જ લાઈનમાં.'

'કૉલેજમાં કેમ હવે છોકરીઓની લાઈનમાં નથી બેસતા?'

'કારણ કે અહીં તો છોકરીઓ ગમે ત્યાં બેસે છે!'

'કે પછી કૉલેજની છોકરીઓ પ્રત્યે નફરત છે?'

'ના, એવું તો કંઈ નથી.'

'અમે અહીં વાંચવા બેસીએ છીએ તેનો તમને વાંધો તો નથી ને?'

'ના. મને કંઈ વાંધો નથી.'

'તમે અમને મદદ કરશો ખરા કે?' 'શામાં?'

'કંઈ ન આવડતું હોય તેમાં?'

'મને આવડતું હશે એવામાં જરૂર કરીશ.'

'તમને કેમ ન આવડે? આગળ બેસો છો તો પણ...?'

'તો પણ ઘણું ન યે આવડે.' 'તો ન આવડે ત્યારે તમે શું કરો?'

'પ્રોફેસરને ઑફિસમાં પૂછી આવું!'

'તમને બધા પ્રોફેસર ઓળખે છે?'

'કોઇકોઈ ઓળખે છે.' 'અમારી ઓળખાણ કરાવશો?'

'તમને કંઈ ન આવડતું હોય ને પૂછવા જાઓ તો આપોઆપ જ ઓળખાણ થાય!' 'તમે ન કરાવો?'

'મારાથી કેવી રીતે કરાવાય? પ્રોફેસરને ખરાબ લાગે ને? આપણે બધાં એક જ ક્લાસમાં તો ભણીએ છીએ!'

કોઈ વાર વળી છોકરીઓ અતુલને ડિસ્ટર્બ કરીને પૂછતી: 'તમે દિવસના કેટલા કલાક વાંચો છો?' 'છથી આઠ કલાક.'

'બસ?' 'હા. મારાથી વધારે વંચાતું નથી.'

'ટર્મિનલમાં તમારા કેટલા ટકા આવ્યા?' 'સિત્તેર ટકા.'

'જો તમે આઠ કલાક વાંચો તો સિત્તેર ટકા આવે તો અગિયાર કલાક વાંચો તો કેટલા ટકા આવે?'

'વધારે વાંચવાથી કંઈ ખાસ ફરક ન પડે.'

'કેમ? એંશી ટકાની ઉપર ન જાય?'

'ના; અમુક વિષયો એવા છે જેમાં પૂરા માર્ક ન આવે.'

'કેમ ન આવે? આપણે બરાબર ચોપડી જેવું જ લખ્યું હોય તો?'

'બરાબર ચોપડી જેવું તો કેવી રીતે લખાય?'

'કેમ? ગોખી કાઢીએ તો ન લખાય?'

'તો કદાચ લખાય. પણ મને તો ગોખવાનું ફાવતું જ નથી.'

'મૅટ્રિકમાં સંસ્કૃત હતું કે નહિ?' 'ના. સંસ્કૃત મને ફાવતું નહોતું.'

'તમે બ્રાહ્મણ નથી?' 'ના, હું તો દેવગઢ બારિયાનો વણિક છું.'

'તમે બી. એસસી. થઈને શું કરવા ધારો છો?'

'જોઈએ હવે; પાસ થવાય પછી વાત.'

છોકરીઓ સહેજ સ્મિત કરીને ચાલી જતી. અતુલ વાંચવા માંડતો.

કોઈ વાર વળી ક્લાસમાં જતાંજતાં જો એ છોકરીઓ મળી જતી તો અતુલને પૂછી પાડતી: 'કેટલો સ્કોર થયો?' 'શાનો?'

'કેમ, હમણાં ટેસ્ટ મૅચ ચાલે છે તે તમને ખબર નથી?'

'ખબર છે; પણ મને ક્રિકેટમાં ખાસ રસ નથી.'

'કેમ? તમે નાનપણમાં ક્રિકેટ નહોતા રમ્યા?'

'રમેલો, પણ હવે ખાસ રસ નથી.'

'રમવાનું ચાલુ રાખ્યું હોત તો તમને જરૂર રસ પડત. તમે કૉલેજની ટીમમાં કેમ જોડાઈ નથી જતા?'

'મને આવડતું જ નથી રમતાં, પછી......'

'એ તો આવડી જાય; એમાં શી ધાડ મારવાની? સામે છેડેથી કોઈ બૉલ નાખે તેને તમારે ફટકારવાનો.'

'તો ય આવડવું તો જોઈએને?'

'તમે ગિલ્લી–દંડાની રમત નથી રમ્યા કોઈ દિવસ?'

'એ તો રમેલો, નાનો હતો ત્યારે.'

'બસ તો પછી, જેને ગિલ્લી–દંડા આવડે તેને ક્રિકેટ આવડે જ.'

'ભલે, કોશિશ કરી જોઈશ કોઈ વાર, રમવાની.'

એક વાર અતુલ કંઈક લખતો હતો, ત્યાં માધવી અને રીટા આવી પહોંચ્યાં: 'શું અતુલકુમાર, કંઈ લેખ લખો છો કે કેમ?'

'ના ના,' અતુલે લખવાનું બંધ કરીને ઊંચું જોયું: 'આ તો થોડી નોટ્સ બનાવવાની છે ને......'

'અમને તો એમ કે તમે કંઈ લેખ લખી રહ્યા છો.'

'ના; કેમિસ્ટ્રીની નોટ્સ બનાવું છું.'

'તમારું થોડું કામ પડ્યું છે.' માધવીએ ગંભીરતાથી કહ્યું.

'બોલો, શું કામ પડ્યું ?'

'આપણો વાર્ષિક મેળાવડો આ મહિનાના અંતમાં થવાનો છે તે તો તમને ખબર છે ને?' 'હા, ખબર છે ને!'

'આ વખતે એ પ્રસંગે એક સરસ નાટક થવાનું છે. તેમાં એક પાત્ર ખૂટે છે. તમે કરશો?' 'તમે લોકો પણ નાટકમાં રહેવાનાં છો?'

'ના. આમાં તો એક પુરુષ પાત્ર ખૂટે છે!' 'કેવી જાતનું પાત્ર છે?'

'ઘરડા દાદાનો રોલ તમારે કરવાનો છે. ફાવશે?'

'ઊંક ઘરડા દાદાનો રોલ તો ન ફાવે. કોઈ બીજો રોલ નથી?'

'બીજો એક રોલ છે. પણ તે તો ગોર મહારાજનો છે. તમને સંસ્કૃત શ્લોકો આવડે છે?'

'શ્લોકો તો નથી આવડતા. મહારાજે શ્લોકો બોલવાના રહેશે?'

'બહુ નથી. બે ચાર પ્રસંગે બોલવા પડશે. તમે ધારો તો ગોખી શકો!'

'મને એટલો ટાઈમ નહિ મળે. બાકી તો હું જરૂર તમને મદદ કરત.'

'તો પછી એક બીજું કામ કરશો? ઘરડા દાદાજીના પાત્ર માટે એક જૂની ઢબની પાઘડીની જરૂર છે. લાવી આપશો?'

'પાઘડી તો મને ક્યાંથી મળે?'

'કેમ? તમારે ત્યાં કોઈ નથી પહેરતું?'

'ના. મારે ત્યાં કોઈ પાઘડી પહેરતું નથી.'

'તો તમારા કોઈ મિત્રોને ત્યાંથી શોધી લાવજો ને!'

'ભલે. હું પ્રયત્ન કરીશ. કેવી જાતની પાઘડી જોઇએ છે?'

'જરીની ઝાલરવાળી આવે છે ને? એવી મળે તો વધારે સારું.'

'ભલે. બનશે તો હું એવી જ પાઘડી શોધી કાઢીશ.'

'બને તો, પ્રોગ્રામના દિવસ પહેલાં લાવો તો સારું.'

'ભલે. લાવીને મારે કોને આપવાની છે?'

'અમારામાંથી કોઇને પણ આપી દેજો ને!'

'સારું;' અતુલે ચોપડીઓ ભેગી કરવા માંડી: 'મારે જરા ઉતાવળ છે આજે, એટલે જાઉં છું.' 'ભલે, પણ આ પાઘડીવાળું ભૂલતા નહિ.'

'ના ના, નહિ ભૂલું. પાઘડી તમને ચોક્કસ લાવી આપીશ.' કહી અતુલ ચાલવા માંડયો. છોકરીઓ મોં પર હાથ રાખીને હસવું રોકી રહી.

દૂરથી અતુલ આવતો દેખાયો. એક હાથમાં ચોપડીઓ ને એક હાથમાં પાઘડી હતી. રીટા ને માધવીએ એકબીજીને આંગળીના ગોદા માર્યા ને પછી બંને સરખી રીતે ગોઠવાઇને બેસી ગયાં. અતુલ એમની નજીક આવ્યો ત્યારે બંને ધ્યાનથી વાંચવામાં મશગૂલ હતાં. અતુલ ઊભો જ રહ્યો.

'ઓ હો હો હો! તમે? ક્યારના ઊભા છો?' માધવીએ એકાએક ઝબકીને ઊંચું જોયું. 'હમણાં જ. દસેક મિનિટ જ થઈ હશે.'

'તો ઊભા કેમ રહ્યા? કંઈ બોલ્યા પણ નહિ?'

'ના. તમે વાંચતાં હતાં ને, એટલે...'

'એમાં શું? અમે તમને ઘણી વાર ડિસ્ટર્બ કરીએ, તો તમારાથી કોઈ વાર અમને ડિસ્ટર્બ ન કરાય?' 'પણ મને એમ કે...'

'હશે. જવા દો એ વાત. પાઘડી લઈ આવ્યા, એમ ને?'

'હા; જુઓ, કેવી લાગે છે?'

રીટાએ પાઘડી હાથમાં લીધી: 'સરસ છે. હાથમાં પકડીને લાવ્યા?'

'હા. આમ જ.' અતુલે હાથ સહેજ આગળ લંબાવ્યો. માધવીથી સહેજ હસી પડાયું. 'નાટકનું નામ શું છે?' અતુલે પૂછ્યું.

'નાટકનું નામ તો... અમને બરાબર યાદ નથી, પણ...'

'કેટલાં પાત્રો છે, કુલ?' 'ખાસ ખબર નથી. આ તો સિસ્ટરે અમને પાઘડી શોધી લાવવાનું કામ સોંપેલું, એટલે...'

'ઓહો! તમે પણ મારી માફક નાટકમાં ખાસ રસ લેતાં નથી એમ ને?'

'ના. રસ તો લઇએ છીએ, પણ આ બધી વિગતોની ખબર નથી.'

'ભલે. તો આ પાઘડી ચાલશે ખરી ને?'

'હા. જો પાત્રના માથામાં બરાબર આવી જાય તો! કઈ સાઈઝની છે!'

'સાઈઝની તો કોને ખબર, પણ નૉર્મલ સાઈઝ જ હશે!'

'તમને તમારા માથામાં બરાબર આવી જાય છે ખરી?'

'મને ખબર નથી. પહેરી જોઉં?'

'હા. જરા પહેરી જુઓ ને! પાત્રનું માથું તમારા કરતાં કંઈ મોટું તો નહિ જ હોય ને?' 'એમ કેવી રીતે કહી શકાય?'

'કારણ કે તમારું માથું કંઈ નૉર્મલ માથા કરતાં નાનું નહિ હોય?'

'એમ? તો તો હું પહેરી જોઉં છું. જોઈ લેજો, તમને કેમ લાગે છે તે.' અતુલે પાઘડી સરખી કરીને પોતાના માથા પર મૂકી. રીટાથી સહેજ હસી પડાયું. માધવી બરાબર ધ્યાનથી નિરીક્ષણ કરવા લાગી. 'સહેજ પાછળ ફરો જોઇએ!' માધવીએ કહ્યું. અતુલ પાછળ ફર્યો. બન્ને છોકરીઓ મોં ઉપર હાથ દાબીને, આંખો ફાડીને એકબીજીને જોઈ રહી. પછી થોડી વારે રીટાએ કહ્યું: 'ભલે. હવે આગળ ફરી જાઓ. બરાબર છે.'

'બરાબર માપસર છે? વાંધો તો નથી ને?' અતુલે ઉત્સાહથી કહ્યું.

'ના. બરાબર તમને ફિટ થાય છે! આ તો તમે ના પાડો છો એટલે; બાકી પાઘડીને ખાતર પણ તમારે જ નાટકમાં ઊતરવું જોઇએ!'

'મને ફાવે એવું નથી એટલે, બાકી હું કંઈ આગ્રહ કરાવું?'

'ભલે ભલે. તમે તો પાઘડી લાવ્યા એ જ ઘણું કહેવાય. તમારો તો અમારે માઈક ઉપર આભાર મનાવવો પડશે!'

'ના રે! એવું કંઈ કરશો નહિ!' અતુલ સહેજ શરમાઇને હસ્યો.

'માઈક ઉપર નામ બોલાય તેમાં તમારે શું શરમાવાનું!'

'શરમનું તો ઠીક, પણ હવે એટલામાં શું નામ બોલાવવું?'

'અરે! આ કંઈ જેવીતેવી વાત છે? આજ-કાલ ભલભલાને પાઘડી મળતી નથી!' 'ઠીક છે. મને તો લાગે છે કે, મેં મારી ફરજ બજાવી છે. તમને જેમ ઠીક લાગે તેમ કરજો, મને વાંધો નથી.'

અતુલ ક્લાસ-રૂમ તરફ પાછો વળ્યો. રીટા અને માધવી એને જતો જોઈ રહ્યાં, અને એ દેખાતો બંધ થયો એટલે બન્ને એકબીજા સામે જોઇને જોરજોરથી હસવા લાગ્યાં.

કાર્યક્રમ શરૂ થવાની તૈયારીમાં હતો. હૉલ ચિક્કાર હતો. અતુલ આગલી હરોળમાં બેઠો હતો ત્યાં માધવી અને રીટા આવી પહોંચ્યાં. 'ઓ હો હો હો! તમે તો બહુ જલદી આવી ચડયા ને કાંઈ?'

'હા, થોડો જલદી આવ્યો હતો. આગળ બેસીએ તો મઝા આવે ને?'

'હંમેશની ટેવ પણ ખરી ને, કેમ?' જવાબમાં અતુલ સહેજ હસ્યો.

'ભલે. તો અમે તો હંમેશની જેમ પાછળ જ છીએ. નાટક જોઇને તમારો અભિપ્રાય આપજો, બીજું શું?'

'જરૂર.' અતુલે કહ્યું, એટલે છોકરીઓ હસતી હસતી પાછળ ચાલી ગઈ. માઈક ઉપર જાહેરાત શરૂ થઈ ગઈ: '......તો હવે સહર્ષ રજૂ કરીએ છીએ—નાટક: 'વહેમનાં વમળ'. લેખક: અતુલ દેસાઈ, એસ. વાઈ., બી. એસસી. પાત્રસૂચિ આ પ્રમાણે છે......'

નાટક પૂરો થયો. તાળીઓના ગડગડાટથી સભાખંડ ભરાઈ ગયો. અને એ ગડગડાટમાં ફરી એક વાર લેખકના નામની જાહેરાત થઈ: 'અતુલ દેસાઈ.'

બધા છૂટા પડયા ત્યારે, રીટા અને માધવી આઘાંપાછાં થઈ જવાની વેતરણમાં હતાં ત્યાં ક્યાંક પાછળથી અતુલ આવી ચડયો: 'માધવીબહેન! કાલે મને મારી ફીઝિક્સની નોટ પાછી મળશે? મારે જરા...'

કાકાસાહેબ કાલેલકરનાં કૉલેજકાળનાં 'મનોમંથન' પછીની સંસ્મરણમાળા

જાહેર જીવનનો પ્રારંભ

૧ મરાઠી દૈનિક 'રાષ્ટ્રમત'માં

કૉલેજકાળ દરમિયાન ધીમે ધીમે હું રાજદ્વારી તેમ જ ધાર્મિક જીવનમાં આમૂલાગ્ર ક્રાંતિ જરૂરની છે, એવા નિશ્ચય ઉપર આવતો ગયો. એટલે બી. એ. થયા પછી આગળ ન ભણતાં જાહેર-સેવાનો પ્રારંભ કરવો એવો નિર્ણય મેં કર્યો.

જે રાજદ્વારી વિચારો સમાજમાં રૂઢ ન હતા ને વિદેશી સરકારથી સહન થવાના ન હતા તે વિચારો દેશમાં ફેલાવવા એ સહેલું ન હતું. અને છતાં બંગભંગની હિલચાલને લીધે તેમ જ સ્વદેશી-બહિષ્કારના પ્રચારને લીધે ક્રાંતિ માટે અનુકૂળ વાતાવરણ દેશમાં દેખાતું હતું. મારા ચિંતનમાંથી હું એ નિર્ણય ઉપર આવ્યો હતો કે એ ક્રાંતિ કોઈ દેશી રાજા મારફત કે લશ્કરી નેતા મારફત થવાની નથી. મૅઝિનીએ ઈટાલીમાં જેમ લોકજાગૃતિનું કામ કર્યું તે જ રીતે પ્રારંભ કરી, ઊછરતી પેઢીને કેળવવી જોઇશે. તો જ ક્રાંતિ સફળ થઈ શકે. એને માટે રાષ્ટ્રીય શિક્ષણ એ જ ઉપાય છે. એની શરૂઆત ગમે ત્યાંથી કરવી જોઇએ એમ લાગવાથી બેલગામમાં જ એક સ્થાનિક રાષ્ટ્રીય શાળાનો હું આચાર્ય બન્યો.

એ શાળા ચલાવનાર લોકો તિલક પક્ષના ખરા; દેશ સ્વતંત્ર થવો જોઇએ એમ પણ માનનારા; પણ એમની ભૂમિકા જૂની ઢબની. છત્રપતિ શિવાજી મહારાજ, એમના ગુરુ રામદાસ, મહારાષ્ટ્રનું રાજ્ય ચલાવનાર પેશવાઓ અને સમાજમાં ધર્મતેજ આણનારા સંતો એમની વાતો કરવી અને આડકતરી રીતે અંગ્રેજી રાજની નિંદા કરવી, કાયદામાં સપડાઈએ નહિ એવી રીતે રાજદ્રોહની ભાષા બોલવી, એમાં જ એમની દેશભક્તિ સમાએલી હતી. એ લોકો સ્વભાવે સમાજને રાજી રાખનારા અને પોતાની જ રાષ્ટ્રભક્તિથી સંતોષ માનનારા હતા. એટલે એમનું ને મારું બહુ ચાલ્યું નહિ. મેં એમનો સાથ છોડયો. અને નવરા તો બેસાય નહિ, એટલે એલએલ.બી.ની તૈયારી કરવી છે એમ પિતાશ્રીને કહી હું મુંબાઈ પહોંચ્યો ને ધીરેધીરે ત્યાંના એક રાષ્ટ્રીય મરાઠી દૈનિક છાપાના સંપાદકમંડળમાં દાખલ થયો. એની જ વાત મારે અહીં કરવી છે.


બંગભંગની હિલચાલને પરિણામે દેશમાં 'મવાળ' અને 'જહાલ' (નરમ અને ગરમ) એવા બે રાજદ્વારી પક્ષો પડી ગયા હતા. જહાલ લોકોએ કૉંગ્રેસનો કબજો લેવાનો કલકત્તામાં પ્રયત્ન કર્યો. એ લોકો સહેજે ફાવી શકત, પણ નરમ લોકોએ કૉંગ્રેસના અધ્યક્ષના સ્થાન માટે દાદાભાઈ નવરોજી જેવા પ્રપિતામહનું નામ સૂચવ્યું. એમાં તેઓ ફાવ્યા. બીજી બાજુ, દેશનું વાતાવરણ સમજી લઈ દાદાભાઈ નવરોજીએ પોતાના ભાષણમાં હિંમતપૂર્વક કહ્યું કે સ્વરાજ્ય મેળવવું એ જ કૉંગ્રેસનો અંતિમ આદર્શ છે. (ઈ. ૧૮૮૫માં સ્થાપિત થએલી કૉંગ્રેસમાં સ્વરાજ્યનું નામ પહેલવહેલું ઉચ્ચારાયું એ અધિવેશનમાં, આ અધ્યક્ષને મોઢે.)

જહાલ પક્ષે કલકત્તા પછીનું અધિવેશન નાગપુરમાં બોલાવવાનું નક્કી કર્યું. નાગપુરમાં પૂના જેટલું તો નહિ પણ મહારાષ્ટ્રનું ગરમ વાતાવરણ ખરું; એટલે એ સંકટ ટાળવા માટે નરમ દલના લોકોએ અત્યંત સુરક્ષિત એવી ગુજરાતમાં કૉંગ્રેસ બોલાવવાનું નક્કી કર્યું. એ થઈ ઈ. સ. ૧૯૦૭ની સૂરતની કૉંગ્રેસ. એ કૉંગ્રેસથી જ ગુજરાતના પ્રજાકીય જાહેર-જીવનનો પ્રાણવાન પ્રારંભ થયો એમ કહી શકાય. સર ફિરોઝશાહ મહેતાની ખાતરી હતી કે સૂરતમાં આ જહાલ લોકો ફાવશે નહિ. પણ સૂરતમાં એમનો એ વિશ્વાસ તૂટી ગયો અને કૉંગ્રેસ ભાંગી જશે એવી બીક પણ ઉત્પન્ન થઈ. લોકમાન્ય તિલકે સૂરતથી પાછા આવીને પોતાના સાથીઓને કહ્યું કે હવે મહારાષ્ટ્ર અને ગુજરાતમાં જોરથી નવા વિચારોનો પ્રચાર થવો જોઇએ. તે માટે એમણે મુંબાઈમાં એક મરાઠી દૈનિક શરૂ કરવાનું નક્કી કર્યું. એનું નામ રાખ્યું 'રાષ્ટ્રમત'.

'રાષ્ટ્રમત' શરૂ તો થયું, પણ ભારતની વિદેશી સરકારે લોકમાન્ય તિલક ઉપર રાજદ્રોહનો કેસ ચલાવી એમને છ વર્ષની સજા કરી, અને જ્યાંત્યાં લોકોને દબાવવાનો પ્રારંભ કર્યો. 'રાષ્ટ્રમત' થોડા દિવસ ચાલ્યું. પણ ચલાવનાર બરાબર ફાવ્યા નહિ. ખર્ચ વધ્યું. વળી એ ચલાવનાર લોકોમાં એકરાગ પણ રહ્યો નહિ. એ સ્થિતિમાં લોકમાન્યે બેલગામના ગંગાધરરાવ દેશપાંડેને સૂચવ્યું કે રાષ્ટ્રમત તરફ ખાસ ધ્યાન આપે. એટલે ગંગાધરરાવે 'રાષ્ટ્રમત'નું આખું તંત્ર પોતાના હાથમાં લીધું. સાથે જૂના લોકોએ જે કરજ કર્યું હતું એની ચિંતા પણ માથે લેવી પડી. એમણે વરાડ–નાગપુર તરફના કેટલાક ત્યાગી, તેજસ્વી દેશભક્તોને એકઠા કર્યા. વામનરાવ જોશી (અમરાવતી), ગોપાળરાવ ઓગલે (નાગપુર), હરિભાઊ ફાટક (પૂના) ઈત્યાદિ લોકોને ભેગા કર્યા અને બધા એક જ સ્થળે રહે, એકત્ર જમે અને અંદરઅંદર બધું કામ વહેંચી લે એ જાતની વ્યવસ્થા કરી. એ જ અરસામાં હું પણ મુંબાઈ ગયો હતો. એટલે ગંગાધરરાવે મને 'રાષ્ટ્રમત'માં દાખલ થવાની સૂચના કરી.

અમે આખો દિવસ કામ કરીએ. જે ટેબલો ઉપર વાંચવા માટે છાપાં રાખ્યાં હોય, તે જ ટેબલો ઉપર રાત્રે સૂઈ જઈએ. બધા માટે એક જ ઠેકાણે રાંધેલું હોય, એમાંથી મળે તે ખાઈએ. પગારનું કોઈ નામ ન લે અને દિવસરાત કામ કરીએ. ગંગાધરરાવે મને પોતાની ઓરડીમાં જ સ્થાન આપ્યું હતું. પરિણામે એમને મળવા આવનાર મહારાષ્ટ્રના ઉત્તમોત્તમ નેતાઓ સાથે મારો પરિચય થયો. રાવ બહાદુર ગણેશ વ્યંકટેશ જોશી, કૃષ્ણાજી પંત ખાડીલકર, નરસો પંત કેળકર, વાસુકાકા જોશી, ડૉ. બાબાસાહેબ પરાંજપે, કાકા પાટીલ, માધવરાવ અણે જેવા વિખ્યાત નેતાઓ મળવા આવે ત્યારે એમની ખાનગી વાતો થવાની સમજીને હું ઊઠીને બહાર જતો. ત્યારે એક વાર ગંગાધરરાવે મને કહ્યું: 'આ શું? મારી પોતાની ઓરડીમાં તમને મેં સ્થાન આપ્યું છે એનો અર્થ જ એ કે તમારા ઉપર મારો પૂરો વિશ્વાસ છે. તમારી આગળ અમારું કશું ખાનગી નથી. અમારી વાતો એ પણ એક મહત્ત્વની કેળવણી જ છે. તમારે બહાર જવાની જરૂર નથી.' આ શબ્દોથી મને કેટલી ધન્યતા લાગી હશે એની કલ્પના જુવાનો જ કરી શકે.

મારો સંબંધ મુંબાઈ–પૂના અને દક્ષિણ તરફના મહારાષ્ટ્ર સાથે. કૉલેજના દિવસોમાં નાગપુર-વરાડ તરફના વિદ્યાર્થીઓ સાથે પરિચય હતો ખરો, પણ વિશેષ નહિ. 'રાષ્ટ્રમત'માં આખા મહારાષ્ટ્ર સાથે હું એક-હૃદય થઈ ગયો. આગળ જતાં તિલક પક્ષના નેતાઓને થયું કે 'રાષ્ટ્રમત'ની એક ગુજરાતી આવૃત્તિ બહાર પાડી હોય તો સારું. એ જ ગાળામાં મારા સાથી વામનરાવ જોશી (લોકો એમને વીર વામનરાવ કહેતા), બાબાસાહેબ પરાંજપે વગેરે લોકોને મળવા એક ગુજરાતી નવયુવક આવતો હતો. પોતાનું નામ સ્વામી આનંદ હોવાનું એ જણાવતો હતો. મરાઠી સરસ બોલે અને લખે. એની મદદથી 'રાષ્ટ્રમત'ની ગુજરાતી આવૃત્તિ કાઢવાનો વિચાર થયો હતો. આમ, સ્વામી આનંદ સાથે 'રાષ્ટ્રમત'માં જ મારી સારી દોસ્તી શરૂ થઈ. સરકારે 'રાટ્રમત' બંધ કર્યા પછી હું વડોદરા ગયો. ત્યાં સ્વામી મને અવારનવાર મળવા આવે. પછી તો એ મારા ઘરના જ થયા. અમને બંનેને હિમાલયનું ઘણું આકર્ષણ. મારા પહેલાં સ્વામી આનંદ હિમાલય ગયા. એમની પાછળ પાછળ હું પણ ગયો. ત્યાં કોક વખતે સાથે રહીએ, કોક વખતે અલગ થઇએ. અંતે



ગંગાધરરાવ દેશપાંડે અને કાકાસાહેબ કાલેલકર

જ્યારે હું ગાંધીજીના આશ્રમમાં દાખલ થયો ત્યારે સ્વામી પણ ત્યાં આવ્યા. એમણે ગાંધીજીનાં છાપાં અને પ્રેસ પોતાના હાથમાં લીધાં. અમે સાથે ઘણાં કામો કર્યાં. એ આખો ઇતિહાસ ગુજરાત જાણે છે.

'રાષ્ટ્રમત'માં મારી વિશેષ દોસ્તી ગોપાળરાવ ઓગલે સાથે જામી, કેમ કે એ પૂરેપૂરા સાહિત્યિક જીવ, અને આખી જિંદગી એમણે વૃત્ત-વિવેચનમાં (પત્રકારત્વમાં) જ ગાળી છે. શ્રી હરિભાઊ ફાટક આગળ જતાં ગાંધીકાર્યના પૂનાના એક પ્રમુખ સેવક નીવડ્યા. એમની આસપાસ સેવકોનું એક મોટું મંડળ હમેશાં જામેલું રહેતું. અને વીર વામનરાવ તો સ્વભાવે જ નેતા. સ્વરાજસેવામાં એમનો ફાળો નાનોસૂનો ન હતો. બીજા પણ કેટલા યે કાર્યકર્તાઓ ત્યાં ભેગા થયા હતા. અમે બધા એટલા ઓતપ્રોત થઇને રહેતા કે મળવા આવનાર લોકોએ 'રાષ્ટ્રમત'ના કાર્યકારી સેવકોનું જીવન જોઈને એને 'રાષ્ટ્રમઠ' એ નામ આપ્યું! અને સ્વાભાવિક રીતે ગંગાધરરાવ મઠપતિ ગણાયા.

દિવસના કામથી પરવારી, વહેલા જમીને ઘણાખરા સૂઈ જતા. પણ એ જ વખતે ગંગાધરરાવને મળવા અને સ્વરાજ્ય-હિલચાલની ચર્ચા કરવા ઘણા નેતાઓ એક ખૂણાની ખુલ્લી ઓરડીમાં ભેગા થતા. ત્યાં ચાલતી ચર્ચા, અને સ્વરાજ્યની તૈયારી જોતાં હું કહેતો કે સાંજની આ સભા એ જ ખરેખર રાષ્ટ્રમઠ છે. જેમ સમર્થ રામદાસ સ્વામી પોતાના અનેક મઠોમાં શિવાજીનાં કાર્યની ચર્ચા કરતા હશે તેમ જ અહીં આપણે ચર્ચા કરીએ છીએ.

એ વખતનું અમારું જીવન મને ખૂબ ગમ્યું અને સહ્યું પણ ખરું. પણ એક વસ્તુમાં મને ભારે અસંતોષ રહેતો. એ લોકો વખત મળે ત્યારે નાહી લે. એ તો ઠીક, પણ સૂકવવા મૂકેલાં ધોતિયાંમાંથી જે હાથમાં આવે તે ખેંચીને પહેરી લે. કયું ધોતિયું કોનું એનો હિસાબ જ નહિ! ધોએલું પહેરી લે ને જૂનું એક ખૂણામાં ફેંકી દે. પછી વખત થાય, એટલે એ બધાં ધોતિયાં એકત્ર કરી ગરમ પાણીમાં ઉકાળી દે અને નિચોવીને સૂકવવા મૂકી દે. મારું ધોતિયું કોઈ બીજા વાપરે એ મારાથી સહન ન થાય, અને બીજા કોઈનું ધોતિયું હું પહેરું નહિ; એટલે એ લોકો સાથે મારે રોજ ઝગડો થાય. આથી એ લોકોએ મને અસામાજિક ઠરાવી દીધો. એક તો હું ગંગાધરરાવની ઓરડીમાં રહું, અને પારકા ધોતિયાની મને સૂગ, એટલે જાણે હું ન્યાતબહાર હોઉં એવું જ વલણ કેટલાક કાર્યકર્તાઓ મારી તરફ રાખતા હતા.

પણ જ્યારે નીચલે માળેથી સંદેશો આવે કે પ્રેસનું મશીન બગડ્યું છે, ચાલતું નથી, ત્યારે અમારામાંથી કેટલાક જણ દોડી જઈ પોતાનું ભેજું ચલાવતા. કોણ જાણે કેમ, પણ યંત્રોની બાબતમાં મારું ભેજું ઠીક ચાલતું. મને કાંઈક સૂઝે જ. હથોડો લઇને કોક ઠેકાણે હું ઠકઠક કરું અને મશીન ચાલવા માંડે! મશીન ન ચાલે તો બીજે દિવસે ભેગા થએલા છોકરાઓને વેચવા માટે અંકો ક્યાંથી આપીએ? તેથી અટકેલું મશીન જે ચાલતું કરે તેના પ્રત્યે બધાની ઉપકારની લાગણી રહેતી. પરિણામે અંતે રાષ્ટ્રમઠમાં હું ન્યાતબહાર ન રહ્યો.

'રાષ્ટ્રમત'ની નીતિ બરાબર છે કે નહિ, કયા કયા વિષય ઉપર લેખો લખવા જોઇએ વગેરે ચર્ચા ખૂબ ચાલતી. એમાં પણ મારી દૃષ્ટિ કેવળ રાજદ્વારી ને તત્કાલીન પ્રશ્નો પૂરતી સંકુચિત ન રહેતી. સંસારસુધારો, ધર્મરૂઢિમાં પરિવર્તન વગેરે અનેક વ્યાપક સવાલો હાથમાં લીધા વગર સમાજ પ્રાણવાન નહિ થાય ને ક્રાંતિ સફળ નહિ થાય એવી દલીલ હું કરતો. એમાં મારો 'પ્રાણવાન' શબ્દ તો ચર્ચાનો વિષય થતો. 'કાકાના લેખોમાં પ્રાણવાન શબ્દ આવવાનો જ', એમ પણ લોકો મશ્કરીમાં કહેતા.

નેતાઓમાં કાકા પાટીલનું નામ 'રાષ્ટ્રમત'માં જ મેં પહેલવહેલું સાંભળ્યું. એ વસઈના રહીશ. સામાન્ય વકીલ, પણ બધી રીતે બાહોશ. મુંબાઈની અનેક ક્લબોમાં જઈ સરકારી અમલદારોને મળે. એમની ચર્ચામાંથી ઉપયોગી માહિતી આણીને અમને કહે. ખાવાપીવામાં એમને કશો સંકોચ નહિ. ક્રાંતિકારી લોકોને એમની ભારે ઓથ. એમનું વ્યક્તિત્વ ફૂઠાવદાર થઈ તરત ધ્યાન ખેંચતું.


આખરે સરકારે 'રાષ્ટ્રમત' પાસેથી બે હજાર રૂપિયાના જામીન માગ્યા. કાં તો જામીન આપીએ અને એ જપ્ત થવાની બીક માથે રાખીને સાચવીસાચવીને લખીએ, અથવા રાષ્ટ્રમત બંધ કરી દઇએ. એની ચર્ચા ખૂબ ચાલી. લોકમાન્યે શરૂ કરેલું દૈનિક તેઓ છ વર્ષની સજા પૂરી કરીને બહાર આવે નહિ ત્યાં સુધી ચલાવવું જ જોઇએ એમ કહેનાર એક પક્ષ હતો, તો બી-બીને મોળું લખાણ પ્રજાને આપવા કરતાં 'રાષ્ટ્રમત' બંધ કરવું એમાં જ આપણી ઇજ્જત છે, એમ કહેનાર બીજો પક્ષ હતો. અંતે મેં વચલી દલીલ આગળ કરીને 'રાષ્ટ્રમત' બંધ કરવાના પક્ષને ટેકો આપ્યો. મેં કહ્યું: 'માની લો કે આજે આપણે જામીન આપી દીધા ને 'રાષ્ટ્રમત' ચાલુ રાખ્યું, તો એ જામીનગીરી જપ્ત કરી ફરી પાંચ અને પછી દસ હજારના જામીન માગતાં સરકારને કોણ રોકવાનું? અંતે હારીને છાપું બંધ કરવું જ પડવાનું. એના કરતાં આજે જ આબરૂભેર બંધ કરીએ તો શું ખોટું? આપણે સેવક છીએ; ક્યાંક તો આપણને કામ મળવાનું જ.' અંતે તે પ્રમાણે નક્કી થયું અને અમે છૂટા પડ્યા.

દરેક જણ હવે 'આગળ શું કરવું? એની યોજના કરવા લાગ્યા. બધા જ કસાએલા રાષ્ટ્રસેવકો, એટલે કોઇને ભવિષ્યની ચિંતા હતી નહિ. પણ કયું કામ પસંદ કરવું, કોને સાથ આપવો, એની વિચારણા સહેલી ન હતી.

એટલામાં એક દિવસ વડોદરાથી બૅરિસ્ટર કેશવરાવ દેશપાંડે ગંગાધરરાવને મળવા આવ્યા. એમને વિષે ગંગાધરરાવને મોઢે થોડું તો મેં સાંભળ્યું હતું જ. શ્રી અરવિંદ ઘોષના એ નિકટના સ્નેહી અથવા સાથી છે, સયાજીરાવ ગાયકવાડના રાજ્યના એક ઊંચા હોદ્દેદાર (સૂબા, એટલે કે ડિસ્ટ્રિક્ટ મૅજિસ્ટ્રેટ, ક્લેક્ટર જેવા) છે, એ બધી વિગતો હું જાણતો હતો. આવતાંવેંત કેશવરાવ દેશપાંડેએ વાત શરૂ કરી: 'ગંગાધરરાવ, મેં સાંભળ્યું છે કે તમારે ત્યાં કાકા કાલેલકર કરીને તમારા (અનુ. પૃ. ૪૯૦)

સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં રાજ્ય તેમજ પ્રજામાં સરખો આદર પામેલા દેશજાણીતા બાગાયાત નિષ્ણાત **અમીલાલ ઢાંકી** લિખિત નવો વિભાગ

ઘરઆંગણે શાકભાજી



આમ પણ એ ▷ ઉગાડી શકાય

ફૂલછોડની સાથે ઘરઆંગણે શાકભાજી વાવવાનો શોખ પણ આજકાલ શહેરોમાં, નવી નવી સોસાએટીઓ બનવા માંડતાં થોડી મોકળી જમીન મળતી થવાથી, વધતો જાય છે. ઘરનાં સૌ નાનાંમોટાંને રસ પડે તેવો આ એક ઉપયોગી શૉખ છે. સરકારી ખાતા દ્વારા એને અંગે માર્ગદર્શન પણ મળી શકે છે, ને બજારમાં જરૂરી સાધનો, બી, વિવિધ ખાતર, જંતુનાશક દવાઓ તથા ઉપયોગી માહિતી આપતું સાહિત્ય પણ લભ્ય છે.

પણ આ શૉખ કેવળ જમીનની સગવડ હોય તો જ કેળવી શકાય એવું નથી. ઝરુખા ને અગાશીની સગવડ હોય તો ઓછાવત્તા પ્રમાણમાં તમે પણ તેમાં રસ લઈ શકો. સૂર્યપ્રકાશની છત અને નિયમિત કામ કરવાની ચીવટ હોય તો ઋતુ અનુસાર ઘરઆંગણે જેમ ક્યારીઓમાં તેમ ખાલી ડબ્બા, પીપ કે ખોખાં યા વાંસના ટોપલામાં પણ કંઈ ને કંઈ વાવી શકાય છે. આમાં મદદરૂપ થઈ શકે તેવી માહિતીઓ અને માર્ગદર્શન આપણે ક્રમશઃ અહીં જોઈશું.

સૌકોઈ એ તો જાણે જ છે કે કોઈ પણ છોડ–વેલાના વર્ધન અને તંદુરસ્તી માટે જેમ સૂર્યપ્રકાશ ખાસ જરૂરી છે તેમ યોગ્ય જમીન કે ખાતર પણ જોઈએ જ. જમીન જો માત્ર કાળી ચીકણી માટીની હોય તો તે સુકાઇને સખત થઈ જતી હોઈ કંઈ પણ વાવવા માટે અયોગ્ય છે. એટલે એવી માટી સાથે થોડી રેતી અને ગળતિયું ખાતર[1] યોગ્ય પ્રમાણમાં ભેળવવું જોઈએ. કૂંડાંમાં પણ આવું જ મિશ્રણ ભરવું પડે. હલકી રેતાળ જમીન હોય તો તેમાં લાંબો સમય ભેજ ટકી શકતો ન હોઈ તેમાં થોડી ચીકણી માટી અને ખાતર નાખવું પડે. નદીકાંઠાની કાંપવાળી માટી હોય તો વાવેતર માટે એ સારી ગણાય છે.

જમીન પર વાવેતર કરવું હોય તો પ્રથમ તેમાં રહેલાં જૂના વગડાઉ છોડનાં થડિયાં ને કચરો તથા પથરા વગેરે ઊંડો ગોડ[2] કરી કાઢી નાખવાં જોઈએ. પછી તેમાં જરૂરી હોય તેટલા પ્રમાણમાં રેતી, ખાતર કે માટી ભેળવી, યોગ્ય કદની ક્યારીઓ કરી લેવી જોઈએ. કૂંડાં–ખોખાંમાં વાવવાનું હોય તો તેને તળિયે વધારાનું પાણી નીકળી જવા કાણાં રાખવાં જોઈએ, અને કૂંડાંને જમીનથી કોઈ ટેકાના આધારે થોડાં અધ્ધર રાખીએ તો તેની નીચે પૂરી સ્વચ્છતા પણ જાળવી શકાય.

છોડનાં વર્ધન અને તંદુરસ્તી માટે પૂરતું અને યોગ્ય ખાતર ખાસ જરૂરી છે. છાણિયું ખાતર જૂનું અને સડી ગએલું જ વાપરવું. તાજું છાણ વધુ પડતી ગરમી પેદા કરી છોડનાં મૂળને નુકસાન કરે છે. છોડની જાત પ્રમાણે ખોળ તથા રાસાયણિક ખાતરો વાપરવાથી વધુ લાભ મળે છે.

પતરાના ડબ્બા કે લાકડાનાં ખોખાં વાપરવાનાં હોય તો તેમાં અંદરની બાજુએ ડામર લગાડવાથી ભેજ અને ખાતરની માઠી અસર ઘટે છે. આ કૂંડાં–ખોખાંને બહારની બાજુએથી સુંદર વિવિધ રંગો લગાડી તેના પર મઝાની ભાત આળેખીને એની શોભા પણ વધારી શકાય.

વાવવાનાં બીજ ખેતીવાડી ખાતાની શાખાઓમાંથી કે તેના વેપારીને ત્યાંથી મળી શકે છે. આમાં—

રીંગણ, મરચાં, ટમાટાં, કૉબિજ, ફ્લાવર, નોલકોલ, ડુંગળી વગેરેના નાના રોપ કે ધરુ તૈયાર કરવાં પડે છે.

મૂળા, મોગરી, વાલોળ, પાપડી, ફણસી, વટાણા, દૂધી, બીટરૂટ, સલગમ વગેરેનાં બી સીધાં રોપી શકાય છે.

ટીંડોળાં, પરવળ, (એમાં નર–માદાની બે જાત થાય છે) રતાળુ વગેરેના વેલાના ટુકડા કે બટાટા વગેરે જેવાના 'આંખો'વાળા ટુકડા રોપાય છે.

મેથી, ધાણા (કોથમીર), તાંદળજો, પાલખ, સૂવા, ગાજર વગેરેનાં બી જમીન પર છાંટી ઉપર માટી વાળીને ઉગાડાય છે.

રોપ કે ધરુ તૈયાર કરવા માટે જમીન પર વાવવાની માટીનો બે એક ફૂટનો છએક ઇંચ ઊંચો ચોરસ સમથળ ઢગ કરીને, યા પહોળા મોંના ટોપલામાં તેવી માટીમાં, રેતી સાથે બી ભેળવીને, બે એક ઇંચના અંતરે હારબંધ વેરી, ઉપર ખાતરમિશ્રિત માટી પાથરી એને ઢાંકી દેવાં. આના પર 'ગેમેક્સિન' પાઉડરનો થોડો છંટકાવ કર્યો હોય તો જંતુઓથી બીનું રક્ષણ થાય છે. પછી ઉપર પાણીનો જોઈ તો છંટકાવ ખૂબ હળવે હાથે કરવો. ઊગીને રોપ જ્યારે પાંચેક ઇંચ જેટલા વધે તે પછી તેને, એનાં મૂળને નુકસાન ન થાય તેમ, હળવે હળવે ઉપાડી જ્યાં વાવવાનાં હોય ત્યાં, તૈયાર કરેલા ક્યારા કે કૂંડામાં, આંગળી યા કોઇ સાધનથી થોડો ઊંડો ખાડો કરી, તેમાં રોપી દઇ, આજુબાજુ માટી દાબીને એને ટટ્ટાર ઊભા રાખવા. આ કાર્ય હમેશાં સાંજે જ કરવું. રોપાઈ રહે એને થોડું પાણી આપવું. છોડની જાત પ્રમાણે એના વિકાસ માટે ચારે બાજુ પૂરતી જગ્યા મળી રહે એટલા અંતરે આ રોપ રોપવા. આ જ રીતે સીધાં બી વાવવાનાં હોય તે પણ સાંજના સમયે જ, પૂરતા અંતરે રોપવાં અને ઉપર માટી વાળી પાણી આપવું.

બટાટા તથા કેટલાક વેલાના ટુકડા રોપાય છે. બટાટા પર દેખાતા ખાડામાં ઊગેલી ફૂટને તો ઘણાએ જોઇ હશે. એ ફૂટ સાથેનો બટાટાનો ટુકડો રોપવાથી એમાંથી એનો છોડ ઊગે છે. અમુક વેલાને પણ આવી ફૂટ હોય છે, જેને વાવીને નવો વેલો ઉગાડાય છે. હવે પછી ક્રમશઃ આપણે આ બધું વિગતવાર જોઇશું.

---

*માલ ભરવાના જૂનાં ખોખાં આ રીતે કામ લાગે. એની અંદરની બાજુએ ડામર લગાડીને કે ખાતર ચોપાસ પ્લાસ્ટિકના ટુકડા પાથરીને પછી ખાતર ભરવાથી ખોખાના લાકડાને રક્ષણ મળશે. ખોખામાં ધરુ પણ તૈયાર થઈ શકે અને છોડ પણ ઊગી શકે. ૧ ગળતિયું ખાતર એટલે જેના પર પાણી રેડતાં તેનો રસ જમીનમાં ઊતરે એવું ગળી ગએલું બરાબર સોડવેલું ખાતર. શહેરમાં સ્યૂઈજ ફાર્મ જેવા સ્થળે એ મળી શકે છે. ૨ ગોડ કરવો એટલે ખોદીને જમીનમાં ઊગેલાં નકામાં છોડનાં મૂળિયાં વગેરે કચરો કાઢી નાખી માટી ચોખ્ખી કરવી; જૂના કચરાની સખત થઈ ગએલી માટીને ખોદીને, ઢેફાં વગેરે ભાંખી ક્યારો પોચો કરવો.

ચન્દ્રવદન મહેતા અને સુનીલ કોઠારીની **જુગલબંધી**ની પ્રવાસમાળા

૭

પેટ્રોલ ટૅંકમાં ક્યાંક કસ્તર

બૉસ્ટન અને ન્યૂ યૉર્કની વચ્ચે બ્રાઉન યુનિવર્સિટી અને યેલ યુનિવર્સિટી;—અને અમે બ્રાઉન યુનિવર્સિટીના ગેસ્ટ હાઉસમાં સ્થગિત છીએ. સુનીલ ભૈયા લંડનથી ઊપડી ન્યૂ યૉર્ક પહોંચે; ત્યાંથી બ્રાઉન આવી રહે; એ દરમિયાન ન્યૂ યૉર્ક આવતાં અને પાછા બ્રાઉન-થી ન્યૂ યૉર્ક પહોંચતાં એ શું કરે એ એની દઈ જાણે! પણ એમાં એની જવાના રામાયણની કથા જાણવા જેવી છે, તે પોતાના હપતામાં એ કહેશે. પણ અમે બ્રાઉનમાં સ્થગિત થઈ ગયા એટલે શું?

થયું એમ કે અમે સવારે દસેક વાગ્યે ચા-નાસ્તો કરી નીચે ઊતર્યા, ત્યાંથી જરા સરખો સારો તડકો પડતો હતો તે માણવા રસ્તા ઉપર આવ્યા. ત્યાં મને ચક્કર આવતાં સુનીલને મેં કહ્યું કે પૃથ્વી ફરે છે, મને પકડી લ્યો! પણ સુનીલ માને? ધાર્યું કે હું મજાક કરું છું! અને હું-હું એટલે ચન્દ્ર-વદન મહેતા—પોતાના અંગેઅંગ, અંગાંગ ઉપરથી બુદ્ધિની જાણકારી તથા કાબૂ ગુમાવી દે છે! તરત ફૂટપાથ ઉપર બેસી જવાય છે! ત્યારે સુનીલના પેટમાં ધ્રાસ્કો પડચો અને સુનીલ તથા મીનળ બંને ચન્દ્રવદન મહેતા-ના કહેવાતા શરીરનાં બાવડાં પકડી પગથિયા ઉપર બેસાડે છે. બેએક મિનિટ બાદ ક્યાંક અલોપ થએલી સંચાની ચાવી ફરી હાથ લાગતાં સંચો જાગ્રત થાય છે; એટલે ખોળીઆમાંની જીભડી કહે છે કે આ લોથને ઊંચકી ઉપર ચાર પગથિયાં લઈ જઈ ડ્રૉઇંગરૂમમાં ખેંચી જાઓ; અને બંને જણ ચૂપચાપ ભોંય પરથી આ ચાર પગથિયાં કાયાને ઉપર ચડાવી, બારણામાં પ્રવેશ કરાવી, જૂની આલીશાન મોકળાશવાળી ઈઝી ચેરમાં સુવાડે છે. ત્રણેક મિનિટ બીજી ગઈ હશે ત્યાં જે બધાં કનેકશન, તૂટી તો નહિ પણ બંધ થઈ ગયાં હતાં, તે ફરી ચાલુ થતાં ચન્દ્રવદન મહેતાને સુનીલ-ભૈયા કહેતાં સંભળાય છે કે 'હું ડાકટરને બોલાવી લાવું છું.'

પણ કિયા ડાકટર? જરા કંઈ શરીરની વ્યવસ્થિત ઘટનામાં ફેરફાર થાય તો આપણો દેવ ડાકટર, એ જ યાદ આવે. બાકી ત્યાં તો દસ જણને પૂછીએ ત્યારે કોઈ ડાકટર હાથમાં આવે. એટલે ચન્દ્રવદન મહેતાના જાગ્રત થએલા સંચાએ ઘસીને ના પાડી. બીજી બે પાંચ મિનિટ બાદ એ ઊભા થયા, થોડું ચાલ્યા અને ત્રણે પાછાં પગથિયાં ઊતરી, જતી ટૅક્સી રોકી 'ડાઉન ટાઉન' ઉપર ફરવા નીકળ્યાં.

આ ડાઉન ટાઉન પણ જાણવા જેવી બલા છે. ડાઉન ટાઉન એટલે ગામ, બજાર! એ સપાટ હોય, ટેકરી ઉપર હોય. ઉત્તર દિશામાં હોય તો યે 'બજાર' કહેવાને બદલે 'ડાઉન ટાઉન' જ કહેવાય! ત્યાં પહોંચી એકાદ રેસ્ટોરાંમાં જઈ થોડું ખાવાનું મંગાવી ફરી અમે અમારી તોફાનમસ્તીની વાતે ચડચાં—ચા કલાક પહેલાંની વાતને જાણે તદ્દન ભૂલી જ ગયાં. સુનીલે અધીરાઈમાં એકાદ બે મિત્રને હકીકત લખી; પણ એની જાણ થતાં મેં એ નજીવી વાત વિષે ફરી લખી તે પર લીંપીગૂંથીને ભોંય ઉપર ઓકળીદાર એવું લીંપણ કરી દીધું કે આજની ઘડી ને કાલનો દિવસ!

સાંજે તો બે ભાષણ: એક **અહીં**, બીજું દસ માઈલ દૂર હચિન્સન કૉલેજમાં. એની તૈયારીમાં પડીએ તે પહેલાં બાર સાડાબારે ઉતારે આવી ઊંઘી ગયાં. ચા વખતે તો જાણે કશું બન્યું નથી. એ પ્રમાણે ઘટમાળ શરૂ કરી દીધી. શું થયું, શા વિચારો આવ્યા, મગજનો ફિરકો શાથી ઘુમરાયો હતો, ઉપરથી કૉલ હતો પણ તે કનેક્ટ ન થયો, એની ચિંતા કરી ચૂંથણાં કરવામાં શો સાર? આવી વાત કોઈને કહેતાં તરત સામેથી આપણને દાખલો જાણવા મળે: 'બરાબર, મારા મોટા ભાઇને આમ જ, આ જ પ્રમાણે; ખરેખર એમ જ, મારા બાપુજીને પણ આ જ પ્રમાણે—પહેલાં ચક્કર...; હું તમને કહું, મારા પડોશમાં રતિભાઈને...' એમ દસ-પંદર દાખલા સાંભળવાના મળે. કુદરતમાં બે ચહેરામહેરા સરખા નથી, કરોડો ઝાડપાનમાં બે તરુવરો એકસરખાં નથી, લાખો પતંગિયાંની પાંખોમાં બે પાંખ એકસરખી નથી, એવી જે સરજનહારની સૃષ્ટિ છે એમાં કાયાના અને પ્રાણના છૂટાછેડા કરવાની ઘટનામાં પણ આપ જોશો તો ઇશ્વરે બે પ્રકાર એકસરખા યોજ્યા નથી. ઈશ્વર તો મહાશક્તિશાળી. આવાં એક નહિ પણ અનેક બ્રહ્માંડોના બ્રહ્માંડો સરજી ચલાવનાર વ્યાપક વિરાટ શક્તિ છે, એની કદર કરી એની અગાધ અપરંપાર શક્તિ-નો મહિમા કલ્પનામાં આવી શકે તો તે થકી કલ્પના સમૃદ્ધ કરી રાચવું જોઇએ. અને એ જ ઉત્તમ ઉપાય છે.

તે સાંજે કવિ જયદેવના 'ગીત ગોવિંદ'ની રજૂઆત પહેલાં શ્રી ગણેશની સ્તુતિ કરી, એ ઉપર સુનીલભૈયાને બોલવા ઊભા કરી 'ગીત ગોવિંદ'ની સમજણ અપાવી અને પછી છેલ્લા સર્ગની નૃત્યમાં રજૂઆત અને તેની વિવેચના કરી. ત્યાંથી પરવારી દોઢ કલાકના ગાળામાં (મીનળ તો રાધાની વેશભૂષામાં જ) મારતી મોટરે ર્‌હોડ આઇલૅન્ડના સાગરતટ તરફ પંદરેક માઈલ દૂર હંકારી ગયાં. ત્યાં પહેલાં તો મજબૂત સલાડ અને સૂપને ન્યાય આપી, ડિનર જમી, પાસેના અતિ સુંદર થીએટર પર પહોંચ્યાં.

શાનાં વખાણ કરીએ? એની બાંધણીનાં કે એ હૉલના એકૉસ્ટિકનાં કે અંદરની રંગયોજનાનાં? દસ મિનિટમાં તો એમના ટેઈપ રેકર્ડિંગનાં યંત્રો ચાલુ થઈ જતાં, અમારી ટેઈપનો ટેસ્ટ થઈ જતાં, વખતસર અમે ત્રણે અમારો કાર્યક્રમ શરૂ કરવાની તૈયારીમાં આવી ગયાં.

વાત એમ હતી કે યુનાઇટેડ સ્ટેટ્સના આ દરિયાની અંદરના ખૂણાનાં —ન બૉસ્ટન ન ન્યૂ યૉર્ક, ત્યાંના—વિદ્યાર્થીઓને 'ગીત ગોવિંદ' કે 'કુચી પુડી' કે 'ભરતનૃત્ય'માં શા રસ? મારા વા'લા દસ પણ પૂરા હાજર નહિ! પરંતુ એના થકી દસગણી સંખ્યામાં અધ્યાપકો હાજર, એટલે અમે તો એક નાનકડું વર્તુલ રચી અમારું કામ શરૂ કર્યું. ને મીનળે જમાવ્યું. જેને નૃત્યમાં જીવંત રસ છે, એને દસ કે દસહજાર એની હાજરી સાથે શો સંબંધ? બ્રાઉન યુનિવર્સિટીમાં ૬ થી ૭ અને ત્યાર બાદ અહીં ૮-૪૫ થી શરૂ કરી રાતના દસ સુધી અમારી જમાવટ થઈ. એમાં સવાલ જવાબ ચર્ચાપરિષદ વગેરે. પછી સૌએ ખુશ થઈ, જે આવ્યા એમનાં અહોભાગ્ય અને ન આવ્યા તેમનાં મોં કાળાં કહેતાંક ને, સૌ અમને ભાવભીના વિદાય આપવા છેક પાદર સુધી આવ્યાં; ને ત્યાંથી એમની ગાડીમાં અમારે ઉતારે પહોંચાડચાં. એમ આ યાદગાર દિવસ વહી ગયાને પણ એક વર્ષ અને બે મહિના વીતી ગયા. શી ઈશ્વરની કૃપાદૃષ્ટિ છે!

હવે અમારી પાસે એક દિવસ ખાલી. આરામ કરીએ? પણ જેનો જીવ ચટપટિયો એ વળી આરામ કરે? પ્રો. બ્રાઉન અમારા યજમાન. કહે કે જવું હોય તો ચાલો યેઈલ જઈએ. હું અગાઉ ત્યાં ગએલો, અને ફરી જવામાં વાંધો નહોતો. જરા કૅમ્પસમાં ફરી પ્રખ્યાત નાટચપ્રયોજક બ્રુન્સ્ટીન સાહેબને, બને તો મળી પાછા ફરશું; નહિ તો સીધા ન્યૂ યૉર્ક પહોંચીશું. એમ વિચારી અમે સવારના જ યેઈલ જવા મોટર હંકારી.

આ યાલ કે યેઈલ યુનિવર્સિટી ન્યૂ હૅવનમા. એમાં આપણા દેશના ઘણા વિદ્યાર્થીઓ ભણ્યા છે, ઘણાએ ત્યાં પ્રવાસ ખેડચો છે; પણ ઘણા થોડાને એ ખબર હશે કે એ યેઈલસાહેબ મદ્રાસના એક વખતના ગવર્નર હતા! ક્લાઈવ, હેસ્ટિંગ્સ, બેન્ટિક, કર્ઝન જેવા (અનુ. પૃ. ૪૭૪)

નૃત્યમાં આંગિક અભિનયનું એક મુખ્ય અંગ હસ્તમુદ્રાઓ

(ભરતનાટ્યમ-૬)

લેખક
સુનીલ કોઠારી



▷ ધર્મોપદેશ આપતી બુદ્ધમૂર્તિની પ્રવચનમુદ્રા

ભરતનાટ્યમમાં આંગિક અભિનયના મુખ્ય અંગ તરીકે હસ્તમુદ્રાઓનો ખાસ ઉપયોગ થાય છે. આપણે નૃત્ત વિભાગમાં અલંકારાત્મક મુદ્રાઓ જોઈ ગયા, નૃત્તમાં તે માત્ર 'શોભા' વધારે છે, પરંતુ અભિનય વિભાગમાં તો હસ્તમુદ્રાઓ કાવ્ય નિપજાવે છે. ત્યાં તેનો ઉપયોગ માત્ર વર્ણનાત્મક, ઉદાહરણાત્મક સાયુજ્ય કે સામ્ય દર્શાવવા માટે જ થતો નથી. એમાં તો કળાકાર પોતાના મનોધર્મ દ્વારા મુદ્રાઓમાં પ્રાણ રેડી પ્રસંગને કાવ્યોચિત માધુર્ય બક્ષે છે.

હસ્તમુદ્રાઓનો ઉપયોગ ભારતમાં ઈસ્વી સન પૂર્વે છઠ્ઠી શતાબ્દી પહેલાં પણ થતો હતો તેવું માનવાને સબળ કારણો છે. બુદ્ધના સમયમાં તો હસ્તમુદ્રાઓનું બાહુલ્ય જાણીતું છું. તંત્રમાર્ગમાં પણ અનેક મુદ્રાઓ પ્રચલિત છે. તે ઉપરાંત મૂર્તિવિધાન વગેરેમાં પણ હસ્તમુદ્રાઓનો વિનિયોગ જાણીતો છે. બુદ્ધની ભૂમિસ્પર્શ મુદ્રા, નમન વ્યક્ત કરતી અંજલિ મુદ્રા (જે ક્રિશ્ચિયન ધર્મમાં પણ પ્રચલિત છે), વ્યાખ્યાન મુદ્રા, ધર્મચક્ર મુદ્રા, શિવના નૃત્યશિલ્પમાં ગજહસ્ત અને અર્ધચંદ્ર મુદ્રાઓ, અભયહસ્ત વગેરે ઘણાં જાણીતાં અને પરિચિત ઉદાહરણો છે.

વળી મુદ્રાઓ મંત્રને વધુ બળવત્તર બનાવવા ઉપયોગમાં લેવાતી તેવું પણ મનાય છે. લાગણી, ભાવ કે વિચાર વ્યક્ત કરવાના માધ્યમ તરીકે મુદ્રાઓનો ઉપયોગ થતો. બોલચાલની ભાષામાં, ક્યારેક શબ્દો જે વ્યક્ત ન કરી શકે તે હાથના હાવભાવ, હલનચલન કે ગતિ દ્વારા વધુ સમળ રીતે વ્યક્ત થાય છે. આપણે ઘણી વાર જુસ્સાપૂર્વક કશું કહેવું હોય ત્યારે હવામાં હાથ વીંઝીએ છીએ અથવા મુક્કો ઉગામી કે પછાડી કહેવાની વાતમાં જોશ મૂકીએ છીએ. શબ્દો જે કેટલુંક ધારેલું કામ કરવા અસમર્થ હોય તે હસ્તમુદ્રાઓ સચોટપણે વ્યક્ત કરે છે.

નાટ્યશાસ્ત્રમાં 'હસ્તપ્રાણ'નો ઉલ્લેખ છે. હાથની આ મુદ્રાઓમાં જીવંત શક્તિનું આરોપણ એ 'પ્રાણ' શબ્દ દ્વારા સૂચવાય છે. ધર્મશાસ્ત્રોમાં તેમજ દેવીદેવતાઓનાં શિલ્પનિરૂપણમાં આ હસ્તમુદ્રાઓનું વૈપુલ્ય જોવા મળે છે. કેટલીક હસ્તમુદ્રાઓનાં મૂળ આમ દેવતાઓની 'દિવ્ય ક્રિયા'માં જોવા મળે છે. જેમ કે શાસ્ત્રોક્ત 'પતાક હસ્ત'નું મૂળ નીચે મુજબની વાર્તામાં જોઈ શકાય છે: જ્યારે દાનવોએ દેવો રચિત નાટ્યમાં ભંગાણ પાડયું ત્યારે ઈન્દ્રે જર્જરધ્વજ લઈ હુમલો કર્યો. બ્રહ્મા હાથ ઊંચો કરી ધસ્યા, ત્યારે બધાં આંગળાં સાથે રાખી, સપાટ હથેળી ધરી તે ધસ્યા હતા. તે પતાક હસ્ત. બુદ્ધ ભૂમિને સ્પર્શ કરી તેને માર સામે સાક્ષી તરીકે બોલાવે છે તે ભૂમિસ્પર્શ મુદ્રા. આમ મુદ્રાઓની ઉત્પત્તિ દિવ્યક્રિયામાં જોવા મળે છે.

ભરતનાટ્યમની હસ્તમુદ્રાઓ મુખ્યત્વે 'અભિનય-દર્પણ' ગ્રંથના આધારે વપરાશમાં આવી છે. દરેક મુદ્રાનો વિશિષ્ટ રંગ, મુનિ, જાતિ અથવા વર્ણ ને અધિષ્ઠાતા દેવ પણ શાસ્ત્રોમાં સૂચવેલાં છે. જેમ કે અર્ધચંદ્ર મુદ્રાનો વર્ણ ધૂમ્ર જેવો, મુનિ અત્રિ, વર્ણ કે જાતિ વૈશ્ય અને અધિષ્ઠાતા દેવ મહાદેવ લેખાયા છે. અહીં આપણે તેની વિગતોમાં ન ઊતરતાં નૃત્યમાં મુદ્રાઓના વિનિયોગ કઈ રીતે થાય છે તેનો વિચાર કરીશું.

આગળ કહ્યું તેમ મુદ્રાઓને શાસ્ત્રમાં 'હસ્ત' કહે છે. હસ્ત બે પ્રકારના હોય છે: અસંયુક્ત અને સંયુક્ત. અભિનયદર્પણમાં અસંયુક્ત હસ્તની સંખ્યા અઠ્ઠાવીસની છે અને સંયુક્ત હસ્તની ચોવીસની છે. નાટ્યશાસ્ત્રમાં આ સંખ્યા જુદી પડે છે. ઉપરાંત 'ભરતાર્ણવ', 'હસ્તલક્ષણદીપિકા', શુભંકર કવિની 'હસ્તમુક્તાવલિ' અને એવા અન્ય હસ્ત વિષયક ગ્રંથો અથવા તે શાસ્ત્રોમાંનાં હસ્તવિષયક પ્રકરણોમાં સંખ્યાફેર જોવા મળે છે. ભરતનાટ્યમમાં બધી સરળતા અને એકવાક્યતા સચવાય તે માટે અભિનયદર્પણમાં નિર્દેશેલા પ્રકારો અને ઉપયોગોને અનુસરવામાં આવે છે.

અભિનય સૂચવવા આ હસ્તોનો ઉપયોગ થાય છે. કેટલીક વાર પદાર્થાભિનયમાં પ્રત્યેક શબ્દ માટે મુદ્રા સૂચવીને અભિનય નિરૂપણ થાય છે, તો કેટલીક વાર માત્ર સૂચનાત્મક ઢબે અમુક મહત્ત્વના શબ્દ માટે તેના વડે ભાવ સૂચવાય છે. દરેક હસ્તના જુદાજુદા વિનિયોગ છે.

અસંયુક્ત હસ્તમાં પતાક, ત્રિપતાક, અર્ધપતાક, કર્તરીમુખ, મયૂર, અર્ધચંદ્ર, અરાલ, શુક્તુણ્ડક, મુષ્ટિ, શિખર, કપિત્થ, કટકામુખ, સૂચિ, ચંદ્રકલા, પદ્મકોષ, સર્પશીર્ષ, મૃગશીર્ષ, સિંહમુખ, કાંગુલ, અલપદ્મ, ચતુર, ભ્રમર, હંસાસ્ય, હંસપક્ષ, સદંશ, મુકુલ તામ્રચૂડ ને ત્રિશૂલક એમ કુલ ૨૮ હસ્તનો સમાવેશ થાય છે. સાથેનાં રેખાંકનોમાં આ બધા દર્શાવ્યા છે.

આ હસ્ત કઈ રીતે દર્શાવવા તેની પણ નોંધ અભિનયદર્પણમાં આપી છે. જેમ કે પતાક હસ્તમાં હથેળી સીધી રાખી બધાં જ આંગળાં સીધાં રાખવાનાં હોય છે. ફક્ત અંગૂઠો હથેળીમાં વાળવાનો રહે છે. સાથેની પૂર્તિ જુઓ. એ પતાક હસ્તના વિનિયોગ આપણે જોઈએ.

नाट्यारम्भे वारिवाहे वने वस्तुनिषेधने।
कुचस्थले निशायां च नद्याममरमण्डले ॥
तुरङ्गे खण्डने वायौ शयने गमनोद्यमे।
प्रतापे च प्रसादे च चन्द्रिकायां घनातपे॥
कवाटपाटने सप्तविभक्त्यर्थे तरंङ्गके।
विधि (वीथी) प्रवेशभावेऽपि समत्वे चाङ्ग रागके।
आत्मार्थे शपथे चापि तूष्णीं भावनिदर्शने।
तालपत्रे च खेटे च द्रव्यादि स्पर्शने तथा ॥
आशीर्वादक्रियायां च नृपश्रेष्ठस्य भावने।
तत्र तत्रेति वचने सिन्धौ तु सुकृतिक्रमे ॥
सम्बोधने पुरोगेऽपि खड्गरूपस्य धारणे।
मासे संवत्सरे वर्षदिने सम्मार्जने तथा ॥
एवमर्थेषु युज्यन्ते पताकहस्तभावनाः ॥ (શ્લોક ૬૪થી ૬૯)

આના અર્થ તો સ્પષ્ટ છે: નૃત્યની શરૂઆતમાં, વાદળ દર્શાવવા, વન, વસ્તુ નિષેધ માટે, સ્તન, રાત્રિ, નદી, આકાશ, અશ્વ, કાપવું, પવન, સૂવું, જવું, પ્રતાપ બતાવવો, કૃપા દર્શાવવી, ચન્દ્રિકા, આકરો તાપ, બારણાં બંધ કરવાં, સાત વિભક્તિના અંતે—મારું, તમારું, તેનું, સમુદ્રનાં મોજાં, વીથીપ્રવેશ, સમત્વ, અંગરાગ (શરીરે ચંદનાદિનો લેપ કરવા જેવી ક્રિયા બતાવવા), આત્માર્થે, શપથ લેતાં, શાંત રહો તેવી સૂચના આપતાં, તાલપત્ર, ઢાલ, દ્રવ્યાદિનો સ્પર્શ કરતાં, આશીર્વાદની ક્રિયા દર્શાવતાં, નૃપશ્રેષ્ઠનો ભાવ બતાવતાં, અહીં ત્યાં પણે તેવું સૂચવવા, સમુદ્ર દર્શાવવા અને સુકૃત્યોનું વર્ણન કરતાં, સમ્બોધન કરતા, આગળ આવો તેવું સૂચવવા, ખડ્ગ ધારણ કરતાં, મહિનો, સંવત્સર વર્ષાદિન

સૂચવવા અને સાવરણાથી કચરો વાળતાં હોઇએ તેવું દર્શાવવા પતાક હસ્તનો વિનિયોગ કરવો.

આ જ રીતે ત્રિપતાક, અર્ધપતાક, કર્તરીમુખ ઇત્યાદિ મળી અઠ્ઠાવીસ હસ્તના વિવિધ વિનિયોગ સૂચવ્યા છે. કલાકાર આનુપૂર્વી સમજી, પદના ભાવને પોષક હોય તે અનુસાર હસ્તમુદ્રાઓનો વિનિયોગ કરે છે.

આ થયા અસંયુક્ત હસ્ત. હવે સંયુક્ત હસ્ત વિષે વિચારીએ. તેના પ્રકાર ચોવીસ છે. તેમાં અંજલિ, કપોત, સ્વસ્તિક, દોલાહસ્ત, પુષ્પપુટ, ઉત્સંગ, શિવલિંગક, કટાકવર્ધન, કર્તરી સ્વસ્તિક, શકટ, શંખ, ચક્ર, સંપુટ, પાશ, કીલક, મત્સ્ય, કૂર્મ, વરાહ, ગરુડ, નાગબંધ, ખટ્વા અને ભેરુન્ડનો સમાવેશ થાય છે.

જેમ પતાક હસ્તના વિનિયોગનો શ્લોક આપણે જોયો તેમ એક સંયુક્ત હસ્તનો પણ જોઇએ. કર્તરી સ્વસ્તિક હસ્તનો શ્લોક છે:

कर्तरि स्वस्तिकाकारा कर्तरि स्वस्तिको भवेत्
शाखासु चाद्रिशिखरे वृक्षेषु च नियुज्येत्।

શાખા, અદ્રિશિખર અને વૃક્ષો દર્શાવવા કર્તરી સ્વસ્તિક હસ્તનો ઉપયોગ કરવો. (શ્લોક ૧૮૮) આ જ રીતે અન્ય સંયુક્ત હસ્તના વિનિયોગ અભિનય દર્પણમાં જણાવ્યા છે. 'કલાક્ષેત્ર' જેવી નૃત્યશાળામાં તો વિદ્યાર્થીઓએ આ શ્લોકો કંઠસ્થ કરવાના હોય છે અને રોજેરોજ તેનો અભ્યાસ વિનિયોગ સાથે કરવાનો રહે છે. કલાક્ષેત્રની એ પરંપરા આગળ વધારતાં અન્ય સ્થળોએ—જેવાં કે વડોદરા મહાવિદ્યાલયના નૃત્યવિભાગમાં શ્રીમતી અંજલિ મેઢ તથા અન્યત્ર કલાક્ષેત્રનાં અન્ય વિદ્યાર્થીઓ આ પરંપરાને અનુસરે છે, જે ઉચિત છે અને તે દ્વારા આ કળાનું હાર્દ પામી શકાય છે.

અભિનય વિભાગમાં હસ્તમુદ્રાઓનું મહત્ત્વ સૌથી વિશેષ છે, કારણ કે તેમાં નૃત્યની ગતિ રહે છે અને તે દ્વારા એક સાંકેતિક ભાષાનું પરિમાણ નૃત્યમાં ઉમેરાય છે. ભાષા માત્ર ભાષા મટી કાવ્ય પણ બને છે. પરંતુ તેનો આધાર કલાકારના મનોધર્મ અને સંચારી ભાવોની લીલામાં રહે છે. બાલાસરસ્વતી જેવા વિરલ કલાકાર બે હસ્ત મુદ્રાઓમાં યુગોના યુગોને સમાવી શકે છે, કરોડો યોજન અંતરોને પણ સાંધી શકે છે. એક 'વર્ણમ્'માં નાયિકા નાયકથી વિખૂટી પડી છે. અષ્ટમીનો ચંદ્ર વધીને પૂર્ણચંદ્રે પહોંચ્યો છે પણ નાયક ક્યાં? નાયક-મિલન માટે અધીરી વિરહોત્કણ્ઠિતા નાયિકાને એ ચાર-પાંચ દિવસ યુગોના યુગો સમા વિકટ ભાસે છે. બાલાસરસ્વતી અર્ધચંદ્ર મુદ્રા દર્શાવી, બીજી જ પળે અલપદ્મ હસ્ત દ્વારા પૂર્ણચંદ્ર દર્શાવી, તે બે મુદ્રાઓ વચ્ચે એવા અદ્ભુત ભાવથી સમયને સંગોપી શકે છે અને એવું કલ્પનોત્થ કાવ્યોચિત નિરૂપણ દર્શાવે છે, કે છક થઈ જઈએ. બીજા એક પદમાં ચંદ્ર ઊગતાં પોયણી ખીલે છે. ચંદ્ર અને પોયણી બન્ને કરોડો યોજન દૂરનાં અંતરે હોવા છતાં પોયણી ચંદ્રાભિમુખ રહે છે તેમ, નાયિકા હવે પરકિયા બની હોવા છતાં નાયક પ્રત્યેની પ્રીતિ વિસારી શકતી નથી—સ્થૂળ અંતર હોવા છતાં તેનું હૈયું નાયકાભિમુખ રહે છે. આ વસ્તુને એક હસ્તથી ચંદ્ર તથા અન્યથી પોયણી અને ત્રીજા અભિનયમાં સૂચિમુદ્રાથી ચંદ્ર અને પોયણી વચ્ચેનું અંતર તેઓ સાંધી આપે છે! હસ્તમુદ્રાઓ ત્યારે જે ભાષા બોલવા માંડે છે તે સમસ્ત પદને ઊંચી કોટિએ અને અલૌકિક રસાનુભવની કક્ષાએ પહોંચાડે છે. (ક્રમશઃ)

અનુસંધાન] **જુગલબંધી** [પૃ. ૪૭૨થી

સર લૉર્ડ સાહેબોએ હિંદમાંથી જે દોલત એકઠી કરી હતી, એમાંના આ યેઈલ સાહેબે પણ ઠીક ધન એકઠું કરેલું. એ દોલત તે કંઈ આજના જેવી રૂપિયાની નોટોની થપ્પીઓ નહિ. સોના-ચાંદીની પાટો, હીરામોતી-ઝવેરાતના થપ્પા અને સોનાચાંદીના સિક્કાઓનું નગદ નાણું. એ રકમમાંથી યેઈલ સાહેબના મનમાં ભણતરના ક્ષેત્રમાં દાન કરવાની વૃત્તિ થતાં અહીં યેઈલમાં યુનિવર્સિટી કાઢવા સારી જેવી રકમ આપી દીધી. ના જી, એણે આ યેઈલનું પાદર પણ જોયું નહોતું. કોઈ સેવાકાંક્ષી ભાઈ યા બહેન એને વતન એને ઘેર પહોંચી ગયા હશે, અને તત્ક્ષણે દાનવૃત્તિ એમની જાગ્રત થઈ હશે, તે એમણે દાનમાં રકમ આપી દીધી. ત્યાં એમનું પૂતળું છે. પૂતળાની નીચે સદ્ભાગ્યે એમના નામ સાથે મદ્રાસ ઈલાકાનું નામ સાંકળેલું છે, નહિ તો વળી આવી વાત મારી માને પણ કોણ?

ત્યાંનું કૅમ્પસ સરસ છે. જૂનવાણી ઢબનું છે પણ ગૌરવવાળું છે. વાતાવરણ શાંત અને મકાનો અંગ્રેજી ઢબનાં છે. અહીં સ્પીચ અને ડ્રામાના શિક્ષણમાં જૂના છતાં નવા જેવા લાગતા ખુન્સ્ટીને ધરાધરના ફેરફાર કરી, પહેલાં બધાને ગભરાવી દઈ, પછી થોડા જ મહિનામાં છક કરી નાખ્યા છે. એની શીખવા-શીખવવાની આખી મેથડના સિદ્ધાંતોમાં મૂળથી ફેરફાર કરી નાખ્યો. સવાલ એ છે કે 'પહેલાં પાઠ ને પછી તાલીમ' એ વ્યવસ્થા સારી કે 'પાઠ અને તાલીમ બંને સાથેસાથે' એ વ્યવસ્થા સારી? એ બંને વાતને એણે આખી રાખી. પહેલાં તાલીમથી શરૂઆત કરી પાઠ નક્કી કરવા માંડયો, અને એ પ્રયોગોમાં એને સફળતા પણ મળી. એ આખી ક્રિયા ત્યાં રહી શીખવા-જાણવા જેવી છે. કેવળ ચર્ચા થકી એનો ખયાલ નહિ આવે.

ન્યૂ હૅવનમાં અમે ખહુ ફર્યાં. પાછા ફરતાં એની વિસ્તરતી બંદરગાહ જોઈ. આમ જુઓ તો એ આખો કાંઠો જ નાનાંમોટાં બંદરી જહાજોથી ભરચક રહે છે. ક્યાંક કંઈક નાનું શિંગડું પણ સાગરે ધરતીમાં માર્યું કે ભેરવ્યું છે કે ત્યાં ધક્કો, જેટ્ટી, માલ લઈ જવા લાવવાની વ્યવસ્થા ઊભી કરી જ દીધી છે! ન્યૂ યૉર્કથી લૉંગ આઇલૅન્ડની પ્રદક્ષિણા કરી, હોડકામાં કાંઠેકાંઠે ફરવા નીકળી, બૉસ્ટન સુધી પહોંચ્યા તો તમને ક્યાંય એવો ખાંચોખૂણો ન મળે જે વાંઝિયો લાગે.

તે સાંજે ર્‌હોડ આઇલૅન્ડ અમે પાછા ફર્યા ત્યારે પ્રો. બાર્નરહિલને પૂછી ત્યાંનાં તેમજ આસપાસનાં ગુજરાતી ભાઈબહેનોએ એક નાનો મેળાવડો અને ડિનર યોજ્યાં હતાં; ત્યાં કેટલાંક જિજ્ઞાસુ ભાઇબહેનોએ મીનળને એની તાલીમ વિષે, ગીત ગોવિંદના કાવ્ય વિષે અને એમાં વર્ણવેલા વિરહોત્સુક શૃંગાર વિષે ઘણા સવાલો પૂછ્યા; ગીત ગોવિંદનું પુસ્તક શી રીતે મેળવવું તે પૂછ્યું, આમ જયદેવ અને એના જીવનની આખ્યાયિકાઓ સજીવન થઈ.

સુનીલ કોઠારીને જયદેવનું ગીત ગોવિંદ તો વહાલું, પરંતુ એને વધારે વહાલી ભરતનૃત્યમ્ કે ઓડિસી કે કુચીપુડીની અંગભંગિઓ અને એમાંના ભેદપ્રભેદ; એટલે એણે તો પોતે તથા મીનળબહેનની મદદથી એના ભેદ બતાવ્યા. એમાં કોઇકે મણિપુરી વિષે પૂછ્યું એટલે રાધાકૃષ્ણનાં રાસ-ગીત થકી લથબથ મણિપુરીના ક્ષેત્રમાં ગીત ગોવિંદની કૃતિની ઉપયોગિતા, એનું સ્થાન અને એમાંનો ભક્તિભાવ ચર્ચવા જામી પડયા!...બીજી સવારે અમે ર્‌હોડઝ આઇલૅન્ડથી વિદાય લીધી. (ચાલુ)



૧ શિવલિંગ




૨ કટકાવર્ધન




૩ કર્તરી સ્વસ્તિક



૪ શંખ




૫ ચક્ર



૬ પાશમ્



૭ કીલક




૮ મત્સ્ય



૯ ગરુડ



૧૦ નાગબંધ




૧૧ ખટ્વા



૧૨ ભેરુન્ડ

સંયુક્ત હસ્ત ના ચોવીસ પ્રકારો અભિનયદર્પણમાં દર્શાવ્યા છે, જેમાંના બાર: (૧) **શિવલિંગ**: ડાબા હસ્તથી અર્ધચંદ્ર અને જમણા વડે શિખર મુદ્રા–શિવલિંગનો. (૨) **કટકાવર્ધન**: બંને હસ્ત વડે કટકામુખ મુદ્રા સાથે હાથની આંટી. રાજ્યાભિષેક, લગ્ન, આશીર્વાદ. (૩) **કર્તરી સ્વસ્તિક**: બંને હસ્ત કર્તરી મુદ્રામાં–પર્વત, શિખરો અને વૃક્ષ તેની શાળાપ્રશાખાઓ (૪) **શંખ**: ડાબા હાથના અંગૂઠાને જમણા હાથની મધ્યમાં, અનામિકા ને કનિષ્ઠિકા વડે પકડી, બંને હાથનાં બાકીનાં આંગળાં લંબાવીને. શંખનું સૂચન. (૫) **ચક્ર**: અર્ધ ચંદ્ર મુદ્રામાં બંને હસ્તની હથેળી એકબીજી પર મૂકી ચક્રનું સૂચન. (૬) **પાશમ્**: શૂચિ મુદ્રાની તર્જનીને વાળીને એકબીજીમાં ભીડાવી મતભેદ, શત્રુતા, બંધન વગેરેનું સૂચન. (૭) **કીલક**: મૃગશીર્ષ હસ્તની કનિષ્ઠિકાઓને ભીડાવીને પરસ્પરની ચાહના કે પ્રેમીઓના વાર્તાલાપનું સૂચન. (૮) **મત્સ્ય**: પતાક હસ્ત એકબીજા પર મૂકી, અંગૂઠા તથા કનિષ્ઠિકા વિસ્તારીને મત્સ્યનું સૂચન. (૯) **ગરુડ**: અર્ધચંદ્ર હસ્તની હથેળી એકબીજી પર મૂકી ગરુડ કે પક્ષીનું સૂચન. (૧૦) **નાગબંધ**: સર્પશીર્ષ હસ્ત દ્વારા સર્પદ્વય, અંતઃપુર, લતાગૃહ, ગ્રીષ્મભવન કે કુંજનું સૂચન. (૧૧) **ખટ્વા**: ચતુર હસ્તમાં તર્જની અને અંગૂઠા વિસ્તારીને એકબીજા પર મૂકી ખાટલા-શય્યાનું સૂચન. (૧૨) **ભેરુન્ડ**: કપિત્થ હસ્તને એકબીજાની નજીક લાવી ભેરુન્ડની જોડનું સૂચન.

(૮) **શુકતુણ્ડ** : તીર છોડવું, ભાલું ફેંકવું, રહસ્ય, ક્રોધાવેશ વગેરે સૂચવવા. (૯) **મુષ્ટિ** : સ્થૈર્ય, કેશ પકડવા કંઇ પણ વસ્તુ ગ્રહણ કરવી, મલ્લયુદ્ધ. (૧૦) **શિખર** : કામદેવ, ધનુષ, સ્તંભ, શાંતિ, પતિ, દાંત, પ્રશ્ન, કટિબંધ છોડવો, ભેટવું, પ્રેમી, ઘંટારવ વગેરે. (૧૧) **કપિત્થ** : લક્ષ્મી કે સરસ્વતી દેવી, મંજીરાં પકડવાં, ગાય દોહવી, કામક્રીડા કે પ્રેમચેષ્ટામાં પુષ્પ ગ્રહણ કરવું વગેરે. (૧૨) **કટકામુખ** : ફૂલ ચૂંટવાં, મુક્તા-માળા કે પુષ્પમાળા પકડવી, ધીરેથી ધનુષ ખેંચવું, તાંબુલ વહેંચવું, બોલવું કે નજર નાખવી વગેરે. (૧૩) **સૂચિ** : એક યા એક સોની સંખ્યા, પરબ્રહ્મ, સૂર્ય, નગર, જગત, 'તું' 'શું' યા 'તે' કહેવું, પંખો-વીંઝણો, ધમકી કે ચેતવણી આપવી, છત્ર, નગારું વગાડવું કે આશ્ચર્ય વ્યક્ત કરવામાં.



૧૪ ચંદ્રકલા



૧૫ પદ્મકોષ



૧૬ સર્પશીર્ષ



૧૭ મૃગશીર્ષ



૧૮ સિંહમુખ

(૧૪) **ચંદ્રકલા** : બીજની ચંદ્રકળા દર્શાવવા. (૧૫) **પદ્મકોષ** : ફળ, સ્તન, પુષ્પગુચ્છ, પુષ્પકળી, આમ્રફળ, પોયણી, પદ્મ, ઇંડું વગેરે માટે. (૧૬) **સર્પશીર્ષ** : ચંદનલેપ, સર્પ, ધીમી ગતિ, જલાભિષેક, હાથીના કાન ફફડાવવા, મલ્લને માર્જન દર્શાવવા. (૧૭) **મૃગશીર્ષ** : સ્ત્રી, ભય, ચર્ચા, અભિનેતાનો વેષ, આવાસ, છત્ર પકડવું, પ્રિયને બોલાવવું, ગાલ, પરંપરિત રીતભાત વગેરે. (૧૮) **સિંહમુખ** : પરવાળું, મોતી, વાળ સમારવા, જલબિંદુ, (હૃદય પર મૂકીને દર્શાવાય ત્યારે) પાપમુક્તિ, હાથી, પદ્મ, પુષ્પમાળ, સિંહમુખ, ઔષધ ચાખવું વગેરેના સૂચન માટે.



૧૯ કાંગુલ



૨૦ અલપદ્મ



૨૧ ચતુર



૨૨ ભ્રમર



૨૩ હંસસ્ય

(૧૯) **કાંગુલ** : સ્તન, શ્વેતકમળ, કપોત વગેરે. (૨૦) **અલપદ્મ** : પૂર્ણવિકસિત કમળ, વિરહોત્કંઠા, દર્પણ, પૂર્ણચંદ્ર, ચંદ્રમંડપ, ગ્રામ ઊંચાઇ, ક્રોધ, કલકલ નાદ, પ્રશંસા વગેરે. (૨૧) **ચતુર** : કસ્તૂરી, સૂક્ષ્મ (ઓછું,) આંખો, ટુકડા થઇ જવા વગેરેના સૂચનમાં. (૨૨) **ભ્રમર** : મધ-માખી, પોપટ, સારસ, કોયલ, સંગમ વગેરે સૂચવવા. (૨૩) **હંસાસ્ય** : લગ્નબંધન, ચોકસાઇ, જલબિંદુ, દીક્ષા આપવી વગેરેના સૂચન માટે. (૨૪) **હંસપક્ષ** : છની સંખ્યા, પુલ બનાવવો, નખક્ષત કરવા, ગોઠવવા વગેરેના સૂચનમાં. (૨૫) **સદંશ** : મમતા, આહુતિ, ભક્તિ, પાંચની સંખ્યા વગેરે દર્શાવવા. (૨૬) **મુકુલ** : કમળ, ભોજન, કામદેવના સૂચનમાં. (૨૭) **તામ્રચૂડ** : કૂકડો, સારસ, ઊંટ, વાછરડું, લેખન કે ચિત્ર-કાર્ય બતાવવા. (૨૮) **ત્રિશૂલ** : ત્રિપુટી, તાંબુલ વગેરેનું સૂચન.



૨૪ હંસપક્ષ



૨૫ સદંશ




૨૬ મુકુલ



૨૭ તામ્રચૂડ




૨૮ ત્રિશૂલ



△ બુદ્ધની મૂર્તિઓમાં વિવિધ હસ્તમુદ્રાઓ (અનુક્રમે) અભય મુદ્રા, ધ્યાન મુદ્રા, ભૂમિસ્પર્શ મુદ્રા અને પ્રવચન મુદ્રા

હસ્તમુદ્રાઓનો ઉપયોગ તો ભારતમાં સદીઓથી થતો હોવાનાં પ્રમાણ મળે છે. ઉપર દર્શાવ્યા પ્રમાણેની બુદ્ધપ્રતિમાઓમાં વિવિધ ભાવ દર્શાવતી જુદીજુદી હસ્તમુદ્રાઓ જાણીતી છે. નૃત્યમાં તે ભાવ ને વિચાર વ્યક્ત કરવા સાથે નૃત્યવિષયને કાવ્યોચિત માધુર્ય બક્ષે છે. ભરતનાટ્યમ્‌માં મુખ્યત્વે 'અભિનયદર્પણ'ના આધારે મુદ્રાઓ (હસ્ત) પ્રયોજાય છે. એના બે પ્રકાર છે: એક જ હાથથી દર્શાવાતી 'અ-સંયુક્ત' મુદ્રાઓ તથા બે હાથના સંયોગથી રચાતી 'સંયુક્ત' મુદ્રાઓ. અસંયુક્ત મુદ્રા એ નૃત્યની પરિભાષાના મૂળાક્ષરો છે, તો સંયુક્ત મુદ્રા જોડાક્ષરો. ભરતનાટ્યમ્ નૃત્યમાં એનો શો વિનિયોગ થાય છે તે અહીં દર્શાવ્યું છે. દરેક મુદ્રાની નીચે તેનાં નામ આપ્યાં છે. કથકલી તથા અન્ય ભારતીય નૃત્ય શૈલીઓમાં પણ હસ્તમુદ્રાઓ પ્રયોજાય છે, પણ તેનાં નામ અને સંખ્યા આનાથી ભિન્ન છે.
–સં.



૧ પતાક હસ્ત અને ૨ ત્રિપતાક ▷




૩ અર્ધપતાક



૪ કર્તરીમુખ



૫ મયૂર



૬ અર્ધચંદ્ર



૭ અરાલ

(૧) **પતાક** હસ્ત : નૃત્યારંભમાં વાદળ, વન, નકાર, રાત્રિ, નદી, અશ્વ, જલછંટકાવ વગેરે દર્શાવવા વપરાય છે. (૨) **ત્રિપતાક** : મુકુટ, વૃક્ષ, વજ, ઇન્દ્ર, ગાલ, બાણ, દેહ ઘુમાવવો, સ્ત્રી–પુરુષ મિલન વગેરે દર્શાવવા. (૩) **અર્ધપતાક** : કોમળ ડાળખી, લેખનપીઠિકા, નદીકિનારો, કૃપાણ, ધ્વજ, મંદિરનું શિખર, શિંગડું, બેની સંખ્યા વગેરે માટે. (૪) **કર્તરીમુખ** : સ્ત્રીપુરુષનો વિચ્છેદ, સાન્નિધ્ય, નજર ચોરવી, મૃત્યુ, મતભેદ, વીજ-ચમકાર, એકાકી શયન, વેલનું નીચે પડવું વગેરે માટે. (૫) **મયૂર** : મોરની ચાંચ, લતા, શુકનવંતુ પક્ષી, ઊલટી કરાવી, ભાલપ્રદેશ, કેશ-સંમાર્જન, અશ્રુપાત, તર્ક-દલીલ કરવાં, પ્રસિદ્ધિ વગેરે સૂચવવા. (૬) **અર્ધચંદ્ર** : કૃષ્ણ-પક્ષની આઠમનો ચંદ્ર, (આવેશમાં કોઇની) ગરદન પકડવી, ભાલો, દેવને કંઈ અર્પણ કરવું, થાળ, ઉત્સુકતા, પ્રાર્થના, અંગસ્પર્શ, અભિનંદન વગેરે માટે. (૭) **અરાલ** : વિષપાનનું સૂચન.



૮ શુકતુણ્ડ



૯ મુષ્ટિ



૧૦ શિખર




૧૧ કપિત્થ



૧૨ કટકામુખ




૧૩ સૂચિ



△ **ઓરીગામી** વિષે અગાઉ 'કુમાર' (અંક ૫૮૦-એપ્રિલ '૭૨)માં કેટલાક નમૂના સાથે એક લેખ આવી ગયો. એના અનુસંધાને એક વધુ નમૂનો.

△ ઓરીગામીના આ નમૂના માટે જોઈતો ત્રિકોણ કાગળ કેમ તૈયાર કરવો એ ઉપરની પહેલી બે આકૃતિમાં દર્શાવ્યું છે. તે પછી ક્રમવાર આપેલી આકૃતિઓમાં તૂટક રેખા પર કાગળ વાળતા જઈ છેવટ તૈયાર પક્ષી દર્શાવ્યું છે. આકૃતિઓમાં 'કખગઘ' અક્ષરો કાગળ વાળવાની રીત સમજવામાં સહાય કરશે. તૈયાર પક્ષીની પીઠમાં દોરી પરોવી લટકાવી દો એટલે ઊડતું પક્ષી દેખાશે.



◁ **૧૯૭૨**–'કુમાર'ના અક્ષરાકારે ગોઠવેલા અંકચોરસોમાં ૪×૪=૧૬ ખાનાંવાળા કુલ ૧૬ ચોરસ તેમાં છે. આરંભની સંખ્યા ૨૩૮થી માંડી છેલ્લી ૭૪૮ની સંખ્યા દરમિયાનની બધી જ બેકી સંખ્યા તેમાં વપરાઈ છે. ૪×૪ ખાનાંવાળા દરેક ચોરસની ઊભી, આડી અને તીરકસ હારની સંખ્યાઓનો સરવાળો (ઈ.સ.) ૧૯૭૨ થાય છે. આ દરેક અંકચોરસની અંદર પાસેપાસેનાં અડોઅડ ચાર ખાનાંવાળા એક એવા નવનવ ચોરસ મળી કુલ ૧૪૪ પેટાચોરસ છે, જેનાં ચારચાર ખાનાંની સંખ્યાઓનો સરવાળો પણ ૧૯૭૨ થાય છે. વળી, દરેક મુખ્ય અંકચોરસની બાજુબાજુની બબ્બે હાર મળી રચાતા ૧૬ ખાનાંના દસ ચોરસોમાં પણ ઊભી અને આડી હારની સંખ્યાઓનો સરવાળો ૧૯૭૨ થાય છે. વળી, આ અંકચોરસોમાં વપરાએલી આરંભની અને અંતની સંખ્યા ૨૩૮ તથા ૭૪૮ ના આંકડાનો સરવાળો ૩૨ થાય છે તે ૧૯૭૨માંથી બાદ કરતાં ૧૯૪૦ રહે. બે ચોરસોના જોડાણ પરની બબ્બે હારમાંથી બનેલા દસે ચોરસમાં તીરકસ ગોઠવાતી સંખ્યાઓનો સરવાળો ૧૯૪૦ થાય છે અને એ દસે ચોરસની મધ્યમાંનાં ચાર ખાનાંના પેટાચોરસની ચાર સંખ્યાઓનો સરવાળો પણ ૧૯૪૦ થાય છે. આ ઉપરાંત પણ આમાં અન્ય ખૂબીઓ છે જે અંકરસિક વાચકો સરળતાથી શોધી શકશે. (પ્રેષક: કિશોર ન. ગોરધનદાસ–મુંબાઈ–૬).

ચાલો ક્રિકેટની કૉમેન્ટરી સાંભળીએ

ક્રિકેટનાં વિવિધ પાસાંની સવિગત સમજણ

લેખક
ભરત ના. ભટ્ટ

હું અમદાવાદમાં એમ. એ.નો અભ્યાસ કરતો હતો ત્યારે એક વાર વિદ્યાર્થીઓએ અને અધ્યાપકોએ પિકનિકમાં જવાનું ગોઠવેલું. પિકનિકના મુખ્ય કાર્યક્રમ ભોજનની પહેલાં હળવો મનોરંજન કાર્યક્રમ પણ રાખેલો, જેમાં સૌ કાંઈક કાંઈક હિસ્સો આપતાં હતાં. અમારા એક અધ્યાપકના બારેક વર્ષના પુત્રે, તેનાં મા-બાપના વખાણથી ને અમારા સૌના આગ્રહથી ક્રિકેટની કૉમેન્ટરી પણ તે કાર્યક્રમમાં રજૂ કરેલી. તે વખતે ભારત–વેસ્ટ ઇન્ડીઝ વચ્ચેની ૧૯૬૬-૬૭ની જાણીતી સીરીઝ તરતમાં જ પૂરી થએલી. પેલા બાબાએ એ સીરીઝની અસરવાળી જે કૉમેન્ટરી આપેલી તે આજે પણ કાનમાં જીવંત છે: 'ઍન્ડ હૉલ ઈઝ, હૉલ ઈઝ, હૉલ ઈઝ બાઉંડ... ઍન્ડ બાઉંડ ઈઝ સિક્સર; ઍન્ડ હૉલ ઈઝ ફોર; ઍન્ડ બાઉંડ ઈઝ હૉલ.' ગંભીરતા અને નિર્દોષતાથી સભર તેની આ અર્થનિરપેક્ષ અને અંતે 'ક્લાઇમૅક્સ' સાધતી કૉમેન્ટરી સાંભળી અમે સૌ મન મૂકીને હસેલાં.

અનેક રમતોની રનિંગ કૉમેન્ટરી અપાતી હોય છે, અને તેમાં જાણકારને મજા પણ પડે છે, પરંતુ ક્રિકેટ રમતા દેશોમાં મોટામાં મોટા વર્ગને જો કોઈ રમતની રનિંગ કૉમેન્ટરી આકર્ષી શકી હોય તો તે ક્રિકેટની. આમ છતાં એ વર્ગમાંથી બહુ ઓછાને એ રમતના ટેકનિકલ પાસાનો પૂરો (કે અધૂરો-પણ) ખયાલ હોય છે. કેટલાકને (નાના કિશોરોને ખાસ) કૉમેન્ટરી અંગ્રેજીમાં અપાતી હોવાથી મુશ્કેલી પડે છે, તો વળી ઘણાને ટેકનિકલ જ્ઞાનનો અભાવ નડે છે. આના થોડા નમૂના મજા આપશે.

વેસ્ટ ઇન્ડીઝની ટીમના પ્રખ્યાત ખેલાડીઓની એક મૅચ જોવા હું ગએલો, ત્યારના બે પ્રસંગો છે. હું મૅચ જોતો હતો. વેસ્લી હૉલની બાલિંગ ચાલતી હતી. અચાનક બાજુમાંથી મારે કાને શબ્દો પડચા: 'આ પેલો ઊંચો માણસ દોડીને શું ફેંકે છે?' પોતાના ક્રિકેટરસિક મિત્રની સાથે આવી ભરાએલા એક ગૃહસ્થે (બંને ૪૦ વર્ષ આસપાસના હશે.) પોતાના મિત્રને પૂછ્યું. મિત્રે જવાબ આપ્યો: 'અરે! આ બૉલની હૉલિંગ ('હૉલની બાલિંગ'ને બદલે) વિષેનું કાંઈ નથી જાણતો? એ તો બહુ પ્રખ્યાત છે.' અને આટલું કહી એ સર્વજ્ઞ પોતાના મિત્રના અજ્ઞાનને માફ કરી, ઝીણી આંખો કરી, મૅચ જોવા લાગ્યા. એ મૅચ જોઇને હું સાંજે ઘેર આવ્યો ત્યાં એક મિત્રે મારા રસિક વિષયની વાતો કાઢવાના ઈરાદાથી પૂછ્યું: 'પછી પેલા ધંટે (કોનરાડ હંટને બદલે) કેટલા રન કર્યા?' હજી સુધી હું તેમને જવાબ દઈ શકયો નથી. કોઈ 'ઘંટ' ક્રિકેટદુનિયામાં પ્રવેશે તેની રાહ જ જોવી રહીને?

કૉમેન્ટરી ચાલતી હોય ને આસપાસ કુમારોનું ટોળું રંગમાં ઊભું હોય ને કૉમેન્ટેટર બોલે કે 'ઈફ ધ ફીલ્ડર વુડ નૉટ હૅવ સ્ટૉપ્ડ ઈટ, ઈટ વુડ હૅવ બીન અ ફોર,' તો બધા 'ચોગ્ગો માર્યો ચોગ્ગો માર્યો' કરતા નાચી ઊઠશે; 'રાઉન્ડ ધ વિકેટ'ને 'વિકેટની ગોળ ફરતાં' એમ સમજશે, ને કંઈક ગોટાળા કરશે. મારા એક વડીલ અને ક્રિકેટના જાણકારને પૂછતાં સાંભળ્યા છે કે 'ટેઇકિંગ ગાર્ડ્ઝ ફ્રૉમ ધ અમ્પાયર' એટલે શું?'

આમ તો બધી રમતો—પરંતુ ક્રિકેટ તો તેમાં ટેકનિકલ ઊંડાણ ઘણું વિકસ્યું હોવાથી ખાસ—પૂર્ણપણે સમજ્યા જાણ્યા પછી જોવી કે સાંભળવી વધુ ગમે છે. હા, તેમ કરવા જતાં તેમાં ઠીકઠીક ઊંડા ઊતરવું પડે છે પણ એ પછી તેને માણવાની કોઈ અનેરી મઝા અનુભવાય છે. અહીં આપણે એ પારખવું છે કે કૉમેન્ટરી દ્વારા પણ આ રમતને પૂર્ણપણે કેવી રીતે સમજી શકાય છે ને તેનું ટેકનિકલ જ્ઞાન કૉમેન્ટરી સાંભળવામાં કઈ રીતે સહાયક થાય છે. આમાં બે બાબતો બનશે. એક તો એ કે



▷ 'ડિફેન્સિવ સ્ટ્રૉક ઑવ ધ બૅક ફૂટ.' (આકૃતિ ૧૨) સામાન્ય રીતે ઓવરુ પિચ બૉલ માટેનો આ ડિફેન્સિવ સ્ટ્રૉક છે. એમાં જમણો પગ અંશતઃ બૉલની લાઈનમાં આવે છે અને ડાબો પગ પાછળ, સ્ટમ્પની ઠીક ઠીક બહાર જાય છે. બેટ જમણા પગના ફણા પર ઊભું અને ઉપરથી આગળ નમેલું રહે છે. આમાં બૅટ જમીનથી ઊંચે હોય છે. આ જ સ્થિતિમાં બૅટને તાકાતથી ચલાવી બૉલને ફટકારવામાં આવે ત્યારે તે બૅક ફૂટ ડ્રાઈવ બને છે. ટેડ ડેક્સ્ટર બંને પ્રકારના—બૅક ફૂટ અને ફૉરવર્ડ ડ્રાઈવ માટે જાણીતા છે.

આપણે અંગ્રેજીનો ઠીકઠીક સહારો લેવો પડશે. બીજું એ કે રમતની સાવ નજીવી વિગતોથી માંડીને ઠીકઠીક ટેકનિકલ બાજુઓ સુધી આપણે જવું પડશે. આ બે બાબતો તરફ ધ્યાન ખેંચીને હવે આગળ ચાલું.

આવતા શિયાળામાં જે ખેલાડીઓનાં નામો આપણે કાને પડવાનાં છે તેઓને જ સાંકળીને આપણે કૉમેન્ટરી સાંભળીએ. આપણા કૉમેન્ટેટરો છે: વી. એમ. મરચંટ, આનંદ સેતલવાડ અને વી. એમ. ચક્રપાણિ. તેઓની સાથે બેઠા છે આંકડા નિર્દેશક આણંદજી ડોસા[1]. આપણે સવારે ૧૦-૨૫ના સમયે રેડિયો શરૂ કરીશું ને...


'ગુડ મોર્નિંગ લિસનર્સ, ધિસ ઈઝ આનંદ સેતલવાડ વેલકમિંગ યુ ઑન ધી ઓપનિંગ ડે ઑવ ધ ફર્સ્ટ ટેસ્ટ બિટવીન ઇન્ડિયા ઍન્ડ ઇંગ્લૅન્ડ અબાઉટ ટુ બિગિન ઍટ ઍબ્રાર્ન સ્ટેડિયમ બૉમ્બે.' આમ આપણને આવકાર મળશે, અને પછી હવામાનનો ખયાલ આપવામાં આવશે 'ધ સ્કાઈ ઈઝ વેરી કલીઅર ઍન્ડ ધ સન ઈઝ શાઇનિંગ બ્રાઈટલી.' મૅચના બધા દિવસોમાં સવારે હવામાનનો ખયાલ આપવામાં આવશે, કારણ તેના ઉપર જ તે દિવસની રમતનો આધાર છે.


આટલું થયા પછી કોમેન્ટેટર 'ધ ફાઈનલ ટીમ્સ આર...' એમ કહીને બંને ટીમોનાં નામ આપશે. કૉમેન્ટેટર જ્યારે નામ બોલતા હોય છે ત્યારે ઘણી વાર પહેલાં નાયકનું નામ બોલીને પછી બૅટિંગ ક્રમ પ્રમાણે બોલતા હોય છે; તો વળી ક્યારેક નાયકનું નામ પણ ક્રમમાં જ્યાં આવતું હોય ત્યાં જ બોલાય છે. સેતલવાડ બીજી પદ્ધતિએ બોલે છે એમ ગણીને ચાલીએ. એ ખેલાડીઓનાં નામ બોલાશે ને જરૂરી લાગશે ત્યાં થોડી પૂર્તિ પણ થશે, જેનો ગુજરાતી સાર કાંઈક આવો હશે: 'ભારતીય ટીમ આ પ્રમાણે છે: સુનીલ ગાવસ્કર, રામનાથ પાર્કર (એ ન્યૂ કૅપ ઍન્ડ ન્યૂ પાર્ટનર ઑવ ગાવસ્કર ફ્રોમ બૉમ્બે)[2] અજિત વાડેકર (સુકાની), દિલીપ સરદેસાઈ, વિશ્વનાથ, સોલકર, એન્જિનીઅર(વિકેટ કીપર), આબિદ


---

૧. ક્યારેક ક્યારેક કૉમેન્ટેટરોની સાથે 'એક્સપર્ટ્સ કૉમેન્ટ' માટે કોઈ એક નિવૃત્ત ક્રિકેટરને પણ રાખવામાં આવે છે, જે એક નિષ્ણાત તરીકે વચ્ચે વચ્ચે રમતની સમીક્ષા કરતા જાય. આપણે તેમને બાકાત રાખ્યા છે.

૨. પ્રથમ વાર ટેસ્ટ રમતા ખેલાડી માટે 'ન્યૂ કૅપ', 'મેઇકિંગ હિઝ ટેસ્ટ ડિબ્યૂ', 'મેઇકિંગ હિઝ ફર્સ્ટ અપીઅરન્સ' વગેરે પ્રયોગો વપરાય છે. સાથે સાથે તેનો થોડો પરિચય પણ અપાતો હોય છે.







લાક્ષણિક ફીલ્ડ સેટિંગ્ઝ : (આકૃતિ ૧) પહેલી આકૃતિ એક પ્રકારનું ઍટેકિંગ ફીલ્ડ દર્શાવે છે. વચ્ચેની આકૃતિમાં ડિફેન્સિવ ફીલ્ડિંગની મુખ્ય ગોઠવણ બતાવી છે. ત્રીજી આકૃતિમાં પહેલી બે આકૃતિમાં બતાવેલાં સ્થાનો ઉપરાંતનાં ફીલ્ડગનાં સ્થાન દર્શાવ્યાં છે. જમણેરી બૅટ્સમૅનને ખયાલમાં રાખીને આ ફીલ્ડસેટિંગ્ઝ દર્શાવ્યાં છે, અને એ રીતે 'ઑન' અને 'ઑફ' સાઈડ આપી છે. એ તો સૌને ખબર હશે જ કે વિકેટ કીપર અને બોલરને બાદ કરતાં નવ (૯) ફીલ્ડરોને સુકાનીએ ગોઠવવાના હોય છે.

અલી, વ્યંકટ રાઘવન, બિશનસિંગ બેદી અને ચંદ્રશેખર. બારમા ખેલાડી મોહિન્દર અમરનાથ છે. ઈંગ્લૅન્ડની ટીમના ખેલાડીઓ આ પ્રમાણે છે : બૅરી વૂડ, માઈક ડેનેસ, ઍમિસ, કેઈથ ફ્લેચર, ટૉની લેવીસ (સુકાની), ટૉની ગ્રેગ, ગ્રાહામ રૂપ, ઍલન નૉટ (વિ. કી.), આર્નોલ્ડ, પૅટ પોકૉક અને અન્ડરવૂડ. બારમા ખેલાડી બર્કેન્શૉ છે. આ પછી તેઓ જણાવશે કે 'ટૉની લેવીસ હૅઝ વન ધ ટૉસ ફૉર ઇંગ્લૅન્ડ ઍન્ડ ઇલેક્ટેડ ટુ બૅટ' (અર્થાત્ લેવીસે ટૉસ જીતી દાવ લેવાનું પસંદ કર્યું.)

હવે કૉમેન્ટેટર રમત શરૂ થવા પહેલાંની અંતિમ તૈયારીઓનો પરિચય આપશે. સૌપ્રથમ ભારતીય ટીમના સુકાની વાડેકર પોતાની ટીમને ફીલ્ડિંગ માટે મેદાન પર લાવશે. આ પછી મેદાન પર આવશે પોતાના વિશિષ્ટ પહેરવેશમાં બે અમ્પાયરો. બંને અમ્પાયરો પોતાનું સ્થાન લઈ લેશે ને (પુટ ઑન ધ બેઈલ્સ) સ્ટમ્પો પર ચકલાં ગોઠવશે. આટલું ગોઠવાયા પછી આપણે કાને પડશે 'ઍન્ડ નાઉ ઇંગ્લૅન્ડઝ ટુ ઓપનર્સ, બૅરી વૂડ ઍન્ડ માઈક ડેનેસ આર કમિંગ આઉટ ટુ ઓપન ધેઅર ફર્સ્ટ ઇનિંગ્સ'. આ સાથે કૉમેન્ટેટર તેઓનો થોડો પરિચય પણ આપશે. બંને ઓપનરો ક્રીઝ ઉપર પહોંચશે એટલે કૉમેન્ટેટર બોલશે : 'વૂડ વિલ ટેઈક ધ ફર્સ્ટ સ્ટ્રાઈક ઍન્ડ ડેનેસ વિલ બી ધ નોન-સ્ટ્રાઈકર'૩ પહેલી ઓવર વૂડ રમશે એમ આ ઉપરથી આપણને ખયાલ આવી જશે.

કૉમેન્ટરી આગળ ચાલશે : 'ફૉર ઇન્ડિયા આબિદ અલી વિલ ઓપન ધ બોલિંગ. હી વિલ બી ઑપરેટિંગ ફ્રૉમ ધ ચર્ચગેટ ઍન્ડ.' 'ટુ ઑપરેટ' એટલે આમ તો 'કામ કરવું' એવો અર્થ થાય, પણ અહીં તે 'ટુ બોલ' (બોલિંગ કરવી)ના પર્યાય તરીકે વપરાયો છે તે ખયાલમાં રાખવું. આ રીતે એક બીજો શબ્દ પણ બોલર સાથે સંકળાએલો છે. તે 'ઍન્ડ' (છેડો). બોલર કઈ વિકેટ તરફથી બોલિંગ કરે છે તે સ્પષ્ટ કરવા બંને સામસામી વિકેટોને—જેને એન્ડ કહેવામાં આવે છે તેને—ઓળખવા માટેનાં ખાસ નામ આપવામાં આવે છે. હવે ઊભી વિકેટની સીધમાં એક બાજુ તો કાયમ પેવેલિયન હોય છે, જેથી તે બાજુની વિકેટને તો 'પેવેલિયન એન્ડ' જ કહેવામાં આવે છે. તેની સામેના છેડાને (સામેની વિકેટને) કોઈ બીજું નામ આપવું જોઇએ અને તે કાયમી અપાએલું હોય છે. જેમકે મુંબાઈના સ્ટેડિયમમાં તેને 'ચર્ચગેટ એન્ડ' એવું નામ અપાયું છે, કારણ તે બાજુ જ ચર્ચગેટ સ્ટેશન આવેલું છે.

બૅટ્સમૅન ને બોલર વિષેની આટલી બાબતો રજૂ કર્યા પછી આપણી સમક્ષ વાડેકરે ગોઠવેલા ફીલ્ડ પ્લેસિંગનું શબ્દચિત્ર રજૂ કરશે. ક્રિકેટમાં ફીલ્ડ પ્લેસિંગની અગત્ય અજાણી નથી. તેનો પૂર્ણ પરિચય, માત્ર વર્ણનથી પણ, રમતને આપણાં ચક્ષુ સમક્ષ ખડી કરી દે છે. ફીલ્ડિંગની ગોઠવણીનો સામાન્ય પરિચય મેળવવા સાથેની આકૃતિ નં. ૧ પર નજર નાખો.

આ નકશો જો આપણા મનમાં બરાબર ગોઠવાઈ જાય તો કૉમેન્ટરી દ્વારા રમતના સમગ્ર સંચલન (Movement)ને આપણે તાદૃશ્ય કરી શકીએ. મૅચના આરંભમાં વાડેકરે જે ફીલ્ડિંગ ગોઠવી તે કાંઈક આ પ્રમાણે છે તેમ કૉમેન્ટેટરના શબ્દો કહે છે : 'ફૉર આબીદસ બોલિંગ, ધ ફિલ્ડ-પ્લેસિંગ ઈઝ; એન્જિનીઅર, ધ વિકેટકીપર૪ ઈઝ વેલ બિહાઈન્ડ ધ સ્ટમ્પ્સ.૫ ધેન, ટુ સ્લિપ્સ–વાડેકર ઍટ ફર્સ્ટ સ્લિપ ઍન્ડ ગાવસકર ઍટ સેકન્ડ. એ ગલી ધેટ ઈઝ વિશ્વનાથ, એ થર્ડ મૅન–સરદેસાઈ ઍન્ડ એ સિલી પોઇંટ–સોલ્કર; ધેટ ઈઝ ધ ઑન સાઈડ ફીલ્ડ. ઑન ધ લેગ સાઈડ ધેર ઈઝ પાર્કર ઍટ સ્ક્વેર લેગ, રાઘવન ઍટ લેગ સ્લીપ, બેદી ઍટ મિડ ઑન ઍન્ડ શેખર ઍટ લૉંગ લેગ. એ ગુડ ઍટેકિંગ ફીલ્ડ સેટ બાઈ વાડેકર ફૉર વૂડ.'

જો આપણે ફીલ્ડિંગના સ્થાનોને જાણતા હશું તો આ વર્ણનથી આપણા મનમાં બધી ગોઠવણી સ્પષ્ટ થઈ જશે. હવે આપણે–સાંભળનારે–સમજનારે એટલું ખયાલમાં રાખવું કે 'ફીલ્ડ પ્લેસિંગ ફૉર આબીદ' કે 'ફૉર વૂડ' એમ બોલર કે બૅટ્સમૅન બંનેના સંદર્ભમાં વપરાય છે. આનું કારણ એ છે કે ફીલ્ડિંગ ગોઠવવાનો આધાર અનેક બાબતો પર હોય છે. જેમ કે ઘણીવાર ફીલ્ડિંગની ગોઠવણીનો આધાર બૅટ્સમૅન કોણ છે તે પર હોય છે. દા. ત. કોઈક બૅટ્સમૅન સ્ક્વેર કટ કે લેઈટ કટ માટે વધુ

૩. બે ઓપનરોમાં જે પહેલી ઓવર ન રમવાનો હોય તેને માટે 'વાઈસ ઓપનર' કે 'સેકન્ડ ઓપનર' એવા શબ્દો પણ વપરાય છે. અન્યથા જે બૅટ્સમૅન ઓવર રમી રહ્યા હોય તે 'સ્ટ્રાઈકર' (સ્ટ્રાઈક એટલે ફટકો, સ્ટ્રાઈક એટલે ફટકારવું અને સ્ટ્રાઈકર એટલે ફટકારનાર) કહેવાય અને સામે છેડે ઊભેલો તે 'નૉન-સ્ટ્રાઈકર' કહેવાય.

૪. વિકેટ કીપરને ઘણી વાર કેવળ 'કીપર' પણ કહેવામાં આવે છે. આ જ રીતે કૅપ્ટન માટે વપરાતો 'સ્કિપર' શબ્દ પણ ઘણો પ્રચલિત છે.

૫. 'વેલ બિહાઈન્ડ ધ સ્ટમ્પ્સ' એટલે સ્ટમ્પ્સથી ઠીકઠીક દૂર-પાછળ. ઝડપી બોલિંગ વખતે વિકેટકીપરને વિકેટથી દૂર રહેવું પડે. સ્પિન અને સ્લો બોલિંગ વખતે તે 'ક્લોઝ ટુ ધ વિકેટ' હોય.



બૅટના ફટકાના કેટલાક પ્રકાર–'ડ્રાઈવ'; (અનુક્રમે) આકૃતિ–૭ **કવર ડ્રાઇવ** : એમાં બૅટ્સમૅનનો ડાબો પગ ઑફ સ્ટમ્પની બહાર પડતા બૉલની પિચ તરફ ગતિ કરશે અને ફટકારાએલો બૉલ 'કવર'ની દિશામાં જશે. આકૃતિ ૮–**ઑફ ડ્રાઈવ**માં ડાબો પગ ઑફ અને મિડલ સ્ટમ્પની સીધમાં આવશે. ઑફ સ્ટમ્પ પરના બૉલને આ રીતે મારેલો ફટકો 'લૉંગ ઑફ'ની દિશામાં મોકલશે. આ. ૯–**સ્ટ્રેઇટ ડ્રાઇવ** : આમાં ડાબો પગ પોતાની સીધી લીટીમાં જ આગળ આવશે અને મિડલ અને લેગ સ્ટમ્પ પરના બૉલને બોલરની પાસેથી પસાર કરી સીધી દિશામાં પાછો કઢાશે. કન્હાઇએ આ રીતે એક વાર સ્ટ્રેઇટ ડ્રાઈવથી ફટકારેલા બૉલે અમ્પાયરના પગે ઈજા કરેલી. આકૃતિ ૧૦–**ઑફ ડ્રાઈવ** એ બધા ડ્રાઈવ્ઝમાં સૌથી વધુ મુશ્કેલ છે. કારણ કે બૅટને બરાબર ફેરવવા માટે ડાબા પગને આવતા બૉલની લાઈનની બહાર લઇ જવો પડે છે. એથી એમાં શરીરની સમતુલા અને ફટકાની ચોકસાઇ સાચવવાં કઠિન છે. આમાં લેગ સ્ટમ્પ પરના કે તેની બહારના બૉલને લૉંગઑન બાજુ મોકલવામાં આવે છે. છેલ્લી આકૃતિ ૧૧-**ફોરવર્ડ ડિફેન્સિવ સ્ટ્રોક**ની છે. આ ફટકો મુખ્યત્વે શૉર્ટ પિચ બૉલ માટેનો સંરક્ષણાત્મક–ડિફેન્સિવ સ્ટ્રોક છે. એમાં ડાબા પગને બૉલની લાઇનની થોડો બહાર રાખી, બૅટને તેની સાવ નજીક અને બૉલની બરાબર લાઇનમાં રાખવામાં આવે છે. બૅટ ઊભું, ઉપરથી આગળ ઢળેલું અને નીચે જમીનને તદ્દન અડીને રહેલું જોઈએ. ઊંચાઈવાળો બૅટ્સમૅન આમાં વધુ આગળ વધીને ઠીકઠીક અંતર 'કવર' કરી શકે. આ પછીની આકૃતિ ૧૨ આ લેખના શીર્ષક સાથે આપી છે.

પ્રખ્યાત હોય તો તેને રન કરતો અટકાવવા માટે પૉઇંટ, ગલી, સ્લિપ વગેરે સ્થળે વધુ સારી ફીલ્ડિંગ ગોઠવવી પડે. વળી કોઈ બૅટ્સમૅન ઑફ કે કવરડ્રાઈવ સારા મારનો હોય તો કવર પૉઇંટ વગેરે બાજુની ફીલ્ડિંગ વધુ મજબૂત ગોઠવવી પડે. આમ જે બૅટસમૅન બૅટિંગ કરવાનો છે તેને નજરમાં રાખીને ફીલ્ડિંગની ગોઠવણી કરાય.

બીજી બાજુ બોલરને આધારે પણ ફીલ્ડિંગ ગોઠવવી પડે. જેમ કે ફાસ્ટ બોલર માટે સ્લિપ, લેગ સ્લિપ, ગલી, થર્ડ મૅન વગેરે જગ્યાઓએ ફીલ્ડરો હોવા જરૂરી છે. વળી જો સ્પિનર કે સ્લો બોલર બોલિંગ કરતો હોય તો બૅટ્સમૅનની સામેના ભાગમાં નજીક અને દૂર ફીલ્ડિંગ ગોઠવવી જોઈએ. આ ઉપરાંત ઘણીવાર બોલર જાણતો હોય કે અમુક બૅટ્સમૅનની લેગ સાઈડ નબળી છે, અર્થાત તેને લેગ બાજુના ફટકા બહુ ફાવતા નથી, તો બોલર ને લેગ બાજુ વધુ મજબુત ફીલ્ડિંગ ગોઠવશે ને લેગ બાજુના બૉલ વધુ નાખશે જેથી બૅટ્સમૅન વહેલો આઉટ થશે. આમ બૅટ્સમૅન અને બોલર બંને પર ફીલ્ડિંગ ગોઠવવાનો આધાર છે.

આ ઉપરાંત એક બીજી બાબત પર પણ ફીલ્ડ પ્લેસિંગનો આધાર છે, અને તે રમતની વર્તમાન સ્થિતિ. જેમ કે ફીલ્ડિંગ સાઈડ જીત ઉપર હોય ને સામેની ટીમને જલદી આઉટ કરવાની હોય તો તેનો સુકાની ઍટેકિંગ ફીલ્ડિંગ ગોઠવશે. ઍટેકિંગ ફીલ્ડિંગમાં મોટા ભાગના ફીલ્ડરો વિકેટની નજીક જ હોય. આથી બૅટ્સમૅનને આઉટ થવાની શકયતા વધારે રહે. દાવના આરંભમાં આ પ્રકારની ફીલ્ડિંગ જ ગોઠવવામાં આવે છે. આથી ઊલટું, જો ફીલ્ડિંગ ભરતી ટીમ હાર પર હશે તો તે 'ડિફેન્સિવ' ફીલ્ડિંગ ગોઠવશે. મોટા ભાગના ફીલ્ડરોને દૂર દૂર ઊભા રાખવામાં આવશે. આથી બૅટ્સમૅનને આઉટ કરવાનું મુશ્કેલ બનશે, પણ રનની ઝડપ ઓછી થશે. જ્યારે ફીલ્ડિંગ ભરતી ટીમને મૅચ ડ્રૉમાં લઈ જવી હોય ત્યારે આવી ફીલ્ડિંગ ગોઠવવામાં આવે છે. ઍટેકિંગ અને ડિફેન્સિવ એ બંને પ્રકારનો ખયાલ ફીલ્ડિંગના નકશામાં આપ્યો છે તે જોશો તો આ બાબત સ્પષ્ટ થશે. આપણે એ સમજી લેવું કે સારો ને સિદ્ધ બૅટ્સમૅન નજીકના ફીલ્ડરોના માથા પરથી દડાને બાઉન્ડરીએ પહોંચાડી આક્રમક ફીલ્ડિંગને સંરક્ષણાત્મક ફીલ્ડિંગમાં ફેરવવાની ફરજ પાડતો હોય છે. આપણા ભૂતપૂર્વ સુકાની પટૌડીના નવાબ ફીલ્ડરોના માથા પરથી દડો મોકલવામાં બહુ કુશળ છે.

સમગ્ર ફીલ્ડિંગ અને મેદાનના બે ભાગ પાડવામાં આવે છે : 'ઑન' બાજુ અને 'ઑફ' બાજુ. સામાન્ય રીતે ક્રિકેટની બધી પરિભાષા જમણેરી બૅટ્સમૅનના સંદર્ભમાં હોય છે. આપણે પણ એ જ સંદર્ભ રાખીએ તો જમણેરી બૅટસમૅન વાંકો વળી, બૅટ જમીને અડાડી બૉલને ફટકારવા પૂર્ણપણે તૈયાર થઈ જાય ત્યારે તેના બૅટની દિશામાં આવેલું અરધું મેદાન તે 'ઑફ' સાઈડ અને તેના પગ બાજુ આવેલું અરધું મેદાન તે 'ઑન' સાઈડ. આમ, રન દોડવાની ઊભી પિચ મેદાનના બે સરખા ભાગ કરે. 'ઑન' સાઈડને ઘણીવાર અમુક સંદર્ભમાં 'લેગ' સાઈડ પણ કહેવામાં આવે છે. ફીલ્ડિંગનાં સ્થાનોનાં નામોમાં પણ આ 'ઑન' અને 'ઑફ' બાજુઓનાં નામ જોડી દેવામાં આવ્યાં છે. જેમકે મિડ ઑન અને મિડ ઑફ. ડાબોડી બૅટ્સમૅન વિરુદ્ધ બાજુ ઊભો રહેતો હોવાથી તેના પૂરતી આ બાજુઓ બદલાય છે, પરંતુ સામાન્ય સમજણમાં તો 'ઑન' અને 'ઑફ' આ પ્રમાણે જ રહે છે. ફીલ્ડિંગના નકશામાં આ બાજુઓ દર્શાવી છે તે પર ધ્યાન આપવાથી સ્પષ્ટ થશે.

હવે તો આ ઘડીએ ૧૦-૩૦ થશે ને મૅચ આરંભાશે. પણ હજી તે પહેલાં આખરી તૈયારીઓનો રિપોર્ટ આપણે કાને પડશે : 'નાઉ એવરીથિંગ ઈઝ રેડી ઍન્ડ બૅરી વૂડ ઈઝ ટેઇકિંગ ગાર્ડઝ ફ્રૉમ ધી અમ્પાયર.' આપણને સવાલ થશે કે બૅરી વૂડ અમ્પાયર પાસેથી શું માર્ગદર્શન લઇ રહ્યા છે. વાસ્તવમાં બૅરી વૂડ પોતાનું બૅટ સ્ટમ્પની આગળ જમીન પર ઊભું રાખીને સામેની વિકેટે ઊભેલા અમ્પાયરને પૂછે છે કે તે બરાબર મિડલ સ્ટમ્પ પર છે કે નહિ. અમ્પાયર તેને જરૂર પ્રમાણે ખસેડવાનું

કહી, બૅટ જ્યારે વચ્ચેના સ્ટમ્પ આડું બરાબર આવી જશે ત્યારે 'ઑલ-રાઈટ' કહેશે. આ પછી બૅરી વૂડ ત્યાં ચાક વતી નિશાની કરશે. આનું પ્રયોજન એ કે પછી વૂડ એ દાવમાં પોતાનું બૅટ પેલી નિશાનીને આધારે રાખશે, જેથી બૅટ બે વિકેટોની વચ્ચેની લાઈનમાં જ રહે ને બૉલ સ્ટમ્પની સીધમાં આવે છે કે આડો છે તે નક્કી થાય. દરેક નવો દાવ લેવા આવનાર અમ્પાયરના માર્ગદર્શનથી બંને વિકેટ પર આવી નિશાનીઓ કરશે ને પછી જ દાવ લેવાનું શરૂ કરશે.

માર્ગદર્શન લઈ લીધા પછી વૂડ બૅટ પકડી પાછા ટટાર થશે ને બૅટની પકડ (ગ્રિપ)ને આખરી સ્વરૂપ આપતા (લૂકિંગ રાઉન્ડ ધ કૉર્નર ટુ સી ધ ફીલ્ડ પ્લેસિંગ) કોણ કોણ ફીલ્ડરો ક્યાં ક્યાં છે તે બરાબર જોઈ લેશે. આટલું પતશે ત્યાં બીજી બાજુ વાડેકર પાસેથી નવો બૉલ (જે વાડેકરને અમ્પાયરે આપ્યો હશે તે) મેળવી આબીદ અલી બોલિંગ કરવા તૈયાર થશે. તેઓ દડો લઈ 'ગોઈંગ બૅક ટુ માર્ક ધ ટૉપ ઑવ હિઝ બોલિંગ રન,' એટલે કે તેઓ બોલ લઈ બોલરની ક્રીઝ (બોલિંગ ક્રીઝ)થી વિરુદ્ધ દિશામાં ડગલાં માપતા જશે ને પોતાને રનિંગ લેવા માટે જેટલું અંતર જોઈશે તેટલું માપીને ત્યાં પગ વતી કાંઈક નિશાની કરશે. (જો હૉલ જેવા બોલર હશે તો તો તેના રનિંગની આપણને કલ્પના આવે તે માટે કૉમેન્ટેટર હૉલે ભરેલાં ડગલાં ગણાવતા જશે.) આબીદે કરેલા આ નિશાનીવાળા સ્થળને 'ટૉપ ઑવ હિઝ બોલિંગ રન'–(બોલિંગ કરવા માટે દોડ આરંભવાનો છેડો-સ્થળ) કહે છે. ત્યાં ઊભા રહી આબીદ હવે ફીલ્ડરો બરાબર છે કે નહિ તેની ખાતરી કરી લેશે ને મૅચ આરંભાશે.


'ઇન કમ્સ આબીદ અલી, બોલિંગ હિઝ ફર્સ્ટ બૉલ ઑવ ધ મૅચ ફ્રૉમ ધ ચર્ચગેટ ઍન્ડ ટુ વૂડ' પ્રેક્ષકો ઊભા થઈ જશે, કૉમેન્ટેટરનો અવાજ તીવ્ર બનશે, ફીલ્ડરો વાંકા વળી, બે હાથ આગળ ધરી બૉલને પકડવા તત્પર બનશે, અમ્પાયર જરા નમી નજરને તીક્ષ્ણ કરશે, માઈક ડેનેસના પગ રન દોડવા ચંચળ બનશે ને વૂડને તો દોડતા આબીદ અને તેમના હાથમાંનો બોલ જ દેખાશે. આબીદની નજર સ્ટમ્પ પર અને બધાની નજર આબીદ પર હશે. આબીદની ગતિ વધતી જશે ને આપણે કાને શબ્દો પડશે: 'ઇન હી કમ્સ, મૂવ્ઝ અપ, પાસીસ ધી અમ્પાયર ઍન્ડ બોલ્સ ટુ વૂડ. બૉલ વેલ આઉટ સાઈડ ધી ઑફ સ્ટમ્પ. બૅટ્સમૅન લેટ ઈટ ગો ટુ ધ વિકેટકીપર એન્જિનીઅર, હુ પિક્સ ઈટ અપ નીટલી. નો રન.' આમ પહેલો બૉલ ઑફ સ્ટમ્પની બહાર પડચો એટલે વૂડે તેને વતાવ્યો નહિ અને વિ.કી.ના હાથમાં જવા દીધો, જ્યાંથી બૉલ પાછો આબીદ પાસે આવી ગયો. કોઈ પણ બૅટ્સમૅન સેટ ન થયો હોય ત્યાં સુધી સ્ટમ્પની બહારના બૉલને બહુ ન વતાવે. ઓપનર તો ખાસ.

એકવાર રમત શરૂ થઈ ગયા પછી ભાગ્યે જ સમયનો વ્યય કરવામાં આવે. બૉલ ઉપર બૉલ શરૂ થઈ જ જાય. 'ઈન કમ્સ આબીદઅલી ફૉર ધ સેકન્ડ ટાઈમ ઇન ધિસ ઓવર. એ હાફ વૉલી, લિટલ આઉટ સાઈડ ધી ઑફ સ્ટમ્પ ફૉર વિચ વૂડ કમિંગ આઉટ ટુ ટેઈક ઈટ ઑન ધ ફૂલ ટૉસ ઍન્ડ થ્રુ ધ કવર્સ ફૉર ફૉર.' ઇંગ્લૅન્ડનો દાવ ચાર રનથી આરંભાયો.

અહીં આપણે ક્રિકેટના ટેકનિકલ પાસામાં પ્રવેશ કરીને તેને સમજતા જવું પડશે. ઉપર 'હાફ વૉલી' અને 'ફૂલ ટૉસ' એ બે શબ્દો આવ્યા તેને પકડીએ. એમ કહી શકાય કે બોલરે ફેંકેલા બૉલની પિચ બૅટ્સમૅનની નજીક પડી કે દૂર તે સ્પષ્ટ કરવા માટે તેના કેટલાક પ્રકાર પાડયા છે જે આ શબ્દો દ્વારા વ્યક્ત થાય છે. જુદે જુદે સ્થળે પિચ પડે તેને આધારે બૉલના જે પ્રકાર પાડવામાં આવ્યા છે તે પાંચ છે: ૧) લૅાંગ હૉપ, ૨) ગુડલૅંગ્થ, ૩) હાફ વૉલી, ૪) યૉર્કર ને ૫) ફૂલ ટૉસ. આ પાંચેયને સમજવા માટે આકૃતિ નં. ૨–૩–૪–૫ અને ૬ તેમજ તેની સાથેનું લખાણ જુઓ.[૬]

બીજો શબ્દ પકડવા જેવો છે તે 'ડ્રાઈવ'. ક્રિકેટમાં જે જુદાજુદા ફટકાઓ છે તેમાંનો આ એક ફટકો છે. 'ડ્રાઈવ'થી ઓળખાતા આ ફટકાનું પ્રધાન લક્ષણ એ છે કે તે 'ફ્રન્ટ ઑવ ધ વિકેટ'નો ફટકો છે.[૭] તેનું બીજું લક્ષણ એ કે આ ફટકો મોટે ભાગે જમીન સરસો (ઑલ એ લૅાંગ ધ ગ્રાઉન્ડ) જ જાય છે. (જો કે કયારેક નજીકના ફીલ્ડરના માથા પરથી પણ આ ફટકો જાય છે, એટલું જ નહિ પણ જ્યારે ડ્રાઈવથી છગ્ગો મારવામાં આવે ત્યારે તો તે અવકાશમાં જ પ્રવાસ કરે છે.) ડ્રાઈવ શૉટના મુખ્ય ચાર પ્રકાર છે: કવર ડ્રાઈવ, ઑફ ડ્રાઈવ, સ્ટ્રેઈટ ડ્રાઈવ અને ઑન ડ્રાઈવ. સાથેની આકૃતિઓ નં. ૭–૮–૯–૧૦ અને તેની સાથેના લખાણથી આ

(ફૂટનોટ ૬–૭ જુઓ સામેના પાને)



△ બોલરે ફેંકેલા બૉલની પિચ બૅટ્સમૅનની નજીક પડી કે દૂર તે સ્પષ્ટ કરતા તેના કેટલાક પ્રકાર છે, જે ઉપર દર્શાવ્યા છે.

(મથાળેથી અનુક્રમે: આકૃતિ ૨) **લૉંગહૉપ**: આમાં બૉલ બૅટ્સમૅનથી એટલે બધે દૂર પિચ લે છે કે બૅટ્સમૅન તેની ગતિ, ઊંચાઈ, બ્રેક વગેરે બરાબર પારખી લઈ તેને સહેલાથી ફટકારી શકે છે. આવા બૉલ નાખવા એ બોલરને માટે અપયશ નોતરવા જેવું છે. (આકૃતિ ૩) **ગુડ લૅંગ્થ**: એમાં બૉલની પિચ એવી જગ્યાએ પડે કે જેથી બૅટસમૅન તેને ફોરવર્ડ (આગળ વધીને) ફટકારવો કે બૅક ફૂટ (પાછળ ખસીને) રમવો તેની દ્વિધામાં પડી જાય. (આ. ૪) **હાફ વૉલી**: એમાં બૉલની પિચ બૅટની નજીક જ પડે છે. એથી આ બૉલ જમીન પર અથડાઈને ઊછળે કે તુરત જ બૅટ સાથે અથડાય છે. કુશળ બૅટ્સમૅન આગળ વધીને આ બૉલને ફૂલ ટૉસ (બૅટ પર સીધો અથડાતા બૉલ)માં ફેરવી શકે છે. (આ. ૫) **યૉર્કર**: આ બૉલની પિચ બરાબર બૅટના મૂળમાં જ પડે છે. આથી બૅટ જરા પણ ઊંચું રાખીને રમાય કે ફટકારવામાં સહેજ પણ મોડુંવહેલું થાય એ બૅટ્સમૅનને માટે ઘાત બરાબર બની રહે. (આ. ૬) **ફુલટૉસ**: જમીન પર પિચ પડયા વિના સીધો બૅટ પર જ આવતો બૉલ. હાફ વૉલી બૉલને પણ આગળ વધીને આમ ઝીલી શકાય.

પ્રકારો વધુ સ્પષ્ટ થશે. સામાન્ય રીતે એ બે રીતે મરાતા હોય છે. એક તો 'ફૉરવર્ડ ડ્રાઈવ' એટલે કે ડાબો પગ ક્રીઝની આગળ લંબાવીને અને બીજો તે 'બૅક ફૂટ ડ્રાઈવ' એટલે જમણો પગ પાછળ વિકેટ પાસે લઈ જઈને. આપણે જે આકૃતિઓ લીધી છે તેમાં ફૉરવર્ડ ડ્રાઈવની પદ્ધતિ છે. ડિફેન્સિવ સ્ટ્રોક ઑવ ધ બૅક ફૂટમાં જો તાકાત ઉમેરી દેવામાં આવે તો તે 'ડ્રાઈવ ઑવ ધ બૅક ફૂટ' ગણાવી શકાય.

હવે પાછા મૅચની સાથે ચાલીએ. મૅચ શરૂ થયા દસેક મિનિટ થશે એટલે સેતલવાડ કહેશે: 'નાઉ વિજય મરચંટ વીલ કન્ટીન્યૂ ધ કૉમેન્ટરી. ઓવર ટુ મરચંટ.' અને તરત મરચંટનો અવાજ સંભળાશે: 'થૅંક યુ સેતલવાડ. ધ ટુ ઓપનર્સ નાઉ લૂક અ લીટલ સેટલ્ડ એન્ડ આર પ્લેઇંગ કોન્ફીડેન્ટલી. ઇંગ્લૅન્ડ આર ઇલેવન ફોર નો લૉસ.'

'...નાઉ સોલ્કર વિલ બી બોલિંગ હિઝ ફિફ્થ ઓવર ઑવ ધ મૅચ ટુ ડેનેસ. હી ઈઝ ગોઈંગ બૅક ટુ ટૉપ ઑવ હિઝ બોલિંગ રન. નાઉ હી ટર્ન્સ (દોડવા માટે વળ્યા) રનિંગ ઈન, કમ્સ ઍન્ડ બોલ્સ ટુ ડેનેસ. ઑન ધ સ્ટમ્પ્સ વિચ ડેનેસ પ્લેઝ ડિફેન્સિવલી ફોરવર્ડ-બૅક ટુ બોલર. બોલર હિમસેલ્ફ પિક્સ ઈટ અપ ઑન હિઝ ફોલો થ્રુ ઍન્ડ ધેર ઈઝ નો રન.' આમ કૉમેન્ટરી આગળ ચાલશે. બૉલ જ્યારે સીધો સ્ટમ્પ પર હોય ત્યારે માનવું કે મોટે ભાગે બૅટ્સમૅન ડિફેન્સિવ રમશે. દાવના આરંભે ખાસ. ડિફેન્સિવ સ્ટ્રોક એ જોખમી બૉલને ટાઢો પાડી હળવેથી ભૂમિ સરસો પાછો બોલર પાસે મોકલવા માટે છે. ડિફેન્સિવ સ્ટ્રોક બે પ્રકારના છે: એક તે 'ફૉરવર્ડ ડિફેન્સીવ' અને બીજો તે 'ડિફેન્સિવ ઑવ ધ બૅક ફૂટ.' આ બંને ફટકાને બરાબર સમજવા માટે આકૃતિ નં. ૧૧-૧૨ જુઓ. બૅટ્સમૅન ડિફેન્સિવ રમતો હોય ત્યારે કૉમેન્ટેટર ઘણીવાર તેને આ રીતે પણ વર્ણવશે:' બૅટ્સમૅન પ્લેઝ ઈટ વિથ ડેડ ઍન્ડ ડિફેન્સિવ બૅટ' અથવા 'હી પ્લેઝ ઈટ ડિફેન્સિવલી વેલ ઈન ધ મિડલ ઑવ ધ બૅટ.' 'ડેડ ઍન્ડ ડિફેસિન્વ બૅટ'નો પ્રયોગ વ્યંજના દ્વારા બૅટ્સમૅનની ધીરજ કે તેનું પ્રેક્ષકોને કંટાળો આપતું જક્કી પણું વ્યક્ત કરે છે. એમાં બૅટ્સમૅનની ડિફેન્સિવ રમત સબળ છે એમ પણ સૂચવાય. ઑસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ ઓપનરો વૂડફૂલ અને લૉરી તેમ જ ઇંગ્લૅન્ડના બૉયકૉટ ને ન્યુઝીલૅન્ડના ગ્લેન ટર્નરની ડિફેન્સિવ રમત બહુ સબળ ગણાય છે; લૉરી અને વૂડફૂલને તો 'અન-બોલ્ડેબલ' (બોલ્ડ ન કરી શકાય તેવા)નું વિશેષણ પણ અપાએલું છે. ડિફેન્સિવ સ્ટ્રોક વખતે તો ખાસ. પણ ખરેખર તો હમેશાં જ ઉત્તમ બૅટ્સમૅન કોઈ પણ ફટકો મારશે ત્યારે બૉલ બૅટની બરાબર મધ્યમાં જ અથડાય તે રીતે મારશે. 'વેલ ઈન ધ મિડલ ઑવ ધ બેટ' એ આ માટે વપરાતો પ્રયોગ છે. કહેવાય છે કે ગૅરી સોબર્સ ફટકો મારે ત્યારે બૅટના નીચેના પોણો ફૂટ કે ફૂટના ભાગમાં જ બોલ અથડાય એટલી તેમની આ બાબતમાં ચોકસાઈ છે.

ભારત દાવ લેતું હોય ત્યારે બહુ બહુ તો ૧૨ ઓવરો ફાસ્ટ બોલર નાખશે ને પછી તરત જ સ્પિનરો આવશે. 'નાઉ સોલ્કર ઈઝ ટેઈકન ઑફ (બોલિંગ કરવાના કામમાંથી લઈ લેવામાં આવ્યા) ઍન્ડ ઇન્ડિયન સ્કિપર ઈઝ બ્રિન્ગિંગ ઑન હિઝ સ્પીનર્સ. ઈટ વીલ બી ચંદ્રશેખર કમિંગ ઑન ટુ બોલ (બોલિંગ કરવા આવી રહ્યા છે) ફ્રોમ ધ પેવેલિયન ઍન્ડ' ચંદ્રશેખર જમણે હાથે બોલિંગ કરે છે. તેની બોલિંગ શરૂ થતાં કૉમેન્ટેટર કહેશે 'હી વિલ બી બોલિંગ ઓવર ધ વિકેટ' આવો જ બીજો શબ્દ પ્રયોગ કાને પડશે 'સોલ્કર ઈઝ બોલિંગ રાઉન્ડ ધ વિકેટ'. આ બંને પ્રયોગો બોલર વિકેટની કઇ બાજુથી બોલિંગ કરી રહ્યા છે તે દર્શાવવા માટે છે. જેમ બે 'ઍન્ડ્ઝ' એ ઊભી પિચના છેડા દર્શાવે છે તેમ આ શબ્દો, બોલર વાળી સ્ટમ્પની બે બાજુઓના સંદર્ભમાં છે. ધારો કે બોલર જમણે હાથે બોલિંગ કરે છે. હવે જો તેની પાસેની વિકેટ તેની જમણી બાજુ એટલે કે બોલિગ કરતા હાથ બાજુ હોય તો તે 'ઓવર ધ વિકેટ' બોલિંગ કરે છે તેમ કહેવાય. આથી ઉલટું, બોલર જમણે હાથે બોલિંગ કરે છે. પણ વિકેટ (જેને 'નૉન સ્ટ્રાઈકર્સ ઍન્ડ' અથવા 'બોલર્સ ઍન્ડ' કહેવામાં આવે છે તે) તેના ડાબા હાથ બાજુ રહે છે તો તે 'રાઉન્ડ ધ વિકેટ' બોલિંગ કરે છે તેમ કહેવાય.

સ્પિનરો બોલિંગમાં આવ્યા એટલે હવે વિકેટ કીપર 'ક્લૉઝ ટુ ધ વિકેટ' (વિકેટની નજીક) આવશે. વાડેકર બધી ફીલ્ડિંગ થોડી નવેસરથી ગોઠવશે જે આ પ્રમાણે હશે: ફર્સ્ટ સ્લીપમાં વાડેકર, ગલીમાં વિશ્વનાથ, સિલી પોઈન્ટ ગાવસ્કર, સિલી મિડ ઑન પર સોલ્કર અને ડીપ એક્સ્ટ્રા કવર પર સરદેસાઈ; આ ઑફ બાજુનું ફીલ્ડ પ્લેસિંગ. ઑન બાજુમાં શેખર મિડ ઑન પર, રાઘવન સિલી મિડ ઑન પર, પારકર સ્કવેર લેગ પર અને બેદી શૉર્ટ લેગ પર. કેપ્ટન જે ફીલ્ડિંગ ગોઠવે તેમાં બોલરનાં સૂચનોને પણ ધ્યાનમાં લેવામાં આવે છે.

મૅચ આગળ ચાલશે. 'ઈન કમ્સ શેખર. મૂવ્ઝ અપ ઍન્ડ બોલ્સ ટુ ડેનેસ. એ ગુગલી વીચ ડેનેસ વોચીસ કેરફૂલી ઍન્ડ પ્લેઝ ઈટ ડિફેન્સિવલી. નો રન.' સામે છેડેથી હવે રાઘવન બોલિંગ કરશે: 'ઈન કમ્સ રાઘવન ફ્રોમ ધ ચર્ચગેટ ઍન્ડ, મૂવ્ઝ અપ ઍન્ડ બોલિંગ ટુ વૂડ. ઍન ઑફ બ્રેક. વૂડ ટ્રાઈઝ ટુ પ્લેસ ઈટ ઇન ધ કવર. ડઝ નૉટ કનેક્ટ પર્ફેક્ટલી; સો બૉલ ગોઝ ટુ ગલી, વ્હેર વિશ્વનાથ પિક્સ ઈટ અપ; નો રન.'

અહીં 'ઑફ બ્રેક' શબ્દ આવ્યો એટલે સ્પિન બોલિંગના શાસ્ત્રને હાથમાં લઇએ. બોલિંગના મુખ્ય બે પ્રકાર છે: ફાસ્ટ બોલિંગ અને સ્પિન બોલિંગ. સ્પિન બોલિંગ એટલે જે બોલિંગમાં બોલ ફેંકાયા પછી પીચ પર પડીને કે હવામાં પણ ભમરડા જેમ ફરે તે. આ સ્પિનને કારણે જ બોલ પિચ પર પડયા પછી બ્રેક થાય, એટલે કે વળાંક લે-દિશા બદલે. આ સ્પિન બોલિંગના મુખ્ય બે પેટા પ્રકાર છે: 'ઑફ બ્રેક' અથવા 'ઑફ સ્પિન' અને 'લેગ બ્રેક' અથવા 'લેગ સ્પિન.'

ઑફ બ્રેક એટલે જેમાં બૉલ બ્રેક થઇને ઑફ સાઇડ તરફથી લેગ સાઈડ તરફ જાય તે. આ બૉલને ઑફ બ્રેક કરવા માટે ઘડિયાળના કાંટાની દિશાની ગતિ આપવામાં આવે છે. આ બૉલની પિચ મોટે ભાગે ઑફ સ્ટમ્પની બહાર પાડવામાં આવે ત્યાંથી તે લેગ તરફ વળાંક લઇને બૅટ્સમૅનને બોલ્ડ કરે. લેગ બ્રેક બોલની ગતિ ઑફ બ્રેકથી ઊલટી હોય છે. લેગ બ્રેક બોલ લેગ સ્ટમ્પ તરફથી ઑફ સ્ટમ્પ તરફ વળાંક લે છે. આ માટે ઘડિયાળના કાંટાની ઊલટી દિશામાં સ્પિન કરવામાં આવે છે.

આ બંને પ્રકારના બૉલ ફેંકવા માટે આંગળીઓની અમુક પ્રકારની પકડ અને કાંડાનો વળાંક બહુ મહત્ત્વનાં છે. બૅટ્સમૅન બોલરની દડાની પકડ પરથી પારખી જાય છે (ને તેણે પારખી લેવું જોઇએ) કે આવે છે તે બૉલ ઑફ બ્રેક છે કે લેગ બ્રેક.[૮] ઘણા બોલરો (અનુ૦ પૃ. ૫૦૦)

૬. 'શૉર્ટ પિચ બૉલ' અને 'ઓવર પિચ બૉલ' એવા પ્રયોગો પણ આપણે કાને પડશે. શૉર્ટ પિચ બૉલ એટલે ટૂંકી પિચનો બૉલ; જેની પિચ બૅટ્સમૅનથી આગળ દૂર પડી હોય. ઓવર પિચ બૉલ એટલે જેની પિચ બૅટ્સમૅનના પગ પાસે જરા આગળ કે પાછળ પડે તે. કૉમેન્ટેટર દરેક બૉલનું વિગતભર્યું વર્ણન ન કરતાં આ પ્રયોગોથી તેનો સામાન્ય ખયાલ આપી દે છે.

૭. જેમ ક્રિકેટના મેદાનમાં 'ઑન' અને 'ઑફ' સાઈડ છે તેમ તેના બીજા પણ બે ભાગ છે, તે 'ફ્રન્ટ ઑવ ધ વિકેટ' (સ્ટ્રાઈકરની વિકેટની આગળનો સામેનો ભાગ) અને બિહાઈન્ડ ધ વિકેટ (સ્ટ્રાઈકરની વિકેટની પાછળનું–બધું મેદાન.) ડેક્સ્ટર વિકેટની આગળના ભાગના ફટકા મારવા માટે જાણીતા છે, જ્યારે બિલ લૉરી વિકેટની પાછળના ભાગમાં ફટકારવા માટે.

૮. જો કે બોલર ઑફ સ્પિનર છે કે લેગ સ્પિનર એની તો પહેલેથી જ બૅટ્સમૅનને જાણ હોય છે, છતાં બૅટ્સમૅને બોલરના હાથનાં એક્શન પર પણ બરાબર ધ્યાન રાખવું જોઇએ ને તે પ્રમાણે રમવું જોઇએ.

ઍપોલો યાન દ્વારા પૃથ્વી પર આણેલા ચંદ્ર-નમૂનાઓનો અભ્યાસ

★ડૉ. સુશ્રુત પટેલ

નીલ આર્મસ્ટ્રૉન્ગે ભારતીય સમયાનુસાર ૨૧ જુલાઈ '૬૯ના રોજ સવારે ૮-૨૬ વાગ્યે જ્યારે ચંદ્ર પર સૌપ્રથમ પગ મૂક્યો ત્યારે એણે કહેલું: 'That's one small step for man, one giant leap for mankind'. જો કે હવે તો ચંદ્રયાત્રા એક સામાન્ય બાબત બની ગઈ છે, અને એમાંના કુતૂહલે જનસમુદાયમાંથી ભલે વિદાય લીધી હોય, પણ આર્મસ્ટ્રૉન્ગના આ શબ્દો હજુયે એટલા જ સાચા રહ્યા છે એ ચંદ્ર પરથી આણવામાં આવેલા પથ્થરો આદિના નમૂનાઓના અભ્યાસે દર્શાવ્યું છે.

ખગોળ વિજ્ઞાનમાં છેલ્લાં કેટલાંક વર્ષો દરમિયાન ક્વાસર, પલ્સર વગેરે વૈજ્ઞાનિક મહત્ત્વ ધરાવતી શોધો થઈ છે ખરી, પણ આપણાથી માત્ર ૨,૩૮,૮૫૭ માઈલ જ છેટે આવેલા (નજીકમાં નજીકના આકાશી-પદાર્થ) ચંદ્ર પરથી ત્યાંની ભૂમિના નમૂનાઓ જાતે જઈ લઈ આવવાનું કાર્ય એ બધામાં શિરમોર સમાન છે. માત્ર નાટકીય જ નહિ, જ્ઞાન અર્જિત કરવાની દૃષ્ટિએ પણ આ કાર્ય અતીવ મહત્ત્વનું સાબિત થયું થયું છે. ચંદ્ર-નમૂનાઓની વૈજ્ઞાનિક તપાસમાંથી સાંપડેલાં તારણો ખગોળશાસ્ત્ર ને અન્ય સંબંધિત વિજ્ઞાન-શાખાઓને અવકાશવિજ્ઞાનની એક અદ્ભુત દેણગી છે.

અંતરીક્ષયાત્રીઓ ચંદ્ર પરથી મુખ્યત્વે ત્રણ પ્રકારના નમૂનાઓ લાવ્યા છે. આમાં ચંદ્ર-પથ્થરની છાટ (ચંદ્ર-શિલાઓ), બ્રૅકુસીઆ (baeccia),[1] અને ૭૦ સે. મી. ઊંડેથી 'રિગોલિથ' (Regolith) એટલે કે 'ખડકની ચાદર'માંથી મેળવેલી બારીક ચંદ્ર-રજનો સમાવેશ થાય છે.

ચંદ્ર-રજ

ચન્દ્ર-રજને જો સૂક્ષ્મદર્શકયંત્ર નીચે કોઈ એક વાર પણ જુએ તો ધૂળને તિરસ્કારતો આદમી યે એનો પ્રશંસક બની જાય એવા મનહર પીળા, ગુલાબી અને ભૂરા રંગના સુંદર સૂક્ષ્મ કણો એમાં જોવા મળે છે! આ હીરા-ઝવેરાત જેવા કણો આમ તો કદમાં બારીક હોય છે. પણ એમની સંરચના ઘણી જ જટિલ છે: કેટ-કેટલા કોણ ને કેટ-કેટલી શૃંખલાઓ એ ધરાવે છે! આ કણોની વચ્ચેવચ્ચે વળી સફેદ તથા રંગીન કાચની ગાંગડીઓ ચમકે છે. જેનો આકાર ગોળ યા પાણીના ટીપા જેવો હોય છે.

આમાંના કેટલાક કણો ત્રણ ખર્વ (ખર્વ = હજાર કરોડ. ૩,૦,૦૦,-૦૦,૦૦,૦૦૦) વર્ષો જેટલા પુરાણા છે. માત્ર આટલું કહેતાં એનો અંદાજ સહેલાઈથી નહિ આવે. મોટામોટા આંકડાઓથી ટેવાએલા પુરાતત્ત્વ-શાસ્ત્રીઓ માટે પણ આ આંકડો ખાસ્સો મોટો છે. એક ઉદાહરણ લઈએ. ધારો કે પૃથ્વીનાં પાછલાં ત્રણ ખર્વ વર્ષોનો ઇતિહાસ દર્શાવતી કોઈ ત્રણ કલાકની ફિલ્મ—જેમાં એક સદીને સેકન્ડના અઢી હજારમા ભાગમાં દર્શાવી હોય તેવી બનાવવામાં આવે તો એમાં માનવજીવનના આરંભથી અત્યાર સુધીની કથા કેવળ છેલ્લી થોડી સેકન્ડોમાં જ સમાઈ રહેશે!

મગજ ચકરાવો ખાઈ જાય એટલાં વર્ષો પુરાણા આ કણો આવી હાલતમાં એટલે કે સહીસલામત કઈ રીતે રહ્યા હશે! એનું મુખ્ય કારણ છે: ચંદ્રનું વિશિષ્ટ વાતાવરણ.

પૃથ્વી પર તો વર્ષાનાં ઝાપટાં અને વનસ્પતિઓ તથા જીવજંતુઓ દ્વારા આવા કણોની ચમકદમક ક્યારની યે જતી રહી હોત. ધીરેધીરે તૂટતા આ કણો વિખરાઈને કોઈ તટની રેતી અથવા પ્રવાહી નીચે ઠરતાં કાંપ (કાંટેડો)ના કીચડ કે પછી મેદાનની માટીમાં ભળી ગયા હોત.

ઉલ્કા

પૃથ્વીના ગુરુત્વાકર્ષણને લઈને તેમજ ગ્રહો અને તારાઓના અવશેષો (ઉલ્કાઓ)ની આપણી ચોપાસની સંખ્યા પરથી એવું મનાય છે કે આવી ઉલ્કાઓ દિવસમાં ઓછામાં ઓછી એકસો અને કદાચ એક હજાર ટન સુધી પૃથ્વી ઉપર પડતી હોવી જોઈએ. ઝડપથી પડતી આ ઉલ્કાઓ જ્યારે આપણા વાયુમંડળમાં પ્રવેશે છે, ત્યારે એ બંને વચ્ચે થતા ઘર્ષણથી ઉલ્કા સળગી ઊઠે છે; અને આપણા સુધી પહોંચતામાં તો એ બળીને રાખ થઈ જાય છે. અલબત્ત, કેટલીક ઉલ્કાઓનું કદ મોટું હોય તો એ પૃથ્વી ઉપર આવી પડે છે ખરી; પણ એક તો આવું ઘણું ઓછું બને છે, અને બને છે ત્યારે એનું સ્વરૂપ પણ થોડું ઘણું બદલાઈ જાય છે. એટલે કે મોટે ભાગે તો અડતાં જ ભાંગી જાય એવા પદાર્થમાં એ ફેરવાઈ જાય છે. ભૂતકાળમાં અતિશય મોટી ઉલ્કાઓ દ્વારા પૃથ્વી ઉપર મોટા-મોટા ખાડાઓ પડયા છે, અને એમાં પાણી ભરાતાં તળાવો પણ રચાયાં છે. મહારાષ્ટ્રના બુલદાના તાલુકાનું લોનાર-લેક આ રીતે જ બન્યું હોવાનું મનાય છે.

ચંદ્રની વાત જુદી છે. ત્યાં કોઈ વાયુમંડળ નથી. એટલે ઉલ્કા-પિંડોના આક્રમણને ખાળવું ભારે પડી જાય છે. ચંદ્ર પર જ્યારે આપણે રહેવા જઈશું ત્યારે ત્યાં આકાશમાં વાદળ જોવા નહિ મળે, સૂર્યોદય-સૂર્યાસ્તના સુંદર મનભાવન રંગોની ઝમક પણ નહિ હોય કે ન તો ખરતા તારા (ઉલ્કા) જોવા મળશે. આનું કારણ વાયુમંડળનો અભાવ છે. ઉલ્કા દેખાશે નહિ, પણ એ પડવાનો ભય સદાય આપણી ઉપર તોળાયા કરશે!

ઍપોલોના ચંદ્રયાત્રીઓ ચંદ્ર-કંપ નોંધી શકે એવા ભૂકંપમાપી યંત્રો (Seismometer) ચંદ્ર-તલ પર મૂકી આવ્યા છે. ચંદ્ર ઉપર ઘણી વાર ઉલ્કાઓ તૂટી પડે છે એવું આ યંત્રોથી જાણી શકાયું છે. આ ઉલ્કા-પિંડો સામાન્યત: તો કદમાં નાના હોય છે, પણ એ ઘણી વાર મોટા પણ હોય છે. મે ૧૯૭૨માં ચંદ્ર-તલ પર એક મોટી ઉલ્કા પડતાં એ ૯૬૫ કિલોમીટર જેટલી ઊંડી ઊતરી ગઈ. આને પરિણામે ઉત્પન્ન થએલા ચંદ્ર-કંપને કોલંબિયા યુનિવર્સિટીની લેમાઉટ ડોહેર્ટી (Lamout-Doherty) વેધશાળાના ડૉ. લેથમે (Gary Latham) અહીં બેઠાબેઠા નોંધ્યો હતો. આ ચંદ્ર-કંપ સપાટી પરથી એના કેન્દ્રભાગ તરફ ઊતરતો ગયો, તેમતેમ એ ચંદ્રના અલગઅલગ સ્તરોમાંથી પસાર થતો ગયો ને આ રીતે ચંદ્ર-કંપનોના ગુણધર્મોમાં ફેરફાર થતો ગયો. ચંદ્ર-કંપનોના ગુણધર્મોના એ ફેરફાર પરથી ચંદ્ર-ભૂમિના બંધારણ અંગે મહત્ત્વની માહિતી સાંપડી!

ચન્દ્રનું ભૂપૃષ્ઠ

ભૂકંપ-સંકેતો દ્વારા જણાયું કે ચંદ્રનું ભૂપૃષ્ઠ-પોપડી (crust) ૬૧ કિલોમીટર જેટલું જાડું છે,[2] અને એના સ્તર નિઓન જેવા હોય એમ લાગે છે. એના ભૂપૃષ્ઠની નીચે આપણી પૃથ્વીની જેમ એક આવરણ (mantle) છે, અને એની નીચે હીર (core) છે, એવું જણાયું છે.

ચંદ્ર-આવરણમાં લાગેલા આઘાતના તરંગોનો ભૂકંપ-વેગ પ્રતિ સેકન્ડે ૮ કિલોમીટર જેટલો જણાયો છે. આપણી પૃથ્વીના આવરણનો ભૂકંપ-વેગ પણ આટલો જ નોંધાયો છે.

અબજો વર્ષોથી ચંદ્ર ઉપર નાના-મોટા ઉલ્કા-પિંડોનો મારો સતત ચાલતો રહ્યો છે, જેને પરિણામે ચંદ્રના મુખ ઉપર ખાડાટેકરા સર્જાયા છે.

---

૧ બ્રૅકુસીઆ: કૅલ્શ્યમ કાર્બોનેટ, સિલિકા, આયર્ન ઑક્સાઇડ, વગેરેનાં દ્રાવણોથી ઘણા બધા કોણવાળા કકડાઓ સંધાઇને જે પાષાણ (ખડક) બને છે, એ 'બ્રૅકુસીઆ' કહેવાય છે. પૃથ્વી ઉપર પણ એ ઘણે સ્થળે મળી આવે છે.

૨ પૃથ્વીના ભૂપૃષ્ઠ (ક્રસ્ટ)ની જાડાઇ ૧૫ થી ૪૦ કિલોમીટર જેટલી છે.

ને એનો દેખાવ બળિયાનાં ચાઠાંવાળા ચહેરા જેવો થઈ ગયો છે.

આવા ઉલ્કા-પાતથી રચાએલા ખાડામાંના કેટલાક અતિ મોટા તો કેટલાક વટાણાના દાણા જેટલા યા એનાથી પણ નાના કદના છે. ઍપોલો-ના ચંદ્રયાત્રીઓ ચંદ્રના જે પથ્થરો લાવ્યા છે એમાં પણ આવા ખાડા છે. આ ખાડાની સંખ્યા ઉપરથી કયો પથ્થર કેટલા સમયથી ચંદ્ર-સપાટી પર હશે એની ગણતરી કરી શકાય છે. વાત સાદી છે. પથ્થર ઉપર જેટલા વધુ ટાચા કે ખાડા હશે, એટલા વધુ સમયથી એ ચંદ્ર-સપાટી પર રહ્યો હશે.

ચંદ્ર-તલ ઉપર સતત ને નિરંતર ચાલતો ઉલ્કાઓનો મારો ત્યાંના ખડકોને માટીમાં ફેરવી દે છે. આ માટી આપણી માટી કરતાં ઘણી રીતે અલગ તરી આવે છે, અને એટલે જ એને એક ખાસ વૈજ્ઞાનિક નામ આપવામાં આવ્યું છે: 'રિગોલિથ'.

ચંદ્ર પરનો કાચ

ચંદ્ર-શિલા પરના નાનાનાના ખાડાઓમાં ઘણી વાર કાચનો થર દેખાય છે. કારખાનામાં બનતા કાચ અંગે તો આપણે સૌ જાણીએ છીએ. એવી જ રીતે કુદરતમાં પણ કાચ બનતો હોય છે. પૃથ્વી ઉપર જ્યારે જ્વાળામુખી ફાટે છે ત્યારે બહુધા આવો પ્રાકૃતિક કાચ બને છે. ઓગળેલા ખડકોનો લાલ ધગધગતો લાવા જ્યારે કોઈ કારણસર ઝડપથી ઠંડો થઈ જાય ત્યારે એમાંથી કાચ તૈયાર થાય છે. જ્વાળામુખીના ફાટવાથી જે લાવા હવામાં ઊંચો ફેંકાય છે, એ ત્યાં ઠંડો થઈને કાચ-સ્વરૂપે નીચે વરસવા લાગે છે. જે લાવા-પ્રવાહ નદી યા સમુદ્રમાં પ્રવેશે છે એ પાણીને લીધે એકાએક ઠરી જતાં કાચ બની જાય છે. આવો કાચ જલ કિનારા પર ધાર (કોર) રચી રહે છે. જો લાવા ધીરેધીરે ઠંડો થાય તો એના કણ બંધાઈ જાય છે અને પછી એ શિલાનું રૂપ અપનાવી લે છે.

હવે સવાલ એ છે કે ચંદ્રની સપાટી પર પ્રાકૃતિક કાચના થર આવ્યા ક્યાંથી? અત્યાર સુધીની ઉપલબ્ધ માહિતીના આધારે તો એટલું જ જાણી શકાયું છે કે અગણિત વર્ષોથી ચંદ્ર 'ઠંડો' જ રહ્યો છે. એટલે કે ન તો ત્યાં જ્વાળામુખી ફાટ્યો છે, કે ન તો એના સ્તરોમાં ફેરફાર થવાથી ભૂકંપ આવ્યો છે. તો પછી એમાં પ્રાકૃતિક કાચ બન્યો કેવી રીતે?

આ માટે એક નવી કલ્પના રજૂ થઈ છે. ઉલ્કા-પિંડો અને ચંદ્ર-સપાટી વચ્ચે તુમુલ ઘર્ષણ થતાં એમાંથી શક્તિનું ઉત્સર્જન થતું હોવું જોઈએ. આ શક્તિ યા ગરમીને કારણે ચંદ્ર-શિલા ઓગળે એવું બન્યું હોય. જેમ ઉલ્કા-પિંડ મોટા એમ એ વધુ ઘર્ષણ પેદા કરે, અને પરિણામે વધુ ગરમી પેદા થઈને એટલા જ મોટા પ્રમાણમાં મોટા કદના ખડકો અથવા ધૂળનો ભાગ પીગળી જવાનો, જેને ચંદ્ર-લાવા કહી શકાય. આ લાવા ચંદ્ર-સપાટી પરની અતિશય ઠંડીથી તરત જ એના પર ઠરી જઈને આવું કાચનું રૂપ પામ્યો હશે.

ચંદ્ર-શિલાઓ પર મળી આવેલા કાચની રાસાયણિક સંરચના ચંદ્ર-ચટ્ટાનો જેવી જ જણાઈ છે, જે ઉપરની કલ્પનાને ટેકો આપે છે. એટલે કે ચંદ્ર-કાચ એ ચંદ્ર ખડકોમાંથી બન્યો હશે એવું નિરૂપે છે.

ચંદ્ર-શિલાઓ અને ધૂળમાં મળી આવતો અધિકાંશ કાચ ગોળાઈ ધરાવે છે, કારણ કે ચંદ્ર પર હવાનો અભાવ છે. પૃથ્વીની સપાટી પરથી કોઈ પણ તરલ પદાર્થને જ્યારે ઊંચે ઉછાળવામાં આવે છે ત્યારે એનો આકાર પણ ગોળ રૂપ જ ધારણ કરે છે, પણ હવાના દબાણને લઈને એની ગોળાઈ દબાઈ જાય છે. અલબત્ત, ચંદ્ર પર મળી આવેલા કાચના કેટલાક ટુકડા કસરત કરવાના ડમ્બેલ્સ જેવા પણ છે. પરંતુ વાયુમંડળની હાજરી વગર પણ આમ બની શકે, એવું સહેલાઈથી સાબિત થઈ શકે.

ચંદ્ર-શિલાઓ

ચંદ્ર-શિલાઓ ઉપર-ઉપરથી જોતાં તો પૃથ્વીની ચટ્ટાનો જેવી જ જણાય છે. એમનો રંગ પ્રમાણમાં વધુ સલેટિયો લાગે છે, અને એમાં કોઈ ખાસ ચમકદમક પણ નથી દેખાતી. વળી કેટલાક અપવાદ બાદ કરતાં એમાંના અધિકાંશ ખનિજો પૃથ્વી ઉપર પણ મળે છે.

'મારિયા' (maria) એ 'સમુદ્રો' માટેનો લૅટિન શબ્દ છે. (એનું એકવચન તે 'mare'). પણ આ શબ્દ છેતરામણો છે, અને ખોટો ખયાલ આપે છે. કારણ કે ચંદ્ર ઉપર પાણી જ નથી, પછી સમુદ્ર તો હોય જ ક્યાંથી? આ 'મારિયા' નામે ઓળખાતા ચંદ્રના અંધારા વિસ્તાર-માંથી લાવવામાં આવેલા પથ્થરોમાં બૅસાલ્ટ પરિવારના પથ્થરો મળી આવ્યા છે. આવા પથ્થરો પૃથ્વી ઉપર પણ ઘણા મોટા પ્રમાણમાં છે. મહાસાગરોનાં તળિયાં આનાં જ બનેલાં છે ને દક્ષિણ ભારતમાં તેમ જ અમેરિકાના કૉલમ્બિયામાં પણ એ સારા એવા પ્રમાણમાં જોવા મળે છે.

ચન્દ્રના ઉચ્ચપ્રદેશો (high land)માંથી 'ઍનાર્થોસાઈટ' અને 'નૉરાઈટ' પરિવારના પથ્થરો મળ્યા છે. જે પૃથ્વી પર દુર્લભ છે. આ પ્રકાર-ના પથ્થરોમાં બૅસોલ્ટ ખડકોની અપેક્ષાએ લોખંડ અને મૅગ્નેશિયમનું પ્રમાણ ઓછું છે, પણ કૅલ્શ્યમ અને ઍલ્યુમીનિયમનું પ્રમાણ વધુ હોય છે. આથી જ એ વજનમાં હલકા હોય છે.

ચંદ્ર પર અનેક પ્રકારના પથ્થરોના મળવાથી ભૂગર્ભવેત્તાઓ એવું માને છે કે ચંદ્રનો ઇતિહાસ ખાસ્સો આંટીઘૂંટીવાળો ને દિલચસ્પ રહ્યો હશે.

ચન્દ્રની રચના

એવું મનાય છે કે પ્રારંભમાં ચંદ્ર જેનો બનેલો હશે એ પદાર્થમાં-નો બધો નહિ તો થોડો ઘણો પદાર્થ તો જરૂર ઓગળ્યો જ હશે, અને આથી વજનમાં હલકા એવા ઍનોર્થોસાઈટ અને નૉરાઈટ ખનિજો

લઘુકથા

પપ્પાનો ફોટો

પંકજ ગણાત્રા

અનાઉન્સમેન્ટ થઈ. પૅસેન્જરો લાઉન્જની ખુરશીઓ છોડી વિમાન તરફ ચાલ્યા. એરપોર્ટ શાંત થઈ ગયું. તોફાન ન કરે એ માટે અનિલે રીટાને બારી પાસેની સીટ પર બેસાડી. પ્લેઈન થોડી વારમાં ઊપડ્યું.

મૅગેઝિનો ખૂટ્યાં. હવે ઝોકાં ખાવા સિવાય કંઈ કામ અનિલને મળ્યું નહિ... પણ પોતે બે કલાકની ઊંઘ ખેંચી લીધી એનું અનિલને પણ આશ્ચર્ય થયું. એ તો પેલી એર-હોસ્ટેસનો રણકતો અવાજ સાંભળ્યો ત્યારે જ એની આંખ ઊઘડી: 'ગુડ ઇવનિંગ સર.'

ઊંઘ ભરેલી આંખો એણે ખોલી ત્યાં સામે વાંકી વળેલી હોસ્ટેસે પહેરેલો ચેઈન, એ ચેઈનના લૉકિટમાં મઢેલો ફોટો, અને એ ફોટાની એક ક્ષણની ઝલક જોઈને અનિલની ઊંઘ ઊડી ગઈ! ચમકીને એણે ઊંચું જોયું. હોસ્ટેસ મીઠું હસતી કહી રહી હતી: 'આપણે હવે થોડી વારમાં જ ઊતરીશું. આપનો લાઈફ બેલ્ટ બાંધી લેશો, પ્લીઝ?'

અનિલની ફાટી ગએલી આંખો હોસ્ટેસની મોટીમોટી આંખોમાં જડાઈ ગઈ. હસતું મોં અચાનક ઝાંખું થઈ ગયું. મીઠું સ્મિત સંકેલાઈ ગયું. એની આંખોમાં એવી તો ઊથલપાથલ થઈ ગઈ કે પ્લેઈન જાણે હમણાં હચમચી ઊઠશે. બન્નેની આંખો એકબીજાની આંખોમાં જડાઈ ગઈ—ક્ષણ વાર. નાનકડી રીટાની ચકોર નજર કંઈક જોઈ રહી હતી. પણ લૉકિટમાંના ફોટો સિવાય એને કંઈ સમજાયું નહિ. 'પપ્પા... આપણને લેવા મમ્મી આવશે?'

તમાચો ખાધો હોય તેમ હોસ્ટેસ ચમકી ઊઠી. રીટા તરફ એક નજર નાખી એણે અનિલ તરફ જોયું. એક હસતું—રડતું સ્મિત દઈ એ ટપટપ ચાલી ગઈ. અનિલ બાઘામંડળની જેમ બેસી રહ્યો.

ઘેર પહોંચી રીટા મમ્મીને કહી રહી હતી: 'મમ્મી... પ્લેઈનમાં એક આન્ટી ચૅાકલેટ દેતી'તી ને, એના ચેઈનમાં પપ્પા જેવા જ એક માણસનો ફોટો હતો.—હતોને પપ્પા?' □

તરીને ઉપર આવી ગયા હશે. એટલે જ આ ખનિજો ચંદ્રના ઉચ્ચ વિસ્તારોમાં મળી આવે છે. અને કયાંક ક્યારેક ચંદ્ર ઉપર મોટી ઉલ્કાઓ પડી હશે ત્યારે બૅસોલ્ટ (Basalt) પરિવારના ખડકો તૂટીને યા ઓગળીને વહી ગયા હશે. પરિણામે મારિયા વિસ્તાર બન્યા હશે.

પૃથ્વીની વય આશરે બેથી ચાર અબજ વર્ષ જેટલી માનવામાં આવે છે. ચંદ્ર પરના લગભગ બધા જ ખડકો આથી પણ પુરાણા હોવાનું તથ્ય બહાર આવ્યું છે. પૃથ્વી ઉપર જ્વાળામુખીઓ તો આજે પણ ફાટે છે પરંતુ ચંદ્રના આ ખડકોને બનાવનારી હલચલ અને ઊથલપાથલને સમાપ્ત થયે, અગાઉ જોયું તેમ, નહિ નહિ તોય ૩ નિખર્વ[3](૩૦૦ અબજ) વર્ષ તો થઈ જ ચૂક્યાં હોવાં જોઇએ!

ચંદ્રના કેટલાક નમૂનામાં વાયુઓ છે કે કેમ એ અંગે પણ તપાસ કરવામાં આવી છે. ઝિનોન-૧૨૯ સમસ્થાનિક (xenon-129)એ એક આવો વાયુ છે. લ્યૂનર રિસીવિન્ગ લેબોરેટરીના સંગ્રહ-પાલ (ક્યૂરેટર) ડૉ. કિન્ગ (Elbert King) કહે છે કે ચંદ્ર-નમૂનામાં ઝિનોન નામના વાયુનો સમસ્થાનિક (આઇસોટોપ) જો મળી આવે તો ચંદ્રની વય ચોક્કસપણે નિર્ધારિત કરી શકાય. આ વાયુ અગાઉ ઘણી ઉલ્કાઓમાં મળી આવ્યો છે. આપણું સૌર-મંડળ જ્યારે શિશુ અવસ્થામાં હતું ત્યારે એમાં ઝિનોન-૧૨૯નું પ્રમાણ ઘણું વિપુલ હતું. એટલે જે જે ઉલ્કાઓમાં આ વાયુ હોય એ બધી ઉલ્કાઓ આપણી પૃથ્વી કરતાં વધુ પુરાણી હોવી જોઇએ એવું એક તારણ ડૉ. કિન્ગે કાઢયું છે; કારણ કે પૃથ્વી ઉપર તો ઝિનોન-૧૨૯ વાયુ—એના સમસ્થાનિક રૂપમાં—બહુ જ જૂજ માત્રામાં મળે છે. એટલે જો ચંદ્ર-નમૂનાઓમાં ઝિનોન-૧૨૯ વધુ જથ્થામાં મળી આવે તો ચંદ્ર પણ (ઉલ્કાઓની જેમ) પૃથ્વી કરતાં વધુ પુરાણો સાબિત થાય. અલબત્ત, બીજી પદ્ધતિઓ દ્વારા હવે તો સાબિત થઈ ચૂક્યું છે કે ચંદ્રની વય પૃથ્વી કરતાં વધુ છે.

ચંદ્ર-નમૂનાઓમાં Pyroxferroite [$CaFe_6 (SiO_4)$] અને armalcolite[(Fe, Mg) Ti_2 O_5] જેવાં કેટલાંક તદ્દન નવાં ખનિજો પણ શોધી કઢાયાં છે. 'આર્માલ્કોલાઈટ' નામ એપોલો-૧૧ના ચંદ્ર યાત્રીઓ આર્મસ્ટ્રૉંગ (Armstrong), ઍાલ્ડ્રિન (Aldrin) અને કૉલિન્સ (Collins)ના નામ પરથી પાડવામાં આવ્યું છે. આ ખનિજોનું શું મહત્ત્વ છે, એ હજુ સુધી સમજાયું નથી.

ઍપોલો-૧૬ના જ્હૉન યંગે (John W. Young) ચંદ્ર પરના પાલ્મૅટો ક્રેટર (Palmetto crater) નામના સ્થાને ચંદ્રના ચુંબકત્વ અંગે સર્વેક્ષણ કર્યું. એ અગાઉ પણ ત્યાં ચુંબકત્વ-માપકો (magnetometer) મૂકવામાં આવ્યાં હતાં, પણ ઍપોલો-૧૬ના ચંદ્રયાત્રીઓ પાસે અતિશય સંવેદનશીલ યંત્રો હતાં.

ચંદ્રના વાન-ડી-ગ્રાફ નામના જ્વાળામુખની પાસે ચંદ્રના અન્ય સ્થળની અપેક્ષાએ ચંદ્રના ચુંબકત્વમાં ખાસ્સો એવો ફરક માલૂમ પડયો છે, એવો હેવાલ લૉસ-ઍન્જેલસ ખાતેની કૅલિફોર્નિયા યુનિવર્સિટીના ડૉ. કોલમાને (Paul J. Coleman) તાજેતરમાં જ આપ્યો છે.

સીસું, સ્ટ્રૉન્શિયમ અને આર્ગૅન જેવાં તત્ત્વોના સમસ્થાનિકોના અભ્યાસ (isotopic studies) દ્વારા ચંદ્રશિલા ક્યારે ઠરી હશે એની માહિતી સાંપડે છે. આશરે ચાર અબજ વર્ષો અગાઉ ચંદ્ર-શિલાઓ પૈકીની મોટા ભાગની શિલાઓ પીગળેલી અવસ્થામાંથી ઠરીને ખડક જેવા કઠણ સ્વરૂપને પામી હશે એવું હ્યુસ્ટન ખાતેના મૅન્ડ સ્પેઈસ ક્રાફ્ટ સેન્ટરના ભૂ-ભૌતિકશાસ્ત્રી ડૉ. સ્ટ્રૅન્ગવે (David W. Strangway) માને છે. એમેસ રીસર્ચ સેન્ટરના ડૉ. સૉન્નેટ (Charles P. Sonnett) ચંદ્ર-ચુંબકત્વ (લ્યૂનર મૅગ્નેટિઝમ)ની શોધને સૌર વાયુના તેમ જ ચંદ્રશિલાના સંશોધનના અનુસંધાનમાં ઘણી મહત્ત્વની ગણે છે.

૩ સંખ્યાઓની ગણતરી કરવામાં ભારતીય પદ્ધતિ મુજબ આ રીતનો ક્રમ અપનાવાય છે: એકમ, દશક, સો, હજાર, દસ હજાર, લાખ, દસ લાખ, કરોડ, દસ કરોડ, અબજ, ખર્વ, નિખર્વ, મહાપદ્મ, શંકુ, જલધિ, અંત્ય, મધ્ય પરાર્ધ, (એક પરાર્ધ = ૧, ૦, ૦, ૦, ૦, ૦, ૦, ૦, ૦, ૦૦, ૦૦, ૦૦, ૦૦૦) આનાથી પૃથ્વી અને ચંદ્ર વચ્ચેની વયનો તફાવત સારી રીતે સમજી શકાશે. લગભગ ભુલાઈ ગએલા આ સંખ્યાવાચક શબ્દો ફરી પ્રચારમાં આણવા જેવા છે.

ચન્દ્ર માટીમાં વાવેતર

હ્યુસ્ટનના લ્યૂનર સાયન્સ ઈન્સ્ટિટયૂટના વિટે (J. D. Weete) અને 'નાસા'ના યુનાઇટેડ સ્ટેટ્સ ડિપાર્ટમેન્ટ ઑાવ ઍગ્રિકલ્ચરના વિલ્કિનશૉ (C. H. Wilkinshaw) નામના વનસ્પતિ શાસ્ત્રીઓએ ચંદ્ર-રજમાં તમાકુના છોડ વાવવાના અખતરા કરેલા. બાર અઠવાડિયાં દરમ્યાન ઝડપથી ઊગી નીકળેલા એ છોડ પ્રમાણમાં વધારે લીલા હતા. આ લીલાશ એમાંના ક્લોરોફિલને લઇને જ હતી, એમ એના રાસાયણિક પૃથક્કરણ દ્વારા એમણે શોધી કાઢયું. એના ઉતકો (tissues)-માં કૅરોટિનૉઈડસ (carotenoids)નું પ્રમાણ સામાન્યરીતે હોવું જોઈએ એ કરતાં વધારે જણાયું છે.

પૃથ્વી ઉપર ઊગતા અને ચંદ્ર-માટીમાં ઊગતા છોડ વચ્ચે આ તફાવતનું કારણ શું હશે એ અંગે હજુ સુધી કશું સ્પષ્ટ કહી શકાય નહિ. પણ એવું મનાય છે કે ઊગતા છોડવાના કોષોમાં વધુ અમ્લતા (acidity) ને લઇને છૂટતા ધનાયન (કૅટાયન)ને કારણે વૃદ્ધિ કરનાર પદાર્થો ચંદ્ર-માટીમાંથી ઉદ્ભવતા હોવા જોઈએ. આ પદાર્થ કાં તો આંતરતારકીય હોય, યા પ્રચલિત પદાર્થોથી બનેલું કોઈ નવું સંયોજન હોય કે પછી તદ્દન નવો પદાર્થ પણ હોઈ શકે; વનસ્પતિવિદો માટે આ એક કુતૂહલ પ્રેરક વિષય છે. ચંદ્ર-માટીમાં વનસ્પતિ માટે કોઈ હાનિકારક તત્ત્વ મળ્યું નથી. આ ઉપરાંત, વનસ્પતિ માટે ઉપયોગી એવા બોરૉન અને મૉલીબ્ડૅનમ જેવાં તત્ત્વો પણ એમાં મળી આવ્યાં છે.

પ્રયોગથી જણાયું છે કે ચંદ્ર ઉપર જળનો સર્વથા અભાવ છે. હવે પ્રશ્ન એ રહે છે કે ચંદ્ર-માટી ભલે ગમે એટલી ઉપજાઉ કે ફળદ્રૂપ હોય પણ આવી પરિસ્થિતિમાં એ કેટલી ઉપયોગી નીવડે? કોઈ પણ રીતે જો ચંદ્ર પર પાણી મેળવી શકાય તો ત્યાં માનવ-વસવાટના પ્રથમ સોપાન સમી વનસ્પતિ ઉગાડી શકાય અને આમ કરીને ત્યાં આપણા જેવું હવાનું વાતાવરણ તૈયાર કરી શકાય. જો આ શક્ય બને તો અવકાશના અન્ય પિંડોના અભ્યાસાર્થે ચંદ્ર ઉપર પ્રયોગશાળાઓ સ્થાપી શકાય.

ભારતમાં ચંદ્ર-સંશોધન

આપણે ત્યાં, ભારતમાં, ચંદ્ર-રજ અને ચંદ્ર-શિખરના પથ્થરોને લગતાં સંશોધનોનો પ્રારંભ સૌપ્રથમ સપ્ટેમ્બર,' ૬૯થી થયો. અને આપણા વૈજ્ઞાનિકોએ આ ક્ષેત્રે ઘણું પ્રદાન કરીને અન્ય દેશોમાં સારી એવી પ્રસિદ્ધિ અર્જિત કરી છે.

આ સઘળા માનના હક્કદાર છે: મુંબાઇના ટાટા ઇન્સ્ટિટયૂટ ઑાફ ફંડામેન્ટલ રીસર્ચના યુવાન ભૂ-ભૌતિકશાસ્ત્રી પ્રો. ડૉ. દેવેન્દ્ર લાલ[4] અને એમના સાથીઓ, તેમ જ કાનપુરના આઇ. આઈ. ટી.ના ડૉ. પી. એસ. ગોયલ અને એમના સાથીઓ.

તાતા ઇન્સ્ટિટયૂટના પ્રો. લાલ, એન. ભંડારી, એસ. ભટ્ટ, જે. એન. ગોસ્વામી, એસ. કે. ગુપ્તા, એસ. કૃષ્ણસ્વામી અને એસ. તામ્હણે ચંદ્ર પરથી આણેલા નમૂનાઓ દ્વારા વિશ્વકિરણો (કૉસ્મિક રેઇઝ)ને લગતાં સંશોધનો કરે છે. એમાં કૅનેડાના ભૂભૌતિકશાસ્ત્રી મૅક્-ડુગલ (J. D. MacDougall) પણ અવારનવાર સહકાર આપે છે. કઠણ પદાર્થોમાંથી

૪ હમણાં તેઓ અમદાવાદની ફિઝિકલ રીસર્ચ લેબોરેટરીના ડાયરેક્ટર તરીકે આવ્યા છે. એટલે ચંદ્રના નમૂનાઓના આગળ સંશોધનો અહીં થશે.

ચન્દ્રનો અભ્યાસ

- ચંદ્ર-શિલાઓ અને અન્ય નમૂનાઓનો અભ્યાસ
  - ભૌતિક / રાસાયણિક / ખનિજ શાસ્ત્રીય
    - ચંદ્રનો ઉદ્‌ભવ, તેની વય
      - રાસાયણિક ઉત્ક્રાંતિ (ક્રમિક વિકાસ) / ચંદ્ર ગરમ કે ઠંડો?
        - ભૂપૃષ્ઠ વિધિઓ અને જ્વાળામુખોનો ઇતિહાસ વગેરે
  - જીવશાસ્ત્રીય
    - જીવન
  - તપાસનિરીક્ષણ માટે
    - સૌરવાયુ
    - સૌર કૉસ્મિક કિરણો
    - તારાવૈશ્વિક (galactic) કૉસ્મિક કિરણો
    - સૌર તંત્ર ન્યૂક્લિઓસિન્થેસિસ
- ચંદ્ર પરના પ્રયોગો
  - લેસર રીફ્લેક્ટર
  - સૌર વાયુનો અભ્યાસ
  - ભૂકંપીય અભ્યાસ

ચંદ્ર વિષેના અભ્યાસનાં વિવિધ પાસાંનો ખયાલ આપતો આલેખ

પસાર થતાં વિશ્વકિરણો એમાં માર્ગ ચાતરી જઇ અચૂક પોતાની નિશાની મૂકતા જાય છે. રાસાયણિક પદ્ધતિની સહાયથી લાખો ને અબજો વર્ષ પહેલાંનાં એ ચિહ્નો જોઇ શકાય છે. અમેરિકાના વિજ્ઞાનીઓની આ શોધ અજમાવીને ડૉ. દેવેન્દ્ર લાલ અને એમના સાથીઓએ શોધી કાઢ્યું કે સૂર્યની વિશ્વકિરણોની તાકાતમાં એટલે કે સૂર્યથી ઉદ્‌ભવતી શક્તિમાં છેલ્લાં દસ કરોડ વર્ષમાં કોઇ ખાસ ફેરફાર થયો નથી. આના પરથી એવું નક્કી થઇ શક્યું કે પાછલાં દસ લાખ વર્ષમાં પૃથ્વી પર હિમયુગો આવવાનું કારણ સૂર્યથી આવતી ઉષ્માનો ઘટાડો તો ચોક્કસ નથી જ. અત્યાર સુધી આપણે એ માટે સૂરજને જવાબદાર ગણતા હતા તે માન્યતા આ શોધ પછી બદલીને હિમયુગ માટે કોઇ અન્ય કારણ હવે શોધવું પડશે.

વળી, ડૉ. લાલના જૂથે ચંદ્ર શિલાઓ અને ચંદ્રકણો પરના વિશ્વ-કિરણોનાં નિશાનોની લંબાઇ પરથી એ ઘા અંકિત કરનાર વિશ્વકિરણોમાં કેવાં અને કયાં તત્ત્વો કેટલા પ્રમાણમાં હોય છે તે પણ તપાસ્યું. વિશ્વ-કિરણો કેવી રીતે ઉદ્‌ભવતાં હશે એ અંગેની એક પરિકલ્પના પણ એના પરથી રજૂ થઇ શકી. વળી, ચંદ્ર પરના નમૂના અને પૃથ્વી પર પડેલી ઉલ્કા-ઓની સરખામણી કરી એ પરથી તારણ કાઢ્યું કે પ્લુટોનિયમ પહેલાં પ્રા-કૃતિક અવસ્થામાં મળતું હોવું જોઇએ, એટલું જ નહિ, એમણે એમ પણ સૂચવ્યું કે યુરેનિયમોત્તર અન્ય તત્ત્વો પણ વર્ષો અગાઉ પ્રાકૃત અવસ્થામાં ઉપલબ્ધ હશે. આ યુરેનિયમોત્તર તત્ત્વો અતિશય કિરણોત્સર્ગી—રેડિયો-સક્રિય હોઇ બહુ જલ્દીથી તૂટતાં જઇ અન્ય તત્ત્વોમાં રૂપાંતરિત થઇ જાય છે, એટલે આજે એ તત્ત્વો પ્રકૃતિમાં જાતે બનતાં પ્રાપ્ય નથી. પણ યોગ્ય અને અનુકૂળ નાભિકીય પ્રક્રિયાઓ દ્વારા બનાવી શકાય ખરાં. પ્લુટોનિયમ પણ પ્રારંભમાં આ તત્ત્વો સાથે પેદા થયું હશે, પણ એની અત્યંત રેડિયોસક્રિયાતાને કારણે તૂટતું જઇ આજે એનું પ્રાકૃતિક સ્વરૂપ પ્રાપ્ય નથી. પ્લુટોનિયમના એ વિભાજનની કોઇ નિશાની પૃથ્વી પરથી તો મળી શકી, પરંતુ ચંદ્ર પર કે ઉલ્કાપિંડોમાં એની શકયતા ખરી. (જુઓ આ અંકના મુખચિત્ર પાછળ.)

ડૉ. લાલના જૂથે ચંદ્રરજમાં એ ચિહ્નો શોધી કાઢ્યાં. એટલું જ નહિ, એમણે પ્લુટોનિયમથી પણ ભારે, હજુ સુધી અજાણ એવા કોઇ તત્ત્વોનાં ચિહ્નો પણ શોધી કાઢ્યાં. અમેરિકામાં મળેલા 'દ્વિતીય ચંદ્ર-વિજ્ઞાન સંમેલન'માં એમના આ અહેવાલે અજબ સન્નાટો પસારી દીધેલો.

આવાં કોઇ તત્ત્વોની કલ્પના વિજ્ઞાનીઓએ કરેલી ખરી, પણ એનું સમર્થન કરતી કોઇ સાબિતી અત્યાર સુધી મળી નહોતી. ડૉ. લાલના જૂથે એ પૂરી પાડી. આ ઉપરાંત, સૂક્ષ્મ ઉલ્કાપિંડો મારફત થતા ચંદ્ર-રજના ક્ષરણ અને ચંદ્ર-સપાટીની માટી—'રિગોલિથ'ની બનાવટ અંગે પણ મહત્ત્વનું સંશોધન કર્યું છે. એમણે જણાવ્યું કે સૂક્ષ્મ ઉલ્કાપિંડોથી ચંદ્રશિલાઓનું ક્ષરણ એટલું તો ધીમેધીમે થાય છે કે જો દસ લાખ વર્ષો સુધી એ ઉલ્કાપિંડો પડતા રહે તો એ માત્ર એક મિલિમીટર જેટલો જ ઊંડો ખાડો પાડી શકે. વળી, એમણે જણાવ્યું છે કે તૂટલી ઉલ્કાઓને લઇને ચંદ્ર પર જ્યારે ખાડા પડયા ત્યારે એમની શિલાઓ તથા રોડાં-મટોડું વગેરે જે ઊછળીને ચારે તરફ વિખેરાયું તે જ 'રિગોલિથ' છે.

ચેકોસ્લોવાકિયા, ઇન્ડોનેશિયા, ઑસ્ટ્રેલિયા વગેરે દેશોમાં ટેક્ટાઇટ્સ (Tektites) નામે કાચ જેવા અમુક પદાર્થ મળી આવે છે. અગાઉ એમ મનાતું કે ચંદ્ર પરથી એ આવતા હશે, પણ એના પક્ષમાં કે એની સામે કોઇ સાબિતી મળી નથી. પ્રો. લાલે આ અંગે વધુ સંશોધન કરવા પણ અનુરોધ કર્યો છે.

કાનપુરના આઇ. આઇ. ટી.ના ડૉ. પરમાત્મશરણ એસ. ગોયલ અને એમના સાથીઓ પણ ઍપોલો-૧૪ દ્વારા આવેલા ચંદ્ર-નમૂનાઓનું સં-શોધન કરે છે. તાતા ઇન્સ્ટિ.ના જૂથ કરતાં એમનું કાર્ય સીમિત છે. તેઓએ માત્ર ચંદ્ર-નમૂનાઓમાં રહેલા નાઇટ્રોજનની માત્રા માપવાના કાર્ય પર જ ધ્યાન કેન્દ્રિત કર્યું છે જેનાથી સૂર્ય અંગેના જ્ઞાનમાં ઉમેરો થયો છે. ચંદ્ર પર નાઇટ્રોજનનું જે કંઇ પ્રમાણ છે તે સૌર વાયુ દ્વારા ત્યાં પહોંચ્યું છે અને સૂર્ય વર્ષોથી એકસરખા પ્રમાણમાં નાઇટ્રોજનનું ઉત્સ-ર્જન કરતો રહ્યો છે એવું એમના સંશોધનોમાં જોવા મળ્યું છે.

આમ, ચંદ્રનો અભ્યાસ અનેક દિશામાં કેટલો વિસ્તરેલો છે! એના અભ્યાસનાં વિવિધ પાસાંનો ખયાલ આ સાથેના આલેખ પરથી મળશે.

ડૉ. લાલે ખરું જ કહ્યું છે કે, 'ખરું પૂછો તો ચંદ્ર-વિજ્ઞાનનો હવે જ ખરો પ્રારંભ કર્યો છે.' □

અંગ્રેજી સાહિત્યનું આચમન

ડૉ. મધુસૂદન પારેખ

૨ ચૉસરના સમકાલીનો



વીકલિફ ▷

ચૉસરે પોતાની કાવ્યપ્રતિભાથી મધ્યકાળને ઝળાંઝળાં કરી દીધો. સાહિત્યક્ષેત્રે તેનું પ્રદાન મહામૂલું ગણીને વિવેચકોએ એ યુગને ઉચિત રીતે 'ચૉસરયુગ' તરીકે જ ઓળખાવ્યો છે. એ યુગમાં વિલિયમ લૅન્ગલૅન્ડ (William Langland) અને જ્હૉન ગાવર (John Gower) જેવા કવિઓએ પણ પોતાનું દૈવત પ્રગટ કર્યું છે, પરંતુ ચૉસરના કવિત્વના પ્રકાશમાં એમનો પ્રભાવ ઢંકાઈ ગયો. તેમ છતાં સમકાલીન સમાજનાં ચિત્રોના નિરૂપણને કારણે લૅન્ગલે જેવા કવિએ તો એ યુગમાં સારી એવી લોકપ્રિયતા પ્રાપ્ત કરી હતી.

લૅન્ગલેનું 'પીઅર્સ પ્લાઉમૅન (Piers Ploughman)'

વિલિયમ લૅન્ગલૅન્ડ (લૅન્ગલે) એ 'પીઅર્સ પ્લાઉમૅન' નામની કૃતિ રચી હોવાનું મનાય છે. આ સુદીર્ઘ કૃતિની માત્ર ત્રણ પ્રત પ્રાપ્ત છે. પહેલી પ્રત કરતાં બીજી બે ઠીક ઠીક વિસ્તૃત અને સુધારેલી છે. એમાં પહેલી પ્રત લૅન્ગ્લેની હોય અને તેને બીજા કવિઓએ સુધારીવધારીને બીજી-ત્રીજી પ્રત રચી હોય એવી સંભવિતતા વિદ્વાનો સ્વીકારે છે.

લૅન્ગ્લે સાચો આદર્શવાદી ધાર્મિક નેતા હતો. એના યુગમાં સામાજિક ને ધાર્મિક ભ્રષ્ટાચારે માઝા મૂકી હતી. ધર્મગુરુઓ લોભી, દંભી, પ્રપંચી, એશઆરામી ને પરિણામે નૂર વિનાના બની ગયા હતા. સમાજમાં ખેતમજૂરોની સ્થિતિ બેહાલ હતી. અન્યાય અને જુલમને છૂટો દોર મળ્યો હતો. આ વ્યાપક સળો જોઇને લૅન્ગલેની ધર્મવૃત્તિ ઊકળી ઊઠી. એણે 'પીઅર્સ પ્લાઉમૅન'માં આ સર્વ અનિષ્ટો સામે પોતાનો તીવ્ર અવાજ પ્રગટ કર્યો. એમાં એની સચ્ચાઈ આકર્ષક બની રહે છે. ચૉસરે એના યુગની ક્રાંતિકારી ઘટનાઓ વિષે પણ મોટે ભાગે મૌન સેવ્યું, પરંતુ લૅન્ગ્લૅન્ડે પૂરા નૈતિક જુસ્સાથી અનિષ્ટોનો પ્રતિકાર કર્યો.

ચૉસર અને લૅન્ગ્લૅન્ડ બંનેએ પોતાની કૃતિઓ માટેની સામગ્રી પરંપરિત પ્રવાહોમાંથી પ્રાપ્ત કરી હતી અને સમાજની પ્રચલિત હકીકતોનો ઉપયોગ કર્યો હતો; પરંતુ બંનેના માર્ગ, અભિગમ જુદા હતા. ચૉસર કવિ હતો, લૅન્ગલે સુધારક. ચૉસરની કલા લૅન્ગલે પાસે નથી; આયોજન પણ નથી. છતાં એનો અપ્રતિમ જુસ્સો, એની સચ્ચાઇનો રણકો, એની કૃતિને કેટલેક સ્થળે ઠીકઠીક ઊંચાઈ પર મૂકી આપે છે. 'પીયર્સ પ્લાઉમૅન'ને વિવેચક લગવી (Legoius)એ 'કલાહીન છતાં અત્યંત લોકપ્રિય' (the most popular, if the least artistic) કહી છે.

સ્વરૂપની બાબતમાં લૅન્ગ્લે પણ ચૉસરની અનેક કૃતિઓમાં પ્રગટતી સ્વપ્નરૂપકની પરંપરાને અનુસરે છે. (જો કે એ બધાંનાં મૂળ વિદ્વાનોએ ફ્રેંચ કૃતિ 'રોઝ રોમાન્સ'માં જોયાં છે.) કવિ–ભરવાડ રૂપે–મે મહિનાની કોઈક સવારે ટેકરી પર સૂતો છે, અને સ્વપ્નમાં તે ખેતરમાં ખેડૂત, વેપારી, ભિખારી, યાત્રી, ધર્મગુરુ એમ વિવિધ સ્તરના ગ્રામજનોનો સમુદાય (a faire feldeful fo folke) જુએ છે. દરેક જણ પોતપોતાના ધંધારોજગારે જવાની ઉતાવળમાં છે. એ સમયે હોલી ચર્ચ (Holy Church) નામની એક સન્નારી તેની સમક્ષ આવીને તેને નિદ્રામાં સમય વેડફી નાખવા માટે ઠપકો આપતાં કહે છે: 'આ બધા લોકો ભૌતિક સુખની પાછળ દોડી રહ્યા છે તે તને દેખાતું નથી?' કવિ આ દેવીના કહેવાનું તાત્પર્ય સમજી શકતો નથી, એટલે હોલી ચર્ચ તેને ફોડ પાડીને સમજાવે છે: 'સત્યનો વાસ ઊંચા ટાવરમાં ને અસત્ય (સેતાન) અંધારી ગુફામાં રહે છે.' ત્યારે કવિ સત્યને ઓળખવાની રીત સમજવા માગે છે—આત્માના ઉદ્ધારનું રહસ્ય તે પૂછે છે.

હોલી ચર્ચ તેને ડાબી બાજુ જોવાનું સૂચવે છે. કવિ ત્યાં એક વૈભવશાળી રાણીના જેવી સ્ત્રીને જુએ છે. તેનું નામ મીડ (Lady Meed). લાંચરુશ્વતનું જ એ રૂપાળું નામ. જૂઠાણા (Falschood) સાથે એનું લગ્ન થવાનું છે. એ લગ્નમાં એના જાનૈયા કોણ? ખુશામત, ખટપટ, પ્રપંચ અને બીજાં ખલ પાત્રો! આ લગ્નનો એક સ્ત્રી-ધર્મવિજ્ઞાન (Theology) વિરોધ કરે છે. ઝગડો રાજા પાસે પહોંચે છે. દરબારમાં પણ સન્નારી મીડ લાંચ આપીને ન્યાયાધીશોને ફોડવાનો પ્રયત્ન કરે છે. દેવળમાં નવી બારી રચી આપવાનું વચન આપી ત્યાં પોતાનો પ્રભાવ ઊભો કરે છે. પરંતુ બુદ્ધિ અને અંતઃકરણની સલાહ પ્રમાણે સત્ય, રાજાને સાચી હકીકત કહી મીડની બધી ચાલબાજી ઉઘાડી પાડે છે.* રાજા આ બધી સાચી હકીકત જાણીને જૂઠાણાને સખ્ત સજા કરવાની ધમકી આપે છે, કે તરત જ ખટપટ, ખુશામત અને બીજાં સાગરીતો મીડને દરબારમાં એકલી મૂકીને છટકવા માંડે છે. અસત્ય અને એના સાથીદારોની આ પલાયનપ્રવૃત્તિનું ચિત્ર વિવેચકોને સ્મરણીય લાગ્યું છે અને લૅન્ગલેની ચિત્રાત્મકતાનો સારો નમૂનો તેમણે તેમાં જોયો છે. અસત્ય, તરકટ અને બીજા, એમના મળતિયા વેપારી અને ધર્મગુરુઓ પાસે આશ્રય મેળવવા જાય છે અને એ લોકો તેમને રૂડી રીતે આશરો આપે છે!

કવિનું સ્વપ્ન અહીં તૂટે છે. એ થોડાંક ડગલાં ચાલે છે ત્યાં ફરી ઝોકું આવે છે ને સ્વપ્ન આગળ ચાલે છે. એ જ ખેતરમાં લોકસમુદાય સમક્ષ અંતસ્તત્ત્વ (conscience) ઉપદેશ આપે છે તે કવિ સાંભળે છે. અંતસ્તત્ત્વ લોકોને સમજાવે છે કે આ પ્લેગ ને વાવાઝોડાં ભૂમિ પર ફરી વળ્યાં છે તે તમારાં પાપનું જ પરિણામ છે. ઈશ્વરે તમને આ શિક્ષા ફરમાવી છે. આમ કહી લોકોને તે પ્રાયશ્ચિત્ત કરીને મહાત્મા સત્યની શોધ કરવાનું સૂચવે છે. તત્ત્વના આદેશથી સાત ભયંકર પાપ (Seven Deadly Sins) પણ પ્રાયશ્ચિત્ત કરવા માટે પ્રત્યક્ષ થાય છે. આ સાત મહાપાપનાં બીબાંઢાળ વર્ણનો મધ્યકાલીન સાહિત્યમાં વારંવાર કવિઓએ કરેલાં છે, પરંતુ લૅન્ગલેનું જે કંઈ ઉત્તમ છે તે આવાં ચિત્રોમાં પ્રગટે છે.

પ્રાયશ્ચિત્ત કરીને જનસમુદાય મહાત્મા સત્યની શોધ માટે તત્પર થાય છે, પરંતુ સત્યનો માર્ગ કોઈએ જોયો નથી. બરાબર આ સમયે પહેલી વાર ખેડૂત પીઅર્સ (Piers Ploughman) પ્રગટ થાય છે. આ યાત્રીઓની આગેવાની લેતાં પહેલાં તે અર્ધો એકર જમીન ખેડવાની પૂર્વશરત મૂકે છે. આળસુઓ આ શ્રમકાર્યમાંથી છટકવા માંડે છે, પરંતુ ભૂખમરો કોરડો વીંઝીને તેમને કામ કરવાની ફરજ પાડે છે. આ પ્રસંગનો લાભ લઈને લૅન્ગલેએ મજૂરી, વેતન અને એવાં બીજાં આર્થિક પરિબળો વિષે પોતાનાં મંતવ્યો રજૂ કર્યાં છે. પણ વિવેચકોને તેમાં કસ દેખાયો નથી. કવિ લૅન્ગલેને પ્રજાના ઉગ્ર અસંતોષની સામે વ્યવસ્થિત સમાજ સ્થાપવાની ઝંખના છે. એ માત્ર ઉચ્છેદક વૃત્તિનો નથી. મહાત્મા સત્ય ખેડૂત પીઅર્સને બધા યાત્રીઓ માટેનું એક માફીપત્ર (Pardon) મોકલે છે. તેમાં માત્ર એટલું જ નિવેદન છે કે 'સત્કર્મીને સ્વર્ગ મળશે, બીજાને નહિ.' અને ત્યાં કવિનું સ્વપ્ન ઊડી જાય છે.

બીજી–ત્રીજી પ્રતમાં બિલાડીને ગળે ઘંટ બાંધવા ભેગા થએલા ઊંદરોની, અને 'સારું કરો, વધુ સારું કરો, ઉત્તમ કરો, (Do Well, Do

* ગુજરાતી મધ્યકાલીન સાહિત્યમાં 'ત્રિભુવન દીપક પ્રબંધ' સરખાવો:

Bet, Do Best)'ની કથા મળે છે; પરંતુ, અગાઉ કહ્યું તેમ, એ બંનેમાં આયોજનનો અભાવ દેખાય છે અને સુશ્લિષ્ટતાની છાપ પડતી નથી. પીઅર્સ પ્લાઉમૅનનું પાત્ર પણ એમાં અમૂર્ત છે. ક્યારેક તે ઈશુના ધર્મ-પ્રચારક તરીકે તો વળી ક્યારેક ખુદ ઈસુ રૂપે રજૂ થતો દેખાય છે. વળી એ કૃતિમાં સન્નારી મીડની તથા સાત મહાપાપની અંતર્ગત કથાઓ હળવું મનોરંજન પૂરું પાડતી નાટિકા જેવી છે, અને આવા કેટલાક અંશોમાં વિવેચક લગવીએ મૉરાલીટી (Moralities) પ્લેઈઝ અને મિસ્ટરી (Mysteries) પ્લેઈઝનાં મૂળ જોયાં છે.

'પીઅર્સ પ્લાઉમૅન' કૃતિનું ત્રણ રીતે મહત્ત્વ છે. એક તો તેમાં તત્કાલીન ગ્રામ સમાજ ને નગરસમાજનાં રીતરસમની તસ્વીર પ્રગટ થાય છે; બીજું, ધર્મસંસ્થા અને જમાનાની બીજી બદીઓ પર તેમાં ઉગ્ર પ્રહાર છે; અને ત્રીજું, તેમાં જીવનનું રૂપક છે. પીઅર્સ ઈસુના પ્રતીક રૂપે રજૂ થઈ શ્રમ, પ્રેમ અને ધર્મનો મહિમા કરે છે. બન્યન (Bunyan)ના રૂપકનું તે સ્મરણ કરાવે છે. કલાદૃષ્ટિએ નીરસ લાગે એવી આ કૃતિ સામાજિક ઇતિહાસકારો માટે સામગ્રીની દૃષ્ટિએ ખૂબ મહત્ત્વની ગણાઈ છે.

જ્હૉન ગાવર

ચૉસરના સમકાલીન જ્હૉન ગાવરનું નામ કવિ કરતાં વિશેષે એક નીતિવાદી તરીકે સ્મરણીય છે. તેણે ફ્રેંચ, લૅટિન ને અંગ્રેજીમાં પોતાની કૃતિઓ રચી. ફ્રેંચમાં લખાએલી સુદીર્ઘ કૃતિ 'Speculum Meditantis'માં પાપ અને પાપીઓનાં બીબાંઢાળ વર્ણનો તથા માનવીની દૂષિત પ્રકૃતિને કારણે ઉદ્‌ભવતાં અનિષ્ટોનો દુઃખદ ચિતાર છે અને ઈલાજ તરીકે કવિએ પ્રાયશ્ચિત્ત સૂચવ્યું છે. તેમાં કવિનું ચુસ્ત નીતિવાદી માનસ બરાબર પ્રગટ થયું છે. લૅટિન કૃતિ 'Vox Clamantis'માં કવિ સ્વપ્ન-રૂપકની પરંપરાને અનુસરીને ઈ. ૧૩૮૧ના કિસાનોના બળવાનો અહેવાલ આપે છે. એ આંદોલનને પરિણામે ફેલાએલી અવ્યવસ્થા, હિંસા, ભ્રષ્ટાચાર ઇત્યાદિના વર્ણનમાં વિવેચકોએ તેની કલમ બરાબર ખીલતી જોઈ છે. કવિનું વલણ સ્પષ્ટપણે જમીનદાર તરફી છે. આંદોલને કવિ-ચિત્તમાં પેદા કરેલાં ભય અને વ્યથા કૃતિમાં સહજપણે પ્રગટ થયાં છે.

સંભવ છે કે ચૉસરની વધતી જતી પ્રતિષ્ઠા જોઇને ગાવરે પોતાની ત્રીજી કૃતિ 'Confessio Amantis' અંગ્રેજીમાં રચી હોય. ઈ.૧૩૮૩–૮૪ના ગાળામાં ચાલીસ હજાર જેટલી પંક્તિમાં તેણે આ કથાસંગ્રહ પદ્યમાં રચેલો છે. તેના કહેવા મુજબ આ કૃતિ રાજા રિચર્ડના આદેશથી અંગ્રેજીમાં લખવામાં આવી હતી. વિવિધ કથાઓને પરોવવા માટેના સૂત્રની કલ્પના ચૉસર કરતાં સહેજ વહેલી ગાવરને આવી હતી. જો કે આ અગાઉ કથાઓની ગૂંથણીની તરકીબો–ગૂંથણીનાં વિવિધ આયોજનો–પ્રચલિત હતાં અને ચૉસર કે ગાવર તેનાથી અજાણ ન જ હોય.

અગાઉની બે કૃતિમાં નીતિ, સદાચાર, ધર્મ આદિનો મહિમા ગાનારો ગાવર (ચૉસરે એને નીતિમાન ગાવર તરીકે ઓળખાવી પોતાની ટ્રૉઈલસ–ક્રીસીડાની કૃતિનું તેને અર્પણ કર્યું હતું.) આ અંગ્રેજી કૃતિ રચતાં અગાઉ નિશ્વાસ નાખીને કહે છે કે, 'હવે નીતિની વાત મૂકીને પ્રેમની વાર્તા કરવા તૈયાર થયો છું; લોકોને એ જ ગમે છે; શું થાય?'

એના આ ઉપર્યુક્ત વાર્તાસંગ્રહનું આયોજન કંઈક આ પ્રમાણે છે. પ્રેમની દેવી વીનસની કવિ પ્રત્યે કંઈક કૃપાદૃષ્ટિ છે. મે મહિનાના કોઈ દિવસે દેવી તેને પોતાના ધર્મગુરુ સમક્ષ પાપોનો એકરાર કરવાનું સૂચવે છે. કહ્યાગરો કવિ તેની પાસે પાપોની કબૂલત માટે જાય છે, પરંતુ એનો એકરાર સંપૂર્ણ બને તે સારુ ધર્મગુરુ તેને જુદાંજુદાં પાપોની કથા કહી સંભળાવે છે, જેથી આ પ્રેમીએ પોતાના અંતઃકરણમાં પ્રેમપ્રકરણમાં કેવાં પાપ કર્યાં હતાં તેનો અંદાજ તેને આવી શકે. પરંતુ આ કવિ-પ્રેમીનો એકરાર પૂરો થયા પછી પ્રેમની દેવી તેની હાંસી ઉડાવે છે.

આ રીતના આયોજનમાં સાત મહા પાપ અને તેમાંથી પ્રગટતાં ગૌણ પાપોની કથાઓ કવિએ વર્ણવી છે. ધર્મગુરુ પાસે બધાં પાપોનું મબલખ જ્ઞાન હોવા છતાં વિવિધ પ્રકારનાં પાપને સુસંગત દૃષ્ટાંતકથા તે યોજી શકતો નથી. દંભનો ચિતાર આપવા માટે તે ટ્રોજનના ઘોડા દ્વારા કરવામાં આવતી છેતરપીંડીની કથા વર્ણવે છે! એ જ રીતે પ્રેમની નૈતિકતા દર્શાવવા માટે પસંદ થએલી વાર્તાઓમાં પણ વિવેચકોએ ભારોભાર અસંગતતા નિહાળી છે. ગાવર પણ ચૉસરની જેમ તેના જમાનાનો બહુશ્રુત પંડિત હતો. પાપ વર્ણવવા માટે ઉચિત દૃષ્ટાંતકથા તે કેમ ન યોજી શક્યો તે એક કોયડો છે. કથાસામગ્રી તેની પાસે મબલખ હતી, છતાં વાર્તાની પસંદગીમાં કે વાર્તાકથન-કલામાં ગાવર ખીલી શક્યો નહિ. ચૉસરમાં પ્રગટતું વૈવિધ્ય કે હાસ્ય ગાવરમાં નથી. વાર્તામાં વચ્ચે રજૂ કરેલાં તેનાં મંતવ્યો પણ નવીનતાની ચમક વિનાનાં છે. ખરું જોતાં, વિવેચકોએ નોંધ્યું છે તેમ, ગાવરે નીતિવાદી તરીકે જ ભાગ ભજવવો જોઇતો હતો. એનું ઉત્તમ તત્ત્વ નીતિલક્ષી કવિતામાં જ પ્રગટ્યું-પણ તે તો લૅટિનમાં હતી!

તેની છેલ્લી કૃતિ 'Traite' ઈ. ૧૩૯૭ના અરસામાં, પ્રેમ અને લગ્નના વિષયને સ્પર્શતી, પરિણીતોને ઉદ્દેશીને રચાઈ છે. તેમાં ટૅકનિકની દૃષ્ટિએ વિવેચકોએ તેનો વિકાસ જોયો છે, પરંતુ કલ્પનાશક્તિમાં તેની મંદતા પૂર્વેની કૃતિઓની જેમ જ અહીં પણ છે. સમગ્રપણે એ ચૉસરનો સમકાલીન ગૌણ કવિ ગણાય.

જ્હૉન બર્બર

ચૉસરના સમકાલીનોમાં સ્કૉટલૅન્ડના એક જ્હૉન બર્બર (John Barbour)નો પણ નિર્દેશ કરવો ઘટે. સ્કૉટલૅંડની રાષ્ટ્રીય અસ્મિતા વિકસતાં તેમને પરાધીનતા કઠવા માંડી. પરિણામે સ્કૉચ પ્રજાએ ઇંગ્લૅંડ સામે ઈ. ૧૨૮૯થી ૧૩૪૨ સુધી સ્વાતંત્ર્યયુદ્ધો ખેલ્યાં એમાં રૉબર્ટ બ્રૂસ, ડગ્લસ ઈત્યાદિ વીર નાયકો બહાર આવ્યા. બર્બરે સ્કૉટલૅંડ અને ઇંગ્લૅંડ વચ્ચેના ગેરીલા યુદ્ધનો વિષય, એની તેર હજારથી પણ વધુ પંક્તિની કૃતિ 'રૉબર્ટ બ્રૂસ' (Robert Bruce)માં નિરૂપ્યો છે. આ કૃતિમાં રોમાન્સ અને ઇતિહાસ બંનેનું મિશ્રણ છે. ભાવિ ઇતિહાસકારોએ સામગ્રી માટે તેને મહત્ત્વની ગણી છે. આ ઉપરાંત બર્બરે સીજ ઑવ ટ્રોય (Siege of Troy) તથા કેટલાક સંતોનાં ચરિત્રો પણ લખ્યાં છે, પરંતુ તેની સ્મૃતિ તો જળવાઈ છે 'રૉબર્ટ બ્રૂસ'ને જ કારણે.

કેટલાક ગદ્યકારો (૧૩૫૦થી ૧૪૦૦)

ચૉસરના યુગમાં ગદ્ય બહુ થોડું ખેડાયું છે, અને જે કંઈ પ્રાપ્ત થયું છે તે પણ સાહિત્યિક ગુણવત્તાની દૃષ્ટિએ ખૂબ ઊણું ઊતરતું વિદ્વાનોને લાગ્યું છે. માત્ર તત્કાલીન સમાજ વિષે તેમાંથી માહિતી મળે છે, એટલી જ તેની ઉપયોગિતા છે. ફ્રાન્સ અને ઈટલીમાં, ઈંગ્લૅંડની તુલનાએ, આ યુગમાં ઠીકઠીક સમૃદ્ધપણે ગદ્ય ખેડાએલું જણાય છે. ઇંગ્લૅંડમાં હજુ ગદ્યક્ષમ થવા માટે અંગ્રેજી ભાષાની યોગ્યતા સ્વીકારાઈ નહોતી. ગદ્ય બહુધા લૅટિનમાં જ લખાતું. એ સંજોગોમાં જ્હૉન ટ્રેવીસા (John Trevisa), મૅન્ડવીલ (Mandevilla), વીકલિફ (Wyclif) ઈત્યાદિ લેખકોએ અંગ્રેજીમાં ગદ્ય ખેડવાનો પ્રયાસ કર્યો.

જ્હૉન ટ્રેવીસાએ અંગ્રેજ વિદ્વાન હિજડન (Higden)ના 'Poly-પૉલીક્રૉનિકન'નો લૅટિનમાંથી અનુવાદ કર્યો(૧૩૮૭). અનુવાદમાં ખાસા ઉમેરા પણ કર્યા છે. ઉદાહરણ તરીકે મૂળ લેખક હિજડને ગ્રંથમાં ફરિયાદ કરી છે કે અંગ્રેજી શાળાઓમાં ફ્રેંચ ભાષાનો જ મહિમા થવાથી અંગ્રેજી ભાષાનો વિકાસ સ્થગિત થઈ ગયો. અનુવાદક ટ્રેવીસા પોતાનું ઉમેરણ કરે છે કે હિજડનની ફરિયાદના દિવસો વીતી ગયા છે અને છેલ્લા એકાદ દાયકાથી ફ્રેંચ ભાષાને સ્થાને અંગ્રેજીનો ઉપયોગ થવા માંડ્યો છે.

'જ્હૉન મૅન્ડવીલના પ્રવાસો'માં એ લેખકે પોતાના પ્રવાસોનું રોમાંચક વર્ણન કર્યું છે. મૅન્ડવીલ એક અંગ્રેજ સરદાર હતો. ઈ.૧૩૨૨માં

તે પૂર્વના પ્રવાસે ગએલો. ચોત્રીસ વર્ષ પછી પાછા આવીને તેણે પોતાના અનુભવો વર્ણવ્યા. એમાં સાપને ચાવી જતા લોકોનાં, શ્વાનમુખ માણુસોનાં, લાંબા પગવાળા અને એ પગને માથા પર અધ્ધર રાખી છત્રી તરીકે તેનો ઉપયોગ કરનારા લોકોનાં, કપાળ વચ્ચે એક જ આંખવાળા માણુસોનાં, ઘૂંટણુ સુધીના લાંબા કાનવાળા લોકોનાં–વગેરે વર્ણુનો નર્યાં કપોળકલ્પિત છે. પરંતુ આ પુસ્તકે અંગ્રેજ પ્રજામાં સારો એવો રસ પેદા કર્યો હતો. તેમાં કેટલીક સાચી હકીકતો સાથે ચમત્કારોનું મિશ્રણુ છે.

ઘણાં વર્ષ પછી છેક આ સૈકામાં પ્રકાશ પડે છે કે જ્હૉન મેન્ડવીલ નામની કોઈ ઐતિહાસિક વ્યક્તિ હતી જ નહિ! એ સમગ્ર પુસ્તક એક ફ્રેંચ વૈદરાજની કલ્પનાનું ફળ છે! એ ગમે તેમ હોય, પણુ ડીફો (Defoe) અને સ્વિફ્ટ (Swift)ની પૂર્વે ભૂમિકારૂપે પ્રવાસનું રોમાંચક પુસ્તક અંગ્રેજી ગદ્યમાં ચૌદમા સૈકામાં પ્રગટ થયું હતું એ હકીકત નોંધપાત્ર છે.

જથ્થાની દૃષ્ટિએ તો ચૅાસરે પણુ ઠીકઠીક ગદ્ય લખાણુ રચ્યું છે, પણુ તે માત્ર અનુવાદ રૂપે. બોએથિયસ (Boethius)નું 'The Consolation' એ તેનું પ્રિય પુસ્તક હતું. તેનો અનુવાદ તેણે લૅટિનમાંથી કર્યો હતો. એ પુસ્તકની વિચારસામગ્રીનો ઉપયોગ તેણે છૂટથી પોતાની અન્ય કૃતિઓમાં કર્યો છે. કૅન્ટરબરી કથાઓની બે ગદ્યવાર્તાઓ—મેલિબિયસની કથા (The Tale of Melibeus) અને પાર્સનની કથા (The Parson's Tale) પણુ બહુધા ફ્રેંચમાંથી અનુવાદિત છે. કેટલાક લૅટિન નિબંધોનો પણુ તેણે અનુવાદ કર્યો છે. પણુ અનુવાદક તરીકે તેની સમર્થતાની પ્રતીતિ તો બોએથિયસના અનૂદિત પુસ્તકમાં થાય છે. ફિલસૂફી મૂર્તરૂપે બોએથિયસને કારાગારમાં મળવા જાય છે. તે આખો પ્રસંગ ચૅાસરે મૂળ કૃતિને બરાબર ન્યાય મળે તેવા અદ્ભુત કૌશલથી માતૃભાષામાં ઉતાર્યો છે એવો વિવેચકોનો અભિપ્રાય છે.

જ્હૉન વીકલિફ

ઈ. ૧૩૨૪માં જન્મેલો જ્હૉન વીકલિફ (John Wicliff) ઑક્સફર્ડમાં પ્રાધ્યાપક હતો; અને રોમન લૉ, ઇંગ્લિશ લૉ તથા થીઑલૉજીનો વિદ્વાન હતો. ઈ. ૧૩૬૫માં રાજસત્તા ને પોપની ધર્મસત્તાનાં અનિષ્ટો પર તેણે ઉગ્ર પ્રહાર કર્યા અને એની સર્વોપરિતાને પડકાર આપ્યો. લોકોને પોતાની વાત સમજાવવા માટે તેણે લૅટિન ભાષા ત્યજી દઇને અંગ્રેજીમાં લેખો લખવા માંડયા. કેટલાક વિદ્વાન મિત્રોની સહાય લઈ તેણે બાઈબલનો અનુવાદ કર્યો. ધર્મસત્તા થોડોક સમય તો તેના ઉગ્ર આંદોલન આગળ ઝંખવાતી લાગી. પરંતુ પછી તેના મિત્રો ધીમેધીમે તેનો પક્ષ ત્યજી ગયા. લોકોનો ઉત્સાહ પણુ ઓસરવા માંડયો. ઈ. ૧૩૮૧માં ખેડૂતોનો બળવો થયો. જમીનદારો તથા મૂડીદારો આ બળવાથી ભયભીત થઈ ગયા અને ક્રાંતિકારી ધર્મસુધારણાને બદલે જૂના ધર્માચારમાં તેમણે પોતાનું શ્રેય જોયું. પરિણામે વીકલિફના વિચારોનો પ્રતિવાદ શરૂ થઈ ગયો. ધર્મસત્તાએ તેની સામે કામ ચલાવ્યું અને તે એકલો પડી ગયો.

ગદ્યના ખેડાણુમાં તેણે આપેલો ફાળો બે રીતે નોંધપાત્ર છે: એક તો તેણે પહેલી વાર બાઈબલનો અંગ્રેજી અનુવાદ તૈયાર કર્યો. અલબત્ત લૅટિનથી ટેવાએલા તેને અંગ્રેજીમાં અનુવાદ કરવાનું કામ બહુ અનુકૂળ આવ્યું નથી. તેમ છતાં બાઈબલનાં મૂળ તત્ત્વો તેણે પ્રથમ વાર માતૃભાષામાં રજૂ કરી પછીના અધિકૃત અનુવાદ માટેની ભૂમિકા તૈયાર કરી આપી. તદ્ઉપરાંત તેણે પોતાના વિચારના પ્રચાર માટે અંગ્રેજીમાં લેખો લખ્યા. સાહિત્યિક ગુણુવત્તા ભલે તેમાં નથી, છતાં તેમાં રહેલી તર્કશક્તિ અને તેના જુસ્સાને કારણે વિદ્વાનોએ એ લેખો ધ્યાનપાત્ર ગણ્યા છે.

ટૉમસ અસ્ક

ટૉમસ અસ્ક (Thomas Usk)ની રાજકીય રૂપક રજૂ કરતી ગદ્ય કૃતિ 'Treatment of Love'નું મહત્ત્વ, તેની ગુણુવત્તાને કારણે નહિ પરંતુ 'પીઅર્સ પ્લાઉમૅન' તથા ચૅાસરની 'ટ્રાઈલસ–ક્રીસીડા'માંથી ઉપાડેલી સામગ્રી પરથી, તે તે કૃતિઓનો સમય નિશ્ચિત કરવામાં સહાય નીવડે છે તે પૂરતું જ છે.

(ખંડ બીજો પૂરો)

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૨૩

શિર:શૂલ

માથાનો દુખાવો એ આજનો એક વ્યાપક વ્યાધિ છે. એનાં કારણો તેમજ પ્રકાર પણુ અનેક છે. કોઈનું અર્ધું માથું દુખે છે, તો કોઈને સૂર્યની ગતિપ્રમાણે માથું ચડે છે. કોઇને ગમે ત્યારે ઓચિંતા સણકા મારે છે, તો કેટલાકને સતત દુખાવાની ફરિયાદ હોય છે.

આજે માથાના દુખાવા માટેની અનેક દવાની જાહેરાતો જોવા મળે છે, પણુ તે સર્વે દુખાવાને જ દબાવે છે, દુખાવાના કારણુને દૂર કરતી નથી. માથાનો દુખાવો સ્વતંત્ર વ્યાધિ ઉપરાંત કેટલીક વાર અન્ય રોગનાં લક્ષણુ, પૂર્વરૂપ કે ઉપદ્રવ તરીકે પણુ જોવા મળે છે. શિરને આયુર્વેદમાં ઉત્તમાંગ કહ્યું છે અને દરેક શિરોરોગ ત્રણે દોષના પ્રકોપથી થાય છે તેમ માનવામાં આવે છે. છતાં તેમાં દોષની પ્રધાનતા તો રહે જ છે. આપણે તેને આ રીતે અલગ તારવી શકીએ:

૧) વાતજ શિર:શૂલને દબાવવાથી સારું લાગે છે. દુખાવો અનિયમિત હોય ત્યારે સખત હોય અને તેમાં ઉષ્ણોપચારથી રાહત અનુભવાય છે. ૨) પિત્તજ શિર:શૂલમાં દુખાવા સાથે આછી બળતરા પણુ હોય, આંખો બળે, માથું તપે, બપોરે વેદના વધે અને શીતોપચારથી રાહત થાય. ૩) કફજ શિર:શૂલમાં માથું ભારે લાગે, વેદના ઓછી પણુ સતત હોય, આળસ-તંદ્રા જેવું જણાય ને ઉષ્ણોપચારથી લાભ થાય. આ ભેદ ચિકિત્સામાં ખૂબ ઉપયોગી થાય છે.

ચિકિત્સા

૧) લેપ: વાતજ અને કફજ શિર:શૂલમાં સૂંઠ, લવીંગ, મરી જેવાં ગરમ દ્રવ્યોને ખૂબ લસોટીને કપાળે લગાવવાથી આરામ થાય છે. બામ પણુ ચાલે. પિત્તજ શિર:શૂલમાં કાળી માટીની થેપલી કપાળે મૂકવી અથવા દૂધીને છીણીને તેને માથે મૂકવી.

૨) નાકમાં ટીપાં: શિરના અંદરના દોષ સુધી પહોંચવા નાક દ્વારા ઔષધ પહોંચાડવું લાભપ્રદ છે. વ્યક્તિને ચત્તી સુવાડી, માથું સહેજ પાછલી તરફ ઢળતું રાખી નાકમાં ટીપાં નાખવાં. ઔષધ ગળામાં આવે ત્યાં સુધી સૂઈ રહેવું. પંદર મિનિટમાં રાહત થઈ જશે. વાતજ શિર:શૂલમાં ષડબિંદુ તેલ કે તલના તેલનાં ટીપાં નાકમાં નાખવાં. પિત્તજ શિર:શૂલ માટે ગાયનું ઘી સહેજ ગરમ કરી તેનાં ટીપાં નાખવાં. કફજ શિર:શૂલમાં સૂંઠને દૂધમાં ખૂબ લસોટી તેનાં ટીપાં નાખવાં.

૩) પગનાં તળિયાંને અને માથાને સંબંધ છે એમ આયુર્વેદ માને છે. પગના તળિયે દીવેલ કે ચોખ્ખું ઘી ઘસવાથી માથું તુરત હળવું પડી જાય છે. ડુંગળીને પાણીમાં લસોટી તેનો ઘટ્ટ રસ પગના તળિયે ચોપડવાથી થોડી મિનિટમાં માથું ઊતરી જશે.

૪) પથ્યાદિ ક્વાથનું રોજ સેવન કરવું. હરડે કે ત્રિફળા ચૂર્ણને રાત્રે સૂતી વખતે લઇ પેટ સાફ રાખવું. સપ્તામૃત લોહ મધ અને ઘી સાથે ચાટવું.

૫) આ પ્રયોગ કરી જોવા જેવો છે: શેકેલા ચણા કે દાળિયા ખાઇ ઉપર પાણી ન પીવું. તરસ લાગે તો પણુ થોડા કલાક પસાર કરવા, માથું ઊતરી જશે.

૬) ગોદંતી ભસ્મ, રસાયન ચૂર્ણ, શૂલશેખર રસ, સર્પગંધાઘન વગેરે ઔષધો પણુ લાભકર છે.

અંગ્રેજ કવિ ચૉસરની કૅન્ટરબરી કથાઓ [૪] પાદરીએ કહેલી

સહનશીલ ગ્રિસેલ્ડાની કથા

ડૉ. મધુસૂદન પારેખ

ઇટાલીના પશ્ચિમે સેલ્યુસ નગરમાં વૉલ્ટર નામે ઉમદા સ્વભાવનો એક રાજા હતો. પ્રજાનું તે રૂડીપેરે લાલનપાલન કરતો અને ધનવાન તેમજ ગરીબ સહુનો તે માનીતો હતો. તેનામાં શૌર્ય, દયા, વિવેક વગેરે અનેક સદ્‌ગુણો હતા. તેની ખ્યાતિ ચોમેર પ્રસરી હતી. તેમ છતાં એનામાં એક દોષ હતો. તે માત્ર વર્તમાન સુખમાં જ રચ્યોપચ્યો રહેતો, શિકારમાં જ દિવસો વિતાવતો. ભવિષ્યનો તે ક્યારેય વિચાર કરતો નહિ. અને ખાસ તો એ, કે તે લગ્નનો વિરોધી હતો. લોકોને આ વાત ખટકતી.

આખરે પ્રજાના પ્રતિનિધિઓનું એક મંડળ રાજાને લગ્ન કરવાની વિનંતી કરવા માટે મળ્યું. રાજાએ તેમનો સત્કાર કર્યો. મંડળના પ્રતિનિધિએ કહેવા માંડયું: 'મહારાજ, આપની અમારા પર ખૂબ મમતા છે, માટે જ આપને એક વિનંતી કરવાની અમે હિંમત ધરી છે. આપના પ્રત્યે અમારો અત્યંત પ્રેમ છે. આપ પણ પ્રજા પ્રત્યે ભારે રહેમદિલ છો. અમને એક જ વાતની ફિકર છે. આપ હજી સુધી અપરિણીત રહ્યા છો, તે અમને ગમતું નથી. મહારાજ, આપને અમારી સહુની પ્રાર્થના છે કે આપ લગ્નનું બંધન સ્વીકારો. લગ્ન ખરું જોતાં બંધન નથી, મુક્તિ છે. કાળ કેવો ઝડપથી વહી જાય છે તેનો આપ વિચાર કરો. આપણે ઊંઘમાં હોઈએ કે જાગ્રત હોઈએ, પણ કાળ કોઈની પણ વાટ જોયા વિના વહેતો જ રહે છે. આપ તો હજુ યૌવનને ઉંબરે ઊભાં છો, પરંતુ વખત વીતશે અને બુઢાપો ચૂપકીદીથી ચાલ્યો આવશે. ન કરે નારાયણ ને આપ અમારે માટે કોઈ વારસ મેલ્યા વિના જ મૃત્યુ પામો તો આપનું રાજ્ય કોઈ પરદેશીના હાથમાં જઈ પડે અને પ્રજાની પીડાનો પાર ન રહે. આપ અમને આ ચિંતામાંથી મુક્ત કરો એટલી જ અમારી પ્રાર્થના છે. કહો તો અમે જ આપને માટે કોઈ સદ્‌ગુણી કન્યા શોધી લાવીએ.'

લોકોની આ ભાવના જાણી રાજાનું હૃદય પ્રસન્નતા અનુભવી રહ્યું. તેણે પ્રતિનિધિમંડળને કહ્યું: 'મારાં વહાલાં પ્રજાજનો, તમારી વિનંતીથી હું વિચારમાં પડચો છું. અત્યાર સુધી જે વાતનો મેં કદી વિચાર કરેલો નહિ એ વાત તમે મારા મનમાં દાખલ કરી છે. મને સ્વતંત્ર જિંદગી ગમે છે. લગ્નમાં એવી સ્વતંત્રતા ભાગ્યે જ જળવાય. તમે તો હું સ્વતંત્ર નહિ પણ પરતંત્ર બનું એવી માગણી લઇને આવ્યા છો! ભલે, તમારી એ માગણી પાછળની શુભ ભાવનાની હું કદર કરું છું; તમારા ડહાપણમાં મારો હમેશાં વિશ્વાસ રહ્યો છે, એટલે તમારી વિનંતી માન્ય રાખું છું. પરંતુ તમે મારે માટે કન્યા પસંદ કરી લાવો તે વાત હું સ્વીકારવા રાજી નથી. લગ્ન મારે કરવાનાં છે અને કન્યા પણ હું જ પસંદ કરીશ. કારણ ધનવાન હોય એ કુલવાન જ હોય એમ હમેશાં બનતું નથી. કુલીનતા એ તો ઈશ્વરની બક્ષિશ છે; એટલે ઈશ્વર જ મને કુલીન કન્યા શોધવામાં સહાયક બનશે. તમારી પાસેથી હું એટલું વચન માગી લઉં કે ગમે તે કન્યા હું પસંદ કરું–પણ તમે સહુ તે રાજકન્યા હોય તે રીતે જ તેનું આદરસન્માન કરશો. તમે મારી આ વાત સ્વીકારશો તો જ હું લગ્ન કરવા તૈયાર થઈશ.'

પ્રતિનિધિઓએ રાજાની વાત વાજબી ગણીને ઉમળકાથી સ્વીકારી. તેમ છતાં રાજા કદાચ લગ્નનો વિચાર માંડી વાળે એવા ભયથી તેમણે લગ્નનો દિવસ નક્કી કરી આપવાની રાજાને વિનંતી કરી. રાજાએ લગ્નતિથિ પણ મુકરર કરી નાખી. આગેવાનો હૃદયમાં સંતોષ ધરીને પાછા ફર્યા.

રાજાના મહેલથી સહેજ દૂર એક મઝાનું ગામડું હતું. તેમાં મોટે ભાગે ગરીબ ખેડૂતોની વસતિ હતી. એ ગામમાં એક વૃદ્ધ ખેડૂત સહુથી વધુ ગરીબ હતો. પરંતુ ઈશ્વરની કૃપા તો ઝૂંપડા પર પણ વરસે. એ ખેડૂતને એક દીકરી હતી, નામ એનું ગ્રિસેલ્ડા. સુંદર અને સદ્‌ગુણી. સદ્‌ગુણ એ જ સુંદરતા હોય તો આખી પૃથ્વી પર તે સુંદરમાં સુંદર કહી શકાય તેવી કન્યા હતી. તેનું યૌવન નીતરતું હતું, છતાં સુશીલતા તો તેની જ. પ્રેમાળ અને આજ્ઞાંકિત. ગરીબાઈમાં ઊછરેલી એટલે કરકસર અને ઉદ્યમના ગુણો અનાયાસે તેનામાં ખીલ્યા હતા. તે દિવસભર ખેતરમાં રહેતી, ઘેટાં સાચવતી અને રેંટિયા પર કાંતતી. સાંજે ખેતરમાંથી થોડાં લાકડાં લઈ આવતી અને તે વડે રસોઈ પકાવતી. જિંદગીમાં વૈભવ તેણે જોયો નહોતો. ઉદ્યમ એ જ તેનું જીવન હતું. તેના પિતાની તે સ્નેહભાવપૂર્વક સેવા કરતી.

રાજાએ શિકારે જતાં વાટમાં આ સુંદરીને વારંવાર નિહાળી હતી. એની સરળતા, સુંદરતા ને શ્રમ કરવાની શક્તિ જોઇ તેણે આ ગામડાની ગોરીને જ પોતાની પત્ની તરીકે પસંદ કરવાનો પાકો નિશ્ચય કરી લીધો.

લગ્નનો દિવસ નજીક આવી પહોંચ્યો, પરંતુ કન્યા વિષે તો હજુ સહુકોઈ અંધારામાં જ હતા. લોકો આશ્ચર્ય પામતા હતા કે રાજા બધાને મૂર્ખ બનાવે છે કે શું? તે કદી પરણવાનો નથી શું?—એમ ખાનગીમાં ચર્ચા પણ ચાલતી. પરંતુ રાજાએ ખાનગીમાં કન્યા માટે જરઝવેરાત તથા વસ્ત્રાભૂષણ તૈયાર કરવાનો હુકમ આપી દીધો હતો. ગ્રિસેલ્ડાના જ કદની કોઈક યુવતીનું દરજી કપડાં માટે માપ પણ લઈ ગયો હતો.

લગ્નદિવસની સવાર આવી. લગ્નની ધામધુમથી મહેલ ગાજતો હતો. રાજાએ ભવ્ય ભોજનસમારંભ ગોઠવ્યો હતો. સમારંભ પત્યા પછી રાજાએ પોતાના અમલદારો સાથે ગ્રિસેલ્ડાના ગામ તરફ વાજતેગાજતે કૂચ કરી. રાજાનો વરઘોડો પોતાને ત્યાં જ આવી રહ્યો છે એની ગ્રિસેલ્ડાને તો શી ખબર હોય? એવું સ્વપ્નું પણ એને નહોતું. એ તો કૂવે પાણી ભરવા ગઈ હતી. ત્યાં રાજા એ દિવસે પરણવા જવાનો છે અને એનો વરઘોડો નીકળવાનો છે એવા સમાચાર તેણે સાંભળ્યા, એટલે વરઘોડો જોવા તે ઉતાવળી ઉતાવળી ઘેર આવી પહોંચી. એ માંડ ઘેર પહોંચી, ત્યાં તો રાજાની સવારી એને ત્યાં જ આવી પહોંચી. રાજાએ તેને બોલાવી. ઘડો પગથિયા પર મેલી તે રાજાનાં ચરણમાં ઝૂકી ગઈ.

રાજાએ ગંભીરતા ધારણ કરીને તેને પૂછયું: 'તારા બાપુ ક્યાં છે, ગ્રિસેલ્ડા!' નમન કરીને ગ્રિસેલ્ડા ઝૂંપડામાં જઈને તેના બાપનો હાથ પકડીને બહાર દોરી લાવી. રાજાએ તેના બાપનો હાથ પકડીને તેમને પાસે લીધા અને કહેવા માંડયું: 'મારા અંતરની ઇચ્છા હું તમારી આગળ પ્રગટ કરું છું. તમારી રજા હોય તો તમારી દીકરીને મારી પત્ની બનાવવાની મારી અભિલાષા છે. તમે મારા પ્રજાજન છો અને મારા પ્રત્યે તમને લાગણી છે એ હું જાણું છું. તમે મને જમાઈ તરીકે સ્વીકારવા રાજી છો?'

રાજાના આવા અણધાર્યા પ્રશ્નથી ગ્રિસેલ્ડાનો પિતા ચમકી ઊઠચો! એ બાવરી આંખે ને રતુંબડે ચહેરે જોઈ જ રહ્યો. શું બોલવું તેની જ તેને સૂઝ પડી નહિ. થોડી વારે એ માંડ સ્વસ્થ થયો અને રાજાને કહેવા લાગ્યો: 'નામદાર, આપની ઇચ્છા તે મારી ઇચ્છા. આપ જે કહો તે કબૂલ.'

રાજાએ ખુશાલી વ્યક્ત કરતાં કહ્યું: 'ત્યારે હવે તમે, હું અને ગ્રિસેલ્ડા મળીને આ બાબત ખાનગીમાં વાતચીત કરી લઈએ. તમારી સંમતિ તો મને મળી, પરંતુ તમારી દીકરીની સંમતિ મેળવવી હજુ બાકી છે.' પછી રાજા અને બાપ-દીકરી ઝૂંપડામાં ગયાં અને અજાયબીથી આ બધો તમાશો જોતા સરદારો ને ઉમરાવો બહાર ઊભા રહ્યા. ગ્રિસેલ્ડા તો મીઠી મૂંઝવણ અનુભવી રહી હતી. આ બધું શું બની રહ્યું છે તે જ તેની સમજમાં આવતું ન હતું. રાજાએ તેને કહેવા માંડયું: 'ગ્રિસેલ્ડા, મારી ઇચ્છા તારી સાથે લગ્ન કરવાની છે. તારા પિતાની સંમતિ મળી છે, અને

મને ખાતરી છે કે મારી ઇચ્છા તું પણ માન્ય રાખીશ. પરંતુ મારી કેટલીક શરત છે તે તું મંજૂર રાખીશ? મારી સારી કે નરસી દરેક આજ્ઞાનો તું હમેશાં અમલ કરીશ? મારા વર્તન સામે કદી પણ ફરિયાદનો શબ્દ હોઠ પર નહિ આણવાના સોગંદ તું લઈ શકીશ? જો આ શરતો તું સ્વીકારે તો આપણે લગ્ન કરીએ?' આશ્ચર્ય અને રોમાંચ અનુભવતી ગ્રિસેલ્ડાએ ઉત્તર દીધો: 'આપ મહારાજ છો. આ બધાં માનપાનને લાયક હું નથી. પરંતુ આપની ઇચ્છા એ જ મારી ઇચ્છા. આપની દરેક આજ્ઞાનું હું કશી ફરિયાદ કર્યા વિના હમેશાં પાલન કરીશ. આપનો હુકમ હશે તો મોત પણ મને મીઠું લાગશે. સોગંદપૂર્વક આ કહું છું.'

રાજાને ખૂબ સંતોષ થયો. ત્રણે જણાં બહાર આવ્યાં. રાજાએ આશ્ચર્યમાં ગરકાવ થઈને ઊભેલા રસાલા સામે જોઈને કહ્યું: 'આ યુવતી ગ્રિસેલ્ડાને મેં પત્ની તરીકે પસંદ કરી છે. તમે સહુ રાજરાણીના જેવો તેનો માનમરતબો સાચવશો.'

ગ્રિસેલ્ડાને નવાં વસ્ત્રાભૂષણથી સજાવવામાં આવી. એની કાંતિ બદલાઈ ગઈ. રાજાએ તેને લગ્નની વીંટી પહેરાવી, બરફ જેવા સફેદ ઘોડા પર બેસાડી, અને વાજતેગાજતે વહુને લઈને વરઘોડો વિદાય થયો.

ગ્રિસેલ્ડાના માયાળુ સ્વભાવથી અને તેની કુલીનતાથી રાજાના અધિકારીઓ અને સામાન્ય પ્રજાજનો પણ ખૂબ સંતોષ પામ્યા. ગરીબના ઘરમાંથી રાજમહેલમાં આવેલી ગ્રિસેલ્ડાને વૈભવનો છાક ચડ્યો નહિ. એની નમ્રતા તેની તે જ રહી. એના સંસ્કારની અને સેવાની સુવાસ ચોતરફ પ્રસરી ગઈ. તે રાજરાણીની જેમ અંતઃપુરમાં પુરાઈ રહેતી નહિ; પણ લોકોનાં સુખદુઃખ જાણવામાં, તેમની ફરિયાદો સાંભળવામાં, તેમની મુશ્કેલીઓ ટાળવામાં ઊંડો રસ લેતી. કેટલાયે કુટુંબકલેશ તેણે શમાવ્યા, ઘણાં બધાં ગરીબગુરબાંનાં દુઃખ નિવાર્યાં અને લોકો એની મધુરતા અને કુશળતાથી મુગ્ધ બની ગયા. ઈશ્વરે જ દુનિયાનાં દુઃખો દૂર કરવા આ રાણી જાણે સ્વર્ગમાંથી મોકલી હોય તેવી લાગણી લોકોમાં પ્રસરી રહી.

થોડા સમય પછી ગ્રિસેલ્ડાને એક કન્યા જન્મી. સૌને પુત્રની આકાંક્ષા હતી, છતાં કન્યાના જન્મને પણ રાજાપ્રજાએ વધાવી લીધો.

કન્યાના જન્મને થોડો કાળ વીતી ગયો, ત્યાં ન જાણે કેમ, રાજાના મનમાં રાણીની પતિપરાયણતાની કસોટી કરવાની ઇચ્છા જાગી. રાણીની સુશીલતા, ખાનદાની અને સેવાભાવનાથી તે સારી પેઠે પરિચિત હતો અને તેનામાં તેને કોઈ દોષ જોવા મળ્યો ન હતો, એટલે નાહક તેને કસોટીએ ચડાવવાનું કોઈ કારણ ન હતું. તેમ છતાં રાજાએ તેની ધીરજ અને કુલીનતાની પરીક્ષા કરવાનો નિર્ણય કર્યો. એક રાતે ગ્રિસેલ્ડા પાસે આવી કઠોર છતાં કંઈક દુભાએલા સાદે તે બોલ્યો: 'ગ્રિસેલ્ડા, તને ઝૂંપડીમાંથી મેં મહેલમાં આણી અને રાજરાણી બનાવી. તારી ગરીબાઈના દિવસો તને યાદ હશે જ. પણ મુદ્દાની વાત આ છે કે તું મને ભલે ઘણી વહાલી હોય, પરંતુ મારા ઉમરાવોમાં ગણગણાટ શરૂ થયો છે. તને દીકરી યે જન્મી છે. પરંતુ ઉમરાવોને નીચા કુળમાંથી આવેલી રાણીની કન્યા માટે માન નથી. આ કન્યાને રાજકન્યા તરીકે સ્વીકારતાં તેમને શરમ લાગે છે. મારે તેમની સાથે તકરારમાં ઊતરવું નથી; કડવાશ ઊભી કરવી નથી. એમની ઇચ્છા મુજબ મારે વર્તવું જોઇએ. દીકરીને માથી વિખૂટી પાડવાનું પાપ કરવાનું મને પસંદ નથી, પણ લોકોની ઇચ્છા બળવાન છે.'

ગ્રિસેલ્ડાએ ધીરજથી પતિની વાત સાંભળી પોતાનું મસ્તક નમાવ્યું: 'નાથ, મારું બાળક ને હું તમારાં છીએ. તમારી આજ્ઞા જે હોય તે સ્વીકાર્ય છે. લગ્ન પહેલાં જ મેં સોગંદ લીધેલા છે કે તમારી ઇચ્છા એ જ મારી ઇચ્છા. આ દુનિયામાં તમારા જેવું મને કોઈ પ્રિય નથી. તમે આજ્ઞા કરો.'

રાજા આ પતિપરાયણતાથી મનમાં પ્રસન્ન થયો. પરંતુ દુઃખનો ડોળ કરતો તે ચાલ્યો ગયો. તેનો એક વફાદાર નોકર હતો. રાજાએ તેને પોતાની બધી યોજના એકાંતે સમજાવી અને મહત્ત્વની સૂચના આપી. રાજાનો હુકમ લઇને એ નોકર ગ્રિસેલ્ડાના મહેલમાં આવ્યો અને કહેવા લાગ્યો: 'મારે કપરી ફરજ બજાવવી પડે છે, પણ લાચાર છું. માલિકનો હુકમ છે. આપની પુત્રીને આપની પાસેથી મારે લઈ જવાની છે.' એટલું કહીને તેણે રાણીના હાથમાંથી તેની પુત્રીને ઉપાડી લીધી અને તેનો ઘાત કરવાનો હોય તેવા રૂઆબથી તે ચાલ્યો ગયો.

ગ્રિસેલ્ડાના નાજુક હૈયા પર ભારે આઘાત લાગ્યો, પણ દુઃખ દબાવીને ધીરજપૂર્વક પતિના ક્રૂર ફરમાનને વેઠતી તે મૂગી બની રહી. તેણે બાળકીને ઉઠાવી જતા ચાકરને પળભર રોક્યો. બાળકીને ચૂમી અને મૃદુ શબ્દોમાં તે આશિષ પાઠવી રહી: 'મારા ફૂલ! હું હવે તને કદી જોવા પામીશ નહિ; પરંતુ સ્વર્ગમાં તારા પિતા છે તે તારી સંભાળ રાખશે.' પછી ચાકરને તે વીનવી રહી: 'ભાઈ, મારા પતિએ આ બાળકીની હત્યા તને સોંપી હોય તો ભલે; પરંતુ મારા સ્વામી જો સંમતિ આપે તો આ બાળકીને મૃત્યુ બાદ કોઈ સલામત સ્થળે દફનાવજે. પશુ અને પંખી તેના શબને રંજાડે નહિ તેટલી વ્યવસ્થા કરજે.' પરંતુ નોકર જવાબમાં એક અક્ષર પણ ઉચ્ચાર્યા વિના બાળકીને લઇને સડસડાટ ઊપડી ગયો. તેણે જે કંઈ ઘટના બની હતી તેનો રાજાને હેવાલ આપ્યો. રાજાને જરાતરા દુઃખની લાગણી પણ થઈ, પરંતુ તેણે હજુ પણ ગ્રિસેલ્ડાને વધુ કસોટીએ ચડાવવાનો નિર્ણય કર્યો હતો. તેણે એ બાળકીને કોઈ ન જાણે તેમ પૂરેપૂરી સંભાળથી દૂરદૂરના નગરમાં વસતી પોતાની બહેનને ત્યાં મોકલી દીધી. એ બહેનનો પતિ નગરનો એક ઉમરાવ હતો. રાજાએ એ બાળકીને રાજકન્યાની જેમ ઉછેરવાની બહેનને તાકીદ કરી. પરંતુ ખુદ બાળકી વિષે તો બહેનને પણ તેણે અંધારામાં જ રાખી.

રાજાએ માન્યું કે બાળકી હાથમાંથી છીનવાઈ ગયા પછી ગ્રિસેલ્ડા રડશે, ઝગડશે; પણ ગ્રિસેલ્ડા તો એવી ને એવી જ નમ્ર અને પતિપરાયણ રહી. તેના વર્તનમાં જરા યે રોષ કે ફરિયાદ રાજાએ જોયાં નહિ.

ચાર વર્ષ વીતી ગયાં. ગ્રિસેલ્ડાને પુત્ર જન્મ્યો. રાજા અને પ્રજાએ પુત્રજન્મનો આનંદ મનભર માણ્યો. કુંવર બે વર્ષનો થયો ત્યાં રાજાને ફરી વાર ગ્રિસેલ્ડાની ધીરજની તાવણી કરવાની ચળ ઊપડી. તેણે ગ્રિસેલ્ડાને એકાંતે કહ્યું: 'ગ્રિસેલ્ડા, તું મને ઘણી વહાલી છે; પરંતુ તું જાણે છે કે આપણાં લગ્ન લોકોને રૂચ્યાં નથી. કુંવરના જન્મ પછી લોકો આપણાં લગ્ન વિષે ઘણુંબધું ઘસાતું બબડે છે. એમનો બળાપો એ છે કે રાજાની હયાતી પછી ગામડિયણ માનો છોકરો અમારા ઉપર રાજ કરશે! એમનો આવો બડબડાટ મને બેચેન કરી મૂકે છે. એટલે આ કુંવરનો પણ પેલી કુંવરીની જેમ નિકાલ કરી નાખવાની મારી ઇચ્છા છે. તું પહેલાની જેમ જ આ દુઃખ પણ ધીરજથી વેઠી લેજે.' ગ્રિસેલ્ડાએ નમનતાઈથી એટલું જ કહ્યું: 'હું હમેશની તમારી તાબેદાર છું. તમારી ઇચ્છા એ જ મારી ઇચ્છા. મારાં રત્નો ભલે રોળાઈ જાય; મારું પણ ભલે મરણ થઈ જાય; હું તમારા કોઈ પણ ફરમાનને કશી ફરિયાદ વિના તાબે થઈશ જ.'

રાણીની ધીરજ અને કુલીનતા જોઇને રાજાની આંખ પણ પળભર શરમથી ઝૂકી ગઈ. છતાં ગ્રિસેલ્ડાનું પાણી માપવાનો મનસૂબો તેણે કર્યો તે કર્યો જ. ફરી વાર નોકર રાજાનો હુકમ લઇને ગ્રિસેલ્ડા પાસે આવ્યો ને તેના કુંવરને છીનવી ગયો. ગ્રિસેલ્ડાએ કશો જ વિરોધ કર્યો નહિ. કુંવરને ચૂમીને ભગવાનને ભરોસે તેને નોકરના હાથમાં સોંપી દીધો. રાજાએ એને પણ બહેનને ત્યાં અગાઉની જેમ જ સૂચના સાથે મોકલી દીધો. રાજાને ગ્રિસેલ્ડાની પતિપરાયણતાની ખાતરી થઈ ગઈ. રાજાની કઠોરમાં કઠોર આજ્ઞા પણ તેણે પાળી બતાવી હતી.

રાજાની આવી ક્રૂરતાની વાત વાયરો લઈ ગયો. લોકોમાં ચકચાર ચાલી- રાણી નીચા કુળની હોવાથી રાજાએ બે સંતાનોની હત્યા કરી નાખ

એવી અફવા દૂર દૂર સુધી ફેલાઈ ગઈ. રાજાની ખૂબ પ્રશંસા કરનારા લોકો પણ તેને ખૂની, હત્યારા તરીકે ઓળખવા માંડયા. પરંતુ રાજાને હજી ધરવ થયો નહોતો. ગ્રિસેલ્ડાની હજી પણ વધારે આકારી તાવણી કરવાનું તેણે નક્કી કર્યું હતું. કુંવરના જન્મ પછી આઠ વર્ષે તેણે ધર્મગુરુ પોપની સહીવાળું એક બનાવટી ફરમાન તૈયાર કરાવ્યું. તેમાં રાજાએ પ્રજાના હિતાર્થે પહેલી વારની પત્નીને ત્યજી દઈને બીજાં લગ્ન કરવાં એવી પોપની આજ્ઞા લખેલી હતી. આ ફરમાનની વાત પણ જોતજોતાંમાં ફેલાઈ ગઈ અને લોકોએ તે વાત સાચી પણ માની લીધી. ગ્રિસેલ્ડાને કાને આ વાત આવી ત્યારે તે ઉદાસ બની ગઈ. પરંતુ પતિની પ્રસન્નતા અખંડ રહે તે સારુ ગમે તેવાં કષ્ટ વેઠવાનો તેણે નિર્ધાર કરેલો હતો.

રાજાએ એક તરફ પોપને નામે બનાવટી ફરમાન તૈયાર કરાવી ગ્રિસેલ્ડાની છેલ્લી કસોટી કરવાની યોજના કરી; બીજી તરફ તેણે પોતાનાં કુંવર-કુંવરીને ખૂબ ધામધૂમથી પોતાના રાજ્યમાં પાછાં લાવવાની બનેવીને સૂચના મોકલી દીધી. રાજાની સૂચના અનુસાર એનો બનેવી ઉમરાવ વાજતેગાજતે કુંવર અને કુંવરીને લઈને તેના નગરમાં આવી પહોંચ્યો. કુંવરીની સુંદરતા અને શોભા જોઈને લોકો મોંમાં આંગળાં નાખી ગયા. એક તરફ આ સવારી નગરમાં પ્રવેશી; બીજી તરફ રાજા ગ્રિસેલ્ડાની છેલ્લી અગ્નિપરીક્ષા કરવા તેની પાસે જઈ તેને કહેવા લાગ્યો: 'ગ્રિસેલ્ડા, તને હું પરણ્યો તે તારી સુશીલતા અને કુલીનતાને કારણે; પરંતુ રાજાઓ પણ લોકાધીન હોય છે. પસંદગી પ્રમાણે પરણવાનો પણ અમને રાજાઓને હક હોતો નથી. અમારા કરતાં ખેડૂત એ બાબતમાં વધુ સ્વતંત્ર છે. મારી પ્રજા રોજેરોજ મને ફરી વાર લગ્ન કરવાની વિનંતીઓ કર્યા જ કરે છે અને લોકાદેશને વશ વર્તવાનું પોપે પણ મારા પર ફરમાન મોકલ્યું છે. મારી નવી રાણી પસંદ પણ થઈ ચૂકી છે અને તેની સવારી નગરમાં આવી રહી છે. તું કાળજું કઠણ કરીને હવે તારું સ્થાન એ નવી રાણી માટે ખાલી કર. તું તારા પિતાને ઘેર તારા ઝૂંપડામાં પાછી જા. તારી જે કાંઈ પહેરામણી તું અહીં લાવી હોય તે ખુશીથી લેતી જજે. સુખ કાયમ ટકતું નથી એ વાત યાદ રાખીને આ દુર્ભાગ્ય તું વેઠી લેજે.'

ગ્રિસેલ્ડા વિનમ્ર બની કહેવા લાગી: 'મહારાજ, મારી ગરીબાઈ અને આપનો રાજવૈભવ એની કદી તુલના થઈ શકે જ નહિ એ વાત હમેશાં મેં કાળજે કોતરી રાખી છે. આપની રાણી થવાની પાત્રતા મેં કદી પ્રમાણી નથી. આપની દાસી થવાની પણ મારી ગુંજાયશ નથી. તેમ છતાં આ મહેલમાં આપે મને રાજરાણી તરીકે રાખી. હું સોગંદ ખાઈને કહું છું કે મેં કદી મારી જાતને રાજરાણી તરીકે માની નથી. મેં હરહમેશ આપનાં ચરણોની દાસી થવામાં જ ધન્યતા માની છે. સદાકાળ હું આપની દાસી છું અને રહીશ. આપ મને આ બધાં વર્ષ સુખચેનમાં રહેવા તક આપી તે માટે ખૂબ ઉપકાર માનું છું. બાકી મારી તો યોગ્યતા જ શી? વધારે શું કહું? હું રાજીખુશીથી મારા બાપુને ત્યાં ચાલી જઈશ ને જીવનનાં છેલ્લાં વર્ષો એમના ઝૂંપડામાં વિતાવીશ. ભગવાન આપને અને નવાં રાણીને સુખી રાખે! પહેરામણીમાં તો હું શું લાવી હતી તે લઈ જાઉં? એ જૂનાં વસ્ત્રો આટલાં વર્ષે ક્યાં જડશે? અરેરે! આપ લગ્નને દિવસે મારે ત્યાં આવ્યા ત્યારે કેવા માયાળુ અને મધુર લાગતા હતા! પ્રેમ જૂનો થયો એટલે સુવાસ ચાલી ગઈ! પરંતુ મહારાજ, એટલું સ્મરણમાં રાખજો કે મેં આપને મારું હૈયું, મારો આત્મા સોંપ્યો તે સોંપ્યો. તે માટે હું કદી પસ્તાવો કરવાની નથી. આ આપનાં વસ્ત્રો, આભૂષણો બધું મૂકી જાઉં છું. જરઝવેરાત જ્યાં હતું ત્યાં તિજોરીમાં જ સલામત છે.' એમ કહી ગ્રિસેલ્ડા એકમાત્ર વસ્ત્ર ધારણ કરીને, ઉઘાડે માથે ને અડવાણે પગે પોતાની ઝૂંપડીએ ચાલી ગઈ. લોકોની આંખો ભીની થઈ ગઈ, પરંતુ ગ્રિસેલ્ડા ન એક શબ્દ બોલી, ન એક આંસુ તેની આંખમાંથી ખર્યું.

ગ્રિસેલ્ડાના પિતાએ આ દુર્ઘટના જાણી ત્યારે તે વારંવાર ભાગ્યને દોષ દેવા માંડયો. લગ્ન માટે તે પહેલેથી જ શંકાશીલ હતો. રાજા નીચા કુળની કન્યાને લાંબો સમય રાણી તરીકે રાખશે નહિ એવો તેને પાકો વહેમ હતો. એ વહેમ સાચો પડયો. રોતાં રોતાં તેણે દીકરીને હેતથી હૈયાસરસી ચાંપી. ગ્રિસેલ્ડાએ કાળજું કઠણ કર્યું. પતિ સામે ટીકાનો એક શબ્દ પણ તેણે ઉચ્ચાર્યો નહિ, અને રોજિંદા વહેવારમાં તેણે મન પરોવી દીધું. સહનશીલતામાં સ્ત્રીને કોણ પહોંચી શકે?

રાજાએ કુંવર-કુંવરીને ધામધૂમથી મહેલમાં આણ્યાં. એ સંતાનો રાજાનાં જ છે એ વિષે લોકો હજી અંધારામાં જ હતા. થોડા સમય પછી રાજાએ ગ્રિસેલ્ડાને તેડું મોકલ્યું. ગ્રિસેલ્ડા આવીને તેનાં ચરણોમાં નમી. રાજા તેને કહેવા લાગ્યો: 'ગ્રિસેલ્ડા, આ મારી નવી પસંદ કરેલી રાણી આવી પહોંચી છે. તેની તહેનાતમાં તું જ હાજર રહે એવી મારી ઇચ્છા છે. તું આ મહેલની રીતરસમથી જાણીતી છે, એટલે એ કામ તને ફાવશે.'

ગ્રિસેલ્ડા પતિની આજ્ઞા માથે ચડાવીને તરત જ રાજમહેલની સજાવટમાં લાગી ગઈ. લોકોએ ભોળપણમાં એ રાજકન્યાને રાજાની નવી રાણી તરીકે પ્રમાણી. રાજાની પસંદગી માટે તેમને ખૂબ માન ઊપજ્યું. ગ્રિસેલ્ડા કરતાં યે કેવી સુંદર કુલવાન એ રાણી હતી! અને એનો ભાઈ પણ કેવો સોહામણો, જોતાં આંખ ઠારે તેવો હતો! લોકોનાં ચિત્ત હમેશાં ચંચળ હોય છે. પવનની દિશા પ્રમાણે તેમનાં દિમાગ બદલાતાં હોય છે. ગ્રિસેલ્ડાને રાજાએ ત્યજી દીધી ત્યારે રાજાનો ફિટકાર કરનારા લોકો આ નવી રાણી લાવવા માટે રાજાની છૂટે મોંએ પ્રશંસા કરવા લાગી ગયા. જો કે કેટલાક સમજુ માણસોને રાજાની આ રીત ગમી નહિ.

ગ્રિસેલ્ડા પણ નવી 'રાણી'ની સુંદરતા પર વારી ગઈ. તેના નાના ભાઈ માટે તેના મનમાં ઉમળકાના ઊભરા આવવા લાગ્યા.

રાજાએ ભવ્ય ભોજનસમારંભ ગોઠવ્યો. ત્યાં તેણે ગ્રિસેલ્ડાને તેડાવી અને મજાકમાં તે પૂછવા લાગ્યો: 'આ નવી રાણી તને કેવીક ગમી?' ગ્રિસેલ્ડા કહે: 'ખૂબ સુંદર ને સરસ. મારી જિંદગીમાં મેં આનાથી અધિક સુંદર કન્યા જોઈ નથી. ઈશ્વરને પ્રાર્થના છે કે તમારું યુગલ સદા સુખી રહો. માત્ર એક વિનંતી તમને કરું? તમે ભૂતકાળમાં એક રાણીની દુર્દશા કરી તેવી આ રાણીની ના કરશો. આ રાણી કુલીન કુટુંબમાં ઊછરી છે એ તમારી કઠોરતા નહિ જીરવી શકે.'

રાજાને ગ્રિસેલ્ડાની સહનશીલતાની હવે સંપૂર્ણ પ્રતીતિ થઈ ગઇ. આકરી કસોટીમાં ગ્રિસેલ્ડા કુંદન પુરવાર થઇ હતી. તે કહેવા લાગ્યો: 'ગ્રિસેલ્ડા, તારી કસોટી પૂરી થઇ ગઇ છે. મારી ગ્રિસેલ્ડા! હવે તારા દુ:ખના દિવસો પૂરા થઇ ગયા છે. તું સાચે જ અત્યંત ઉમદા, સહનશીલ અને પતિપરાયણ છે. તું મારી જ ગ્રિસેલ્ડા છે.' આમ કહી રાજાએ તેનો હાથ ગ્રહ્યો અને તેને ચૂમી લીધી. ગ્રિસેલ્ડા સ્વપ્નું જોતી હોય તેમ આભી બની ગઇ!

પછી રાજાએ તેને સહુ સમક્ષ કહેવા માંડયું: 'ગ્રિસેલ્ડા, તું જ મારી રાણી છે. આ યુવતી જેને તું નવી રાણી સમજી બેઠી છે તે તો તારી જ દીકરી છે. અને આ છે તારો જ કુંવર—આપણો વારસદાર! તેમને મેં છૂપી રીતે મારી બહેનને ત્યાં દૂર દેશાવરમાં રાખ્યાં હતાં. મારે તારું દૈવત જોયું હતું. તું પવિત્ર પુરવાર થઇ છે!'

રાજાના આ શબ્દો સાંભળી ગ્રિસેલ્ડા આનંદ, અજાયબી અને મૂંઝવણના અતિરેકથી મૂર્છા પામી ગઇ. એ ઉપચારોથી જાગ્રત થઇ કે તરત બાળકોને વહાલથી વળગી પડી; જાણે હવે કદી તેમનાથી વિખૂટી પડવા માગતી ન હોય તેમ!

ભીની આંખે તે રાજાને કહી રહી: 'નાથ, આજ મારો ધન્ય દિવસ ઊગ્યો. મારાં બાળકો મને મળ્યાં. આજે મોત આવે તો પણ તે મને મીઠું લાગશે.'

પ્રજાએ આખો દિવસ આ મિલનોત્સવ માણ્યો. □

આયુ, આહાર, ઔષધ અને આરોગ્ય અંગે 'કુમાર'માં ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીના લેખો વાંચી અવારનવાર અનેક વાચકો પોતાની મૂંઝવણો અંગે એમની સલાહ માગતા રહ્યા છે. એ ઉપરથી એનો લાભ જાહેર જનતાને મળે એવા આશયથી 'કુમાર'માં આ વિભાગ શરૂ કર્યો છે. વાચકોને આ પ્રકારના પ્રશ્નો રજૂ કરવાનું આમંત્રણ છે. માત્ર એક જ પ્રશ્ન ટૂંકમાં અને મુદ્દાસર લખી એમને સીધો, ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી, ઠાકર વગા, ઊમરેઠ, એ સરનામે મોકલવો. પોતાના પ્રશ્ન અંગે અધીરાઈ ન દાખવવા તથા તે અંગે 'કુમાર' સાથે કશા જ પત્રવહેવારમાં ન ઊતરવા વિનતિ છે.

ડૉકટરની સલાહ

૧ કોકાકોલા જેવાં પીણાં બહુ પીવાથી કોઈ માઠી અસરો થાય ખરી?

ઉ. સૉફ્ટ ડ્રિંક્સના નામે ઓળખાતાં આ પીણાંમાં પાણી, ખાંડ, સોડમ દ્રવ્યો અને આકર્ષક રંગ હોય છે. વળી તેમાં કૅફિન, થિયોબ્રોમાઈન અને ફૉસ્ફોરિક ઍસિડ છે. પણ કોઈ વિટામિનો નથી હોતાં. વિટામિન બી-૧ ન હોવાથી આ પીણાં નુકસાન કરે છે, કારણ કે તેના વિના શરીરમાં આવેલી ખાંડ નહિ બળવાથી ઈજાકારી દ્રવ્ય બને છે. કૅફિન અને થિયોબ્રોમાઈન ઉત્તેજક છે. તે પીવાથી બાળક અને મોટેરાંને સરખી ઉત્તેજના થાય છે. પીણાંની ખાંડ અને ફૉસ્ફોરિક ઍસિડ દાંતના એનામલને ઇજા પહોંચાડે છે. ખોરાક પહેલાં કે ખાતી વખતે આવાં પીણાં પીવાથી ભૂખ સંતોષાઈ જતાં પૌષ્ટિક ખોરાક ખાવાની ઇચ્છા થતી નથી. આવાં પીણાં પીવાની કાયમી ટેવથી શરીરને પોષણદ્રવ્યો ન મળવાથી આરોગ્યનો હ્રાસ થાય છે.

૨ મારાં બાને મોટા અવાજ સાથે ઓડકાર આવે છે. આનું શું કારણ હશે?

ઉ. અનેક કારણો છે, પણ મોટાભાગે હવા ગળવાથી આવું થાય છે. ઘણા માણસો જાણે-અજાણે એટલી બધી હવા ગળે છે કે એથી હોજરી ફૂલે છે. કોક સંજોગોમાં આ હવા મોટા અવાજ સાથે બહાર નીકળે છે. કેટલાકને આ ઓડકારની ક્રિયા આનંદદાયી ને પોતા પ્રતિ બીજાઓનું ધ્યાન દોરનારી હોઈ તે અજાણપણે ચાલુ રહે એવી ઈચ્છા પણ તેઓ ધરાવે છે.

૩ હથેળીમાં તથા પગને તળિયે ખૂબ પરસેવો થાય છે. આનો કોઈ ઉપાય?

ઉ. શરીરના અન્ય ભાગ કરતાં હથેળી, પગનાં તળિયાં અને કપાળમાં ઘણી વધુ પ્રસ્વેદ-ગ્રંથિઓ છે એટલે ત્યાં પરસેવો વધુ થાય છે. વ્યક્તિગત રીતે એનું ઓછુંવત્તું પ્રમાણ હોય છે, પણ જ્યારે અતિશય પરસેવો કામધંધા કે સામજિક જીવનની આડે આવે ત્યારે કંટાળાજનક નીવડે છે.

હથેળીમાં પુષ્કળ પરસેવો થવામાં ગરમી કરતાં લાગણીનો બોજ કે ચિંતા મોટો ભાગ ભજવે છે. થાઇરૉઈડ ગ્રંથિના વિશેષ સ્રાવથી પણ વધારે પરસેવો થાય છે. જ્યારે મહત્ત્વના પ્રસંગોએ તાણ જોડાએલી હોય અને વ્યક્તિને શ્રેષ્ઠ દેખાવ કરવો હોય ત્યારે પુષ્કળ પરસેવો થવાથી મજા મારી જાય છે. ખરી રીતે આવા પ્રસંગોએ બને તેટલા અક્ષુબ્ધ સ્વસ્થ અને શાંત રહેવાનું છે. આ સ્થિતિ માટે કોઇ અસરકારક ઉપચાર નથી. વિટામિન બી કૉમ્પ્લેક્સની ગોળીથી ફાયદો થાય છે. કોઈ પણ સ્વરૂપે તમાકુ લેવાની ટેવ તથા કૉફી વગેરે કૅફિનયુક્ત પીણાંનો ઘટાડો કે ત્યાગ કરવો જરૂરી છે. જ્ઞાનતંત્ર માટે એ હાનિકર હોઈ એથી નર્વસનેસ વધે છે. પણ ટ્રાન્ક્વીલાઈઝર ઔષધો ઉપયોગી નીવડે છે.

૪ મારો નાનો ભાઈ દેખાવમાં નાનો હોવા સાથે નિષ્ક્રિય અને કંઈક વિચિત્ર લાગે છે. દાક્તરે એની સ્થિતિ હાઇપો-થાઇરૉઇડિઝમની ગણાવી છે. આના વિષે વિશેષ માહિતી ન આપો?

ઉ. કોક બાળકને જન્મ અગાઉ કે જન્મ બાદ તરત ગળામાં આવેલી થાઇરૉઈડ ગ્રંથિના અપૂરતા સ્રાવના કારણે હાઇપો-થાઇરૉઇડિઝમની સ્થિતિ આવી પડે છે. આને 'ક્રેટિનિઝમ' કહે છે. આવું બાળક મંદ બુદ્ધિનું મોં ઉપર ફિકાશવાળું ઓછી ભૂખવાળું મોટી જીભને લીધે સ્થૂળ ચહેરાવાળું, ઘોઘરો અવાજ, ઠંડુગાર શરીર, કોરી ચામડી અને બંધકોશવાળું હોય છે. તેના શરીરની વૃદ્ધિ થતી દેખાતી નથી.

થાઇરૉઈડ હોરમોન્સના સેવનથી તેમનામાં આશ્ચર્યજનક સુધારો થાય છે: ચહેરાની સ્થૂળતા જાય છે, ચામડી ભીની અને તંદુરસ્ત બને છે, શરીરમાં ગરમી આવે છે, બુદ્ધિ વિકાસ પામે છે.

બાળક મોટું થયે પણ હાઇપો-થાઇરૉઇડિઝમ થાય છે. તેનાં લક્ષણો ઉપર મુજબ છે. વધારામાં તે પુષ્કળ ઠંડી લાગવાની ફરિયાદ કરે છે, તેઓ ચપળતા વિનાનાં અને ભણવામાં 'ઢ' હોય છે. એમનાં શરીરની વૃદ્ધિ અને તરુણવયમાં એમનો જાતિનેય વિકાસ અટકી પડે છે. કોક કિસ્સામાં થાઇરૉઈડ સાથે પિચ્યુટરી, એડ્રેનલ ને જાતિનેય ગ્રંથિઓના સ્રાવો પણ નથી હોતા. આના માટે દાક્તરી તપાસ થવી જરૂરી છે.

અનુસંધાન] **જાહેર જીવનનો પ્રારંભ** [પૃ. ૪૭૦થી

જ તરફના એક સેવક છે. રાષ્ટ્રીય કેળવણીમાં રસ ધરાવે છે. તમે જાણો છો કે ગંગનાથ વિદ્યાલય કરીને અમે એક રાષ્ટ્રીય શાળા ચલાવીએ છીએ. હમણાંહમણાં એ વિદ્યાલય નર્મદા કિનારેથી ખસેડી વડોદરામાં લઇ આવ્યા છીએ. એને માટે એક સારા આચાર્યની જરૂર છે. તમારા કાકા કાલેલકર એ કામ લઈ શકશે?' ગંગાધરરાવે હસતાંહસતાં કહ્યું: 'આ તમારે પડખે બેઠા છે, એ જ કાકા કાલેલકર. તમે જ એમને સીધું પૂછો. હું તો જરૂર એમને ભલામણ કરું કે વડોદરા જઈ તમારા કામમાં મદદ કરે.'

આમ વિચિત્રરીતે અમારી ઓળખાણ થઈ. મેં કહ્યું કે, 'આપને વિષે હું જાણું છું. ગંગનાથ માટે મેં મારા એક સાથી આપેલા. તેમણે સેવા તો સારી આપી, પણ પોતાના ભાઈના દબાણથી લાચાર થઈ તે ગંગનાથ છોડી ગયા છે. મેં આપેલા સાથી રાષ્ટ્રસેવામાં ટક્યા નહિ, એનું દુઃખ મને છે. એટલેએ કારણેય મારે આપનું આમંત્રણ સ્વીકારવું જોઇએ. અહીંથી હું મારા વતન શાહાપુર જઇશ. ત્યાં કેટલીક ખાનગી વ્યવસ્થા કરવી છે તે પતાવી વહેલામાં વહેલી તકે વડોદરા પહોંચી જઇશ.'

'આશરે ક્યારે કામ પર ચઢી શકશો?' એવો સીધો સવાલ કેશવરાવે મને પૂછ્યો, અને હું આપેલા વખતસર ગંગનાથ પહોંચી તરત કામે ચડી ગયો.

(ચાલુ)

શ્રી સોમાભાઈ ભાવસાર (હરિઃ ૐ આશ્રમ નડિયાદ) તરફથી
તેમની પુત્રી દીપ્તિના સ્મરણાર્થે રૂ. ૫૧)નું

દીપ્તિ-સ્મૃતિ-પારિતોષિક

ઈ. ૧૯૭૨ના સપ્ટેમ્બરથી ૧૯૭૩ના ઑગસ્ટ સુધીના 'કુમાર'ના અંકોમાં પ્રકટ થએલા લેખો પૈકી 'ભારતીય સંસ્કાર પરંપરાને પોષક અને જીવનઘડતરમાં સહાયક' થાય તેવા શ્રેષ્ઠ-લેખના લેખકને અપાશે.

લેખકોને વિનંતી

પોતાની કૃતિ વિષેનો નિર્ણય જાણવા માટે સરનામું કરેલું ટિકિટવાળું પોસ્ટકાર્ડ મોકલવું. કૃતિ પાછી મેળવવા માટે પૂરતું પોસ્ટેજ ચોડેલું ને પૂરું સરનામું કરેલું કવર કૃતિની સાથે મોકલવું.

છૂટી ટિકિટ હરગીઝ મોકલવી નહિ, એ સલામત નથી.

ઉપર્યુક્ત વ્યવહાર કૃતિ મોકલવાની સાથે શરૂમાં જ કરવો જોઈએ. કૃતિની સાથે પોસ્ટેજ નહિ આવ્યું હોય તો અસ્વીકૃત કૃતિને તરત રદ કરવામાં આવશે, અને પાછળથી પોસ્ટેજ મોકલી મંગાવનારની માગણી ઉપર ધ્યાન આપવામાં આવશે નહિ.

વ્યવસ્થાપક 'કુમાર' · અમદાવાદ તા. ______
વિ. ઈ. ૧૯૭૩ના ગ્રાહક તરીકે મારું નામ ચાલુ રાખશો. તે માટે આ સાથે મારું માહે ______ થી ______ સુધીના ______
માસનું લવાજમ રૂપિયા ______ નીચેની રીતે મોકલું છું: □ મનીઑર્ડરથી □ ચેકથી □ પોસ્ટલઑર્ડરથી □ એજન્ટ દ્વારા □ તે માટે જાન્યુઆરીનો અંક મને વી. પી.થી મોકલશો.*
[*જે રીતે લવાજમ મોકલતા હો તે ખાનામાં ✓ આવી નિશાની કરી બાકીનું રદ કરશો.]
□ મારું નામ કમી કરશો. □ મારો ગ્રાહક નંબર (જે આ અંકની કોથળી ઉપર સરનામાને મથાળે હશે) ______ છે.
પૂરું નામ તથા સરનામું ______

લવાજમ: દેશમાં રૂ. ૧૮ · પરદેશમાં રૂ. ૨૮ કે પાઉન્ડ ૧-૬૦ યા ૪ ડૉલર

આ અંકની કોથળી ઉપરના સરનામામાં
આપના ગ્રાહક નંબરને છેડે '૧૨'નો આંક હોય તો

આ અંક સાથે આપનું
લવાજમ પૂરું થાય છે

આ વર્ષે તો દળદાર ૬૦૦મો અંક ભેટ મળવાનો છે ને?
પંદરમી જાન્યુઆરી પહેલાં આપનું લવાજમ મોકલી આપો.

ગુજરાતી માસિકોના ઇતિહાસમાં 'કુમારે' પોતાનું આગવું અને અનન્ય વ્યક્તિત્વ વિકસાવ્યું છે અને તેમાં પ્રબોધક તથા ચિત્રસમૃદ્ધ સામગ્રી આપવાનું પોતાનું ધોરણ—આ ઓગણપચ્ચાસે વર્ષ લગી—એકધારું જાળવી રાખ્યું છે એમ સૌ એકઅવાજે કહે છે. મોંઘવારીને અંગે અવારનવાર કરવા પડેલા લવાજમ-વધારા છતાં સૌ વાચકોએ એમનો અડગ સાથ જારી રાખ્યો છે; કેમ કે તેઓ જાણે છે કે 'કુમાર'નો એક પણ અંક ગુમાવવો પાલવે તેમ નથી. વળી આગામી વર્ષ તો કનકપર્વનું હોઈ તેનો ૬૦૦મો ખાસ દળદાર અંક ચાલુ લવાજમમાં જ મળવાનો છે. એટલે અમારી તો ખાતરી છે કે આગામી વર્ષે તો આપ સૌ ગ્રાહકોનો સાથ ચાલુ જ રહેશે ને આ સાથે જોડેલું કાર્ડ આપ સૌ સત્વર ભરી મોકલશો.

લવાજમ કઈ રીતે મોકલશો?

૧) પોસ્ટલ ઑર્ડરથી મોકલતાં ૩૫ પૈસા થશે; ૨) મનીઑર્ડરથી મોકલતાં ૪૫ પૈસા થશે; ૩) ચેકથી મોકલતાં કદાચ રૂ. બે જેટલું બૅંક કમિશન લાગશે. અને ૪) વી. પી. થી મંગાવશો તો લગભગ રૂ. ૧—૬૫ થશે.

ગ્રાહક ન રહેવું હોય તો તે પણ સાથેના કાર્ડથી જણાવશો

જેથી અમે વી. પી.ના ખર્ચમાં ન ઊતરીએ. કોઈ સંજોગોમાં આપના તરફથી ૧૫ જાન્યુ. ૧૯૭૩ સુધી ઉત્તર નહિ આવે તો આપ ગ્રાહક તરીકે ચાલુ રહેવા ઇચ્છો છો એમ માની જાન્યુઆરી અંક વી.પી.થી મોકલીશું તે સ્વીકારી આભારી કરશો.

કુમાર કાર્યાલય લિમિ૦

૧૪૫૪ રાયપુર

AHMEDABAD 380001

(INDIA)

'કુમાર'નું ૬૦૦ કનકપર્વ

છસોમો ખાસ અંક

એ હવે સુવિદિત છે કે આવતા જાન્યુઆરીથી શરૂ થતું ઈ.૧૯૭૩નું વર્ષ એ 'કુમાર'નું ૫૦મું વર્ષ હોઇ કનકપર્વનું હશે, અને આવતો ડિસેમ્બરનો અંક એ ૬૦૦મો અને સુવર્ણજયંતીનો—એમ બેવડા મહત્ત્વનો હશે.

ગયા જૂનમાં એ અંકના સ્વરૂપ વિષેની અમારી ભાવના સમજાવતાં, એને ગત પાંચ દાયકામાં 'કુમાર'માં આવી ગએલી સાહિત્ય ને કલાની સામગ્રીમાંથી ચૂંટેલી ઉત્તમ કૃતિઓનો એક સંદોહ-ગ્રંથ બનાવવાનું કલ્પેલું; પરંતુ વાચકો તેમજ અન્ય દિશાઓમાંથી જાણવા મળેલો પ્રતિભાવ એવા નર્યા જૂની સામગ્રીના સંચયની તરફેણમાં નથી. જૂની ઉત્તમ કૃતિઓના આસ્વાદ સાથે નવાં સર્જનનો સંપર્ક પણ એમને જોઇએ છે. એટલે એ અંકનું સ્વરૂપ હવે આ નવી મર્યાદામાં ઘડાશે.

એ અંકનો લાભ આજ સુધીમાં નોંધાઈને આવતા વર્ષાંત સુધી ચાલુ રહેનારા બધા ગ્રાહકોને મળશે. માત્ર એ લાભ માટે આવતા વર્ષ પૂરતા નવા ગ્રાહકો નોંધવામાં આવશે નહિ. ઈ. ૧૯૭૩ના જાન્યુઆરીથી નવા નોંધાનારા ગ્રાહકોએ ઓછામાં ઓછું એ વર્ષનું લવાજમ આગોતરું ભરવું જોઈશે.

◖ અગાઉ જાહેર કર્યા પ્રમાણે 'કુમાર'નું લવાજમ હવે વાર્ષિક રૂ. ૧૮, પરદેશના રૂ. ૨૮ અગર ઈંગ્લૅંડમાં ૧ પાઉન્ડ ૬૦ પેન્સ અને અમેરિકામાં ૪ ડૉલર થયું છે.

ડાહ્યાલાલ ચૌહાણ

'કલાનો પંથ જેટલો આકર્ષક છે એટલો સરળ નથી. કલાકારનું જીવન સતત સંઘર્ષની



વાર્તા જેવું પણ હોઈ શકે. આ મારો અનુભવ છે. ચારેક દાયકા પૂર્વે ઉત્તર ગુજરાતના ભિલોડા (ઈડર) નામના એક ગામમાં સામાન્ય દરજી કુટુંબમાં મારો જન્મ થયો. ઘરમાં હું સૌથી નાનો પુત્ર, એટલે ભણવામાં કે ખાપીકા ધંધામાં રસ લેવાને બદલે દૂર સીમનાં ખેતરોમાં ને નદીકિનારે ભટકયા કરતો. નિસર્ગના એ સંપર્કથી એની સુંદરતાને ચિત્રમાં ઉતારવા મારું મન પ્રેરાતું. લાકડીનો ટુકડો એ મારી પીછી ને કલકલતી નદી એ મારું કૅનવાસ. એના પર હું નદી, ડુંગરા ને ઝાડ ચીતરવા મથતો ને નદીનાં • સાથે એ બધું વહી જતું. તેરમે વર્ષે યે હું હજી ગુજરાતી ચોથા ધોરણ સુધી માંડ પહોંચ્યો હતો. મારા રખડુ સ્વભાવથી પિતા સદા મારા ભવિષ્યની ચિંતા કર્યા કરતા; ઘણી વાર ટોકતા પણ ખરા.

કુદરતનો ખોળો ખૂંદતો હું મુંબાઈની બંધિયાર જિંદગીમાં ધકેલાઈ ગયો. બિલકુલ નાપસંદ છતાં મારે દરજીકામ શીખવું પડયું અને થોડાં વર્ષો વીતી ગયાં. પરંતુ એ દરમિયાન મારો





△ વાટમાં; ગણેશ (કેસરિયાજી–રાજસ્થાન) ▷
નીચે : સુખી જીવન (ડાહ્યાલાલનાં ત્રણ ચિત્રો)

માંહ્યલો ચિત્રકાર મને વારંવાર પડકારતો, એટલે આખા દિવસના વૈતરા પછી રાત્રે મોડે સુધી જાગીને ચિત્રો ચીતરી હું મારા શૉખને જાળવી રાખતો. યોગ્ય શિક્ષણ ને આર્થિક ટેકા વિનાનો એ કાળ તદ્દન નિરાશાજનક હતો, પણ મેં મારી ઉપાસના જારી રાખી. પાંચેક વર્ષ પછી એક ખાનગી ચિત્રવર્ગમાં બેઠો ને પાસ થયો.

પ્રતિકાર પર જીત મળી એટલે પછીની ગતિ અને સિદ્ધિનો મારો માર્ગ સરળ બન્યો. શ્રી ગુલગુલેની સહાયથી હું ઈ. ૧૯૫૨માં સર જે. જે. સ્કૂલ ઑવ આર્ટ્સમાં જોડાયો. ત્યાં શ્રી એમ. આર. ભોંસલેની પ્રેરણાએ મારામાં વિકાસ સાધવા માટે નવી હિંમત પ્રકટાવી. એ અભ્યાસકાળમાં શ્રી જગન્નાથ અહિવાસીએ પણ મને ઘણું માર્ગદર્શન આપવા સાથે કલાનું જ્ઞાન મેળવવાની ઊંડી ઝંખના પ્રેરી.



ઈ. ૧૯૫૬ની એક સવારે જી.ડી.ની પરીક્ષામાં મારા ઉત્તીર્ણ થવાના ખબર મને મળ્યા. ૧૯૫૭માં સરકારી સ્કૉલરશિપ મેળવી મેં 'મ્યૂરલ ડ્રૉઇંગ-ડેકોરેશન'નો એક વર્ષનો અભ્યાસક્રમ પણ પૂરો કર્યો. પછી તો મેં કળાના ક્ષેત્રમાં જ ઝુકાવવાનું નક્કી કર્યું ને હું 'ધી ઇંડિયન આર્ટ ઇન્સ્ટિટયૂટ'માં ચિત્રશિક્ષક તરીકે જોડાયો. ભાટિયા હાઈસ્કૂલમાં પણ મને નિમણૂક મળી.

હું માનું છું કે સુંદરતા એ જીવનભરનો આનંદ છે અને એ સૌન્દર્ય સદા વધતું જ રહે છે. શ્રી સાતવળેકર અને શ્રી બારકરની સહાય ને માર્ગદર્શન પણ હું ભૂલી શકું નહિ. કલાક્ષેત્રમાંના મારા વિકાસમાં ઘણો રસ લેતા. એમની એ અમૂલ્ય કૃપા હું વર્ણવી શકું તેમ નથી.


મારા અપૂરતા શિક્ષણને કારણે કેટલાક આધુનિક પ્રવાહોથી તદ્દન અજાણ હોઈ મેં ગ્રામજીવન પ્રતિ મારી દૃષ્ટિ ઠેરવી અને એને મારાં ચિત્રોમાં ઊતારવા પ્રયત્નો કર્યા. ઈ. ૧૯૫૯માં મારાં બે ચિત્રો બૉમ્બે આર્ટ સોસાએટીના પ્રદર્શનમાં રજૂ થયાં. એમાંના 'સીતાનાં આભૂષણ' નામક એક ચિત્રને ઈનામ મળ્યું. મારું બીજું ચિત્ર 'દાંડિયારાસ' નાસિક કલાનિકેતનના પ્રદર્શનમાં પહેલું ઈનામ પામ્યું.'

આમ, કલા તરફની દિલની સાચી લગની અને તેને પાર પાડવા માટેના પોતાના સતત અને દૃઢ પ્રયત્નો વડે પોતાની પસંદગીના માર્ગે પ્રયાણ કરીને આજે મફતલાલ ગ્રૂપમાં ડિઝાઈનરની કક્ષા સુધી પહોંચનાર શ્રી ચૌહાણ કહે છે કે, 'હજી યે કલાક્ષેત્રે મારી સાધના આગળ તો ચાલુ જ છે અને મને ખાતરી છે કે મારા આ સંનિષ્ઠ પ્રયાસોમાં કલાની દેવી મને અવશ્ય સહાય કરતી રહેશે.'



આ સાલ પણ નવા વર્ષ નિમિત્તે અનેક જાણીતા અને અજાણ્યા મિત્રો તથા વાચકોએ 'કુમાર' પ્રત્યેની પોતાની લાગણી અને શુભેચ્છાઓ વ્યક્ત કરતાં અનેકવિધ અભિનંદનપત્રોની કલા માણવાનો લહાવો આપ્યો. એમાંનાં થોડાંક: મથાળે પહેલું કાર્ડ કુમારના જાણીતા લેખક શિવપ્રસાદ જોષી (જૂનાગઢ)નું છે, જેના પરનું રેખાંકન જાણીતા ચિત્રકાર વૃંદાવન સોલંકીનું છે. પછીનું બીજું કાર્ડ બનારસથી ચિત્રકાર વાસુદેવ સ્માર્તે મોકલ્યું છે. એમણે કરેલી કલાપૂર્ણ આંખ માત્ર શોભન જ નથી, એક તાંત્રિક સંજ્ઞા પણ છે. ત્રીજા કાર્ડ પરનું રેખાંકન કવિ હરિકૃષ્ણ પાઠકનું કરેલું છે. વચલી હારમાં પહેલા ફોટોચિત્રમાં તાજમહાલનું માત્ર પ્રતિબિંબ લઈને રમેશ સોનીએ પોતાની કલાદૃષ્ટિ દાખવી છે. વચ્ચે વડોદરાના જયેન્દુ-કુમાર અને પછીનામાં રાજકોટના બલવંત જોષીની ચિત્રકૃતિઓ છે. ત્રીજી હારમાં પહેલું કાર્ડ અમદાવાદના જ્યોતિકુમારનું સુંદર રેખાંકન, તે પછી રાધનપુરના ચિત્રકાર પિતાપુત્ર પરશુરામ અને અનંતરાય મહેતાનું ચિત્ર તથા ત્રીજા પર મુંબાઈના નિર્મલ કાપડિયાનું રેખાંકન છે. છેલ્લો કળાયલ મોર 'કુમાર'ના જાણીતા લેખક કનુભાઈ જાનીની કળા છે.





ડાબી બાજુનું મથાળાનું કાર્ડ વિવિધ ફૂલપાનને સૂકવીને કલામય રીતે ચોડી બાબુભાઈ વોરા અને સુશીલાબેન શાહે મોકલ્યું છે. તેની નીચે રાજકોટનાં પીઢ વયનાં શાંતાબેન જોષીએ માથાના વાળ, મોતી તથા રંગીન કાગળનો ઉપયોગ કરી ઘાસમાં બેઠેલો કૂતરો કરી મોકલ્યો છે. નકામી જતી ચીજનો સુંદર ઉપયોગ મોટી વયે એમનો એક વ્યાસંગ બની રહ્યો છે. છેવટ જમણી બાજુ પરની સુંદર કમલાંકિત કૃતિની કલા તો કદાચ પારખી શકાશે : કલકત્તાના કલાકાર ઈન્દ્ર દુગડની છે.

કલારવિ ટ્રસ્ટ તરફની ચોથી રંગપૂરણી હરીફાઈનું પરિણામ

આ સ્પર્ધામા રસ લેતા ઉમેદવારોની સંખ્યા ભલે એકંદર વધતી જાય છે, પણ એમાં હર્ષ પામવા યોગ્ય નમૂના પ્રાપ્ત થતા નથી અને ચલાવી લેવા જેવાં ચિત્રો જ ઉપર આવે છે.

આ સ્પર્ધાનો મૂળ હેતુ આપણા તરુણો ચિત્ર પર વિચાર કરી રંગ-યોજના કરી શકે છે કે નહિ તે જાણવા, અને કલાસંસ્કાર દર્શાવતી ભાવિ પ્રતિભાની ભાળ મેળવવાના પ્રયોગ રૂપે છે. ચિત્રની રચના, વસ્તુ-યોજના, પ્રસંગ-પાત્રો કે ભાવ યા સમયનો ખ્યાલ કર્યા વિના જેમતેમ રંગનું લીંપણ કરી કાગળ ભરી દેવો એ રંગપૂરણી કહી શકાય નહિ.

આપણા શિક્ષણ-વિધાયકો, શિક્ષકો અને પરીક્ષકો માત્ર અક્ષરદ્વારા માહિતી ધરાવતા વિદ્યાર્થીઓને જ પ્રવીણ માને છે; એટલે એ વિદ્યાર્થીઓને ચાક્ષુસ પ્રતિભાન ન થાય એ સ્વાભાવિક છે. તેમનો દૃષ્ટિવિકાસ જ થયો ન હોય તો તેઓ દરેક ક્રિયાક્ષેત્રે માનવપ્રવૃત્તિઓની વિધવિધ લીલાઓ તેમજ ભૂમિનાં દૃશ્યોમાં થતી અજબ રચના પ્રતિ શી રીતે કૌતુક કે આકર્ષણ પામી શકે? આપણા વિદ્યાર્થીઓમાં સૌન્દર્યભાવના કે તત્ત્વશોધનની ઊર્મિઓ ઊછળતી નથી દેખાતી તે આથી જ. આ ખેદજનક હકીકત છે.

વિદ્યાર્થીઓમાં જોવાની શક્તિ વિકસી હોત તો દેશમાં અસંખ્ય સંશોધકો ને નિર્માતાઓની ભરમાર હોત. ચિત્રકામ જ એક એવી પ્રતિક્રિયા છે જેમાં અનેક શક્તિઓનો વિકાસ શક્ય છે. રંગપૂરણીની આ સ્પર્ધા એક રીતે વિદ્યાર્થીઓના વિકાસની ચિકિત્સા રૂપે રજૂ થાય છે.

આ સ્પર્ધામાં અપાતી કૃતિમાં આકાશ, ધરતી, વૃક્ષો, ઘર-મકાન કે રોજિંદુ લોકજીવન વગેરે જે સતત નજરે પડે છે તે સર્વને સમૂહ રૂપે, ચિત્રમાં કોઈ સમય ભાવ કે પ્રસંગ રૂપે જોઈને, સમજીને તેમાં રંગો પૂરવાના હોય છે. આકાશનો પ્રકાશ સર્વ પદાર્થો અને રૂપોને પ્રકટ કરે છે. સંધ્યા અને પ્રભાતના રંગો સર્વત્ર છવાઈ જાય છે. પહાડ, પાણી, મેદાન, ખેતર વગેરે એ રંગ પ્રમાણે વર્ણવિવિધતા ધારણ કરે છે. પ્રકાશનો અભાવ તે અંધારું. જો વિદ્યાર્થીએ પોતાની આંખે આ બધું જોયું હશે તો રંગ ભરતી વેળા જરૂર સાવધ રહેશે, અને ચિત્રનો સમય, પ્રસંગ તથા હેતુ સમજીને રંગ પૂરશે. આપેલી સ્પર્ધાનાં ચિત્રો ગુજરાતના પ્રદેશની વિવિધતા દર્શાવનારાં છે. જો આપણું શિક્ષણ આટલો પણ ભૂમિપ્રેમ પ્રકટાવી શકતું ન હોય તો શિક્ષણ પ્રણેતાઓએ નેત્રની શક્તિ કેળવવાની જ રહી.

વિભાગ (અ)

આ વિભાગમાં ૨૨૨ ચિત્રો મળ્યાં હોવા છતાં ચિત્રવિષયને ઠીક ન્યાય આપતી રંગપૂરણી એક પણ ચિત્રમાં જણાઈ નહિ. છતાં અમે નીચે મુજબ શ્રેષ્ઠતાનો ક્રમ આપ્યો છે. **પહેલું ઈનામ** (રૂ. ૧૦) કડીવાલા ઈન્દ્રવદન રાજેન્દ્રકુમાર (સલાબતપુરા હાઈસ્કૂલ, સૂરત-૨): એમના ચિત્રમાં સમગ્ર દૃશ્ય પર એકસરખી રંગછાયા લાવવા પ્રયાસ થયો છે. આકારો સ્પષ્ટ કરવામાં તેમજ દૂર-નજીકનાં વૃક્ષો અને જમીનના રંગો અંતરો પ્રમાણે સ્પષ્ટ થયા નથી. **બીજું ઈનામ** (રૂ. ૭) રાઠોડ નરસિંહભાઈ (ધી પ્રકાશ હાઈસ્કૂલ, બારેજા): એમના ચિત્રમાં રંગની સુરખી ભરી છે, પણ આકારોમાં રંગની સમજ નથી. આકાશમાં રંગો ઉજ્જવલ ભર્યા છે, પણ જળસપાટી ચોમાસામાં દેખાય એવી ઘેરી બતાવી છે. ઝાડનાં થડ કાળાંમેશ કર્યા પછી સફેદ આઉટલાઈનની જરૂર નહોતી. **નોંધપાત્ર** ચિત્ર: પટેલ ગિરીશકુમાર પુરુષોત્તમદાસ સારાભાઈ (ધી પ્રકાશ હાઈસ્કૂલ, બારેજા) તેજીલા રંગોથી દરેક આકૃતિ ભરી છે, પણ કુદરતનાં લક્ષણોને ધ્યાનમાં લીધાં નથી. આકાશના રંગ કે પ્રકાશ સૌથી વધુ પાણીની સપાટી પર જણાય. ઘેરાએલા આકાશ નીચે

ચિત્રમંજૂષા

પશ્ચિમની શૈલીથી પ્રભાવિત હિંદી કલા-ક્ષેત્રમાં જ્યારે ભારતીયતાને સમજવા—પહેચાનવાની સૂઝ પણ પૂરી ઘડાઈ નહોતી ત્યારે એ માર્ગે કદમ ઉપાડીને આછા મધુર રંગોમાં ભારતીય લાગણીશીલતાને પુનર્જાગૃત કરીને મુંબાઈની કલાશાળામાં જે આદિ કલાકારો તૈયાર થયા તેમાં શ્રી જગન્નાથ અહિવાસી મોખરે હતા. તેમણે માત્ર પરંપરાના ઢાંચામાં જ બંધાઈ ન રહેતાં એમાં નિજી વ્યક્તિનું સૌંદર્ય પણ ઉતાર્યું. વ્રજભાષાનાં કાવ્યમાધુર્ય અને પરંપરાગત ધ્રુપદ ધમાર સંગીત જેવું એમનું કલાસૌંદર્ય એમનામાં પેઢીઓથી ઊતરતી આવેલી કૃષ્ણભક્તિથી સભર છે.

ભક્તહૃદયની સ્વાભાવિક અભિવ્યક્તિ સમાં એમનાં ચિત્રોની સંખ્યા ભલે બહુ નથી, પણ જે છે તે પ્રત્યેક કૃતિમાં એમના હૃદયના ભાવો પ્રતિબિંબિત થાય છે; અને એટલે એનું એક આગવું મધુર ગૌરવ છે. લયમધુર રેખા, તેજસ્વી રંગો અને સાદું સરળ આકારસૌંદર્ય એ એમના ચિત્રાલેખનની લાક્ષણિકતા છે અને એમાં એમના ભારતીય તથા વૈષ્ણવ સંસ્કારો સ્પષ્ટપણે વ્યક્ત થાય છે, એટલું જ નહિ, બદલાતા કાળ સાથે ફેરવાતી જતી ચિત્ર શૈલીઓ અને એના અનુયાયીઓની ટીકાઓ છતાં એમણે પોતાની એ શૈલીને જાળવી રાખી છે.

એમની એ કલાઉપાસનાનાં પુષ્પો સમાં ચિત્રોનો 'ચિત્રમંજૂષા' નામે એક સંપુટ (પ્રકાશક: પ્રકાશ પ્રિન્ટર્સ, ૩૦ જાંબુલ વાડી–પશ્ચિમ, કાલબાદેવી, મુંબાઈ-૨. કિં. રૂ. ૨૫) પ્રકટ થયો છે. તેમાં, 'ચિત્રલેખા', (જેના પરથી આ ચિત્રસંપૂટના પૂઠા માટે કરેલું રેખાંકન આ અંકના પૂઠા પર આપ્યું છે.) 'વાસંતી', 'સંદેશ', 'શ્રી કૃષ્ણ નામાભિધાન', 'મીરાંનો મેવાડત્યાગ', 'મૈયા મૈં નહિ માખન ખાયો' તથા ભારતીય શૈલીએ તસ્વીર-આલેખનના એક ઉત્તમ નમૂના રૂપ 'પિતાજીની તસવીર' વગેરે પૂર્ણરંગી ચિત્રો સાથે 'સ્વામી હરિદાસ', 'ગુરુશરણે', 'ચામરધારિણી' 'મહાભારતલેખન', 'માર', 'ગાંધર્વ સંગીત', 'મહર્ષિપાણિનિ', વગેરે ચિત્રો દ્વારા એમની કલાશક્તિનો અચ્છો ખયાલ મળી રહે છે. આધુનિક કલાના સંગ્રાહકોએ સંઘરવા યોગ્ય આ સંપૂટ છે.

કલાદીપ

શિક્ષણક્ષેત્રે અનેક નામી વ્યક્તિઓએ જેને, "શિક્ષણની આગવી દૃષ્ટિવાળી, માર્ગદર્શક, તાલીમ માટે ઉપયોગી, વિદ્યાર્થીઓએ સદુપયોગ કરવા યોગ્ય, સ્મૃતિચિત્રોનાં દરેક પાસાંને આવરી લેતી, ચિત્રકાર્ય સુધારવામાં સહાયક, કલાપ્રતિ માન ઉપજાવે તેવી અને સાર્થનામ" ગણી બિરદાવી છે એ આ ચિત્રપોથી વિષે અમારે વધારે શું કહેવું? પણ, એમાં જે સંખ્યાબંધ રૂપાલેખનો રજૂ થયાં છે તે સાથે પ્રાકૃતિક સ્વરૂપોની પણ અવલોકનયુક્ત ને અનુકરણીય આકૃતિઓની સંખ્યા વધારી હોત તો આ પોથી વધુ ઉપયોગી બની રહેત એમ અમને લાગે છે. કેટલીક આકૃતિઓમાં રહી ગએલા પ્રમાણભંગ અને રચનાદોષને પણ સંયોજકો નિવારી શકયા હોત.

સંયોજકો: યુસુફ ધાલા મર્ચંટ, કુ. ઈન્દુ અ. પટેલ, જયંતીલાલ ડી. ઠાકર. પ્રકાશક: પ્રકાશ પબ્લિકેશન, ૩૦ જાંબુવાડી–વેસ્ટ, મુંબાઈ–૨. કિંમત: ગુજરાતી આવૃત્તિ રૂ. ૧–૫૦, અંગ્રેજી (ન્યૂ કલાદીપ) રૂ. ૨–૭૫.

છાપરાં પર તડકાની તેજી બતાવી છે. રેખાઓ કાળી શાહીથી ઘૂંટવામાં આકારો સચવાયા નથી.

વિભાગ (બ)

પુખ્ત વિદ્યાર્થીઓ અને ચિત્રશિક્ષકો માટેના આ વિભાગમાં કુલ ૨૪ ચિત્રો મળ્યાં છે. એમાં **પહેલું ઈનામ** (રૂ. ૧૫) પરમાર પુરુષોત્તમભાઈ અંબારામભાઈ (સી. એન. કૉલેજ ઑવ ફાઈન આર્ટ્સ અમદાવાદ). આખા દૃશ્ય પર રંગોની સમતુલા જળવાઈ છે, પણ પાત્રો અને આગળની વનસ્પતિ પર જોરદાર રંગકામ થવું જોઈએ. જળસપાટી પર આકાશના રંગોની ભભક પ્રતિબિંબિત થતી જણાતી નથી. **બીજું ઇનામ** (રૂ. ૧૦) રણછોડભાઈ જેસિંગભાઈ (ચિત્રશિક્ષક-કસ્તૂરબા કન્યા વિદ્યાલય, આણંદ) રંગ સારા ભર્યા છે, પણ ચિત્રમાં ટેકરી બાજુ ભારણ લાગે છે. વૃક્ષો ફિક્કાં લાગે છે. નદીકિનારાના બંગલા સ્વચ્છ શ્વેત રંગના દેખાય એટલી જળસપાટી પરના રંગમાં ઘેરાશ થવી જોઈએ. પ્રકૃતિમાં આકાશ, જળ, વૃક્ષો નીરખતા રહેવાથી આવી ભૂલો સુધરશે. **નોંધપાત્ર** ચિત્ર: મોહનભાઈ મગનભાઈ રાવળ (પ્રેમપુર માધ્યમિક શાળા, તા. હિંમતનગર). આકાશને ઠીક ઉઠાવ આપ્યો છે, પણ પાણી પર એ પ્રતિબિંબિત થતું નથી. સુરેખતા ને સ્પષ્ટતા માટે પ્રયત્ન જરૂરી.

હવે પછી આ સ્પર્ધામાં ભાગ લેનાર સૌને વિનતી કે રંગ ભરવામાં રમતચાળા ન કરતાં સાવધાની અને સમજપૂર્વક ગંભીરતાથી વિચારીને રંગ પૂરવા. અન્યથા તમારાં ટપાલખર્ચ ને કામના સમય એળે જશે.

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

'કુમાર'ની ફોટોગ્રાફી-હરીફાઈ પુનઃ જારી કરવાની જાહેરાતના આનંદપ્રદ પ્રતિભાવ પડ્યા છે. આ પહેલી હરીફાઈ માટે આવેલાં દૃશ્યચિત્રોમાંથી: પહેલું ઈનામ: ભાર્ગવ વિ. મિસ્ત્રી–અમદાવાદ; બીજું ઈનામ: રુચિર જોષી (કલકત્તા); ત્રીજું ઈનામ: ચંદ્રકાન્ત દોશી (બિલખા-સૌરાષ્ટ્ર)-ને મળે છે. વિજેતાઓને આ ઈનામો મોકલી અપાશે. ઉપરાંત વાચકોને ખયાલમાં હશે કે આ ત્રણે ચિત્રોને હજી વાર્ષિક હરીફાઈમાં પણ રજૂ થવાની અને તેમાં પણ ઈનામ મેળવવાની તક ઊભી છે.

વાચકોની જાણ માટે વધુ એક વાર આ હરીફાઈના નિયમો પ્રકટ કરીએ છીએ. (૧) આ હરીફાઈ દર બે માસે, એટલે કે વર્ષમાં છ વખત યોજાશે. (૨) હરીફાઈ માટેનાં ચિત્રોનો વિષય અગાઉથી જાહેર કરાશે અને એ વિષયનાં (૩) નાનામાં નાનાં ૮ × ૧૦ સે. મી. તથા મોટામાં મોટા ૧૫ × ૨૦ સે. મી.ના કદનાં, બ્લૅક ઍન્ડ વ્હાઈટ, માઉન્ટ કર્યા વિનાનાં અને માત્ર ગ્લૅાસી પ્રિન્ટ જ મોકલવાનાં રહેશે. (૪) બેથી વધુ ચિત્રો મોકલી શકાશે નહિ. (૫) દરેક ફોટો પાછળ મોકલનારનું પૂરું નામ-સરનામું લખેલું હોવું જરૂરી છે. (૬) એક હરીફને એક જ ઈનામ અપાશે. (૭) પહેલું ઈનામ ૧૦ રૂા; બીજું ૭ અને ત્રીજું ૫ રૂ.નું રહેશે. (યોગ્ય જણાશે ત્યારે ઉત્તેજના ઈનામ પણ અપાશે). (૯) આ દ્વિમાસિક હરીફાઈમાં જે ચિત્રો જે કક્ષામાં ઈનામ પામ્યાં હશે તે તે કક્ષામાં એ ચિત્રોને વર્ષને અંતે વાર્ષિક હરીફાઈ માટે લેવામાં આવશે અને તેમાં પ્રથમ ઈનામ ૫૦ રૂ. બીજું ૩૦ રૂ. અને ત્રીજું ૨૦ રૂ.નું અપાશે. (૧૦) ઈનામને પાત્ર ઠરેલા ફોટો પ્રિન્ટની માલિકી 'કુમાર'ની ગણાશે (ચિત્રના કૉપીરાઈટ ફોટોગ્રાફરના જ રહેશે. 'કુમારે' પોતાને માટે બનાવેલા બ્લૉકોનો ઉપયોગ કરવાની 'કુમાર'ને છૂટ રહેશે.) અને (૧૧) એ સિવાયના પ્રિન્ટ, જો મોકલનારે પૂરતું પોસ્ટેજ ચોડી પોતાનું નામ-સરનામું લખેલું યોગ્ય કદનું કવર મોકલ્યું હશે તો જ તેમને પાછા મોકલી અપાશે. તે સિવાય બાકી રહેતા પ્રિન્ટની કોઈ જવાબદારી 'કુમાર'ની રહેશે નહિ.

આગામી હરીફાઇનો ચિત્રવિષય: ગામની શેરી

ફોટો મોકલવાની છેલ્લી તારીખ: ૨૮ ફેબ્રુઆરી ૧૯૭૩.

સાહિત્યસંપર્ક

ત્રણ સાહિત્યકારો

૧. જ્ઞાનપીઠ-પારિતોષિક-વિજેતા
વિષ્ણુ દે

ભારતીય સાહિત્યના ઉત્કર્ષ માટે, દેશની સર્વ પ્રાદેશિક ભાષાઓમાંથી શ્રેષ્ઠ જણાનાર કૃતિને વર્ષોવર્ષ રૂપિયા એક લાખનું પારિતોષિક આપવાની ભારતીય જ્ઞાનપીઠની યોજના સાહિત્યકારોને માટે પ્રોત્સાહક હોવા ઉપરાંત તે તે ભાષાની વિશિષ્ટ ગુણવત્તા પ્રકાશમાં આણનારી છે. એ યોજના હેઠળ આજ સુધીમાં સાત પારિતોષિકો જાહેર થયાં છે, જેમાં ૧) મલયાલય કવિ જી. શંકર કુરુપ, ૨) બંગાળી નવલકથાકાર તારાશંકર વંદ્યોપાધ્યાય, ૩) કન્નડ કવિ કે. ટી. કુટપ્પા અને ગુજરાતી કવિ ઉમાશંકર જોષી (વચ્ચે સરખે ભાગે), ૪) હિંદી કવિ સુમિત્રાનંદન પંત, ૫) ઉર્દૂ કવિ ફિરાક ગોરખપુરી, ૬) તેલુગુ કવિ વિશ્વનાથ સત્યનારાયણ અને હવે આ વર્ષે ૭મું બંગાળી કવિ વિષ્ણુ દેને અપાયું છે.

સાંપ્રત બંગાળી કવિઓમાં શ્રી વિષ્ણુ દેની ગણના અતિ-આધુનિક અને પ્રગતિશીલ કવિ તરીકે થાય છે. એમણે કવિતાના માધ્યમ દ્વારા સામાજિક તથા રાજકીય શોષણની વિરુદ્ધ બુલંદ અવાજ ઉઠાવ્યો છે. એમને જે કૃતિ માટે



જ્ઞાનપીઠ પારિતોષિક આપવામાં આવ્યું છે તે કાવ્યસંગ્રહનું નામ છે: 'સ્મૃતિ, સત્તા, ભવિષ્યત્' (ભૂત, વર્તમાન અને ભાવિ). ઇ. ૧૯૬૩-માં પ્રસિદ્ધ થએલા આ ગ્રંથમાં ઇ. ૧૯૫૫–'૬૧ સુધીની એમની રચનાઓ છે. દસ વર્ષ પૂર્વે આ જ સંગ્રહને સાહિત્ય અકાદમીએ પણ પુરસ્કાર્યો હતો. સંગ્રહની પ્રથમ જ કૃતિ 'સ્મૃતિ, સત્તા, ભવિષ્યત્'માં વર્તમાનના અસ્તિત્વ વિષે તથા ભૂત અને ભવિષ્ય વિષે ખૂબ જ ગંભીરતાથી ચિંતન થએલું જોવા મળે છે. કવિ એમાં નવયુગના ધ્વનિનું સ્વાગત કરે છે. આજે માણસે ભૌતિક પ્રગતિ સાધી છે પણ એમાં માનવીની ચેતના જ ક્યાં છે? આજની માનવ-ચેતના વિકૃતિ, કુંઠિતતા અને કાવાદાવાની શૃંખલામાં બંધાએલી છે. કવિની મનીષા તેને મુક્ત કરી શાંતિ સ્થાપવાની છે.

વળી, આ સંગ્રહની કૃતિઓમાં વિષય અને ભાવનું વૈવિધ્ય પણ છે. 'સૂર્યાસ્ત બેલાય', 'વર્ષાર નદી' જેવાં કાવ્યોમાં પ્રકૃતિનાં ચિત્રો છે, તો 'શ્રાવણ', 'હેમંતેર કાને કાને' વગેરેમાં આત્મચિંતન પણ જોઇ શકાય છે. 'પૉલ રોબ્સન', 'રવીન્દ્રનાથ' જેવાં અંજલિકાવ્યો પણ એમાં છે.

આ ખ્યાતનામ કવિનો જન્મ ઇ. સ. ૧૯૦૯-માં કલકત્તાના એક સંપન્ન પરિવારમાં થએલો. બાળપણથી જ તેઓ બુદ્ધિશાળી અને સંવેદનશીલ હતા. શહેરની પૉલ કૉલેજમાંથી સ્નાતકની અને અંગ્રેજી વિષય લઇને કલકત્તા યુનિવર્સિટીમાંથી અનુસ્નાતકની પદવી મેળવી એમણે શૈક્ષણિક કારકિર્દીથી જીવનનો આરંભ કરીને ત્યાંની સેન્ટ્રલ કૉલેજમાં અંગ્રેજી વિષયના વિભાગીય વડા તરીકે વર્ષો સુધી કામ કર્યું. છેલ્લાં ત્રણેક વર્ષથી એઓ નિવૃત્ત જીવન ગાળે છે.

કિશોરાવસ્થામાં 'ઘોડેસવાર' નામની પ્રથમ રચના પ્રગટ કર્યા પછી વિષ્ણુ દેએ પોતાની કવિસવારી બંગસાહિત્યમાં વિજયી બનાવી છે. 'ઊર્વશી ઓ આર્તેમિસ' નામના પોતાના પ્રથમ કાવ્યસંગ્રહ (૧૯૩૩)થી જ, એ બંગાળી સાહિત્યના બડેખાંઓના ધ્યાનપાત્ર બની ગયા. એમાં એ ટાગોર પરંપરાથી બહાર આવી કવિતાને નવો ઘાટ અને નવી શૈલી આપે છે આ પ્રગતિશીલ કવિમાં એક પ્રકારની કલાત્મક કારીગરી અને સફાઇ જોવા મળે છે. ઇ. ૧૯૩૭ પછીની એમની રચનાઓમાં એમની મનોસૃષ્ટિ વધારે તેજથી ભભૂકી ઊઠી છે. ઇ. ૧૯૪૭માં પ્રગટ થએલા સંગ્રહ 'સાંદિપેર ચાર'માં એ જ્વાળા ચરમ સીમાએ પહોંચી છે. ચિંતનમનનના પરિપાક રૂપે એમની કાવ્યશક્તિ વધુ ને વધુ સૂક્ષ્મ બનતી જાય છે. અત્યાર સુધીમાં

શબ્દકથા: 'રાશ' · 'સીંદરું'

'**રા**શ' એટલે 'દોરડું' કે 'લગામ'. આ ઉપરાંત 'રસ્સી' કે 'રસી', અને મોટું હોય તો 'રસ્સો' કે 'રસો' એ શબ્દો પણ ગુજરાતીમાં દોરડાના અર્થમાં વપરાય છે. એ હિંદી 'રસ્સી', 'રસ્સા' ઉપરથી આવેલા છે. વળી 'રસાકસી' મૂળ 'રસા-કશી' એટલે 'રસી ખેંચવી' ઉપરથી થયો છે, જેનો લાક્ષણિક અર્થ 'ચડસપૂર્વક ખેંચાખેંચી'.

'રાશ'ના મૂળમાં સંસ્કૃત 'રશ્મિ' અને પ્રાકૃત 'રસ્સિ' છે. 'રશ્મિ'નો મૂળ અર્થ પણ 'દોરડું', 'લગામ' છે. પ્રાકૃત 'રસ્સિ' ઉપરથી પંજાબી 'રસ્સી' બન્યો, અને તે હિંદી, બંગાળી, બિહારી, મરાઠી, ગુજરાતી વગેરેમાં અપનાવાયો. તે ઉપરાંત 'રાસ' પણ નેપાળી, હિંદી, ઉડિયા વગેરેમાં 'લગામ'ના અર્થમાં પ્રચલિત છે. 'રશ્મિ'ના લગામ અર્થ ઉપરથી 'કિરણ' અર્થ ઉદ્ભવ્યો હોય. સૂર્ય રથારૂઢ થઈને આગળ વધતો હોવાની દેવકથા–પુરાણકથાને ધ્યાનમાં લઈએ તો સૂર્યના ઘોડાની 'લગામ' અને 'સૂર્યનાં કિરણ'નો મેળ બેસાડી શકાય.

વૈદિક ભાષામાં 'રશ્મિ' ઉપરાંત 'રશ્મન્' એવું શબ્દરૂપ પણ મળે છે. તે ઉપરથી અટકળ થઈ શકે કે 'બાંધવું' એવા અર્થના 'રશ્' ધાતુ ઉપરથી 'રશ્મન્' અને 'રશ્મિ' શબ્દ બન્યા હોય. જેમ 'દા' એટલે 'બાંધવું', ને તેના ઉપરથી 'દામન્' એટલે 'દોરડું', તે જ પ્રમાણે 'રશ્' એટલે 'બાંધવું' અને તેના ઉપરથી 'રશ્મન્' કે 'રશ્મિ'. અને સંસ્કૃત 'રશના' શબ્દ (અર્થ 'કંદોરો' 'કટિમેખલા') પણ આ 'રશ્' ધાતુમાંથી બનેલો છે. કદાચ 'રાશિ'(=ઢગલો)એ શબ્દના મૂળમાં પણ આ 'રશ્'ધાતુ હોય.

'દોરડું'ના અર્થમાં બીજા ગુજરાતી શબ્દોમાં 'દોરડું' પોતે, 'રાંઢવું' અને 'સીંદરું' એમને ગણાવી શકાય. 'રાંઢવું' જાડા દોરડા માટે વપરાય છે. પ્રાકૃતમાં 'રંઢુઅ' શબ્દ દોરડાવાચક છે, પણ તેનું મૂળ અજ્ઞાત છે. પ્રાકૃતમાં હેમચંદ્રાચાર્યે 'સિંદ્રવ' તથા 'સિંદુર' અને 'સિંદુ' દોરડાના અર્થમાં આપ્યા છે. કાથાની દોરી કે દોરડા માટે જ સીંદરું વપરાય છે, અને તેમના મૂળમાં છે પ્રાકૃત 'સિંદી' (=ખજૂરીનું ઝાડ). એ શબ્દ દ્રાવિડી ભાષામાંથી આવેલો છે: પ્રાકૃત 'સિંદી', 'સિંદોલા' (=ખજૂરી) અને 'સિંદોલ' (=ખજૂર) એમના મૂળમાં છે.

'દોરડું'નો સંબંધ 'દોર', 'દોરો', 'દોરી' સાથે છે, અને તેમના મૂળમાં સંસ્કૃત 'દોરક' અને પ્રાકૃત 'દોરઅ' છે.

હરિવલ્લભ ભાયાણી

પ્રગટ થએલાં એમનાં ૪૦ પુસ્તકોમાંથી ૧૬ તો કાવ્યસંગ્રહો જ છે. આમાં ઉપર ગણાવ્યા તે ઉપરાંત 'ચોરાબાલિ', 'પૂર્વલેખ', 'સાતભાઇ ચંપા', 'અન્વિષ્ટ', 'નામ રખે છિ કોમલ–ગાધાર', 'આલેખ્ય' વગેરેને મુખ્ય ગણી શકાય.

આરંભમાં અંગ્રેજ કવિ એલિયટના પ્રભાવ તળે આવેલા અને પછી સ્વતંત્રરીતે વ્યક્ત થએલા વિષ્ણુ દેનું સ્થાન આજના બંગસાહિત્યમાં મહત્ત્વનું ગણાય છે. મનુષ્યયાતના સામે ઝઝૂમી માનવતાનાં ગીતો ગાવાનું જ કવિએ શ્રેયસ્કર માન્યું છે. કવિતા ઉપરાંત ગદ્યમાં પણ એમનો ફાળો નોંધનીય છે. બંગાળી અને અંગ્રેજીમાં લખાએલાં એમનાં સાહિત્યિક વિવેચનનાં પુસ્તકો જાણીતાં છે. એમણે કેટલાક વિદેશી ગ્રંથોના અનુવાદો પણ આપ્યા છે. એમનાં કાવ્યોના હિંદી અનુવાદો 'હંસ' અને 'પ્રતીક' સામયિકોમાં પ્રગટ થયા છે. એવા જો આપણી ભાષામાં યે થશે તો એમની કવિત્વશક્તિ માણવાનો અવસર મળશે. —રજનીકાન્ત જોષી

૨. નોબેલ-પારિતોષિક-વિજેતા હાઈનરિખ બ્યોલ

ઈ. ૧૯૨૯માં જર્મનીના પ્રસિદ્ધ સર્જક ટૉમસ માનને નોબેલ ઈનામ મળ્યા પછી આજ ૪૩ વર્ષે ૧૯૭૨માં એ પારિતોષિક પ્રાપ્ત કરનાર બીજા જર્મન નવલકથાકાર છે હાઈનરિખ બ્યોલ. એમનો જન્મ સુથાર પિતા વિક્ટરને ત્યાં ઈ. ૧૯૧૭ની ૨૧મી ડિસેમ્બરે કૉલોન નગરમાં થએલો. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ત્યાં જ પૂરું કર્યા પછી એક પુસ્તકાલયમાં ગ્રંથપાલનું કામ શીખવા એ જોડાયા, ને ત્યાંથી જ એમણે લખવાની શરૂઆત કરી. પછી તો બીજા વિશ્વયુદ્ધમાં જોડાઈ ત્રણ-ચાર વાર ઘાયલ થઈ એઓ યુદ્ધકેદી તરીકે પકડાયા અને ઈ. ૧૯૪૫માં મુક્ત થઇને વતન કૉલોનમાં પાછા



ફર્યા બાદ ત્યાંની યુનિવર્સિટીમાં જર્મન ભાષા-સાહિત્યનો અભ્યાસ આરંભ્યો; સાથેસાથે આજીવિકા માટે ભાઈના કારખાનમાં સુથારીકામ પણ કરવા લાગ્યા.

એમનામાં રહેલો સર્જક હવે કોળ્યો હતો. એમની પ્રથમ ટૂંકી વાર્તા 'ગાડી સમયસર હતી' ઈ. ૧૯૪૯માં પ્રગટ થઈ; અને પ્રથમ નવલકથા 'કાળાં ઘેટાં' ૧૯૫૧માં પ્રગટ થઈને 'ગ્રૂપ-૪૭' પારિતોષિક પામી. આથી પોરસાએલા આ યુવાન લેખકે શેષ જીવન માત્ર લેખનકાર્યમાં જ ગાળવાનો નિર્ધાર કર્યો ને અત્યાર સુધીમાં એમણે લગભગ ચાળીસેક ગ્રંથો પ્રગટ કર્યા. એમણે અનેક સફળ રેડિયો–નાટકો પણ લખ્યાં છે.

એમની કેટલીક કૃતિઓમાં એમના પ્રત્યક્ષ યુદ્ધાનુભવના પડઘા ઝિલાયા છે, તો કેટલીક યુદ્ધોત્તર વિષયોને પણ નિરૂપે છે. એમના સર્જનમાં એમની ઊર્મિશીલતા અને સંવેદનપટુતા પોચટતાની હદ સુધી પહોંચ્યા સિવાય સવિવેક વ્યક્ત થઈ છે. આજે વિશ્વમાં હતાશા ને વેરઝેરનાં વાદળો ઘટ્ટ બની રહ્યાં છે ત્યારે બ્યોલ પોતાની કૃતિઓમાં માનવજાતનો વિશ્વાસ ને આશા પ્રગટ કરે છે, એમના દર્શનમાં દુરંદેશી છે, સંવેદનશીલતા છે, અનુકમ્પા છે, શ્રદ્ધા ને આશા છે.

આજના યુગમાં જ્યારે માણસનો માણસમાંથી વિશ્વાસ ડગવા બેઠો છે ત્યારે બ્યોલની કલમ માનવતાની પુનર્સ્થાપના કરવા મથી રહી છે. એમની આ માનવતા કેવળ શાબ્દિક નથી, પરંતુ એની સક્રિયતાનાં એંધાણ પણ વરતાય છે. એમણે નોબેલ પારિતોષિકની રકમનો થોડો ભાગ જે રીતે ઉપયોગમાં લેવાની મનીષા પ્રગટ કરી છે તેમાં. કારાવાસ ભોગવતા સર્જકો અને પત્રકારોનાં કુટુંબનિભાવ માટે પી. ઈ. એન. દ્વારા ચાલતા આંતરરાષ્ટ્રીય ફંડમાં તેઓ તે આપવાના છે. બીજા વિશ્વયુદ્ધ પછીના જર્મન સાહિત્યને નવો વળાંક આપનાર આ સમર્થ સાહિત્યકારની કૃતિઓની લાખો નકલો લગભગ ત્રીસેક ભાષાઓમાં અનૂદિત થઇને જગતમાં ખપી છે તે તેમના સર્જનની ઉત્કૃષ્ટતા અને લોકપ્રિયતાની ગવાહી પૂરે છે. —ધી. પ.

૩. પ્રાજ્ઞ પ્રયોગવીર એઝરા પાઉન્ડ

સત્યાશી વર્ષની પૂરી પાકટ વયે આ પહેલી નવેમ્બરે એઝરા પાઉન્ડના વેનિસ ખાતે થએલા નિધન સાથે અંગ્રેજી કાવ્યસાહિત્યે એક પ્રભાવશાળી સર્જક ગુમાવ્યો છે. અમેરિકાના ઈડાહો પરગણાના હેઈલી ગામે ઈ. ૧૮૮૫ની ૩૦મી ઑક્ટોબરે એમનો જન્મ. બે વર્ષની વયે માબાપ સાથે તે પેન્સિલ્વાનિયા ગયા. ત્યાં ૧૫ વર્ષની વયે તો યુનિવર્સિટીમાં પ્રવેશી અને હૅમિલ્ટન



કૉલેજમાંથી ઈ. ૧૯૦૫માં એ પીએચ. બી. થયા ને ઉક્ત યુનિવર્સિટીમાં સાહિત્યનું શિક્ષણકાર્ય કર્યું. ઈ. ૧૯૦૮માં યુરોપ ગયા અને ૧૯૨૦ સુધી લંડનમાં રહ્યા. ઈ. ૧૯૨૦થી '૨૪ સુધી પારી(સ)માં રહી ઈટલીમાં રૅપેલો ખાતે જીવનકારકિર્દીનો મહત્ત્વનો ભાગ પસાર કર્યો. પોતાની રાજકીય-આર્થિક વિચારસરણીને અનુરૂપ ઈટલીની ફાશિસ્ટ સરકારને એમણે બીજા વિશ્વયુદ્ધના આરંભથી જ ટેકો આપ્યો, અને રોમના આકાશવાણી કેન્દ્ર પરથી એ સરકારનો પ્રચાર કરતાં જે વાયુપ્રવચનો એમણે આપ્યાં તેને પરિણામે અમેરિકન સરકારે ઈ. ૧૯૪૫ના મેમાં એમને દેશદ્રોહી જાહેર કરી એકાદ વર્ષ માટે ઈટલીમાં અમેરિકાની લશ્કરી જેલ ખાતે કેદ રાખ્યા. મુકદ્દમો ચાલ્યો. પરંતુ સ્વબચાવ માટે અસમર્થ એવા પાઉન્ડને વકીલો અને ડૉક્ટરોએ પાગલ જાહેર કર્યા, એટલે વૉશિંગટનની સેઈન્ટ એલિઝાબેથ્સ ઑસ્પિટલમાં ઈ. ૧૯૫૮ સુધી ગોંધી રાખવામાં આવ્યા. ત્યાર બાદ અમેરિકન સરકારે એમને મુક્ત કર્યા પછી પાઉન્ડે શેષ જીવન ઈટલીમાં જ ગાળ્યું.

આ સમર્થ સર્જક વિષે એમના કીર્તિકાળ દરમિયાન જ ભારે વિવાદ ચાલેલો. કેટલાકને મતે એ મહાન સર્જક તો કેટલાકને મતે મહાન પ્રેરણાદાયી અનુસર્જક. કેટલાકે એમની પૂરેપૂરી પ્રશંસા કરી તો કેટલાકે પૂરી પસ્તાળ પણ પાડી. આ વિવાદને બાજુએ રાખીએ તોપણ એ હકીકતનો તો ઈન્કાર થઈ શકે તેમ નથી કે સમકાલીન અંગ્રેજી કવિતા પર એમના પ્રયોગોનો પ્રભાવ અવિસ્મરણીય હતો. કાવ્યના વિષયો કરતાં એની અભિવ્યક્તિની ખૂબીઓ પરત્વે પાઉન્ડની પ્રયોગખોર કવિતા ને પ્રોત્સાહને પ્રભાવશાળી ફાળો આપેલો. વીસીના અનેક નાનામોટા સર્જકો એક યા બીજી રીતે એમની અસર તળે આવ્યા વગર રહ્યા નહોતા. ખાસ કરીને એલિ-

ચટ, યેટ્સ, જૉઈસ, વિન્ડહામ લૂઈ, વિલિયમ કાર્લોસ વિલિયમ્સ વગેરે નામી સર્જકોના શૈલી-ઘડતરમાં પાઉન્ડે નક્કર ફાળો આપ્યો હતો.

૧૯૧૭ના ગાળામાં એમણે એમની લાંબી માતબર અને કીર્તિદા કૃતિ 'ધ કૅન્ટોઝ' આરંભી અને કવિતાક્ષેત્રે એમની પ્રમુખ દેણગી પણ રહેશે આ કૅન્ટોઝથી, અને એમની પ્રયોગવીર વિચારસરણીથી. ઈ. ૧૯૪૫-૪૬ દરમિયાન પાઉન્ડ જ્યારે ઈટલીમાં અમેરિકન જેલમાં હતા ત્યારે 'ધ પિસાન કૅન્ટોઝ' લખ્યા અને ઈ.૧૯૪૮માં તે પ્રસિદ્ધ થતાં એમને તે માટે બૉલિંજન (Bollingen) પારિતોષિક એનાયત થયું હતું.

કવિતા માટે અનલંકૃત શૈલી, સ્પષ્ટ ભાષા, સીધી જ અભિવ્યક્તિ, બૌદ્ધિક અભિગમ ને લયસંગીતની સમુચિતતાનો આગ્રહ રાખી વિક્ટોરિયન જ્યૉર્જિયન કવિતાની વાગ્મિતા, અલંકારાધિક્ય, છંદબાજી, આદર્શજડતા, લાગણીવેડા વગેરે સામે એમણે પ્રબળ પ્રચાર આરંભેલો. કવિતાના સામયિક 'પોએટ્રી'માં એમણે આ વિષે અનેક લેખો પણ લખ્યા.

આવા આધુનિક કવિતાના સમર્થ પ્રવર્તક પાઉન્ડ હવે આપણી વચ્ચે નથી ત્યારે કાવ્ય વિષેની એમની પ્રયોગનિષ્ઠા આધુનિકોને અને નવસર્જકોને પ્રેરણાદાયી નીવડો! —ધી. પ.

નવાં પ્રકાશનો

સાહિત્ય સંગમ પૉકેટ બુક્સ

બાવાસીદી, ગોપીપુરા, સુરત-૨

વહેવારુ જ્ઞાન: આજના વિકસતા વિશ્વમાં માનવીમાત્રની સમયને અભાવે થોડામાં ઘણું જાણી લેવાની ઝંખનાને સંતોષવાના આશયથી પ્રકટ થતી 'જ્ઞાન-વિજ્ઞાન ગ્રંથમાળા'ના આ બીજા પુસ્તકમાં, દરેક વ્યક્તિને ઘરની-બહારની, કુટુંબની અને કચેરીની, સ્વાસ્થ્યની અને સજાવટની, વેપારની અને વ્યવહારની વિવિધ માહિતી આપતા ૧૮૬ વિષયોને ૨૩૨ પૃષ્ઠોમાં, એના સંપાદક શાંતિ પરોપકારીએ સમાવી લીધા છે. કાચું પૂઠું; રૂ. ૩.

જ્ઞાન-વિજ્ઞાન: ઉક્ત ગ્રંથમાળાના આ ત્રીજા પુસ્તકમાં, રાજકીય, રાષ્ટ્રીય ને આંતરરાષ્ટ્રીય માહિતીઓ, વિવિધ ભાષાની સાહિત્યિક સામગ્રી, વિભિન્ન મહાપુરુષોની અલ્પ ઝાંખી, જગતની મહાન શોધો અને શોધકો, ભારતની ભવ્યતા, ગણિતગમ્મત એવી બીજી અસંખ્ય માહિતીઓ શાંતિ પરોપકારીએ સમાવી છે. પૃ. ૨૩૨; કાચું પૂઠું; રૂ. ૩.

જ્ઞાનસાગર: ઉક્ત ગ્રંથમાળાનાં આ ચોથા પુસ્તકમાં ભારતની શાસનપદ્ધતિ, નાગરિકોની ફરજો, ગુજરાતની વિસ્તૃત માહિતી, ભારતના પ્રસિદ્ધ મહાપુરુષો, લલિતકલાઓ, યંત્રવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન, ભારતીય ક્રિકેટ, જાતજાતના શોખ અને ભાતભાતની ફેશન, આમ કુલ ૩૦૪ મુદ્દાઓને સમાવી લેવામાં આવ્યાં છે. સં: શાંતિ પરોપકારી; પૃ. ૧૨૪; કાચું પૂઠું; રૂ ૩

જ્ઞાનવિજ્ઞાનની ૧૦૦૧ માહિતીઓ: 'જ્ઞાનવિજ્ઞાન ગ્રંથમાળા'નું આ પાંચમું પુસ્તક શીર્ષક પ્રમાણે ૧૦૦૧ માહિતીઓ અહીં સંક્ષેપમાં રજૂ કરે છે. ભારતની અને તેના રાજ્યોની વસતિ, પ્રાદેશિક વિસ્તારો, કેટલાંક વૈજ્ઞાનિક સાધનો, ખગોળશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, અવકાશી પ્રયોગશાળા, ચંદ્રગાડી, કૉમ્પ્યુટર, રડાર, ટેલિવિઝન, વિશ્વનું અવનવું આદિ અનેક મુદ્દાઓને અહીં આવરી લેવામાં આવ્યા છે. સં: શાંતિ પરોપકારી; પૃ. ૨૨૪; કાચું પૂઠું; રૂ. ૩.

સામાન્ય જ્ઞાન: ગુજરાત, ભારત અને વિદેશોની વિવિધ ક્ષેત્રોની એવી જાણવા જેવી વિગતોને લાઘવથી આ પુસ્તિકામાં રજૂ કરવામાં આવી છે કે જે વિવિધ જગ્યાએ ઇન્ટરવ્યૂ આપવા જનારને, વિદ્યાર્થીઓને અને જિજ્ઞાસુઓને ઉપયોગી બની રહે. કુલ ૧૦૯ વિષય-મુદ્દાઓને સમાવી લેતી સંદર્ભ પુસ્તિકા સં: ધીરજલાલ ગજ્જર; કાચું પૂઠું; પૃ. ૨૦૬; રૂ. ૩.

જીવનમાં સફળ કેમ થશો?: જીવન ઘણું અટપટું છે. આજ તો એની સામે ઘણી હાયવરાળ કાઢવામાં આવે છે; પણ જો જીવન જીવવાની કળા આવડી જાય તો એ આશીર્વાદરૂપ ને આનંદપ્રદ થઈ શકે છે. મૂળ અંગ્રેજીમાં કર્ટની ડી. ફાર્મરની પુસ્તિકા 'ધ સક્સેસફુલ લાઈફ ઍન્ડ હાઉ ટુ ઑબ્ટેઈન ઇટ'નો આ ગુજરાતી સરળ અનુવાદ યોગીન્દ્ર જ. ત્રિપાઠીએ કરેલો છે. કુલ ૧૨ નાનાં નાનાં પ્રકરણોમાં માનસિક, આધ્યાત્મિક અને શારીરિક તાલીમની વાત કરીને જીવનની નિરાશામાં આશાનાં અજવાળાં પાથરતી વસાવવા જેવી પુસ્તિકા, કાચું પૂઠું; પૃ. ૧૩૬; રૂ. ૨.

જંગલમાં દંગલ: ભયાનક પ્રાણીસૃષ્ટિ સાથેનાં ટારઝનનાં પરાક્રમો વર્ણવતી ને કિશોરોને ગમી જાય તેવી સાહસ-કથાની પુસ્તિકા. સં. 'ટારઝન પ્રેમી' કાચું પૂઠું; પૃ. ૧૩૫; રૂ. ૨.

ટારઝન: રહસ્યનગરીમાં: એડગર રાઈસ બરોઝની બધી ટારઝનકથાઓમાં ખૂબ જ વખણાએલી આ કથાનો ગુજરાતીમાં પ્રથમ વાર જ રજૂ થતો 'ટારઝનપ્રેમી'નો આ અનુવાદ આફ્રિકામાં જડીબુટ્ટીની શોધમાં નીકળેલા એક દંપતીનાં, બિહામણાં પશુઓ અને જંગલી લોકો સાથેનાં અદ્ભુત સાહસોની વાર્તા આલેખે છે. કાચું પૂઠું; પૃ. ૧૪૪; રૂ. ૨.

ટારઝન પાતાળ લોકમાં: પાતાળ લોકમાં ટારઝને પોતાના શૌર્ય ને સાહસથી મચાવેલા તરખાટની રોમાંચક કથા. લે. 'ટારઝન પ્રેમી'; કાચું પૂઠું; પૃ. ૧૪૩; રૂ. ૨.

ટારઝન ચિત્તાનગરમાં: આફ્રિકાના જંગલમાં જંગલી પ્રાણીઓ અને લોકો વચ્ચે ઘેરાએલા ટારઝનના વીરત્વની અદ્ભુત કથા. લે. 'ટારઝનપ્રેમી;' કાચું પૂઠું; પૃ. ૧૪૦; રૂ. ૨.

મેઘધનુષ: જાણીતા ગઝલકાર શ્રી જમિયત પંડયા 'જિગર'નો આ પાંચમો કાવ્યસંગ્રહ ૫૭ ગઝલો, ૩૧ નઝમો ને થોડાં મુક્તકો લઈને આવે છે. ત્રણેય પર જામેલી એમની પાકટ હથોટીની પ્રતીતિ આ રચનાઓ પણ, એમના કાવ્યસંગ્રહોની જેમ, કરાવી જાય છે. ગઝલરસિકોને હોંશેહોંશે વાંચવી ગમે તેવી ચોટદાર કૃતિઓનો સંગ્રહ; કાચું પૂઠું; પૃ. ૧૩૨; રૂ. ૨.

ટહુકો: શ્રી 'પરિમલ'નો 'રિમઝિમ' પછીનો આ બીજો કાવ્યસંગ્રહ મુખ્યત્વે પ્રેમને નિરૂપતી ૧૨૧ કૃતિઓ (ગીતો, ગઝલો, રાસ-ગરબા, મુક્તકો એમ વિવિધ સ્વરૂપમાં) ધરાવે છે. લાગણીના ઉદ્રેક અને નિરૂપણની નવીનતાની સાથે કવિએ કાવ્યકલામાં હજુ ઘણી લાંબી મજલ કાપવાની છે. કાચું પૂઠું; પૃ. ૧૩૧; રૂ. ૨.

ઓહ, ઈંડિયા!—સાંપ્રત ભારતની ભૂમિકા પર આર્થિક, રાજકીય અને સામાજિક પ્રશ્નોની છણાવટ કરતી આ નવલકથામાં એના લેખક નાનુભાઈ નાયકે પ્રજા અને સરકારનાં ફરજ-હકોની નીડર આલોચના કરી છે. આજના આપણા પ્રશ્નોને સાંકળી લેતી હોઈ આ નવલકથા વાચકોને રસપ્રદ લાગશે. કાચું પૂઠું; પૃ. ૨૨૯; રૂ. ૩.

રખે વહેમાતા: અનુભવી વૈદ્ય જાદવજી નરભેરામ શાસ્ત્રીના લોકપ્રિય અને અતિ ઉપયોગી પુસ્તકની આ તેરમી આવૃત્તિમાં શરદી, દાંતનો દુખાવો, હૃદયરોગ, ગાંડપણ, વાઈ, તાવ, ચામડીનાં દર્દો, હરસ, વાયુ, જેવા રોગોનાં કારણોની ચર્ચા કરી તેના સરળ ઉપચારો બતાવ્યા છે. કાચું પૂઠું; પૃ. ૪૭૪; રૂ. ૬.

હિટલરના અંતિમ દિવસો: બીજા વિશ્વયુદ્ધમાં પોતાની બિહામ હિંસક લીલાથી દુનિયાભરમાં હાહાકાર મચાવનાર હિટલરના અંતિમ દિવસની કથા પર ભાર મૂકતી આ પુસ્તિકા તેના જીવનની આછી છબી પણ આપી રહે છે. નવલકથા જેવી એની લખાવટ પુસ્તકને રોચક બનાવે છે. કુલ ૧૯૯ પૃષ્ઠોમાંથી ૧૬૫ પૃષ્ઠ સુધીના લેખક છે ધીરજલાલ ગજ્જર; કાચું પૂઠું; રૂ. ૩.

પરીક્ષામાં ઊંચા નંબરે પાસ કેમ થશો?—આજની શિક્ષણપ્રવૃત્તિ પરીક્ષાલક્ષી છે એ જોતાં આ પુસ્તકમાં, વિદ્યાર્થીએ પરીક્ષા માટે કેમ તૈયાર થવું એની ઉપયોગી માહિતી આપી છે. અભ્યાસ (અનુ૦ પૃષ્ઠ ૪૯૯)

ઊર્મિની ઓળખ

નામી-અનામી ગુજરાતી ગઝલકારોનાં જીવન-કવનનો પરિચય

[૭૯] કરાવનાર · જલન માતરી



અંબાલાલ 'ડાયર'

અનુકરણને બદલે નવી કેડી પાડવામાં માનતા શ્રી અંબાલાલ ડાયરે ઉર્દૂ, સંસ્કૃત કે ગુજરાતી તખલ્લુસ ન રાખતાં અંગ્રેજી તખલ્લુસ રાખીને નવીનતા આણી છે.

'ડાયર'નો અર્થ થાય છે રંગનાર. પોતે ભાવસાર છે ને ભાવસારનો વ્યવસાય હોય છે કાપડ રંગવાનો. જ્યારે 'ડાયર' કાપડ રંગવાને બદલે મહેફિલને રંગે છે. 'Dyer' શબ્દની જોડણી શ્રી 'ડાયર' કરે છે 'Dier', જેનો અર્થ થાય છે. 'મરી જનાર.'

પોતે સાહિત્યના રોગી અને ભોગી હોવા છતાં યોગીના મિજાજમાં પોતાનો પરિચય આમ આપે છે:

'આવ્યો છું ક્યાંથી, ક્યાં જઈશ એની ખબર નથી,
એ પણ ખબર નથી કે હતો કોણ, કોણ છું?
મારી પિછાન તે છતાં જે પૂછતા રહ્યા,
હું ઓળખ્યા વગર મને શું એમને કહું?'

જ્યાંની બાંધણી ગુજરાતી સન્નારીઓએ આદરથી આવકારી અને બંદૂકોને બહાદુરોએ બિરદાવી એ સાબરકાંઠે આવેલ પેથાપુરની ધરતીના સંતાન શ્રી ડાયરનો જન્મ ઈ. ઓગણીસ સો ઓગણીસના દસમા મહિનાની અગિયારમી તારીખે થએલો.

અભ્યાસક્રમના છ કોઠા સુધી પહોંચી શક્યા છે. આગળ વધતાં સંજોગોએ અટકાવ્યા એટલે એક વકીલને ત્યાં અરજીઓ લખવાનું કામ સ્વીકારી લીધું. વિચાર્યું કે કાંઈ એવું કામ શોધી કાઢવું કે જેનાથી ઈશ્વરનું શ્રેષ્ઠ સર્જન માનવી આકર્ષક અને સુંદર લાગે. આખરે એ કામ એમણે શોધી કાઢ્યું: માનવજાત માટે વેષભૂષા તૈયાર કરવાનો—કાપડના 'ડાયર'ને બદલે 'ટેઈલર'નો વ્યવસાય શરૂ કરીને, સોઇંગ મશીનની ટપ...ટપ...સાથે હવે શેરોનું પણ સર્જન કરતા રહે છે.

એમના બે સંગ્રહો—'ઝરણું' (મુક્તકો) અને 'અંગડાઇ' (ગઝલો) બહાર પડ્યા છે.

હળવી હવા બનીને પ્રસરવાનું પસંદ ન હોવાથી વંટોળ પેઠે ઊડીને ગગનમાં ઘૂમરી લેવાની મહેચ્છા રાખતા, શિખર ઉપર પહોંચવા માટે શિખર સામે જ લક્ષ રાખીને—અને જો અવરોધ નડે તો પગથાર બદલીને પણ—શિખરને સર કરવાની હિંમત દાખવતા આ યુવાન શાયરના શેરોનો આસ્વાદ લઇએ:

ચમકશું ધ્રુવસમ નિશ્ચલ-પથિકના રાહબર થૈ શું,
ખરે છે અન્ય તારા એમ ખરવાનું નથી શીખ્યા.
ઊડી વંટોળની માફક ગગનમાં ઘૂમરી લઈશું,
કદી હળવી હવા થૈને પ્રસરવાનું નથી શીખ્યા.
અમારું સ્થાન છે જ્વાળામુખીની ટોચ પર 'ડાયર'
શિખર પરથી તળેટીમાં ઊતરવાનું નથી શીખ્યા.

ꝏ

ફરક પામર અને નીડર ઉભયમાં હોય છે કેવો?
હતો ડર કંસને ગોપાલનંદન અવતર્યા પહેલાં.
જમાનાને બદલનારા રહ્યા આગળ જમાનાથી,
કબર ખોદાઈ ગૈ પાછળ રહેલાની મર્યા પહેલાં.

ꝏ

નમ્યા પહેલાં બહેતર છે કે ઊતરી જાય આ મસ્તક,
મરણ અપનાવશે 'ડાયર' કદમ બેસી કર્યા પહેલાં.

ꝏ

જગત અમને બદલવાના પ્રયત્નો ક્યાં સુધી કરશે?
નહિ આવે અનુકૂળ તો અમે સંસાર બદલીશું.
શિખર પર પ્હોંચવાને લક્ષ રાખીશું શિખર સામે,
છતાં અવરોધ નડશે તો અમે પગથાર બદલીશું.
જીવન છે ત્યાં સુધી 'ડાયર'! મરણ સામે નહીં આવે,
મરણ કરશે દુઃસાહસ તો અમે અવતાર બદલીશું.

સવારે પ્રેમથી જે ફૂલ મૂર્તિ પર ચડે છે, એ
ઊતરતાં ખાય છે લાતો, હવે અફસોસ શું કરવો?
નજૂમીને પૂછ્યું:
'મુજ અવદશાનો અંત છે ક્યારે?'
કહ્યું: 'શરૂઆત છે આ તો'.
હવે અફસોસ શું કરવો?
ચમકતા સૂર્ય પર છાયા પડી ગૈ છે ગ્રહણ કેરી,
દિવસ પણ થૈ ગયા રાતો હવે અફસોસ શું કરવો?

ꝏ

લઇ ના શક્યો નોંધ ઇતિહાસ જેની,
જમાનાએ એને જ આપી સલામી.
હવાનો મળ્યો એક હળવો સહારો,
ચરણ રજ ઊડી મસ્તકે સ્થાન પામી.
વિષમ કાળમાં કામ આવ્યા અનુભવ,
જીવનમાં નથી કોઇ વસ્તુ નકામી.

ꝏ

પત્તાં ય પાનખરમાં ત્યાગે છે તરુવરને,
કપરા સમયમાં દુનિયા કોની સગી રહી છે?
જીવનની ગુપ્ત વાતો ફેલાઇ આપમેળે,
ફેલાવવી હતી જે એ ખાનગી રહી છે!

લોખંડથી જ વૃક્ષ કપાયું હતું: છતાં,
લોખંડને ય નાવ બની તારવું પડ્યું.

ꝏ

દુનિયા સમાય છે બે આંખો મહીં પરંતુ,
જીરવી નથી શકાતી એક ધૂળની કણીને.

ꝏ

પ્હાડમાંથી કોઈએ પાષાણનું શોધન કર્યું,
શિલ્પકારે રૂપ આપીને પરિવર્તન કર્યું;
ઘાવ ઘણ ને ટાંકણાના ખૂબ ઝીલ્યા દેહ પર,
માનવીએ એ જ પથ્થરને નમી વંદન કર્યું.

ꝏ

સહીને તાપ આપે છાંય એવું ઝાડ બનવા દે,
મને નિષ્પ્રાણ તત્ત્વોની ધબકતી નાડ બનવા દે,
નથી એવી તમન્ના કે ફૂલોની જેમ હું મહેકું,
પરંતુ રક્ષવા ફૂલો યુવરની વાડ બનવા દે.

ꝏ

મદહોશ યુવાની, રમ્ય પ્રભા,
વેધક દૃષ્ટિ, મોહક ભંગો,
ચકમકતા શ્યામલ કેશ, અધર પર
ફૂલગુલાબી રસરંગો.
પ્રતિબિંબ નિહાળી દર્પણમાં
સૌંદર્યનો ગર્વ કરો છો, પણ
આ પડછાયામાં કદરૂપાં
ને કાળાં છે અંગેઅંગો.

ꝏ

સાંભળ્યું છે કે મળે છે સ્વર્ગ મૃત્યુ બાદ – પણ,
સ્વર્ગ મેળવવા કદી ના કોઈએ માગ્યું મરણ;
કેમ કે, એ કલ્પના છે, છે હકીકત જિંદગી.
કલ્પનામાં હોય ના વિશ્વાસ કે ધારણ-ધરણ.

ꝏ

સ્પર્ધા, સ્પૃહા ને સ્વાર્થનો ઉછેર ના હતે,
ને દંભ, દ્વેષ, કલેશ, વેરઝેર ના હતે,
માનવનું હૃદય હોત શુદ્ધ સ્નેહથી સભર,
તો ખુદ અને ખુદામાં કશો ફેર ના હતે.

ꝏ

નજૂમીએ કહ્યું કે 'આપની કાલે કયામત છે.'
અમે ઉત્તર હસીને દઈ દીધો કે 'તોય રાહત છે.'
વિતાવી છે ઘણીએ કાલ એવી બેફિકર થઈને
કયામત કાલની થૈ છે, અહીં દુનિયા સલામત છે!

ꝏ

ગગન ગાજી ઊઠે છે વાદળાંઓ ગડગડે ત્યારે,
ધરા પણ રૂપ બદલે છે મહા આંધી ચડે ત્યારે;
વિષમ આંધી ચડે છે માનવીની જિંદગીમાં; પણ
વિલય પામે ડરે ત્યારે; વિજય પામે લડે ત્યારે.

વહે ઉષ્માભર્યું આત્મીયતાનું રક્ત રગરગમાં,
અને દિલમાં વહાલપ હોય એ વેરી નથી બનતાં;
સુખડના વૃક્ષને વિંટળાય છે ઝેરી ફણીધર, પણ
સુગંધી આપનારાં વૃક્ષ કૈં ઝેરી નથી બનતાં.

ꝏ

કહે છે શેખ મંદિરમાં નથી ભગવાન દેખાતો,
પુરોહિતને ય મસ્જિદમાં નથી રહેમાન દેખાતો;
ખુદાઇ તત્ત્વ આ સંસારમાં દેખાય શી રીતે!
નથી ઈન્સાનના આકારમાં ઈન્સાન દેખાતો.



'સાહેબો, આપ સમજ્યા છો એ 'ડબ્લ્યુ. સી.' નહિ પણ
'વર્કિંગ કમિટી'નો આ ખંડ છે.'



અત્યંત સાદાઈના આગ્રહી મહેમાન પ્રધાનશ્રીને યજમાનોએ ઓળ-
ખ્યા નહિ અને એમના સેક્રેટરીને હાર પહેરાવી દીધા.



'હેં પપ્પા આ જિરાફ કેવી રીતે નીચે નમીને ખાતા હશે?'



'ડાકતરે શરીર વધારવા માટે ફરવા જવાનું કહ્યુ છે?'
'મને તો મારા ડાકતરે શરીર ઘટાડવા માટે ફરવા જવાનું કહ્યુ છે.'



'સરકસ જોયું ત્યારથી રામો આમ જ કરે છે.'



'આવો ભાઈ હરખા...'



'...તેઓશ્રી મૉડર્ન આર્ટના ચિત્રકાર છે.'



'સાહેબો, આપ સમજ્યા છો એ 'ડબ્લ્યુ. સી.' નહિ પણ 'વર્કિંગ કમિટી'નો આ ખંડ છે.'



અત્યંત સાદાઈના આગ્રહી મહેમાન પ્રધાનશ્રીને યજમાનોએ ઓળખ્યા નહિ અને એમના સેક્રેટરીને હાર પહેરાવી દીધા.



'હેં પપ્પા આ જિરાફ કેવી રીતે નીચે નમીને ખાતા હશે?'



'દાકતરે શરીર વધારવા માટે ફરવા જવાનું કહ્યું છે?'
'મને તો મારા દાકતરે શરીર ઘટાડવા માટે ફરવા જવાનું કહ્યું છે.'



'સરકસ જોયું ત્યારથી રામો આમ જ કરે છે.'



'આવો ભાઈ હરખા...'



'...તેઓશ્રી મૉડર્ન આર્ટના ચિત્રકાર છે.'





'લોકે
ગયા



'અરે અરે, સાહેબ, એ બૉટલ તો આ જહાજ-ને તરતું મૂકવાના શુકનના વિધિ માટેની હતી.'



'શું કરીએ નારદજી, હવે અંગ્રેજી ભાષા-ભાષી વિલાયતમાં અમારાં મંદિરો બંધાવે છે. પ્રાર્થના સમજવા અંગ્રેજી તો શીખવું પડશે ને ?'

રમેશ બૂચ
ની કાર્ટૂનકલાની થોડી વાનગી

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનના ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



રમેશ બૂચ

જન્મ : જામનગરમાં ઈ. ૧૯૩૪માં. પિતા સ્વ. શંભુપ્રસાદ એમ. બૂચ પાસેથી કલાવારસો મેળવી એમણે સ્વપ્રયત્ને પોતાની કટાક્ષકળાનો વિકાસ સાધ્યો. એમના ભાઈ લલિત બૂચ પણ કાર્ટૂનિસ્ટ છે. 'ધી ઈલસ્ટ્રેટેડ વીકલી', 'ટાઈમ્સ ઑવ ઇંડિયા'ની રવિવારની આવૃત્તિ, 'શંકર્સ વીકલી', 'બ્લિટ્ઝ', 'જન્મભૂમિ-પ્રવાસી', 'ચિત્રલેખા', 'રમકડું', 'બીજ' વગેરે પત્રોમાં એમનાં રાજકીય અને સામાજિક કાર્ટૂનો લગભગ અઢી દાયકાથી પ્રકટ થતાં રહ્યાં છે. અમેરિકાની એક જાણીતી પ્રકાશનસંસ્થા 'ડબલ ડે ઍન્ડ કંપની' એ શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય કાર્ટૂનોના પોતાના પ્રકાશનમાં એમની કૃતિઓ પણ છાપી હતી. એમનાં કાર્ટૂનોના પાંચ સંગ્રહો પ્રકટ થયા છે.

૧ સ્વપ્રયત્નો વડે તમે કાર્ટૂનિસ્ટ બન્યા; તો નવોદિત કાર્ટૂનિસ્ટોને માટે તમારાં અનુભવમાંથી કંઈ સૂચવશો ?

Q. વાચન અને સર્જનનો શોખ કેળવીને પરિશ્રમ કરવાથી કોઈ પણ ક્ષેત્રે ઉજ્જ્વળ કારકિર્દી ઘડી શકાય છે. કાર્ટૂનિસ્ટનું ધ્યેય વ્યંગ દ્વારા તંગ વાતાવરણ જમાવી સૌને દંગ કરવાનું છે. સમાજના ઢંગ, ઢોંગ, દ્વેષ, છળ વગેરે ચતુરાઈ અને ચોટપૂર્વક દર્શાવી મનોરંજન કરાવવા સાથે એ બધા દોષોને ફટકારવાનું છે. વળી પ્રાસંગિક વિનોદ અને માર્મિક કટાક્ષ વડે સ્વચ્છ અને તંદુરસ્ત રમૂજ પીરસી ગમ્મત સાથે જ્ઞાન આપવાનું પણ છે. તેમાં અવલોકન, આંતરસૂઝ અને અભ્યાસ જરૂરી છે. રિયાઝ એમાં પારંગત બનાવે છે. સમાજ-સુધારનું આ પણ એક અંગ છે.

૨ આપના પ્રિય કાર્ટૂનિસ્ટો કોણ ?

Q. આંતરાષ્ટ્રીય ક્ષેત્રે ડેવિડ લો. એની નીડર તટસ્થતાથી કટાક્ષકળાના ક્ષેત્રે જગતભરમાં એનું સ્થાન આગવું છે. શ્રી શંકર અને શ્રી બંસીલાલ વર્મા-'ચકોર' પણ એમની વેધક શૈલીથી આપણે ત્યાં અનોખું સ્થાન ધરાવે છે.

૩ કટાક્ષચિત્રોમાં પાત્રોનાં મુખ અને અંગોને મચડો છો કેમ ?

Q. સમાજના બેડોળ ચહેરાનું એ જ સાચું સ્વરૂપ છે.

૪ કાર્ટૂન અને કલમ (લેખન)માં શું ચડે ?

Q. લાંબાં લખાણો પણ જે અસર નથી લાવી શકતાં તે કટાક્ષચિત્રોની થોડી રેખાઓમાં સચોટતાથી વ્યક્ત થાય છે.

૫ કટાક્ષચિત્રોની કળામાં ગુજરાતનું સ્થાન ક્યાં છે ?

Q. હાસ્યરસનો આપણો વિકાસ અપૂરતો જણાય છે. એના વિકાસની હજી ઘણી તક—અને જરૂર પણ છે.

૬ કાર્ટૂનોના વ્યંગને કારણે કોઈની સાથે ક્યારે ય 'ડરી' છે ?

Q. કટાક્ષચિત્રની વાણી કડવી નથી, એટલે એવો ડર નિરર્થક છે, છતાં એવી ભીતિ રહે ખરી.

૭ આપના પ્રિય લેખક ? કવિ ?

Q. શ્રી જ્યોતીન્દ્ર દવે પ્રિય લેખક અને કવિ સ્વ. મેઘાણી.

૮ ખાસ શોખ ?

Q. લોકોની ચિત્રવિચિત્ર ખાસિયતો અને તેમનાં માનસ અવલોકવાનો. કટાક્ષચિત્રની કલા માટે એ ખૂબ ઉપયોગી છે.

૯ કાર્ટૂનિસ્ટ તરીકે જિંદગીને કઈ રીતે જુઓ છો ?

Q. જિંદગી એક આનંદપ્રેરક કલા જ છે. નિજાનંદ માણવાની મસ્ત દશા છે.



△ દુકાનની શો-વિન્ડો આડે કોઈએ ન બેસે એટલા સારુ ખીલા જડ્યા… તો આ સાધુ મહારાજે આવીને આસન જમાવ્યું!


પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાંની નાનાવિધ સામગ્રીમાંથી ચૂંટેલી વાનગી : **પ્રાચીન ભારતના સંસ્કૃતિસંબંધો**

પ્રાચીન કાળમાં ભારત જેટલો સંસ્કારસંપન્ન તથા વૈભવસમૃદ્ધ દેશ જગતની પીઠ પર બીજો એકે નહોતો એ વસ્તુ તો સર્વ ઇતિહાસકારોએ સ્વીકારી છે. માત્ર તેના શ્રેષ્ઠ તત્ત્વજ્ઞાનને લીધે જ નહિ પણ અઢળક ભૌતિક સંપત્તિને લીધે જગતભરના બાદશાહો, વિજેતાઓ ને સાહસિકોના ચિરંતન આકર્ષણનું તે કેન્દ્ર બની રહ્યું હતું. એ જાહોજલાલીના કાળમાં હિંદના વેપારીઓ ને સાહસસફરીઓ વિવિધ દેશો સાથે સતત સંબંધમાં રહેતા, એટલું જ નહિ પણ ઘણા અણખેડાએલા પછાત પ્રદેશોમાં તો સંસ્કૃતિનાં મંડાણ પણ હિંદના જ જ્યોતિર્ધરોએ કર્યાં હતાં, તે આજે પણ તે તે દેશોમાં મળી આવતા હિંદી કળાકારીગીરીના અવશેષો તથા ભારતીય સાહિત્યમાં મળી આવતા તે તે સ્થાનોનાં હિંદી નામોથી સાબિત થાય છે.

સામેના નકશામાં બતાવ્યા પ્રમાણે મધ્ય એશિયાની આમુ નદીનું આપણું વાક્ષુ નદી નામ, જાવાનું યવદ્વીપ, બોર્નિયોનું વરુણદ્વીપ વગેરે નામો આપણી સંસ્કૃતિનાં પગરણ કેટલે દૂર સુધી થએલાં તેનું ઉજ્જવલ ચિત્ર ખડું કરે છે. આજના સિંગાપુરનું મૂળ સિંહપુર, ફિલિપાઈન્સનું મૂળ પુણ્યપાયન, ફાનરંગનું પાંડુરંગ વગેરે નામો સ્પષ્ટ દર્શાવે છે કે તે મૂળ આપણાં જ નામો પરથી આજના રૂપમાં ઊતરી આવેલાં છે.


અને દૂરદૂર મળી આવેલા હિંદની કલાકારીગીરીના અવશેષો તો હિંદના ઉજ્જ્વલ ભૂતકાળનાં સ્મારકો છે. કાબુલમાં મળી આવેલી આરસની સૂર્યમૂર્તિ, તુર્કસ્તાનમાં હિંદમાતાના ચિત્રવાળી ચાંદીની તાસક, ઇજિપ્તમાં હિંદી કાપડ, ને છેક પોલૅંડમાં મળી આવેલા સામંતદેવના સિક્કા આદિ અવશેષો માત્ર હિંદની અપ્રતિમ કળાકારીગીરીની જ નહિ પણ હિંદનો વ્યવહાર કેટકેટલે દૂર ચાલતો તેની પ્રતીતિ કરાવે છે. અસ્થિર અને કપરી મુસાફરીના તે કાળમાં પૃથ્વીની પીઠ પર એમણે કરેલી વ્યવહારમાર્ગોની ફૂલગૂંથણી, જે સાથેના નકશામાં બતાવી છે, તે જોતાં આપણા પૂર્વજોના ભગીરથ પુરુષાર્થ, દરિયાખેડની કુશળતા તથા દેશદેશાવર સુધી સંસ્કૃતિપીઠો ઉઘાડવાની તમન્ના માટે પ્રશંસાયુક્ત આશ્ચર્ય થયા વિના રહેતું નથી. □

સ્મરણશક્તિની કસોટી



તમારી સ્મરણશક્તિ કેટલી તીવ્ર છે તે ચકાસી જોવાની એક કસોટી આ ઉપર આપી છે. જો તેનો યથાર્થરીતે અમલ કરશો તો તમારી સ્મરણશક્તિનો ચોક્સ તાગ તમે મેળવી શકશો. એમાં પચ્ચીસ વસ્તુઓનાં ચિત્રો આપ્યાં છે. બે મિનિટ સુધી એકાગ્રતાથી તે બધાં જોઇને યાદ રાખવાનો બનતો પ્રયત્ન કરી લો. પછી 'કુમાર' બંધ કરી દઈ યાદ આવે તેટલી વસ્તુઓનાં નામ એક કાગળ પર લખી કાઢો. જો એ ૨૫ પૈકી ૧૫ વસ્તુઓનાં નામ તમે સાચાં લખી શક્યા હો તો તમારી સ્મરણશક્તિ સારી ગણાય. જો ૨૦ વસ્તુઓનાં નામ લખ્યાં હોય તો તમારી સ્મરણશક્તિ ઘણી જ તીવ્ર કહી શકાય. અને જો પચીસે વસ્તુઓનાં નામ તમે લખી શકો તો તો તમારી સ્મરણશક્તિનો જોટો મળવો મુશ્કેલ છે.

(કસોટીનો આ બ્લૉક તથા તેનું લખાણ મરાઠી 'કિર્લોસ્કર' ઉપરથી)




વાનગી: પ્રાચીન ભારતના સંસ્કૃતિસંબંધો


ખડું કરે છે. આજના સિંગાપુરનું મૂળ સિંહપુર, પાઈન્સાનું મૂળ પુણ્યપાયન, ફાનરઅનું પાંડુરંગ નામો સ્પષ્ટ દર્શાવે છે કે તે મૂળ આપણાં જ પરથી આજના રૂપમાં ઊતરી આવેલાં છે.

અને દૂરદૂર મળી આવેલા હિંદની કલાકારીગીરી-અવશેષો તો હિંદના ઉજ્જ્વલ ભૂતકાળનાં સ્મારકો ગુલમાં મળી આવેલી આરસની સૂર્યમૂર્તિ, તુર્ક-માં હિંદમાતાના ચિત્રવાળી ચાંદીની તાસક, ઇ-તમાં હિંદી કાપડ, ને છેક પોલૅંડમાં મળી આવેલા તદેવના સિક્કા આદિ અવશેષો માત્ર હિંદની અ-મ કળાકારીગીરીની જ નહિ પણ હિંદનો વ્યવહાર ટલે દૂર ચાલતો તેની પ્રતીતિ કરાવે છે. અસ્થિર કપરી મુસાફરીના તે કાળમાં પૃથ્વીની પીઠ પર થે ફરેલી વ્યવહારમાર્ગોની ફૂલગૂંથણી, જે સાથેના ામાં બતાવી છે, તે જોતાં આપણા પૂર્વજોના ભગી-પુરુષાર્થ, દરિયાખેડની કુશળતા તથા દેશદેશાવર સંસ્કૃતિપીઠો ઉઘાડવાની તમન્ના માટે પ્રશંસા-આશ્ચર્ય થયા વિના રહેતું નથી. □

સોટી



સોટી આ ઉપર આપી છે. જો તેનો યથાર્થરીતે અમલ શો. એમાં પચ્ચીસ વસ્તુઓનાં ચિત્રો આપ્યાં છે. બનતો પ્રયત્ન કરી લો. પછી 'કુમાર' બંધ કરી દઈ . જો એ ૨૫ પૈકી ૧૫ વસ્તુઓનાં નામ તમે સાચાં વસ્તુઓનાં નામ લખ્યાં હોય તો તમારી સ્મરણ-નામ તમે લખી શકો તો તો તમારી સ્મરણશક્તિનો ઑર તથા તેનું લખાણ મરાઠી 'કિર્લોસ્કર' ઉપરથી)





બૈકલ સરોવર
પામીર
કાશગર
યારકંદ
ખોતાન
ચેરચેન
સમરકંદ
તાશ્કંદ
કાબુલ
પેશાવર (પુરુષપુર)
હરપ્પા
કૈલાસ માનસરોવર
લ્હાસા
દિલ્હી (મથુરા)
અયોધ્યા
બનારસ (વારાણસી)
ઉજ્જન
પૈઠણ (પ્રતિષ્ઠાન)
કાવેરી
પોંડીચેરી
સીલોન (સિંહલ)
બ્રહ્મપુત્રા નદી
બંગાળનો ઉપસાગર (મહોદધિ)
સિયામ (દ્વારાવતી)
કંબોડિયા
નિકોબાર
સિંગન
ચીન
કેંતાન
પીળો સમુદ્ર
ફિલિપાઈન્સ
બોર્નીઓ (વરુણ દ્વીપ)
જાવાનો સમુદ્ર
બટેવિયા (તારૂમ)
મહાસાગર

શતરંજના વિશ્વવિજેતા..............................સુરેશ મોદી

મોર્ફીની નિવૃત્તિ પછી એન્ડરસન ફરી સર્વશ્રેષ્ઠ ખેલાડી ગણાવા લાગ્યા. ઈ. ૧૮૬૬માં તેમને હરાવી વિલ્હેમ સ્ટેમિટ્ઝ વિશ્વવિજેતા થયા. આ પદ તેમણે ઈ. ૧૮૯૨ સુધી જાળવી રાખ્યું. આપણે ઑક્ટોબર અંકમાં શતરંજના વિશ્વવિજેતા પદના ઇતિહાસમાં ૧૮૮૬થી નવો કાળ શરૂ થાય છે તેમ જોયું હતું. ૧૮૬૬ થી '૮૬ સુધી સ્ટેમિટ્ઝ પોતાને વિશ્વવિજેતા કહેવડાવતા, પણ ૧૮૬૬થી જ તે પદ સર્વમાન્ય થયું છે. ૧૮૮૬ પછી કોઈ પણ કાળે કોણ વિશ્વવિજેતા છે તે વિષે શંકા રહી નથી.

સ્ટેમિટ્ઝના સમય દરમિયાન શતરંજના જ્ઞાને ઘણી પ્રગતિ કરી છે. શતરંજની રમતમાં ઊંડી વ્યૂહરચના(strategic play)ને નાનાનાના લાભને એકઠા કરીને અંતે જીતવાની રીત તેમણે જ બતાવી. એન્ડરસન અને મોર્ફીની આકર્ષક અને આક્રમક શૈલીનો અંત અને ઊંડી વ્યૂહરચનાવાળી, ધીરી રમતની શરૂઆત એમનાથી થઈ. આને લીધે ઘણી વાર એમ કહેવાય છે કે સ્ટેમિટ્ઝે શતરંજને શુષ્ક અને નીરસ રમત બનાવી દીધી છે. પરંતુ સ્ટેમિટ્ઝ પણ આક્રમક ને આકર્ષક રમત રમી શકતા એના પુરાવા રૂપ એક ટૂંકી રમત આપણે અહીં જોઈએ:

સફેદ : બર્ડ કાળા : સ્ટેમિટ્ઝ

1 P–KB4 આ ચાલ બર્ડ્ઝ ઑપનિંગ (Bird's Opening)ની લાક્ષણિક ચાલ છે.

1 ..., P–K4; 2 P×P, P–Q3; 3 P×P, B×P. અહીં કાળાએ પ્યાદાનો ભોગ આપ્યો છે. આને from Gambit કહે છે.

4 N–KB3, N–KB3; 5 P–Q4, N–B3; 6 B–N5; 7 P–K3, Q–Q2; 8 B×N, P×B; 9 B–N5, O-O-O; કાળાએ તેના મ્હોરાનો વિકાસ બરાબર સાધ્યો છે. વળી તેને K અને KN એમ બે ખુલ્લી પંક્તિ મળી છે તેનો સુંદર લાભ તે કેવી રીતે લે છે તે જુઓ—

10 P–Q5, Q–K2; 11 B×N.

અહીં 11 P×N? થી ઘોડો જીતવા પ્રયત્ન કરે તો સફેદ બહુ મુશ્કેલીમાં મુકાઈ જાય. દા. ત. 11 P×N,–BN5ch; 12 QN–Q2, Q×Pch; 13 B–K2, B×KN; 14 P×B, R×N; ને કાળાનો હુમલો સફળ બને છે.

11 ..., Q×Pch; 12 Q–K2, Q–B8ch; 13 Q–Ql, QR–K1ch; પહેલાં એક મ્હોરું આપ્યું હતું. હવે ઊંટના બદલામાં હાથી આપીને આક્રમણ ચાલુ રાખે છે.

14 B×R, R×Bcb: 15 K–B2, Q–K6ch; 16 K–B! B×N, 17 P×B. અહીં 17 Q×B? પછી 17 ..., Q–K1 mate છે.

17 ..., B–B4; 18 K–N2.

18 ..., Q–B7 mateની ધમકી સામે બીજું શું થઇ શકે તેમ છે? દા. ત. 18 Q–Q2, Q×Pch; 19 Q–B2, Q×Q mate.

18 ..., R–N1ch; 19 Resigns.

બીજી ચાલે મ્હાત જ છે 19 K–B1, Q–B7 mate અથવા 19 K–R3, Q–R3 mate.

અનુસંધાન] **સાહિત્યસંપર્ક** [પૃ. ૪૯૭થી

કેમ કરવો, અભ્યાસમય વાતાવરણ, યાદ કરવાની કલા, લેખનકાર્ય, વાચન કલા, પરીક્ષાના ખંડની અગત્ય વગેરે મુદ્દાઓને અહીં સમજપૂર્વક ચર્ચેલા છે. (કાચુ પૂઠું; પૃ. ૧૩૫; રૂ. ૨.)

પર્સ-બુક શ્રેણી: વૈદ્ય લાભશંકર ઠાકર (પુનર્વસુ)ની અનુભવી કલમે આપણા વિવિધ રોગોની સમજ અને ઉપચાર તથા સારવારની સરળ છણાવટ કરતી નીચેની પુસ્તિકાઓ ખિસ્સામાં રહી શકે તેવા ગુટકાના કદમાં પ્રગટ થઈ છે. (૧) અમ્લપિત્ત (હાઈપર ઍસિડિટી), (૨) આર્તવ-વિકાર, (૩) દમ, ઇયોસિનોફિલિયા અને સસણી, (૪) ચામડીના વિકારો, (૫) શરદી-સળેખમ, (૬) કૅન્સર (દરેકનાં પૃ. ૬૪); (૭) સન્ધિવા ને આમવાત, (૮) ડાયાબિટિસ, (૯) બ્લડ પ્રેશર (દરેકનાં પૃ. ૮૦); (૧૦) શુક્રસ્રાવ, (૧૧) વંધ્યત્વ: સ્ત્રી અને પુરુષનું (દરેકનાં પૃ ૯૬), (૧૨) આહાર અને આરોગ્ય (પૃ. ૯૪); દરેક પુસ્તિકાની કિં. રૂ. ૧.

પરિચય ટ્રસ્ટ

૧૭૮ ઍકબે રેકલેમેશન મુંબાઈ–૨૦

વિવિધ વિષયો ઉપર નાનકડી પણ અભ્યાસ યોગ્ય ઉપયોગી પુસ્તિકાઓની શ્રેણી પ્રકટ કરવાનું આવકાર્ય કાર્ય કરતી આ જાણીતી સંસ્થાઓની વિશેષ પુસ્તિકાઓ:

કવિતા વાંચવાની કળા: કવિતા શું છે ને એના વાચનમાંથી કેમ આસ્વાદ માણવો એ સદૃષ્ટાંત સમજાવતી મૂર્ધન્ય કવિ શ્રી ઉમાશંકર જોશી લિખિત પુસ્તિકા. **નોબેલ ઈનામ વિષે જાણવા જેવું**: જાણીતા નોબેલ પારિતોષિકના સ્થાપક આલ્ફ્રેડ નોબેલના જીવનની રોમાંચક અને કરુણ ઘટનાઓ લાઘવથી નિરૂપતી અને અત્યાર સુધીમાં જે જે વ્યક્તિઓને વિવિધ ક્ષેત્રે આ પુરસ્કાર મળ્યો છે તેમની ટૂંકી માહિતી આપતી પુસ્તિકા. **તુલસીદાસની કવિતા**: એ સંત કવિની લઘુ કૃતિઓ ઉપરાંત એમની જાણીતી 'કવિતા વલી', 'વિનય પત્રિકા' તથા 'રામચરિત માનસ'નો પણ પરિચય કરાવતી રઘુવીર ચૌધરીએ લખેલી પુસ્તિકા. **કમળો**: કમળો શું છે તે સમજાવી તે માટેના ઉપાયોનો સંક્ષેપમાં ખયાલ આપતી ડૉ. અરવિંદ જે. ડગલીએ લખેલી ઉપયોગી પુસ્તિકા. **આપણાં બંદરો**: દેશનાં મુખ્ય બંદરોના વિકાસની ઝાંખી કરાવવા સાથે અન્ય બંદરોનો પણ ખયાલ આપતી આ પુસ્તિકાના લેખક છે દિનકર મહાત્મે. **અવયવોની અદલાબદલી**: શસ્ત્રક્રિયાનું ક્ષેત્ર આજે વિકસતું જાય છે એમાં અવયવોની અદલાબદલી કરવાની શક્યતા એ કેવી સિદ્ધિ છે, એ સમજાવતી ડૉ. એચ.આઈ.ઝાલાની પુસ્તિકા; **ચૌદ દિવસનું યુદ્ધ**: લે. જયંતી શુક્લ; **હરિયાળી ક્રાંતિ**: લે. નરોત્તમ શાહ; **ફ્રૉઇડ શું કહી ગયા?** લે. હર્ષિદા પંડિત; **આઇ. એ. એસ.**: લે. બકુલ બક્ષી; **ક્રિકેટનો છેલ્લો દાયકો**: લે. અનંત સેતલવાડ; **કવિતા કાનથી વાંચો**: લે. નિરંજન ભગત; **સુરદાસની કવિતા**: લે. ભોળાભાઈ પટેલ; **ભારતીય ફિલ્મનાં ૭૫ વર્ષ**: લે. ફિરોઝ રંગૂનવાલા. (દરેકનાં પાનાં ૩૨; કાચાં પૂઠાં અને ૬૦ પૈસા.)

ગુજરાતરાજ્ય સમાજશિક્ષણસમિતિ

દરિયા મહેલ, સૂરત

વિવિધ પાકને લગતી કિસાનોપયોગી પાંચ પુસ્તિકાઓનો સમૂહ: (૧) વધારે ઉત્પાદન આપતા પાક–પૃ. ૨૩; ૪૫ પૈસા. (૨) વધારે ઉતાર આપતા ઘઉં પૃ. ૧૬; રૂ. ૦–૩૦. (૩) ગાડેગાડાં ડાંગર પૃ. ૨૦ રૂ. ૦–૪૦. (૪) મકાઈનો મબલખ પાક–પૃ. ૧૬; રૂ. ૦–૩૦. (૫) સંકર જુવાર પૃ. ૨૦; રૂ. ૦–૪૦.

ગુજરાતની વ્યાયામશાળાઓને

પ્રજાના જીવનઘડતરમાં વ્યાયામશાળાઓનો ફાળો નાનોસૂનો નથી. હાલમાં સંજોગોવશાત મોટા ભાગની વ્યાયામશાળાઓ નિષ્ક્રિય બની ગઈ છે. આ વ્યાયામશાળાઓને વર્તમાન જીવનની જરૂરીઆતોને અનુલક્ષીને સક્રિય અને અસરકારક બનાવવાની યોજના ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળે તાજેતરમાં હાથ ધરી છે. આ યોજના અનુસાર દરેક વ્યાયામશાળાનાં મકાન, મેદાન તથા સાધન-સગવડો તેમજ પ્રવૃત્તિઓ અંગે માહિતી એકત્ર કરવાનું નક્કી કર્યું છે. આ માટેની પ્રશ્નાવલિ તૈયાર કરી દરેક વ્યાયામશાળાને મોકલી આપી છે. જે વ્યાયામશાળાઓને આ પ્રશ્નાવલિ ન મળી હોય તેમણે–મંત્રી, ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ, રાજપીપલા (જિ. ભરૂચ)નો સંપર્ક સાધવો.

અનુસંધાન] **ચાલો ક્રિકેટની કૉમેન્ટરી સાંભળીએ** [પૃ. ૪૭૯થી
આંગળીની જરૂરી પકડ વગર કાંડાના મરોડથી જ બૉલને પૂર્ણ સ્પિન કરી શકતા હોય છે. ચંદ્રશેખર અને ઑસ્ટ્રેલિયાના જ્હોન ગ્લીસન આવા બોલર છે. તેઓને રિસ્ટ (કાંડાના) સ્પિનર કહેવામાં આવે છે જ્યારે અન્ય સ્પિનરો 'ફિંગર સ્પિનર' તરીકે ઓળખાય છે.

ઑફ બ્રેક અને લેગ બ્રેક એ બંને પ્રકાર વચ્ચે કેટલીક ભિન્નતા છે. તે સ્પષ્ટ થઈ જવી જોઈએ. સીધી રીતે કહેવું હોય તો એમ કહી શકાય કે ઑફ બ્રેક બૉલિંગ સરળ છે જ્યારે લેગ બ્રેક બૉલિંગ મુશ્કેલ છે. (જમણેરી બોલર માટે) આનું કારણ એ છે કે બૉલને ઑફ સ્પિન કરવા માટે કાંડાને જે વળાંક આપવા પડે છે તે સહજ છે–કુદરતી છે. આથી ઊલટું લેગ સ્પિન કરવા માટે કાંડાને જે મરોડ આપવો પડે છે તે કાંડાનો સ્વાભાવિક મરોડ નથી પણ અકુદરતી મરોડ છે. આથી જ લેગ બ્રેક એ કઠિન કાર્ય છે ને ઑફ બ્રેક પ્રમાણમાં સરળ છે. પરિણામે દુનિયાએ સારા ઑફ સ્પિનરો ઘણા જોયા છે જ્યારે લેગ સ્પિનરો ઓછા જોયા છે. લેગ સ્પિનરો મેળવવામાં ઑસ્ટ્રેલિયા સદ્ભાગી રહ્યું છે. આર્થર મેઈલી, ચાર્લી ગ્રીમેટ, રીચી બેનો, વગેરે જગતના ઉત્તમ લેગ સ્પિનરો જ ગણાય. આપણા ભૂતપૂર્વ ઑલ-રાઉન્ડર ચંદુ બોર્ડે પણ આ બધાની જેમ જમણેરી લેગ સ્પિનર છે. જીમ લેકર, લાંસ ગીબ્સ, સુભાષ ગુપ્તે, હુજ રેફીલ્ડ, પ્રસન્ના વગેરે જાણીતા ઑફ સ્પિનરો છે.


ઑફ બ્રેક બૉલિંગ પ્રમાણમાં સરળ છે તેથી એક પરિણામ એ આવે છે કે ઑફ સ્પિન બૉલ બહુ અસરકારક નથી બનતા. આથી ઑફ સ્પિન બૉલિંગ ડિફેન્સિવ વધુ છે એટલું જ નહિ પણ કડક પીચ પર તે બિન-અસરકારક રહે છે. લેગ સ્પિન બૉલિંગનું આથી ઊલટું છે. લેગ સ્પિન બૉલિંગ મુશ્કેલ છે એ ખરું પણ જો કોઇએ એ મુશ્કેલ આવડત સિદ્ધ કરી તો પછી આ પ્રકારના બ્રેક વધુ તીવ્ર અને અસરકારક બને છે. લેગ-સ્પિનર એ આક્રમક બોલર છે ને કડક પીચ પર પણ એ સફળ થઈ છે. આથી લેગ સ્પિનરો ઓછા હોવા છતાં અમૂલ્ય છે. લેગ સ્પિનર કરતાં ઑફ સ્પિનર એક બાબતમાં ચડે છે અને તે એક્યુરસી (બૉલની પીચ અને સીધાપણમાં ચોકસાઇ) જો ઑફ સ્પિનર પાસે આ પણ ન હોય તો તેનું મૂલ્ય જ ન રહે.

પાછા મેચ સાથે માલીએ : 'ઈન કમ્સ રાઘવન ધીસ ટાઈમ એ ટૉપ-સ્પિન ટુ વૂડ વીચ હી પ્લેઝ ડિફેન્સિવલી એટ ધ લાસ્ટ મુમેન્ટ ઍન્ડ ધેર ઈઝ નો રન.' અહીં 'સેપસ્પિન' શબ્દ આવ્યો. આગળ શેખરે 'ગુગલી' બૉલ નાખેલો. હજી સ્પિનરોના સંદર્ભમાં જ આગળ 'ફ્લાઈટેડ બૉલ' 'બેકસ્પિન' વગેરે શબ્દો કાને પડશે. આ બધી એ ખરેખર તો સ્પિનરોની જુદીજુદી યુક્તિઓ છે. સ્પિનર જો એકલા ઑફ બ્રેક કે બેક બ્રેક ફેંકયા કરે તો તો બેટ્સમૅન તેની રગ પારખી જાય. આથી સ્પિનરો આ યુક્તિઓ વાપરે છે જેના મુખ્યત્વે ચાર પ્રકાર પાડી શકાય.

૧. ગુગલી બૉલ – ગુગલી બૉલ એટલે જમણેરી બોલર દેખીતી રીતે લેગ બ્રેક નાખવાનો અભિનય કરી (એટલે કે કાંડાને અને હાથને એવો વળાંક આપી) એવો બૉલ ફેંકે જે ખરેખર ઑફ બ્રેક હોય. વેગ્લર



આ. ૧૩. ફ્લાઇટિંગ ધ બૉલ. આ આકૃતિમાં C એ બેટ્સમૅનની વિકેટ છે. A પરથી બોલર એક વાર X પાસે બૉલની પિચ પાડે છે તો બીજી વાર Y પાસે. બંને વખતે બૉલની પિચ પડવામાં સરખો જ સમય લાગે છે, પણ એની ફેંકવાની રીતથી– બૉલને હવામાં આપેલી 'ફ્લાઈટ'થી એની પિચ આગળ પાછળ પડે છે. આમાં જો બેટ્સમૅન છેતરાયો તો એના નામે કૅચ ચડી જાય.



આ. ૧૪. ફ્લાઈટિંગ ધ બૉલની આ બીજી છેતરામણી યુક્તિ છે. આમાં બોલર બૉલની પિચ તો એક જ જગ્યાએ પાડે છે, પણ હવામાં એને વિવિધ ગતિ આપીને એના સમયમાં તફાવત પાડી દે છે. દા. ત. એક વાર Eના માર્ગમાં બૉલ નાખે અને પછી C માર્ગે નાખે તો એની પિચ પડવાના સમયને અંદાજવામાં બૅટ્સમૅન ભૂલ કરી બેસે અને પરિણામે મોડું બૅટ ફેરવતાં એ 'બોલ્ડ' થઇ જાય.

(સા. આફ્રિકા) ઓરીલી (ઑસ્ટ્રેલિયા), રામાધીન (વે. ઈ.), ક્લાઈન (ઑસ્ટ્રેલિયા), ગુપ્તે, ચંદ્રશેખર વગેરે ખ્યાત ગુગલી બોલરો છે.

૨. ટૉપસ્પિન – ટૉપસ્પિન એટલે એવો બૉલ કે જેને ફેંકતી વખતે બોલરે સ્પિન તો કર્યો હોય અને પડયા પછી પણ તે બૉલ સ્પિન તો થાય, એટલે કે ચકર ચકર ફરે પણ બ્રેક ન થાય કે દિશા ન બદલે. આ ઉપરાંત ટૉપસ્પિન બૉલ છે તે પીચ પડયા પછી બહુ ઊછળે પણ નહિ અને પીચ પછી જરા ઝડપથી આગળ વધે.

૩. બેકસ્પિન – બેકસ્પિન બૉલ એટલે એવો બૉલ કે જે જરા ઝડપથી આવતો હોય પણ પીચ પડયા પછી તે ધીમો આગળ વધે.

૪. ફ્લાઈટેડ બૉલ – ફ્લાઈટ એટલે બૉલની હવામાં ગતિ. ફ્લાઈટેડ બૉલ એટલે જેને હવામાં વિશિષ્ટ ગતિ આપી છે તેવો બૉલ. આ બૉલની હવામાં વિશિષ્ટ ગતિના જે પ્રયોગો સ્પિનરો કરતા હોય છે તેની મુખ્ય બે રીતો છે જે બરાબર સમજવા માટે આપણે આકૃતિ નં. ૧૩-૧૪ અને તેની સાથેના લખાણ પર નજર નાખીએ. બૉલને આવી ગતિ આપવામાં પ્રસન્ના અને બેદી બંને સારા કુશળ છે.

આ બધી યુક્તિઓનો અવારનવાર ઉપયોગ કરી સ્પિનરો બૅટ્સમૅનને વહેલું કે મોડું બૅટ ફેરવવા પ્રેરે છે કે ખોટો ફટકો (મિસ હિટ) મારવા પ્રેરે છે ને એ રીતે એને આઉટ કરે છે. (ચાલુ)

હરિ ૐ આશ્રમની પ્રેરણાથી વ્યાયામ પ્રચારક મંડળ યોજે છે: નાથાલાલ દેસાઈ સ્મારક લાંબીદોડ સ્પર્ધાઓ

ગુજરાતનાં યુવક-યુવતીઓનાં શરીર તંદુરસ્ત બને તથા તાકાત કેળવાય તે હેતુથી હરિ ૐ આશ્રમના પૂ. શ્રી મોટા તરફથી ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળને રૂ. ૨૫૦૦૦ની રકમ, શ્રી નાથાલાલ દેસાઈ સ્મારક ફંડ તરીકે મળી છે. આ ફંડની યોજના અનુસાર ૪થી ફેબ્રુઆરી ૧૯૭૩ના દિવસે ભાઈઓ માટે ૩૫ કિલોમીટર (૨૨ માઈલ) દોડવાની સ્પર્ધા બાવળાથી અમદાવાદ સુધી તથા બહેનો માટે ૮ કિલોમીટર (૫ માઈલ) દોડવાની સ્પર્ધા અમદાવાદમાં કાંકરિયા પર યોજવામાં આવી છે. ગુજરાત રાજ્યમાંથી કોઈ પણ દોડવીર ભાઈબહેનો ભાગ લઈ શકશે. બંને સ્પર્ધાઓમાં પ્રથમ, દ્વિતીય તથા તૃતીય વિજેતા નીવડનારને આકર્ષક પારિતોષિક તથા ચંદ્રક એનાયત કરી સન્માનવામાં આવશે, તદુપરાંત ભાઈઓ માટેની ૩૫ કિલોમીટર દોડ ૪ કલાકની અંદર પૂરી કરનાર તથા બહેનો માટેની ૮ કિલોમીટર દોડ ૧ કલાકની અંદર પૂરી કરનાર બાકીના હરીફોને પણ આશ્વાસન ઈનામો આપવામાં આવશે. રમતગમતની ઋતુ હવે શરૂ થાય છે. ગુજરાતનાં યુવક-યુવતી અત્યારથી જ લાંબીદોડ માટેની વ્યવસ્થિત પ્રૅક્ટિસ કરી લાંબીદોડ સ્પર્ધાઓમાં મોટી સંખ્યામાં ઊતરી યૌવનનો પડકાર ઝીલશે તેવી આશા છે.



ખરબચડી છાલવાળું થડ, સહેજ વળાંક લેતા કરવત જેવી કરકરિયાવાળી ધારવાળાં આંગળી જેવડાં કડવાં લીલાં પાન, માર્ચથી મે દરમિયાન આવતાં લાક્ષણિક ગંધવાળાં શ્વેત ઝીણાં ફૂલ-ના ગુચ્છ ને પાકે ત્યારે લીલાશ પડતાં પીળાં ટચૂકડાં લંબગોળ ને અંદર એક બીજવાળાં કડવાં મીઠાં ફળ–લિંબોળી દ્વારા લીમડાથી આપણે સુપરિચિત છીએ. ઠંડી વિનાની અને ભેજ રહિત જમીનમાં આસાનીથી ઊગી શકતા આ વૃક્ષની વ્યાપકતાને કારણે અસલ એ ક્યાંનું વતની તે નિશ્ચિત નથી, પણ ભારતમાં ઉત્તરના ઠંડા પ્રદેશોમાં એ ઊગતું નથી. આપણે ત્યાં યે ઠંડીમાં એનાં બધાં પાન ખરી પડે છે.

વરસાદના આરંભ સુધીમાં લિંબોળી પાકે છે. તેની અંદરનું બીજ તેલયુક્ત હોઈ લાંબો સમય ટકતું નથી એટલે પાકીને તૈયાર થતાં જ વાવવામાં આવે તો તુરત ઊગે છે અને ઠંડીથી રક્ષાઈ રહે કે જાનવરનો ચારો બનતાં બચી જાય તો ઊછરી ગયા પછી એ એક શીળી નિરોગી છાયા આપતું મોટું વૃક્ષ બને છે.

કડવાશને કારણે લીમડાનાં બધાં અંગ ઉપયોગી છે. કપડાં, પુસ્તકો ને અનાજને જંતુથી મુક્ત રાખવા એનાં પાન વપરાય છે. એની ધૂણી પણ જંતુનાશક છે. લિંબોળીનું તેલ અને છાલ અનેક ઔષધોમાં વપરાય છે અને ખાતર સાથે એનો ખોળ ઊધઈ થતી અટકાવે છે. લીમડા પર થતો ગુંદર કે તેના પર ચડેલી ગળોની વેલ વધુ ગુણકારી બને છે. લીમડાનું લાકડું ટકાઉ છે. લીમડાનું દાતણ દાંતના રોગને દૂર રાખે છે.

લીમડા જેવું જ એક બીજું વૃક્ષ છે 'બકામ લીમડો'. જેનો પરિચય હવે પછી.



માધુકરી

મારી ક્ષુદ્ર મલિન આ જાત પરે,તારી શીતળ નાથ કૃપા ન ચહું;
એને બાળ, પ્રજાળ, પ્રતાપ મહીં, તારા તાપ હું શાંતિથી સર્વ સહું.
એને હોય ન બોલ મીઠા કહેવા, એની શોભતી પીઠ ન થાબડવી,
જેના મેલ પૂરા પીગળ્યા ન હજી, એને ફૂલબિછાત ઘટે ન નવી.
મારી જાતને એવી જલાવ કે ના મને ઓળખનારું જ ન કોઈ મળે,
મારી શીતળતાને હું શું રે કરું? તને આપ પ્રહાર પ્રચંડ બળે!


—મકરન્દ દવે

પુરુષોત્તમ માવળંકર

સ્વ. ઈન્દુલાલ યાજ્ઞિકના અવસાનથી ખાલી પડેલી લોકસભા માટેની અમદાવાદ શહેરની બેઠક તો, પોતે જંગી બહુમતી ધરાવતા હોવાના ખયાલમાં, પોતાને જ મળશે એવો ફાંકો સત્તાધારી કૉંગ્રેસ પક્ષ ધરાવતો હતો. એ છાક તોડતો વિજય જેમણે, ગયા ઑક્ટોબરની પેટા-ચૂંટણીમાં અ-પક્ષ ઉમેદવાર તરીકે ઊભા રહીને નોંધપાત્ર બહુમતીથી મેળવી સત્ત્વશીલ લોકશાહીનાં ઉચ્ચ મૂલ્યોના ચાહક સર્વ વર્ગને આનંદ અને આશ્ચર્યમાં ગરકાવ કરી દીધા, એ પુરુષોત્તમ માવળંકર-ના નામથી તો સુશિક્ષિત ગુજરાત ભાગ્યે જ અજાણ્યું હોય. છેલ્લા બેએક દાયકાથી પોતાની વિવિધ જાહેર અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ દ્વારા એઓ પ્રજાનું ધ્યાન ખેંચતા જ રહ્યા છે.

ભારતીય લોકસભાના પ્રથમ અધ્યક્ષ અને ગુજરાતની અનેકવિધ પ્રજાકીય પ્રવૃત્તિઓના રાહબર સદ્ગત ગણેશ વાસુદેવ (દાદાસાહેબ) માવળંકરના એ ત્રીજા પુત્ર. જન્મ: ઑગસ્ટ ૩, ૧૯૨૮. ઘરનું નામ અણ્ણા. અમદાવાદના જાણીતા ચી. ન. વિદ્યાવિહારમાં માધ્યમિક શિક્ષણ. ત્યારે વિદ્યાર્થી પુરુષોત્તમે શાળા-પત્રમાં લેખ લખ્યો: 'મારો આદર્શ'. પુત્રના ઉત્કટ આગ્રહને વશ થઈ દાદાસાહેબે એ લેખ ગાંધીજીને વાંચવા આપ્યો. થોડા દિવસ પછી ગાંધીજીએ દાદાસાહેબને આ ચિઠ્ઠી ભળાવી: 'ચિ. પુરુષોત્તમ, તેં ઉત્તમ અને કઠણ આદર્શ પસંદ કર્યો છે. ઈશ્વર તને સહાય કરશે. કોઈ વાર અહીં આવી જજે. બાપુના આશીર્વાદ.' (૬-૧૧-'૪૪)

ઈ. ૧૯૪૯માં અર્થશાસ્ત્ર–રાજ્યશાસ્ત્રના વિષયો સાથે પુરુષોત્તમ એલ. ડી. આર્ટ્સ કૉલેજ-માંથી બી. એ. થયા. કૉલેજમાં જ એમને ફેલોશિપ મળી અને તે સાથે એમણે અનુસ્નાતક અભ્યાસ પણ શરૂ કર્યો. વળતે વર્ષે, સીનિયર એમ. એ.ના અભ્યાસની જોડાજોડ એમણે એલ. ડી. આર્ટ્સ કૉલેજમાં માનાર્હ ટ્યૂટર તરીકે અધ્યાપનકાર્ય જારી રાખ્યું. એ જ દિવસોમાં લંડન-ની સુપ્રસિદ્ધ સ્કૂલ ઑવ ઇકનૉમિક્સ ઍન્ડ પોલિટિકલ સાયન્સમાં વિશેષ અભ્યાસ અર્થે પ્રવેશ મેળવવા લખાપટ્ટી કરતાં ઑક્ટોબર ૧૯૫૧માં શરૂ થતા નવા શૈક્ષણિક વર્ષમાં એમને બી. એસસી. માટે પ્રવેશ મળ્યો. અભ્યાસક્રમ શરૂ થયાને માંડ ચારેક અઠવાડિયાં થયાં હશે ત્યાં પ્રોફેસરોએ પુરુષોત્તમને સીધો એમ. એસસી.માં પ્રવેશ આપવાની ભલામણ કરી! અહીંની અનુસ્નાતક પદવી અને અધ્યાપનનો અનુભવ જોતાં એ કદાચ સહજ હતું. પણ એના આઠેક માસ પછી તો એમને પીએચ. ડી.માં યે પ્રવેશ આપવાની વાત થઈ! 'પણ તે મેં નમ્રતાથી અને સાભાર નકારી. એટલી ઊંચી કક્ષાએ ત્યારે હું નહોતો અને ન જઈ શકત એમ મને લાગેલું.' દરમ્યાન, પિતા પર હૃદયરોગનો હુમલો થયાની તથા પુત્રી આરતીની અસ્વસ્થતાની ખબર આવતાં, જરૂરી સત્રો વિધિસર પૂરાં કરી, પરીક્ષા આપ્યા વિના એ અમદાવાદ



પાછા ફર્યા. સગવડે લંડન પાછા ફરી આદર્યાં પૂરાં કરવાની ઉમેદ હતી, પણ ઘરઆંગણે શૈક્ષણિક

પ્રવૃત્તિઓના વિસ્તરણ અને પિતાના અવસાનને લીધે એ બર ન આવી.

સ્વદેશ પાછા ફરી કૉલેજ કક્ષાએ રાજ્યશાસ્ત્રનું અધ્યાપન કરવા ઉપરાંત પુરુષોત્તમે ઑગસ્ટ ૧૯૫૪થી શરૂ કરેલી નોંધપાત્ર પ્રવૃત્તિ તે 'હેરલ્ડ લૅસ્કી ઇન્સ્ટિટ્યૂટ ઑવ પોલિટિકલ સાયન્સ'ના નેજા હેઠળ રાજ્યશાસ્ત્ર અને અન્ય સમાજવિદ્યાઓમાં પ્રજાકીય રસ ને વ્યાસંગ કેળવવાની. આવું ઇન્સ્ટિટ્યૂટ શરૂ કરવાનો મનસૂબો જણાવતો પત્ર તો પુરુષોત્તમે દાદાસાહેબ પર નવેમ્બર ૧૯૫૩માં લખેલો: 'નાનકડા હાથ પ્રેમથી આપની આગળ પ્રસારું છું' કહીને ઉમેરેલું: 'કોઈ કારણસર મારા આ સાહસિક પ્રયત્નમાં આપ ફાળો ન આપી શકતા હો તો ઘરની સંપત્તિમાં મારા ભાગની રકમમાંથી આપશો તો પણ ચાલશે; ભવિષ્યમાં વહેંચણી વખત એટલી રકમ મારે ખાતે લખવી.' મરાઠી ભાષામાં દાદાસાહેબનું ચરિત્ર આલેખતાં શિખરેએ આ પત્રમાં 'સેવાબુદ્ધિ અને જ્ઞાનપિપાસાનો સુંદર સમન્વય' જોયો છે.

તદ્દન નાના પાયા ઉપર શરૂ થએલું લૅસ્કી ઇન્સ્ટિટ્યૂટ જોતજોતાંમાં ઠીકઠીક જાણીતું થઈ ગયું. ખાસ તો વ્યાખ્યાન અને પ્રકાશન પ્રવૃત્તિ દ્વારા એણે રાજકીય તેમજ અન્ય જાહેર પ્રશ્નો પરત્વે રસની હવા બાંધવામાં ફાળો આપ્યો. હજુ અનુસ્નાતક ભવનો મહોર્યાં નહોતાં અને વિવિધ સંસ્થાઓ દ્વારા સ્વૈચ્છિક ધોરણે વ્યાખ્યાનોની રમઝટ જામી નહોતી એ દિવસોમાં લૅસ્કી ઇન્સ્ટિટ્યૂટે જરૂર મહત્ત્વની કામગીરી અદા કરી.

ઈ. ૧૯૫૮માં ગ્રીસ પાસે રોડ્ઝ ખાતે 'નવાં રાજ્યોમાં લોકશાહીની સમસ્યાઓ' પરની આંતરરાષ્ટ્રીય વિચારગોષ્ઠિમાં સામેલ થવાનું નિમંત્રણ મળતાં તેમણે વધુ એક વાર વિદેશપ્રવાસ ખેડયો. અભ્યાસ અર્થે લંડનમાં રહેવા ઉપરાંત ૧૯૫૪માં બારેક જેટલી યુરોપીય પાર્લમેન્ટોની અભ્યાસ-મુલાકાત તો એ લઈ જ આવ્યા હતા. રોડ્ઝની ગોષ્ઠિની સાથોસાથ એમણે બ્રિટન ને અમેરિકાનો પણ પ્રવાસ એ વર્ષે ખેડયો. ફરી પાછા, જૂન ૧૯૫૬માં પણ એમણે બ્રિટન ને જર્મનીનો અભ્યાસ-પ્રવાસ ત્યાંનાં સત્તાવાર આમંત્રણોથી કર્યો.

દરમ્યાન, એમની પ્રવૃત્તિઓનો વ્યાપ તો વધતો જ રહ્યો: એક બાજુથી યુનિવર્સિટી-કારણ, ને બીજી બાજુથી પત્રકારણ. ગુજરાત યુનિવર્સિટીની સેનેટમાં અધ્યાપક મતવિસ્તારમાંથી તેઓ ચૂંટાએલા, પણ ત્યાર બાદ ૧૯૬૧માં એલ. ડી. આર્ટ્સ કૉલેજનું આચાર્યપદ પ્રાપ્ત થતાં તેઓ હોદ્દાની રૂએ સેનેટ-સભ્ય બન્યા, અને હવે સરકાર નિયુક્ત સભ્ય. વચ્ચે અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનના શાળામંડળના પણ તેઓ સભ્ય હતા. અત્યારે ગુજરાત યુનિવર્સિટીની રાજ્યશાસ્ત્ર અભ્યાસસમિતિના તેઓ અધ્યક્ષ છે અને દક્ષિણ ગુજરાત, મહારાજા સયાજીરાવ અને મુંબઈ યુનિવર્સિટીઓની એવી જ સમિતિઓમાં તેઓ કામ કરી ચૂક્યા છે. કૃષિવર્સિટી (દાંતીવાડા)ના બોર્ડ ઑવ મૅનેજમેન્ટના પણ તેઓ સરકાર નિયુક્ત કેળવણીકાર-સભ્ય છે.

ઈ. ૧૯૫૭ થી '૬૧ સુધી એમણે 'ગુજરાત સમાચાર'માં 'રાજકારણના રંગતરંગ' નામે અઠવાડિક કૉલમ લખી. મૅનેજિંગ તંત્રીની મનસ્વી સેન્સરશિપ સામે વિરોધ તરીકે એ કટાર બંધ કર્યા પછી એમણે 'સંદેશ'માં એ પ્રકારની કટાર ચલાવી (૧૯૬૨-૧૯૬૬) અને 'જનસત્તા'માં તેમ જ 'ગુજરાતમિત્ર'માં તેઓ અત્યારે લખે છે. આપણા સાપ્તાહિક વિચારપત્ર 'નિરીક્ષક'ના પરામર્શક (હવે તંત્રી) મંડળમાં તેઓ ચાલુ જ છે, અને એ હેસિયતથી અવારનવાર અગ્રલેખ ઉપરાંત તંત્રીનોંધો તથા 'વ્યક્તિ અને સૃષ્ટિ' કે 'ગ્રંથનિરીક્ષા' જેવા વિભાગો લખે છે. એમના એકંદર પત્રકારણ ને તે દ્વારા 'વિમર્શ', 'વિવિધ વાયુપ્રવચનો', 'વિચારવલોણું' આદિ રૂપે ગ્રંથસ્થ લખાણને સમજવા માટે એમણે જ અન્ય સંદર્ભે કરેલું આ વિધાન સહાયરૂપ થઈ પડશે: 'વિદગ્ધોને નહિ પણ પૃથક્જનને સહાયભૂત થવાનો આ પ્રયાસ છે.' ઈ. ૧૯૬૧ થી આરંભીને 'વિચાર અને વિવેચનનું સામયિક' 'અભ્યાસ' પણ એમણે નવેક વર્ષ ચલાવ્યું.


જાહેર જીવનમાં પડેલી વ્યક્તિઓને પડકાર ઝીલવાના તો આવે જ. સંચાલક-મંડળોમાં આચાર્યોનું સ્થાન માનવંતું રહેવું જોઈએ એ મુદ્દા પર કૉલેજના આચાર્યપદેથી એમણે આપેલું રાજીનામું (૧૯૬૮) આ સંદર્ભમાં નોંધપાત્ર છે. કૉંગ્રેસ પ્રમુખ સંજીવ રેડ્ડીને એમના પક્ષના સ્થાનિક એકમે લૅસ્કી ઇન્સ્ટિટ્યૂટની મુલાકાત લેતાં રોકેલા ત્યારે પં. નેહરુ સહિત લાગતાવળગતા સર્વ સાથે ને સામે સતત પત્રમારો ચલાવીને માવળંકરે આ પ્રકારની રાજકીય અસ્પૃશ્યતા ને અસહિષ્ણુતા તરફ ધ્યાન ખેંચ્યું હતું. મોટા ભાઈ બાળ માવળંકર એક કોંગ્રેસવિરોધી પક્ષના ઉમેદવાર તરીકે (૧૯૬૧માં) ચૂંટણી લડયા ત્યારે પુરુષોત્તમે એમનો જે પ્રચાર કરેલો તેમાં આગળ ધરેલા મુદ્દા કંઈક આવા હતા: 'ગમે તેને મત આપો, પણ મતદાન જરૂર કરો; સત્તાપક્ષનો લોકશાહી વિકલ્પ ઊભો કરવો જોઈએ; ચૂંટણી વાસ્તવમાં લોકશિક્ષણનું પર્વ છે...' આ 'પ્રચાર' સામે સ્થાનિક કૉંગ્રેસને વાંધો હતો!

ઑક્ટોબર ઈ. ૧૯૭૨ની પેટાચૂંટણીમાં પોતે ઉમેદવારી નોંધાવી ત્યારે ને ત્યાર પછી પ્રચાર દરમ્યાન આ અધ્યાપક ઉમેદવારે એ જ મુદ્દા આગળ ધર્યા હતા ને? કૉંગ્રેસના વિભાજન ટાંકણે ઇન્દિરાજીના નેતૃત્વને વધાવી લેનાર માવળંકરને પછી સમજાવા માંડયું કે 'વિરોધી સૂરોને દબાવવાની અને દૂર કરવાની બિનલોકશાહી ચેષ્ટાઓ વધતી રહી છે...' અને ત્યારે, 'વિદ્રોહી આત્માઓ લોકશાહીના એક પ્રેરક અને જીવંત બળ સમાન છે' એવી ભૂમિકા-સભાન અંતઃપ્રતીતિપૂર્વક એમણે, પોતાની પાસે કોઈ મોટું સંગઠન કે કાર્યકરવૃંદ ન હોવા છતાં, જંગમાં ઝુકાવ્યું. વર્ષોથી પ્રવાહોનું નિરીક્ષણ કરી રહેલા પુરુષોત્તમને માટે આ પ્રત્યક્ષ આચરણનો પડકાર હતો, અને એમણે દીવાલો નહિ બગાડવા જેવી દેખીતી નાની વાતથી માંડીને ચૂંટણી ખર્ચની નિર્ધારિત મર્યાદાનું ચુસ્ત પાલન કરવા સુધીનો ઉમદા આગ્રહ સેવીને એ પડકાર ઝીલી પણ જાણ્યો;—ને પ્રજાએ ય એનો યોગ્ય પ્રતિશબ્દ પાડયો.

માવળંકરની પાસે જે પૂર્વતાલીમ છે તે જોતાં એમની સંસદીય કારકિર્દી અવશ્ય યશસ્વી બની રહેશે. —પ્રકાશ ન. શાહ

કમોસમી સૂર્યજ્વાળા

ગયા ઑગસ્ટમાં એક દિવસ સમગ્ર જગતનું રેડિયો-સંચારણ થોડા સમય પૂરતું એકાએક ખોરંભાઈ ગયું હતું. અમેરિકામાં વીજળી પૂરવઠો આપતા તારમાં એકાએક વૉલ્ટેજ વધી ગયો અને લાંબા અંતરના ટેલિફોન સંપર્કની વાતચીતો અશક્ય બની જવાની સંખ્યાબંધ ફરિયાદો ઊભી થઈ. આકાશદર્શનના શૉખીનોને છેક વૉશિંગ્ટનમાંથી ઝાંખો લાલ, શ્વેત ને લીલી આભાવાળો ધ્રુવપ્રકાશ—ઑરોરા જોવા મળ્યો, જે સામાન્યતઃ ઉત્તર દક્ષિણ ધ્રુવપ્રદેશ પાસે જ દેખાય છે. આ પરિણામ ગયા ઑગસ્ટની ૨જી તારીખે આપણી વધુમાં વધુ નજીકના તારા—એટલે કે આપણા જીવનદાતા સૂર્ય—માં, એના ઈશાન કોણ તરફ ઉદ્ભવેલા એક અત્યંત



સૂર્યબિંબ પર સૂર્યજ્વાળાઓનું સ્થાન અને દૂરબિન દ્વારા નજીકથી દર્શન

મુખવાસથી તે ઘરગથ્થુ ઔષધ સુધી વપરાતાં લવિંગથી તો સૌ પરિચિત છે, લવંગ, દેવકુસુમ, શ્રીસંજ્ઞ, શ્રીપ્રસૂનક વગેરે એનાં સંસ્કૃત નામો છે.

મલ્લાકા, જંગબાર, પેમ્બા, દ. ભારતનો મલબાર કાંઠો ને સિંગાપુર વગેરે ૬૦ થી ૭૫ ઈંચ વરસાદવાળા ગરમ પ્રદેશોમાં લવિંગનું વાવેતર થઈ શકે છે. વીસ-પચ્ચીસ ફૂટ ઊંચાં વધતાં એનાં ઝાડ પર આઠ નવ વર્ષે ફૂલ બેસે છે. એ ફૂલની કળીઓ તે લવિંગ. જંગબાર અને પેમ્બાના લવિંગનાં પ્રમાણ અને પ્રકાર ઉચ્ચતમ ગણાય છે. દ૦ ભારતમાં મલબાર કાંઠે થતાં લવિંગનો પ્રકાર એટલો ઉત્તમ નથી તેમ તેનું પ્રમાણ આપણી માગને પહોંચી વળે એટલું નથી.

બજારમાં બે જાતનાં લવિંગ મળે છે: એક તીવ્ર સુગંધવાળાં, તીખાં, કાળાં લવિંગ, જેને દબાવતાં તેમાં તેલનો અંશ માલૂમ પડે છે. તે અસલ ને ઉત્તમ લવિંગ ગણાય છે. બીજાં ભૂખરાં લવિંગ, જેમાંથી તેલ કાઢી લેવાયું હોય છે. લવિંગનું આ તેલ રતાશપડતું પીળું અને પાણીથી ભારે હોય છે. એમાંનો કેટલોક ભાગ ઉડ્ડયનશીલ છે. સિગારેટની તમાકુને સુગંધ આપવા તથા ઔષધોમાં અનેક રીતે આ લવિંગનું તેલ વપરાય છે.

આયુર્વેદમાં લવિંગને તીખું, કડવું, હલકું, નેત્રને હિતકારી, ઠંડું, અગ્નિને પ્રદીપ્ત કરનાર, રુચિકર, કફ, પિત્ત લોહીવિકાર, તૃષા, ઊલટી, આફરો અને શૂળને દૂર કરનાર, તથા શ્વાસ, કાસ, હેડકી અને ક્ષયરોગને મટાડનાર ગણ્યું છે. એના તેલનું ચામડી પર માલિશ કરવાથી ઉત્તેજક, પ્રદાહક, ઉગ્રતાજનક અને પ્રત્યુગ્રતા સાધક અસર કરે છે. એ ચોળતાં શરૂમાં એ સ્થળે બળતરા ને વેદના થાય છે ને પછી એ ભાગમાં ચામડી બહેરી થાય છે. લવિંગનું તેલ કીટાણુનાશક અને વ્રણપાક નિવારક છે.

યુનાની મત પ્રમાણે લવિંગ ખુશ્ક, ઉત્તેજક અને ગરમ છે. તેનાથી માથાનો દુખાવો મટે છે, પાચનશક્તિ વધે છે ને દાંત મજબૂત થાય છે.

આધુનિક વૈદક પ્રમાણે લવંગ ગરમ, જાગૃતિ લાવનાર અને પેટની પીડા મટાડનાર ગણાય છે. એના તેલના માલિશની અસર સામાન્યત: કપૂરના તેલની સમાન ગણાય છે.

લવિંગ અને એવાં સુગંધી દ્રવ્યોનું ચૂર્ણ જરૂર પ્રમાણે તાજું બનાવી ઉપયોગમાં લેવું જોઈએ, નહિતર એમાંનું ઉડ્ડયનશીલ તેલ ઊડી જતાં એનો ગુણ ઓછો થાય છે. લવિંગનો અતિ વપરાશ આંખ, મૂત્રાશય અને હૃદય પર માઠી અસર કરે છે.

મુખવાસ તરીકે પાન સાથે લવિંગનો ઉપયોગ હિતકર છે. ગાડી કે મોટરબસમાં કેટલાક પ્રવાસીને ચક્કર આવે ને ઊલટી થવા જેવું લાગે ત્યારે મોંમાં લવિંગ રાખવાનો પ્રયોગ સુવિદિત છે. ખાંસીમાં પણ આ રીતે લવિંગને ચૂસી શકાય. દીવા ઉપર શેકીને લવિંગ મોંમાં રાખવાથી શરદી, ગળાનો સોજો અને ઉધરસ મટે છે. લવિંગ ચાવીને એનો રસ ગળવાથી શરદી, સળેખમ, કફ, રક્તપિત્ત અને શ્વાસમાં ફાયદો થાય છે. દમમાં જેટલાં બને એટલાં દસપંદર લવિંગ ચાવીને રસ ગળવાથી રાહત થાય છે.

શરદીમાં લવિંગનો ઉકાળો કે લવિંગના તેલનાં બે ટીપાં ખાંડ સાથે લેવાથી આરામ થાય છે. લવિંગ, મરી અને બહેડાં એ ત્રણે સરખે ભાગે લઈ, ત્રણેના વજન જેટલો ધોળો કાથો મેળવી, તેને ખૂબ લસોટી, બાવળની અંતરછાલના કાઢામાં ઘૂંટીને બનાવેલી ગોળીઓ 'લવંગાદિવટી' નામે ઉધરસની દવા તરીકે જાણીતી છે.

લવિંગને ગરમ પાણીમાં ભીંજવી એ પાણી આપવાથી સગર્ભા સ્ત્રીની હેળની ઊલટી શાંત થાય છે. લવિંગને પાણીમાં ઉકાળી, એક અષ્ટમાંશ પાણી બાકી રહે ત્યારે ઉતારી ગાળીને પાવાથી અગ્નિમાંદ્ય, પેટનો ગૅસ, પેટની ચૂંક, અજીર્ણ અને કૉલેરામાં ફાયદો થાય છે. લવિંગના તેલનાં બેત્રણ ટીપાં ખાંડ કે પતાસામાં આપવાથી કૉલેરાનાં ઝાડાઊલટીમાં તથા આફરો, વાયુ અને પેટની પીડામાં ફાયદો થાય છે.

લવિંગ વાટીને તેનો લેપ કરવાથી શરીરના કોઈ પણ ભાગ પર આવેલો સોજો ઊતરે છે. લવિંગને પાણીમાં લસોટી, જરા ગરમ કરી ચોપડવાથી માથાનો દુખાવો મટે છે. લવિંગનું તેલ ઘસવાથી પણ માથાનો અને સંધિવાનો દુખાવો મટે છે. પોલી દાઢ કે દુખતા દાંત પર લવિંગના તેલમાં રૂનું પૂમડું ભીંજવીને દાબવાથી પીડા મટે છે. લવિંગના તેલને રૂમાલમાં સૂંઘવાથી સળેખમ મટે છે. બકરીના મૂત્રમાં લિવગ ઘસીને આંખમાં આંજવાથી રતાંધળાપણું મટતું કહેવાય છે. લવિંગ ઘસીને આંખમાં આંજવાથી મૂર્છા મટે છે અને ચેતના આવે છે.

માધવ મો. ચૌધરી

ભારે કમોસમી તોફાનનું હતું. અવકાશમાં ઘૂમતી સૌર વેધશાળાએ સૂર્યની સપાટી ઉપર લગભગ નવેક જેટલી ચુંબકીય ભારથી આવેશિત એવી પ્રચંડ સૌર-જ્વાળાઓ ભભૂકી ઊઠ્યાની નોંધ પ્રસારિત કરી.

આ સૌર-સક્રિયતાને પરિણામે અગાઉ ક્યારેય ન ઠલવાએલી એટલી શક્તિનું વિકિરણ આપણે અનુભવ્યું. ગણતરીઓ કરતાં જણાયું કે માત્ર એક જ કલાકમાં તો આ સૌર-વંટોળે એટલી બધી શક્તિ પેદા કરી કે સમગ્ર યુનાઈટેડ સ્ટેટ્સમાં દસ કરોડ વર્ષો સુધી ચાલે એટલી બધી વિદ્યુત્‌શક્તિ એમાંથી મેળવી શકાય!

ટૂંકા-ઉચ્ચ ઉષ્ણતામાનના આકસ્મિક સ્ફોટને લીધે સૂર્યના વર્ણમંડળ ક્રોમોસ્ફીઅરમાં જે ઝળહળતો વિસ્તાર જોવા મળે છે તેને સૌર-જ્વાળા કહે છે. આવે વખતે સૂર્યમાંથી તીવ્ર દીર્ઘ તરંગોનું વિકિરણ તેમજ સૌર-કણો (સોલર કૉર્પ્યુસ્ક્યુલર)નો ધોધ વછૂટે છે. આ પ્રવાહ પૃથ્વી સુધી આવતાં આશરે ૨૬ કલાક જેટલો સમય લાગે છે. આ ઉપરાંત વિશ્વ-કિરણોનું તેમજ અન્ય પ્રકારના વિકિરણનું પ્રમાણ પણ એકાએક વધી જાય છે. આ જ્વાળાઓ સામાન્યત: ૧૫ થી ૨૦ મિનિટ ચાલે છે, પણ કદીક એ કેટલાક કલાકો સુધી પણ ચાલે છે. સૌર જ્વાળાઓ બહુધા સૂર્યકલંક (સનસ્પૉટ્સ) સાથે સંકળાએલી હોય છે, ને એમના દેખાવાની સાથે પૃથ્વી પર ચુંબકીય તેમજ રેડિયો-વ્યવહારમાં ખલેલ થાય છે.

આમ, આ બધી ધમાલનું કારણ તો બહુ સ્પષ્ટ છે. પણ તાજેતરનાં તોફાનોમાં જે ગૂંચવણ ઊભી થઈ છે તે એના કસમયના દર્શન અંગેની છે. એક વિજ્ઞાનીના શબ્દોમાં કહીએ તો 'ભર ઉનાળે બરફ પડવા' જેવી આ બીના છે. આમ તો સૂર્ય પર દર અગિયાર વર્ષે ચુંબકીય વિઘ્ન ઊભું થાય છે જ. આ ચક્રનો ક્રમ ઘણો નિયમિત છે. એમાં અગિયાર વર્ષના એ ગાળાના પ્રથમ અર્ધમાં સૌર સક્રિયતા ધીમેધીમે વધતી જઈને એના સર્વોચ્ચ શિખરે પહોંચી પછીના અર્ધમાં ધીમેધીમે મંદ પડી જઈ અંતે પ્રશાન્ત કે સુષુપ્ત થઈ જાય છે. છેલ્લે ઇ. ૧૯૬૯ના અંતમાં આ સૌર સક્રિયતાની ટોચ નોંધાઈ હતી. એટલે ગયા ઑગસ્ટમાં થએલું સૌર તોફાન તદ્દન અણધાર્યું જ હતું અને એથી વધુ કુતૂહલપ્રેરક પણ.

અવકાશમાં ઘૂમતા માનવસર્જિત ઉપગ્રહો અને ધરતી પરનાં નવાં ઉપકરણો દ્વારા અગાઉ કદી ય ન થયો હોય તેટલા પ્રમાણમાં આ સૌર સક્રિયતાનો અભ્યાસ કરવામાં આવ્યો છે. સૂરજ તો આપણી પાસેમાં પાસેનો તારો છે, એટલે આપણે એના વિષે આટલું બધું જાણીએ છીએ અને એમાં આવા ઝંઝાવાત આવતાં ઊહાપોહ કરીએ છીએ; પણ કદમાં ને દ્રવ્યમાનમાં સૂર્યથી યે અનેકગણા વિશાળ લાલ દાનવ (રેડ જાયન્ટ) તથા શ્વેત વામનો (વ્હાઈટ ડ્વાર્ફ્સ)માં ફેંકાતી શક્તિ અંગે આપણે કેટલું જાણીએ છીએ? સૂર્યથી યે મોટા અનેક અવકાશી પિંડો શક્તિનું કેટલું બધું અમાપ ઉત્સર્જન કરતા હશે ને આપણું જ્ઞાન કેટલું બધું સીમિત છે એનું સતત ભાન તાજેતરના આ અભ્યાસે કરાવ્યું છે. —(ડૉ.) સુશ્રુત પટેલ

ભગવાન લકુલીશ—સૌરાષ્ટ્રની વિરલ મૂર્તિઓ-૯



પુરાણોમાં, અન્ય ગ્રંથોમાં અને અભિલેખોમાં જેમના ઉલ્લેખો પ્રાપ્ત છે તે ભગવાન લકુલીશ, શૈવ ધર્મના મુખ્ય આચાર્યોમાંના એક અને પાશુપતમતના સ્થાપક ને પ્રવર્તક મનાય છે. વાયુપુરાણમાં લકુલીશને રુદ્રના અઠ્ઠાવીશમા અવતાર તરીકે ગણાવી, મથુરામાં વાસુદેવ-દેવકીથી જ્યારે વિષ્ણુનો અવતાર થશે ત્યારે કાયાવરોહણ ક્ષેત્રમાં લકુલીશ પ્રાદુર્ભાવ પામશે એવી ભવિષ્યવાણી ઉચ્ચારવામાં આવેલી છે.

'કારવણ-માહાત્મ્ય' નામના ગ્રંથમાં વિશ્વરૂપસુદર્શના નામે બ્રાહ્મણયુગલને ત્યાં લકુલીશનો જન્મ થયો. ત્રણ માસની વયે તે બાળક મૂર્છિત થઈ જતાં એનું મૃત્યુ થયું છે એમ માની માતાપિતાએ તેને દેવખાતના પાણીમાં પધરાવી દીધો. તે પછી એ બાળક આશ્ચર્યકરરીતે સજીવ થઈ 'હું શંકરનો અવતાર છું' એવું કહીને કાયાવરોહણ-કારવણ તરફ ચાલ્યો ગયો એવી કથા છે.

કારવણમાં મુખ્ય ચાર (કુશિક, ગર્ગ, મિત્ર તથા કૌરુષ્ય) નામે શિષ્યો સાથે પાશુપતમતનું સ્થાપન અને હ્યુએનસંગ નોંધે છે તેમ, ગુજરાત ઉપરાંત ભારતના અન્ય ભાગોમાં તેનો પ્રસાર થયો. મથુરા મ્યૂઝિયમમાંના ચંદ્રગુપ્ત બીજાના ઈ. સ. ૩૮૦ના એક સ્તંભલેખમાં ઉલ્લેખાયા મુજબ ઉદિતાચાર્યને લકુલીશથી દસમા કહ્યા છે; તે પરથી, તેમજ અન્ય પ્રમાણેથી, લકુલીશનો સમય ઈ. સ.ની બીજી સદીના પહેલા ચરણમાં મૂકવામાં આવે છે.

સમય જતાં શૈવ ધર્મમાંથી શિવનાં વિશિષ્ટ-સ્વરૂપોની સ્વતંત્ર આરાધના કરનાર જે ભિન્ન-ભિન્ન ફાંટા પડયા તેમાંથી શિવના 'કપાલી' સ્વરૂપની આરાધના કરનાર 'કાપાલિકો' અને 'લકુટ' સ્વરૂપની આરાધના કરનાર 'લકુલીશો'-ની મૂર્તિઓ ગુજરાતને જ્ઞાત છે.

'વિશ્વકર્મા વાસ્તુશાસ્ત્ર'માં જણાવ્યા મુજબ લકુલીશ-મૂર્તિ પદ્માસન વાળી બેઠેલી, જમણા હાથમાં માતુલિંગ ને ડાબામાં લકુટ યાને દંડ ધારેલી, તથા પદ્માસનની વચ્ચે યોગીની ઊર્ધ્વ-રેતસ અવસ્થાનું સૂચન કરતા ઊર્ધ્વ-મેઢ્ર(ઊભા લિંગ)વાળી હોય છે. આ લક્ષણોવાળી મૂર્તિઓ ગુજરાત-સૌરાષ્ટ્રમાં : કારવણમાં,—બાણજ (હાલ વડોદરા મ્યૂ.માં), ભાવનગર જિલ્લાના અંટાવિયા તથા જૂનાગઢ જિલ્લાના મિયાણી તથા ગાંગેચા ગામે અને પ્રભાસ વગેરે સ્થળે મળે છે. પ્રભાસની બે મૂર્તિઓમાંથી એક ત્યાંના મ્યૂઝિયમમાં છે; બીજી આ સાથે આપી છે તે ત્રિવેણી ઉપર, સૂર્યમંદિરની પાસે, હિંગળાજના ઓટે બહાર ખુલ્લામાં પડેલી છે. સમય અને શિલ્પની દૃષ્ટિએ વિરલ એવી આ મૂર્તિમાં બંને હાથ ખંડિત છે. પશ્ચાદ્ભૂમિકામાં આવેલું શિવલિંગ, નીચેના આસનમાં ઉપસાવેલાં શિલ્પો, પદ્માસન, ઊર્ધ્વ લિંગ અને વિશાળ નેત્રો મૂર્તિને ભવ્યતા અર્પે છે.

આ મૂર્તિનો સમય મથુરા મ્યૂઝિયમમાં સંગ્રહાએલી ચોથી-પાંચમી સદીની એક લકુલીશ-મૂર્તિ પછીનો, અને આપણે ત્યાં મૈત્રક-કાળના અંત પહેલાંનો, એટલે કે લગભગ ઈ. સ. ૪૭૦ થી ઈ. સ. ૭૮૯ સુધીનો છઠ્ઠી-સાતમી સદીનો મૂકી શકાય તેમ છે. મારા મત મુજબ ગુજરાતમાં પ્રાપ્ત લકુલીશની આ સૌથી પ્રાચીન મૂર્તિ છે.

નરોત્તમ પલાણ

બ્રિટન-૧૯૭૨

છેલ્લાં ત્રેવીસ વર્ષથી બ્રિટનનાં વિવિધ સરકારી તંત્રો તેમજ અનેક રાષ્ટ્રીય સંસ્થાઓના સહકારથી ત્યાંના કેન્દ્રના માહિતી-કાર્યાલય (સેન્ટ્રલ ઑફિસ ઑવ ઈન્ફરમેશન—C. O. I.) તરફથી તૈયાર કરવામાં આવતા એક અધિકૃત સંદર્ભગ્રંથનું પ્રકાશન 'હર મૅજેસ્ટીઝ સ્ટેશનરી ઑફિસ' દ્વારા નિયમિત થતું રહ્યું છે. બ્રિટન વિષેની સર્વક્ષેત્રીય માહિતીઓને લીધે બ્રિટન બહારના લોકોને માટે આ એક અત્યંત ઉપયોગી સંદર્ભ ગ્રંથ બની રહે છે. તેના છેલ્લા પ્રકાશન 'બ્રિટન-૧૯૭૨' (કિં. ૧ પા. ૮૦પે.)માંથી છૂટકછૂટક તારવેલી નીચેની કેટલીક માહિતી રસપ્રદ બની રહેશે:

સામાન્યતઃ બ્રિટિશ પુરુષો અઠવાડિયામાં ૪૦-૪૨ કલાક નોકરી કરે છે. નોકરીના સ્થાને જવાઆવવામાં એમને અઠવાડિયે પાંચ થી છ કલાક જાય છે. અન્ય યુરોપિયન રાજ્યો કરતાં બ્રિટનમાં રજાઓ ઓછી છે, પણ મોટા ભાગના નોકરિયાતો અઠવાડિયામાં પાંચ દિવસ કામ કરે છે. અઠવાડિક રજાઓમાં પુખ્ત વયના માણસોમાં ૮માંથી ૭ જણ ઘેર જ રહી વાચન, ટી. વી. યા રેડિયો પાછળ સમય ગાળે છે. લગભગ બધાં ઘરમાં ટી. વી. હોય છે, જેની પાછળ માથા દીઠ અઠવાડિયે ૧૪ કલાક વીતે છે. પ્રજાનો લગભગ ત્રીજો ભાગ જાહેર પુસ્તકાલયોમાં સભ્ય છે. કિંમતી ગ્રંથો પણ કાચાં પૂઠાંની સસ્તી આવૃત્તિમાં લભ્ય હોઈ પુસ્તકોનું વેચાણ ઉત્તરોત્તર વધતું રહ્યું છે. બાળકો માટેની સચિત્ર પુસ્તિકાઓ તો અન્ય યુરોપીય દેશો કરતાં બ્રિટનમાં વધારે પ્રમાણમાં પ્રકાશિત થાય છે. પુસ્તકોની પેઠે પૉપ મ્યૂઝિકની રેકૉર્ડનું વેચાણ પણ વધી રહ્યું છે.

ઘરની સજાવટ અને નાનીમોટી મરામત માટેનાં માર્ગદર્શક પુસ્તકો અને સરળ સાધનો પણ બહુ સુલભ હોઈ, દર પાંચમાંથી ચાર કુટુંબો આ પ્રકારનું કામ જાતે જ કરે છે. આ ઉપરાંત લગભગ અર્ધોઅર્ધ કુટુંબો ઓછાવત્તા પ્રમાણમાં ઘરઆંગણે બાગબાની કરીને કંઈ ને કંઈ વાવે છે. ઘરમાં બજરીગર, બિલાડાં કે કૂતરાં પાળવાનો શૉખ પણ મોટા ભાગનાં કુટુંબોમાં છે. બ્રિટનમાં પાળેલાં કૂતરાંની નોંધાએલી સંખ્યા ૧,૭૫,૦૦૦ની છે, જેમાં પેઢીઉતાર જાતવાન આલ્સેશિયનો વધુ છે.

ઘર બહારનાં મનોરંજનોમાં યુવાન વર્ગ પૉપ સંગીતના કાર્યક્રમો કે કૉફીહાઉસનો યા અન્ય દેશોની ફિલ્મોનો શૉખ ધરાવે છે. જો કે ફિલ્મનો શૉખ આજકાલ ઘટી રહ્યો છે. ૪૭૦૯માંથી આજે ત્યાં ૧,૫૫૮ થીએટરો ટકી રહ્યાં છે. બાલે, ઓપેરા અને શાસ્ત્રીય સંગીતના કાર્યક્રમો સાંભળનારો પણ મોટો વર્ગ છે. કલાપ્રદર્શનોનું પણ સારું આકર્ષણ છે. પાંત્રીસ વર્ષથી નીચેનાંઓમાં નૃત્યનો શૉખ પણ છે. આજે ત્યાં ત્રણથી ચાર હજાર નૃત્ય-ખંડો છે અને અનેક સંસ્થાઓ ને મંડળો પ્રસંગોપાત્ત નૃત્યસમારંભો યોજે છે. બી.બી.સી.એ કરેલી એક મોજણી અનુસાર અનુક્રમે ફૂટબૉલ, બૉક્સિંગ, ઍથ્લેટિક્સ, શો-જંપિંગ, ઘોડદોડ ને ટેનિસમાં લોકોને વધુ રસ છે. લાંબી રજાઓમાં મોટે ભાગે લોકો ઘરથી દૂર રજા માણવા જાય છે, એમાં દર દસ જણે ત્રણ પરદેશ જાય છે.

છેલ્લા દસકામાં પ્રજાની આવક બજારભાવ કરતાં વધુ રહી છે. નીચા ભાવ અને સારા ખાદ્ય પદાર્થોની છતથી ખોરાકમાં પોષક તત્ત્વ વધ્યું છે. ચા હજી યે ત્યાંનું લોકપ્રિય પીણું હોવા છતાં કૉફી, ખાસ કરીને ઇન્સ્ટન્ટ

બે માતૃકામૂર્તિ

જૂનાગઢ જિલ્લામાં બાંટવા નજીક ભાદર નદીના ઘેડમાં આવેલા જૂણેજ ગામે એક કણબી પટેલના વાડામાં ખાડ ખોદતાં સાંકડા મોઢાનું, જાડા દળનું, માટીનું તૂટેલું વાસણ મળ્યું હતું. આ વાસણમાંથી પ્રાપ્ત પાંચ પ્રતિમાઓમાંનાં ત્રણ મુખલિંગોનો પરિચય ભાઈ નરોત્તમ પલાણ (અંક ૫૮૫-સપ્ટે. '૭૨માં) આપી ગયા છે. બાકીની બે માતૃકામૂર્તિઓ અહીં રજૂ કરી છે.

સહેજ ભૂખરા, લીલાશપડતા કાળા પથ્થરની આ બંને મૂર્તિઓમાં એ ચારેક ઇંચ પહોળી અને સાડા ત્રણ ઇંચ ઊંચી તથા અર્ધા ઇંચ જેટલી ઊંડી દ્વિભુજ નિર્વસ્ત્ર માતૃકા 'ઉત્તાનપાદ અદિતિ'ની છે. ઢાંકની અદિતિ મૂર્તિઓને મળતી જ આ મૂર્તિ શક્તિપૂજકોની પ્રાચીન ઢબની પૂજાનું પ્રતીક હોઈ બહુ અગત્યની છે. બીજી ચતુર્ભુજ માતૃકા 'મહિષાસુરમર્દિની' લગભગ આઠ ઈંચ ઊંચી, ચાર ઈંચ પહોળી અને પોણો ઇંચ ઊંડી કંડારેલી છે. મહાત કરેલા મહિષના શીર્ષ ઉપર જમણો પગ દાબી, જમણા હાથે ધારેલ ત્રિશૂલને અસુરના મસ્તક પર ટેકવી, ડાબો હાથ જાંઘ પર રાખી વિજેતાની અદાથી ઊભેલાં દુર્ગાના બીજા બે હાથમાં ખડ્ગ અને



ઉત્તાનપાદ આદિતી અને મહિષાસૂરમર્દિની
(ફોટો : નરોત્તમ પલાણ)



ઢાલ છે. વલભીપુરમાંથી પ્રાપ્ત મહિષમર્દિનીની અદાને હૂબહૂ મળતી આ નાની મૂર્તિ ભલે એ કાળની નથી, પણ શિલ્પની એક પરંપરા સાચવતી હોઈ ઘણું ધ્યાન ખેંચતા નમૂના રૂપ છે.

બંનેનું શિલ્પાંકન કનોજના પ્રતિહાર સમયની કલા દર્શાવે છે. જેમાંથી આ ઉપાસ્ય દેવલાં મળ્યાં છે એ પાંચસો વર્ષ જેટલું જૂનું છે. ઈતર ધર્મીઓથી બચાવવા પોતાની 'પૂજા'ને જલાધારી, પીઠ વગેરેમાંથી અળગાં કરી, કોઈ સાધુ કે બ્રાહ્મણે વાસણમાં મૂકી ભોંમાં ભંડારી દીધાં હશે એમ લાગે છે. **મણિભાઈ વોરા**

અમારા આ પ્રવાસમાં સહાયક થવા બદલ કેળવણી-નિરીક્ષક શ્રી રમણભાઈ ગોરસિયા અને જૂણેજ શાળાના આચાર્ય શ્રી રમણિકલાલ પંડયાનો અમે આભાર માનીએ છીએ.
—પુરાતત્ત્વ સંશોધક મંડળ • પોરબંદર

કૉફીનો વપાશર વધતો જાય છે. અઠવાડિયે લોકો માથા દીઠ ૨૧૩ ગ્રામ ચૉકલેટ ખાય છે. બ્રિટનમાં ચીની, ભારતીય, પાકિસ્તાની, ઇટાલીઅન કે ફ્રેંચ ખાણું પણ આસાનીથી મળે છે. ૧૯૭૦માં ત્યાં લોકોએ માથા દીઠ ૧૭૮ પિન્ટ બીઅર પીધો હતો, અને રોજ ૪૧ સિગારેટો. ત્યાં ૬૮ ટકા પુરુષો ને ૪૬ ટકા સ્ત્રીઓ ધૂમ્રપાન કરે છે. ખોરાક પાછળ આવકનો ૨૦·૪ ટકા અને કપડાં-પગરખાં પાછળ ૮ ટકાનો ખર્ચ બ્રિટિશોએ કર્યો હતો.


રોજિંદા ઘરવપરાશનાં સાધનોમાં થતા સુધારા, માંજવાની મહેનત બચાવે તેવાં પ્લાસ્ટિકનાં વાસણો, લગભગ તૈયાર જેવા ખાદ્યપદાર્થો ને શ્રમ બચાવતાં યંત્રોથી આજે ત્યાંની રહેવાની રસમમાં ફર્ક પડતો જાય છે. ત્યાં દર પાંચમાંથી ચારને ઘેર વૅક્યૂમ ક્લીનર, દર ત્રણમાંથી બેને ત્યાં કપડાં ધોવાનું મશીન તથા રેફ્રીજરેટર, લગભગ દરેકને ત્યાં ઇલેક્ટ્રિક ઈસ્ત્રી, ચારમાંથી એકને ત્યાં કપડાં સૂકવવાનું વીજળિક સાધન, દર ત્રણે એક ઘરમાંથી સેન્ટ્રલ હીટિંગને કારણે હૂંફ જાળવવા માટેની કોલસાની ભઠ્ઠીને તિલાંજલી, વગેરેની ત્યાંના રહેવાની રસમ પર અસર છે.

કામ કરી શકે તે ઉંમરની લગભગ અર્ધોઅર્ધ સ્ત્રીઓ બહારનું કંઈ ને કંઈ કામ કરે છે. અનેક સ્ત્રીઓ અને ઘણા પુરુષો એકલાં જ રહે છે ને પોતાનું ખાવાનું તથા અન્ય ઘરકામ જાતે જ કરી લે છે. ઘરઘાટી જેવા ગૃહસેવકો તો કદાચ પાંચેક ટકા ઘરમાં જ હશે, જ્યારે ઘરમાં સાથે જ રહેતો બટલર જેવો ઘરનોકર અર્ધા ટકા જેટલાને ત્યાં જ.

પણ આ તો થઈ ત્યાંની પ્રજાની વાત. આ ઉપરાંત, એ દેશ અને ત્યાંની સરકાર, ત્યાંના કાયદા ને વ્યવસ્થા, સંરક્ષણ વ્યવસ્થા, સામાજિક સ્વાસ્થ્ય, શિક્ષણ, નગર અને ગ્રામ-આયોજન, દેવળો, રાષ્ટ્રીય અર્થનીતિ, વ્યાપાર અને ઉદ્યોગો, ખેતીવાડી-મચ્છીમારી અને વનસંપત્તિ, વાહન-વ્યવહાર ને સંપર્ક, વિજ્ઞાનને ઉત્તેજન, અર્થવ્યવસ્થા, પ્રેસ ને અખબારો, કામદારો, રમતગમતો, રેડિયો અને ટેલિવિસ્ઝન વગેરે ક્ષેત્રોનાં વિકાસ અને વ્યવસ્થાની ઈ. ૧૯૭૧ના સપ્ટેમ્બર માસ સુધીની અધિકૃત મબલખ માહિતીઓથી સભર અને સચિત્ર આ ગ્રંથ પુસ્તકાલયો, શાળા-કૉલેજો અને અનેક સંસ્થાઓને ઉપયોગી હોઈ આવકાર્ય છે. ભારતમાંની બ્રિટિશ ઈન્ફરમેશન સર્વિસીઝ (મુંબાઈમાં મર્કન્ટાઈલ બૅંક બિલ્ડિંગ, મહાત્મા ગાંધી રોડ, કોટ)માંથી એ મેળવી શકાશે.

પગ

લાકડું, પથ્થર કે કોઈ ધાતુની વસ્તુ પર સો સો રતલના વજનના હથોડાના ઘા પડયા કરે તો શું થાય? લાકડું ફાટીને ચિરાઈ જાય, પથ્થરનો ભૂકો થઈ જાય, ધાતુનાં પતરાં થઈ જાય અને સોના-ચાંદી જેવી નરમ ધાતુ હોય તો તેનાં વરખ થઈ જાય! પણ સો રતલનું માનવી જ્યારે ચાલે છે ત્યારે દરેક પગલે પગની પાટલી પર તેના શરીરનું ૧૦૦ રતલનું વજન પડે છે, જાણે ૧૦૦ રતલ વજનનો હથોડાનો ઘા પડે છે!



૧૬૦ રતલના વજનનો સામાન્ય કામધંધો કરતો માનવી દિવસભરમાં સાડા સાત માઈલ ચાલે છે એવો અંદાજ છે. એ દરમિયાન તેના પગ પર એકંદરે એક હજાર ટનનું વજન પડે છે. મધ્યમ કુટુંબની, ઘરનાં સામાન્ય કામકાજ કરતી સ્ત્રી એક દિવસમાં દસ માઈલ ચાલે છે એવો અંદાજ છે અને તે દરમિયાન તેના પગ એકંદરે પંદરસો ટન વજનનો ભાર ઝીલે છે. આમ છતાં સામાન્ય રીતે માનવીના પગ ફરિયાદ કરતા નથી કે બંડ કરતા નથી. આ એક ચમત્કાર જેવી બીના નથી લાગતી?

પગમાં આવી મજબૂતી, આવી કાર્યસાધકતા ક્યાંથી આવી? ભગવાને દુનિયાનો કોઈ પણ શ્રેષ્ઠ યંત્રવિશારદ ન બનાવી શકે તેવી પગની રચના કરી છે. ઘૂંટી નીચેના દરેક પગમાં ૨૬ હાડકાં એડીની સાથે જોડાયેલાં છે ને તે પગનાં આંગળાં તરફ લંબાય છે. અંગૂઠો અને આંગળીઓનાં હાડકાં ૩૩ મજબૂત છતાં સ્થિતિ-સ્થાપક સ્નાયુબંધોથી જોડાયેલાં છે. પગની રચનામાં એકંદરે ૧૦૭ સ્નાયુબંધ અને ૧૯ સ્નાયુઓનો સમાવેશ થાય છે. ચાલતી વખતે પગ મૂકતાં વેંત આપણી એડી ઉપર આખા શરીરનું વજન પડે છે, પણ તે તરત જ પગનાં આંગળાં સુધી ફેલાઈ જાય છે અને આપણને જાણે કાંઈ ભાર જ લાગતો નથી, અને તરત બીજું ડગલું ભરીએ છીએ. આખી પાટલી એક ચમત્કારિક સ્પ્રિંગ જેવી બની છે. આથી ચાલતાં શરીરના વજનના ભારથી લાગતો ધક્કો તરત જ વિલીન થઈ જાય છે અને આપણને જરા પણ ભાર લાગતો નથી.

પગની આવી સરસ રચના હોવા છતાં કેટલાંકને પગની અને પરિણામે દેહની પીડા થાય છે. પગ દુખવા, પગની પિંડી કળવી, કમર કે બરડો ફાટવો, માથું દુખવું અને સામાન્ય અસ્વસ્થતા, આ બધું આપણે અજાણ્યે પગનાં હાડકાંની અને તેના સ્નાયુબંધોની વિકૃતિ ઊભી કરી હોય છે તેથી થાય છે. આવી વિકૃતિ બાળપણમાં પગનો વિકાસ ન થવા દેવાથી, શિશુ, બાલ્ય અને કુમારાવસ્થામાં અનારોગ્યપ્રદ મોજાં-બૂટ પહેરાવવાથી કે મોટપણે પગ બગાડે તેવા બૂટજોડા પહેરવાથી થાય છે. આદિમાનવ ઉઘાડે પગે ફરતો તેને પગની પીડા નહોતી થતી.

બાળકના પગની સંભાળ તે જન્મે ત્યારથી લેવાવી જોઈએ. સામાન્ય રીતે દરેક બાળક જન્મે છે ત્યારે સંપૂર્ણ વિકાસ પામે તેવા કાર્યક્ષમ પગ લઈને જ જન્મે છે; અને જન્મે છે તે અઠવાડિયાથી જ પગના અંગૂઠા, આંગળાં, પગની પાની હલાવે છે, સંકોચે છે, શિથિલ કરે છે. આવી કસરતથી તેના પગનાં હાડકાં અને સ્નાયુઓ રીતસરનો વિકાસ પામે છે અને મજબૂત થાય છે. એ સમયે એના પગનાં આંગળાં વગેરે અવયવો ઉપર દબાણ આવે તો એ વિકાસ કુંઠિત થાય છે એટલું જ નહિ પણ પગની રચના પણ વિકૃત થાય છે. આથી ધાવણાં બાળકોને એવું ભારે વજનનું કાંઈ ઓઢાડવું ન જોઈએ કે જેથી તેના પગ પર દબાણ આવે અને તેનો વિકાસ કંઠિત થાય. જરૂર વગર નાનાં બાળકોને મોજાં ન પહેરાવવાં. ઠંડીથી રક્ષણ આપવા પહેરાવવાં પડે તો ઢીલાં મોજાં તેના પગના સમગ્ર પંજાથી એક ઇંચ લાંબાં પહોળાં પહેરાવવાં. ઘરમાં હરતાં-ફરતાં શેરીમાં રમવા ન નીકળતાં શિશુઓને બૂટ પહેરાવવાની જરૂર નથી. બાળકને ચાલતાં શીખવવાની ઉતાવળ કરવાથી પણ તેમના પગ વિકૃત થાય છે. નાનું બાળક જેમ જેમ એના પગનો વિકાસ થશે અને મજબૂત થશે તેમ તેમ એની મેળે કોઈ વસ્તુ પકડીને ઊભું થશે, પગલું ભરશે અને ચ લતાં શીખશે.

વળી જ્યારે બૂટ પહેરાવીએ ત્યારે તે નરમ ચામડાના અને પગના કોઈ પણ ભાગ પર દબાણ ન કરે તેવાં રમતાં હોવાં જોઈએ એ બૂટનું સોલ-તળિયું, સ્થિતિસ્થાપક હોવું જોઈએ. બૂટની એડી અને તેની સામી બાજુ છેડો બંને દબાવતાં તે વચમાંથી સહેલાઈથી વળે તેવું શોલ હોવું જોઈએ.

નાના બાળકના પગનો વિકાસ ઘણો ઝડપી હોય છે. એટલે તેમને માટે લીધેલા બૂટ ત્રણચાર માસમાં સાંકડા પડે છે, માટે જરા પણ સાંકડા પડે તેવા બૂટ બેત્રણ માસ પછી ન પહેરાવવા.

આધુનિક સંશોધન પ્રમાણે ૩થી ૬ વરસના બાળકના બૂટ બે-ત્રણ માસમાં, ૬થી ૧૨ વરસ નાનાં ત્રણચાર માસમાં, ૧૨થી ૧૫ વરસના પાંચેક માસમાં અને ૧૫થી ૨૦ વરસનાનાં છ માસમાં નાના પડે છે. આમ છતાં આપણે આપણાં બ ળકોને જૂના તંગ બૂટ પહેરાવીએ છીએ, અને અણજાણ્યે તેમના પગની વિકૃતિ કરીએ છીએ. બાળકોના પગનો

વિકાસ છ વરસ સુધી ઘણો ઝડપી હોય છે, પછી જરા ધીમો હોય છે, પણ સંપૂર્ણ વિકાસ બાળક ૨૦ વરસનું થાય ત્યારે જ થાય છે. આથી નાનાં બાળકોના બૂટ નરમ ચામડાનાં, પગમાં ખૂલતા આવતા, ફેશન નહિ પણ ઉપયોગિતાવાળા; સાદા, સોંઘા ખરીદવા જોઈએ. જેથી નાના પડે તરત બીજા ખરીદાય અને આર્થિક બોજો ઓછો પડશે.

સમજુ માબાપોએ ફેશન ખાતર, દેખાદેખી, પોતાની મોટાઈ બતાવવા, બાળકને લાડ કરવા, પોતાની હોંસ પૂરી કરવા બિનજરૂરી અને ગમે તેવા જોડા પહેરાવી તેમનું આરોગ્ય ન બગડે તે ધ્યાનમાં રાખવું ઘટે.

પ્રૌઢ સ્ત્રી-પુરુષોએ પણ ફેશન પ્રમાણે શરીરને પ્રતિકૂળ બૂટ ન ખરીદતાં પગનાં સૌથી લાંબાં આંગળાં આગળ એક ઈંચ ખુલ્લી જગા રહે તેવા અને પગના પંજાના સૌથી પહોળા ભાગ પર દબાણ ન આવે તેવા બૂટ ખરીદવા જોઈએ. પગ પર દબાણ કરતા બૂટ પહેરવાથી ખેંચાઈને મોટા થઈ જશે એમ માની એવા બૂટ ખરીદવા નહિ. જીવતાજાગતા પગ જોડાને મોટા કરવાનું કાલબૂત માનવું એ નરી મૂર્ખાઈ ગણાય. વળી દિવસના પાછલા પહોરે આપણા પગનું કદ સૌથી વધારે હોય છે, માટે નવા બૂટ બપોર પછી ખરીદવા. ઘસાયેલી એડીવાળા બૂટ એડી બરાબર નંખાવી પહેરવા.


ઉપર દર્શાવ્યા તેવા બૂટ ન પહેરનારને પગે આંટણ, પગનાં આંગળાંની વિકૃતિ વગેરે થાય છે. આમ થતાં શરીરના વજનનું પગ પર સમતોલપણું જળવાતું નથી, પગ પર ત્રાસદાયક વજન પડે છે. પરિણામે શરીરના અવયવો અને જ્ઞાનતંતુને ચાલતાં આંચકા લાગે છે અને શરીર પર માઠી અસર થાય છે.

પગની સ્વચ્છતા રાખવાથી પણ આરોગ્યપ્રદ અસર થાય છે. નહાતી વખતે અને બહારથી આવીને પગ ચોળીને સ્વચ્છ પાણીથી ધોવા જોઈએ. નહાતી વખતે પગના કોઈ પણ ભાગ પર કે આંગળીની વચ્ચે જરા મેલ ન રહેવો જોઈએ. પગ ધોઈને જાડા કપડાથી તદ્દન લૂછી નાખવા જોઈએ. અસ્વસ્થ પગ રાખનારના પગમાંથી ઝેરી પરસેવો બહાર નીકળતો નથી અને તેના શરીરમાં સૂક્ષ્મ ઝેર જમા થાય છે.

મોજાં પહેરનારે બીજે દિવસે ધોએલાં મોજાં પહેરવાં જોઈએ. આમ આપણે પગની સંભાળ લઈશું તો પગ આપણા શરીરની સંભાળ લેશે, એ ધ્યાનમાં રાખીએ.

પોસ્ટ ઑફિસોની નંબર પદ્ધતિ

દેશભરમાં ટપાલની વહેંચણી સરળ બનાવવા માટે તાજેતરમાં ભારતીય તાર-ટપાલ ખાતા તરફથી બધી પોસ્ટ ઑફિસો માટે એક નવી નંબર પદ્ધતિ શરૂ કરવામાં આવી છે. 'પિન કોડ'ની આ નવી પદ્ધતિ અનુસાર દેશને મુખ્ય આઠ વિભાગમાં વહેંચી નાખ્યો છે જે ઉપર નકશામાં દર્શાવ્યા છે. પ્રાંતીય ભાષાની મુશ્કેલી અને એક જ નામનાં બે કે વધુ સ્થળોને કારણે થતા ગોટાળાને ટાળવા તથા ટપાલની વિભાગવાર તારવણી સરળ અને ઝડપી બનાવવા આ રીત અપનાવી છે.



પિન કોડની સંજ્ઞાને છ આંકડામાં વહેંચી નાખેલી છે. તેમાંના પહેલા ત્રણ આંકડા સાથે મળી જે-તે-વિભાગના સેન્ટ્રલ સોર્ટિંગ વિસ્તાર દર્શાવે છે, અને પાછલા ત્રણ એ વિભાગની ટપાલ વહેંચતી પોસ્ટ ઑફિસનો નિર્દેશ કરે છે. દા. ત. અમદાવાદ-૧નો નંબર પિન કોડમાં ૩૮૦૦૦૧ છે. આમાં પહેલો ત્રગડો પશ્ચિમ વિભાગ (ગુજરાત) અને ૮૦ અમદાવાદ જિલ્લો સૂચવે છે. ત્રણે મળી અમદાવાદ શહેર. પાછલા ત્રણ આંકડા ૦૦૧=અમદાવાદ-૧. આ જ રીતે વડોદરા-૨=૩૯૦૦૦૨, સૂરત-૩=૩૯૫૦૦૩, મુંબાઈ-૬૪=૪૦૦૦૬૪ અને દિલ્હી-૧=૧૧૦૦૦૧ વગેરે. આ કોડ નંબર વાંચીને ઉત્તરની ભાષા કે ગામના નામથી અપરિચિત દક્ષિણ ભારતનો સોર્ટર પણ ટપાલને યોગ્ય રીતે તારવીને સાચા સ્થળે મોકલી શકે. સૌએ પોતપોતાના પિન કોડનો નંબર જાણી લઈ, ટપાલમાં તેનો ઉપયોગ કરી તેનો પ્રચાર વધારવો એ આપણા જ લાભમાં છે.

અનુસંધાન] કસુંબલ રંગ [પૃષ્ઠ ૪૯૫થી

એમ ન રોકો." શ્રી ઠક્કરની શિસ્તપ્રીતિ હારીને ગંભીર સ્વરે બોલી ઊઠી.' (મેઘાણીકૃત ઠક્કરબાપાનું ચરિત્ર, પૃ. ૯) ત્યારે મેઘાણીભાઈએ ઓરિસ્સા, બિહાર, બંગાળની ગરીબી જોઈ. 'જગનાં ક્ષુધાર્ત'ને જોયાં.

આમ ૧૯૧૯નું વર્ષ અરધુંક વીત્યું હશે, મેઘાણીને જીવણલાલની કંપનીમાં જોડાયે અગિયારેક માસ માંડ થયા હશે, ત્યાં એકાએક વિલાયત જવાનું થયું. કંપનીમાં બનતાં વાસણો માટે એલ્યુમીનિયમનાં પતરાં વિલાયતથી આવતાં. ઊંચી જાતનાં ચોખ્ખાં પતરાં વાપરવાનો કંપનીનો આગ્રહ રહેતો. આ માટે ત્યાં રૂબરૂ જઈ સારી કંપનીઓ સાથે અંગત પરિચય સાધી, સોદો નક્કી કરવો એ જીવણલાલ શેઠને જરૂરી લાગ્યું. પોતેજાતે જ જવાનું ઠરાવ્યું. ચારેક માસની સફર હતી. અંગ્રેજીમાં વાટાઘાટ તેમજ પત્રવ્યવહાર કરી શકે એવો અંગ્રેજી જાણનાર સાથે જોઈએ. એટલે પોતાના અંગત મંત્રી તરીકે કંપનીમાં આરંભથી જ જોડાએલા ચોરવાડના પુરુષોત્તમ પાઠકને લઈ જવાનું ઠરાવ્યું. બધી તૈયારીઓ થઈ ચૂકી.

નીકળવાના દિવસને આડું એક અઠવાડિયું માંડ હતું ત્યાં શ્રી પાઠકને અંગત મુશ્કેલી આવી પડી. હવે ? જીવણલાલભાઈએ એમને સ્થાને મેઘાણીભાઈને લઈ જવાનું નક્કી કર્યું અને એ માટેનો બધો વિધિ ત્રણચાર દિવસમાં જ પતાવી દીધો. મુંબાઈથી ઊપડવાનું હતું. ત્રણેક દિ' વહેલા સૌ મુંબાઈ પહોંચી ગયા. તારથી આ ખબર બગસરામાં કુટુંબને અપાયા. વિદાય આપવા આવનાર તાબડતોબ મુંબાઈ પહોંચી ગયા. મેઘાણીભાઈને પણ મુંબાઈમાં બેત્રણ દિવસ તૈયારીના મળ્યા. એ દરમિયાન કપડાં વગેરેની વ્યવસ્થા કરી લેવી પડી. વિદાય આપનારાની સંખ્યા ઠીકઠીક હતી. એમાં રામુભાઈ ઠક્કર પણ હતા. એમણે વડીલબંધુ કપિલભાઈને પત્રથી જણાવ્યું: 'હું એમને વિદાય આપવા સ્ટીમર પર ગયો હતો. અંગ્રેજી પોશાક, સાફાવાળા અને ગરદન પર ફૂલના હારોના ભારથી લદાએલા મેઘાણીભાઈ કોઈ રાજકુમાર જેવા લાગતા હતા.' ('સ્ત્રીજીવન', જૂન '૪૭, પૃ. ૫૨૯) [ચાલુ]

આ માસ (ડિસેમ્બર) ઇતિહાસમાં

૧ (૧૭૬૮) જ્યૉર્જ ત્રીજાના રાજ્યાશ્રયમાં એક પ્રમુખ અને લલિત-કલાની વિવિધ શાખાના ચાળીસ નિષ્ણાતોની નિયુક્તિ સાથે 'રૉયલ ઍકૅડેમી ઑાવ આર્ટ'ની ઇંગ્લૅંડમાં સ્થાપના થઈ અને કલાના પ્રસારની એક સાંસ્કૃતિક સદ્પ્રવૃત્તિનો પ્રારંભ થયો.

૮ (૧૯૧૧) હિંદી પ્રજાના ઉગ્ર વિરોધને પરિણામે બંગાળના ભાગલા રદ્દ થયા. અતિ વિશાળ વિસ્તાર હોઈ વહીવટી સરળતા લાવવાને બહાને ઈ. ૧૯૦૫માં લૉર્ડ કર્ઝને બંગાળના ભાગલા પાડયા હતા. પૂર્વ પાકિસ્તાન રચાવાનાં મૂળ પણ એમાં હતાં. બ્રિટિશ સરકાર સામેની રાષ્ટ્રીય લડતોમાં બંગભંગ સામેની લડત સૌથી મોખરાની બની રહેલી. અંતે એની ઉગ્ર વ્યાપકતાને કારણે સરકારે નમતું જોખી, બંગભંગ રદ કરી બિહાર અને ઓરિસ્સાના નવા પ્રાંતો રચવા પડયા હતા.

૧૧ (૧૯૩૬) આઠમા એડવર્ડે બિનરાજવંશી સ્ત્રી સાથે મનગમતું લગ્ન કરવા માટે મહાન બ્રિટિશ સામ્રાજ્યની ગાદીનો ત્યાગ કર્યો. (રેડિયો દ્વારા રાષ્ટ્રને પોતાનો નિર્ણય જણાવ્યો તે પ્રસંગની છબી અહીં આપી છે.)



બે વાર લગ્નવિચ્છેદ પામેલી અમેરિકન મહિલા મિસિસ સિમ્પ્સન સાથે પરણવાની પોતાની મહેચ્છા અંગે ઇંગ્લૅંડના વડાપ્રધાન અને કૅન્ટરબરીના વડા ધર્મગુરુ આર્કબિશપ સહિત મોટા વર્તુળમાં જાગેલા ઉગ્ર વિરોધને પરિણામે માત્ર ૩૨૫ દિવસ જ શાસન કરી ઇંગ્લૅંડના રાજવી એડવર્ડ આલ્બર્ટ ક્રિશ્ચિયન જ્યૉર્જ ઍન્ડ્રુ પૅટ્રિક ડૅવિડ–આઠમા એડવર્ડે પ્રિયતમા ખાતર રાજગાદીના પોતાના બધા હક્ક સ્વેચ્છાએ જતા કર્યા. પાછળથી એમને 'ડયૂક ઑાવ વિન્ડસર' બનાવવામાં આવેલા. ગયા મે માસની ૨૮મી તારીખે પારી(સ)માં એમનું અવસાન થયું.

૧૨ (૧૯૬૪) હિંદી સાહિત્યકારોમાં 'દદ્દા'ના આદરપાત્ર નામથી જાણીતા રીતિવાદી હિંદી કવિ મૈથિલીશરણ ગુપ્તનું નિધન. પિતામુખે ગવાતાં પદોમાંથી પ્રેરણા લઈને કાવ્યાલેખનનો પ્રારંભ કરી લગભગ અર્ધી સદી જેટલી વિસ્તૃત કાવ્યોપાસના દરમિયાન છએક અનુવાદો બાદ કરતાં ૪૩ જેટલાં પુસ્તકો એમણે રચેલાં. હિંદી સાહિત્યના દ્વિવેદી યુગના એક સમર્થ, સરળ અને કાવ્યમાં ખડી બોલી પ્રયોજનાર તેઓ પ્રથમ લોકપ્રિય કવિ હતા. વિનમ્ર, સરળ, સહિષ્ણુ છતાં સ્વમાની એ રાષ્ટ્રપ્રેમી કવિએ ૧૯૪૧માં ઝાંસી-આગ્રામાં જેલવાસ પણ ભોગવેલો. ગાંધીજીએ એમને 'રાષ્ટ્રકવિ' કહી બિરદાવેલા. 'સાહિત્ય વાચસ્પતિ', ડી. લિટ્. (આગ્રા યુનિ. ની માનદ્ ઉપાધિ), અને 'પદ્મભૂષણ' થી વિભૂષિત તેઓ ઈ. ૧૯૫૪થી અવસાન પર્યંત હિન્દી શિક્ષણ સમિતિ તથા ભારતીય અકાદમીના સભ્ય હતા. ઈ. ૧૯૫૮થી '૬૪ તેઓ રાજ્યસભામાં રાષ્ટ્રપતિ–નિયુક્ત સભ્ય હતા. રાજ્યસભામાં પોતાનો મત હમેશાં પદ્યમાં જ દર્શાવવાની અને પોતાના કાવ્યની પ્રથમ નકલ સ્લેટ પર લખવાની તથા તેમાં વારંવાર ફેરફાર કરવાની એમને આદત હતી. પોતાના પ્રેસમાં જ પોતાનાં પુસ્તકો છાપી તેઓ વેચતા.

૧૪ (૧૯૧૮) બ્રિટિશ સ્ત્રીઓએ ચૂંટણીમાં પહેલીવાર મતદાન કર્યું.

૧૬ (૧૭૭૩) બૉસ્ટન ટી પાર્ટી: અમેરિકાને પોતાનું સંસ્થાન ગણતા ઈંગ્લૅંડે પોતાને સપ્તવાર્ષિક યુદ્ધમાં થએલા ખર્ચને વસૂલ કરવા, તેની સંમતિ વિના જ તેના પર 'સ્ટૅમ્પ ઍક્ટ' દ્વારા ટિકિટ વેરો ઠોકી બેસાડયો. ઈંગ્લૅંડની પાર્લામેન્ટમાં પોતાને પ્રતિનિધિત્વ ન હોઈ ઈંગ્લૅંડને પોતાના પર એવો કર નાખવાનો હક્ક નથી એ મુદ્દા પર અમેરિકામાં વ્યાપક લડત ચાલી. એની ઉગ્રતાથી બ્રિટને કર પાછો ખેંચી લીધો, પણ તે નાખવાનો પોતાને હક્ક હોવાનો દાવો જારી રાખી એણે અમેરિકા જતી ચા ઉપર જકાત નાખી. અમેરિકાએ એ ચાનો બહિષ્કાર કર્યો અને એ ઉગ્ર વાતાવરણમાં બૉસ્ટન બંદરે ચાની ૩૪૦ પેટી લઈ આવેલા એક જહાજ પર રેડ ઇંડિયનોના વેષમાં કેટલાક યુવાનોએ રાત્રે હલ્લો કરી ચાની પેટીઓ દરિયામાં નાખી દીધી. ઇતિહાસમાં 'બૉસ્ટન ટી પાર્ટી'નામે એ પ્રકરણ ખ્યાત છે. તે નાની સરખી ચિનગારીથી ઈંગ્લૅંડ સામે જાગેલા જબ્બર દાવાનળમાં બ્રિટિશ સત્તા ખલાસ થઈ અમેરિકા સ્વતંત્ર બન્યું. આ માસમાં એ બનાવની બસ્સોમી જયંતી છે.

૨૫ (૧૮૦૯) સમાજસુધારાની પોતાની હિંમતભરી ઝુંબેશને કારણે જાણીતા, સૂરતના વિદ્વાન શિક્ષક દુર્ગારામ મંછારામ મહેતાજીનો જન્મ. માશીના આશરે મુંબાઈમાં ભણીને શિક્ષક માટેની લાયકાત મેળવી વીસ રૂપિયાના પગારે એમણે ૧૮૨૯માં સૂરત આવીને ત્યાં પહેલી સરકારી શાળા શરૂ કરી, અને ફિટકાર તથા હાંસીની પરવા કર્યા વિના વિધવા પુનર્વિવાહની હિમાયતનો અવાજ ઉઠાવ્યો. પરંતુ પ્રથમ પત્નીના અવસાન પછી સંબંધીઓના દબાણ તથા જ્ઞાતિ બહાર મુકાવાના ભયે એમણે, પોતાને પરણવા તૈયાર એક વિધવાના બદલે અન્ય કન્યા સાથે લગ્ન કરી નવલરામના શબ્દોમાં 'એ વિશાળ બુદ્ધિનો ઉત્સાહી નર ભરતખંડમાં કોઈ મોટો આચાર્ય કે યુરોપના લ્યૂથર જેવો થાત' તેના બદલે એણે કન્યાના પલ્લામાં પોતાની જીભની સ્વતંત્રતા આપી દીધી!



પણ એ પછી 'માનવ ધર્મ સભા' સ્થાપી એમણે ધાર્મિક વહેમોનું ખંડન આદર્યું. સમાજસુધારના વિચારો ફેલાવવા 'પુસ્તક પ્રસારક મંડળ' સ્થાપી પુસ્તકો છાપવા માંડયાં. દોઢ સદી પહેલાંના રૂઢિચુસ્ત સમાજ સામેની હિંમતભરી વિચારક્રાન્તિ માટે એ સદાય યાદ રહેશે.

૨૯ (૧૭૬૬) ચાર્લ્સ મૅકિન્ટોશ અને (૧૮૦૦) ચાર્લ્સ ગુડઈયરનો જન્મ. બંને ચાર્લ્સ એક જ તારીખે જન્મ્યા. બંને શોધકો હતા. પહેલાએ રબ્બર મિશ્રિત વૉટરપ્રુફ કાપડની શોધ કરી, જેના રેઈનકોટ વગેરે બને છે; તો બીજાએ ગંધક અને અન્ય રસાયણો ભેળવી સખત રબ્બર બનાવ્યું, જે ટાયર વગેરે બનાવવામાં વપરાય છે.

> માર્ગ ને મંઝિલ અગર જો હોય તો તે ત્યાં જ છે,
> ચાલનારાનાં ચરણ ને પંખીઓના પર સુધી.
> —રતિલાલ 'અનિલ'

મહાન વિદ્વાન ઈમામ મલિકની ખ્યાતિ સાંભળીને તેને ચરણે બેસી અભ્યાસ કરવા છેક સ્પેઈનથી યાહ્યા નામનો એક તરુણ આવેલો. એક વાર અધ્યયન ચાલતું હતું તે દરમ્યાન રસ્તે હાથી નીકળ્યાની બૂમ આવતાં સૌ વિદ્યાર્થીઓ તે જોવા દોડયા–સિવાય કે યાહ્યા. આ જોઈ ઈમામે કહ્યું : 'હાથી તો તારા દેશમાં પણ નથી થતો. તો તને એ જોવાનું કુતૂહલ નથી થતું ?' યાહ્યાએ ઉત્તર દીધો : 'કુતૂહલ તો થાય છે, પણ હું અહીં વિદ્યા મેળવવા આવ્યો છું, હાથી જોવા નહિ.' આ ઉત્તર સાંભળી ગદ્‌ગદિત થએલા ઈમામ યાહ્યાને ભેટી પડયા.

કહેવતોના અર્થ : 'હીરા મોતી ઝવેરદાસ'— જેનામાં નામ પ્રમાણે કાંઈ ગુણ ન હોય, અથવા જે માણસો કશા ખપ વિનાના, નિરર્થક શોભાના ગાંઠિયા જેવા કે માલ વિનાના હોય, એવાને માટે વપરાતી આ કહેવત મૂળ તો, માણસના નામ પ્રમાણે ગુણ ન હોવા વિષે પ્રચલિત એક ચાર પંક્તિના પદ્યની પહેલી લીટી છે :

> હીરા મોતી ઝવેરદાસ,
> દામ મળે નહિ ખોટો પાસ;
> નામ ધરાવે છે રણ (ઋણ) છોડ,
> ભરે વ્યાજ એ મોટી ખોડ.

અનેકાર્થી શબ્દ : **કીલક**= મેખ કે ખૂંટો; ઢોર બાંધવાનો ખીલો; ધરી; છાયાયંત્રમાં સમય માપવાની સળી; મંત્રનો મધ્ય ભાગ; મંત્રની શક્તિ તોડનારો મંત્ર; એક સ્તોત્ર; જ્યોતિષ પ્રમાણેનો એક સંવત્સર; એક તાંત્રિક દેવતા; કેતુ; આકાશદર્શનમાં અમુક નક્ષત્રોનાં સ્થાનથી રચાતો યોગ; કોણીનું હાડકું.

ગણિતગમ્મત

૧	$=૧^2$
૨+૩+૪	$=૩^2$
૩+૪+૫+૬+૭	$=૫^2$
૪+૫+૬+૭+૮+૯+૧૦	$=૭^2$
૫+૬+૭+૮+૯+૧૦+૧૧+૧૨+૧૩	$=૯^2$
૬+૭+૮+૯+૧૦+૧૧+૧૨+૧૩+૧૪+૧૫+૧૬	$=૧૧^2$

એમ આગળ ગમે ત્યાં સુધી. (મ. ના. ખત્રી)

દેડકા, મગર, હીપોપોટેમસ ઇત્યાદિ જળચરોને માથા પર આંખો હોય છે. આથી માત્ર આંખો જ પાણીની બહાર કાઢીને તે જોઈ શકે છે કે કિનારા પર જવું સલામત છે કે નહિ.



દુનિયાનાં બધાં પક્ષીઓમાં શાહમૃગનું ઈંડું સૌથી મોટું—૬ થી ૭ ઈંચ લાંબું ને ૪ થી ૬ ઈંચ પહોળું હોય છે. એને બફાતાં ૪૦ મિનિટ લાગે છે. પક્ષીઓમાં નાનામાં નાનું ઈંડું વર્વેઈન હમિંગબર્ડનું–અર્ધા ઈંચથી એ ઓછી લંબાઈનું હોય છે. દેખાવે એ મોતી જેવું લાગે.

પૃથ્વી પર જેમ પર્વતો, ખીણો અને મેદાનો હોય છે તેમ દરિયામાં પણ હોય છે. એકાદ પર્વતનું શિખર પાણીની ઉપર આવતાં આપણે તેને બેટ કહીએ છીએ. પણ ખરું જોતાં તે દરિયામાં તો છે એક પર્વત.

સૌથી નાની ટિકિટો ઇ. ૧૮૬૩માં કોલંબિયાના બોલિવર સ્ટેટમાં કાઢવામાં આવી હતી; તે ચાલુ ટિકિટના ચોથા ભાગ જેટલી હતી.



પંદરમી સદીમાં દિલ્હીના છેલ્લા પઠાણ બાદશાહો નબળા પડતાં હિંદના વિવિધ પ્રાંતો (માળવા, બંગાળ, ગુજરાત વગેરે)માંના તેના સુબાઓએ સ્વતંત્ર થઈને પોતપોતાનાં રાજ્યો સ્થાપી દઈ તેમાં ચલાવવા માટે પોતાના અલાયદા સિક્કાઓ પણ પાડયા. તે પૈકી બીજાપુરના આદિલશાહના ૭૧ ગ્રેનના વિચિત્ર આકારના ચલણની બંને બાજુનાં ચિત્રો ઉપર આપ્યાં છે. તેમાં એક તરફ 'આદિલશાહ' અને ત્રણ સીધાલીટા પાડેલા છે, અને બીજી બાજુ તદ્દન ઘસાઈ ગઈ હોવાથી અવાચ્ય બની ગઈ છે.



કલાકણિકા : 'અલ્લાહ એક જ પરમેશ્વર છે ને મહમ્મદ એના પયગમ્બર છે.' એ મતલબના, 'કૂફી' શૈલીમાં લખાએલા આ અરબી લખાણમાં બે બીજી વિશિષ્ટતા પણ છે. એક તો, બરાબર અર્ધમાંથી શરૂ થઈ ડાબી તરફ જતા મૂળ લખાણની અને બીજી તેની જ દર્પણમાં પડે તેવી પ્રતિછાપ, જે જમણી તરફના અર્ધમાં છે; સુલેખનકારે કેટલાક અક્ષરોને લંબાવીને ઈસ્લામના પવિત્ર ધામ મક્કાની સાત મિનારતો અને દસ ઘુમ્મટો પણ તેમાં દર્શાવ્યાં છે.